૧૩ નવેમ્બર, ૨૦૨૧
abhiyaanmagazine.com
₹50

અભિયાન

દીપોત્સવી વિશેષાંક

અંતિમ રહસ્યની ખોજમાં...

• એક, ના અન્ય, ના બહુ • મંદિરોની સ્થાપત્ય કલામાં વિજ્ઞાન • નવા યુગની વ્યક્તિ, નવયુગીન સમષ્ટિ

• ભૂપત વડોદરિયા • ડો. ગૌતમ પટેલ • ગૌરાંગ અમીન • ધનંજય રાવલ • નિસર્ગ આહીર
• અભિમન્યુ મોદી • ડો. જયેશ શાહ • બકુલ ટેલર • રતિલાલ બોરીસાગર
• દેવાંગી ભટ્ટ • પ્રિયંકા જોશી • હિતા મહેતા

VISIT…

We wish you
Happy Festivals ahead

India's fastest growing "Cake Brand"

Kekiz
The Cake Shop

To Know More About Kekiz Scan Here

Opening Soon
@

Gandhidham • Vadodara
Jamnagar • Anand

Call for franchise inquiry across Gujarat
95121 00806

OUR PRESENCE AT
Surat • Ahmedabad • Mumbai • Nagpur
Chennai • Pune • Delhi • Banglore
Chandigarh • Latur • Jammu Kashmir

only books magazine

Opening Soon
@

• Vadodara • Maliya
• Bhuj • Bliss Water Park

Call for franchise inquiry across Gujarat
99792 99794, 90337 56561

OUR PRESENCE AT
Ahmedabad • Surat • Vadodara • Mehsana
Bharuch • Gandhidham • Banglore • Thane
Mumbai • Udaipur • Kolkatta • Hyderabad

BROWN BURGER Co

India's First
MULTI GRAIN
Burger Chain

ASSOCIATES

La Pino'z Pizza — GANDHIDHAM-BHUJ

The Shake Maker — GANDHIDHAM

shakti® THE SANDWICH SHOP Since 1997 — GANDHIDHAM

Alimentos RESTAURANT

Office No. 1, 2nd floor, Plot No. 241,
Zaveri Bazar, Gandhidham-370201, Kutch.

Maulik Soni - 90337 56561 | **Abhishek Patadia** - 99792 99794

हर सुबह नयी ताज़गी, नया स्वाद, नयी उमंग

तलप
चा

રિઝનેબલ રેટ.. સારી ક્વોલીટી
ન ફાવે તો 100% રીટર્ન લેવાની ગેરંટી

only books magazine

વેપારી ભાઈઓ આવકાર્ય છે (ખાસ ઓફર સાથે)

Shop No. 9, Plot No. 305, Ward 12/B, Komal Complex,
Nr. Nagrik Bank, Opp.Shivaji Park, Gandhidham.
Customer Care : 85116 74488

દરેક જનરલ સ્ટોર ઉપર મળશે : 02836-222818

પંચામૃત

શાંત કોડિયાના શાંત ઠરેલ પ્રકાશની છાયામાં

આપણા દેશમાં સંભવતઃ પરદેશમાં વસતા આપણા લોકો માટે પણ દીપોત્સવી-દીપાવલી એ એક અનન્ય તહેવાર ગણાતો રહ્યો છે, પણ આજથી પચીસ-પચાસ વર્ષ પહેલાં દીપોત્સવીના તહેવારોની ઉજવણીમાં જે ઉત્સાહ 'ને ઉમંગ, તાજગીનો અનુભવ થતો હતો તે વર્ષ-પ્રતિવર્ષ ઘટતો રહ્યો છે. આપણા ખેતીપ્રધાન દેશમાં ચોમાસાના અંતે નવા વર્ષના પ્રારંભના કેટલાક સંકેતો હતા, પણ આપણા દેશ પર પરદેશી હકૂમતનો જે પ્રભાવ પડ્યો તેને લીધે અને દુનિયાની સાથે રહેવા માટે આપણે નવું વર્ષ એટલે જાન્યુઆરી-ડિસેમ્બરનું વર્ષ, એ અર્થ વહેવાર, વેપાર અને ઉદ્યોગે સ્વીકારી લીધો છે. જૂના સમયમાં અને આજે પણ વિક્રમ સંવતમાં મામનારાઓ માટે હિસાબકિતાબ ચોખ્ખા કરવાનું આ પર્વ, પણ મોટા ભગના લોકો માટે વર્ષના હિસાબકિતાબનું સરવૈયું કાઢવામાં દીપોત્સવી કોઈ સીમાચિહ્ન રહ્યું નથી. આપણા કૃષિપ્રધાન દેશમાં વેપારઉદ્યોગ માટે પણ દિવાળીનું જે મહત્ત્વ અગાઉ હતું તે ઘટતું જ રહ્યું છે. ધાર્મિક-પૌરાણિક સંદર્ભમાં પણ દિવાળી કરતાં વિજ્યાદશમીએ મહત્ત્વ પ્રાપ્ત કર્યું હોય એવું લાગે છે.

આમ જુઓ તો આપણા દેશમાં અગણિત વર્ષોથી દીપોત્સવીનું એક વિશિષ્ટ મહત્ત્વ છે. બધા જ સંદર્ભોને બાજુએ રાખીને જોઈએ તો ખરેખર તો આ અંધકાર પર પ્રકાશના વિજયનો ઉત્સવ છે. ગમે તેવા ગાઢ અંધકાર પર કોડિયામાંથી ટપકેલું પ્રકાશનું એક જ કિરણ પણ વિજય પ્રાપ્ત કરશે એવી શ્રદ્ધાનો આ ઉત્સવ છે. જૂના સમયમાં પણ આ ઉત્સવ કંઈ એક વર્ષનો હિસાબકિતાબના સરવૈયા માત્રનો પ્રસંગ નહોતો. કૌટુંબિક જ નહીં, પણ સ્નેહના બધા જ સંબંધોને તાજા કરવાનો પણ આ પ્રસંગ બની રહ્યો હતો. વર્ષભરમાં કુટુંબથી એક અગર બીજા કારણે દૂર ચાલ્યા ગયા હોય તેવા કુટુંબીજનો, સંબંધીઓ માટે આ પુનર્મિલનનો ઉત્સવ હતો. માણસ શ્રીમંત હોય કે ગરીબ હોય, કોઈ માનવી પોતાના મહેલમાં કે ઝૂંપડામાં અલગ અને અલિપ્ત રહી શકતો નથી. જૂની કહેવત તો એવી પણ છે કે, 'જંગલમાં એકલું ઝાડ પણ ન હજો.' આમ જોઈએ તો માનવીનું જીવન સ્નેહ અને સંવાદનો મહિમા છે. એટલે દીપોત્સવી સ્નેહ અને સંવાદના તમામ વહેવારોને જીવંત કરવાનો પ્રસંગ છે.

દુર્ભાગ્યની વાત છે કે આજના જીવનમાં દીપોત્સવીના ઉત્સવનો મરમ લગભગ વિસરાઈ ગયો છે. દીપોત્સવી હવે સ્નેહીજનો, મિત્રો, સંબંધીઓના ઉમળકાભર્યા મિલનનો અવસર રહ્યો નથી. દીપોત્સવી હવે ઘર-રહેઠાણની સ્વચ્છતા અને શુદ્ધિનો ખાસ તહેવાર પણ રહ્યો નથી. સ્નેહીઓ, સંબંધીઓ કે કોઈ પણ અતિથિને ઉમળકાથી, ખુલ્લા દિલે આવકારવાનો ઉત્સવ પણ રહ્યો નથી. દીપોત્સવીના તહેવારના પ્રસંગના પગરવ પૂરા સંભળાયા ન હોય ત્યાં તો લોકો ઘરથી દૂર ભાગે છે. ઘરના દ્વાર પર 'સુસ્વાગતમ'ના શબ્દોને બદલે 'બહારગામ ગયા છે' એવો સંદેશો લખાયેલો જોવા મળે છે. હકીકતે પ્રસંગ તો છે માણસ અને માણસને મળવાનો - સ્નેહ અને સદ્‌ભાવ સાથે ભેટવાનો, પણ વાસ્તવમાં આજે એ પ્રસંગ માણસ માટે માણસથી દૂર ભાગવાનો અવસર બની ગયો છે. આજની દિવાળીનું ચિત્ર વાસ્તવમાં દોડધામ અને નાસભાગનું ચિત્ર બની ગયું છે. નૂતન વર્ષ નિમિત્તે વડીલોના આશીર્વાદ પ્રાપ્ત કરવાનો અને સ્નેહીઓ, મિત્રોનું અભિવાદન કરવાનો આ પ્રસંગ ટપલીદાવની રમતમાં બદલાઈ ગયો છે. જાણે કશા જ નિયમો વગરની હુતુતુતુની રમત જ રમાઈ રહી હોય એવી છાપ પડે છે.

આપણે ધારીએ તો આ શુભ પ્રસંગને પરસ્પર સ્નેહ અને સદ્‌ભાવ વધારવાનો અચૂક અવસર બનાવી શકીએ. આપણે ઇચ્છીએ તો દિવાળીને જીવનની ઘોર નિરાશાઓ વચ્ચે પણ અકારણ આશાના નવા દીપ પ્રગટાવવાનો અવસર બનાવી શકીએ. આપણે ઇચ્છીએ તો નિરુત્સાહ અને આળસના માહોલમાંથી બહાર નીકળીને નવા ઉમંગ અને નવી તાજગીના સ્વાગતનો પ્રસંગ પણ બનાવી શકીએ અને આપણે તેને ગાઢ અંધકાર પર પ્રકાશના વિજયનો ઉત્સાહ બનાવી શકીએ. અમાસની અંધારી રાત્રિએ શુક્લપક્ષની એકમના અજવાળાનો પ્રસંગ બનાવી શકીએ. આ ઉત્સવ તો છે અમાસ અને એકમના અતૂટ સંબંધનો. દિવાળી આવી જ છે તો તેને નવી આંખે અને નવા ઉમંગ સાથે સત્કારીએ - ઊજવીએ.

કાનમાં ધાક પડે તેવા ફટાકડા ફોડીને સન્નાટો અને ધુમાડો પેદા કરવાનો આ પ્રસંગ નથી. આંખોને બિલકુલ આંજી દે તેવા વીજળીના દીવાઓનું એક કૃત્રિમ જંગલ ઊભું કરવાનો આ અવસર નથી. હૃદયમાં સ્નેહ અને સદ્‌ભાવ વગરની દિશાશૂન્ય દોડધામનો આ અવસર નથી. આ પ્રસંગ બજારની અનેકાનેક મીઠાઈઓના અન્નકૂટનો નથી. આ પ્રસંગ તો છે શિશુની પાસે બેસીને શાંત કોડિયાના શાંત ઠરેલ પ્રકાશની છાયામાં બાળકને અગ્નિના પ્રજ્વલક અને પ્રકાશમય રૂપનો પરિચય કરાવવાનો. આ પ્રસંગ તો છે ગૃહસ્થ ધર્મની શોભાનો અને આતિથ્યભાવનાના ઉત્સવનો.

મૂળ વડોદરિયા

(લેખકના પુસ્તકમાંથી)

only books magazine

AGL®

Beautiful Life

Har Hindustani ki pasand

only books magazine

DIVERSE PRODUCTS FOR

FLAMBOYANT INTERIOR

20 YEARS

OF ADDING BEAUTY TO LIFE

Opulent Range At One Place

TILES | MARBLE | QUARTZ | BATHWARE

ASIAN GRANITO INDIA LTD.

Regd. & Corp. Office

202, Dev Arc, Opp. Iskcon Temple, S.G. Highway, Ahmedabad - 380 015, Gujarat, INDIA.

Phone: +91 79 66125500/698
Fax : +91 79 66125600/66058672
CIN: L17110GJ1995PLC027025

E-mail : info@aglasiangranito.com
Web : www.aglasiangranito.com
Toll Free : 1800 123 3455

તમારા માટે, તમારી સાથે, સતત...

અભિયાન

૧૩ નવેમ્બર **૨૦૨૧**

વર્ષ: ૩૭ અંક: ૨૨-૨૩ સળંગ અંક: ૧૮૫૭-૫૮

પથદર્શક: સ્વ. ભૂપત વડોદરિયા

તંત્રી : તરુણ દત્તાણી

(પીઆરબી એક્ટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર)

કોપી એડિટર : હેતલ ભટ્ટ

મુંબઈ : લતિકા સુમન

અમદાવાદ : હેતલ રાવ

ભુજ : સુચિતા બોઘાણી કનર

રજિસ્ટર્ડ ઓફિસ : સમભાવ હાઉસ, ચીફ જસ્ટિસ બંગલોની સામે, બોડકદેવ, અમદાવાદ-૩૮૦ ૦૧૫

ફોન : ૨૬૮૭ ૩૯૧૪, ૨૬૮૭ ૩૯૧૬, ૨૬૮૭ ૩૯૧૭

ફેક્સ : ૨૬૮૭ ૩૯૨૨

વાચકોના પ્રતિભાવ :
abhiyaan@sambhaav.com

વેબસાઈટ :
www.abhiyaanmagazine.com

વાર્ષિક લવાજમ : દેશમાં રૂા. ૧૨૭૫/-
Foreign Subscription : Rs. 6375 (Air Mail)
અભિયાનનો દરેક અંક **પોસ્ટમાં** ઈસ્યુ તારીખ પ્રમાણે મોકલવામાં આવે છે.

સર્ક્યુલેશન :
૦૭૯ ૨૬૮૭૩૯૧૪-૧૫-૧૬, ૦૨૨ ૨૮૬૭૮૬૬૯
circulation@sambhaav.com

Marketing
Mumbai : Ph. : 022-67995316
Ahmedabad : Ph : 079-2687 3914/16/17
Delhi : Ph : 011 - 2371 8171
marketing@sambhaav.com

મુદ્રક અને પ્રકાશક વિજય પરીખે સમભાવ મીડિયા લિમિટેડ વતી હાઇસ્કેન પ્રા.લિ., હાઇસ્કેન એસ્ટેટ, સરખેજ-બાવળા હાઇવે, ચાંગોદર, અમદાવાદ-૩૮૨ ૨૧૩, ખાતે છાપ્યું અને અભિયાન હાઉસ, ૪ એ/બી, ગવર્નમેન્ટ ઇન્ડસ્ટ્રિયલ એસ્ટેટ, ચારકોપ, કાંદિવલી (વેસ્ટ), મુંબઇ - ૬૭ ખાતેથી પ્રસિદ્ધ કર્યું.

સમભાવ ગ્રૂપ

નૂતન વર્ષાભિનંદન

નૂતન વર્ષ સૌને સ્વાસ્થ્ય સુરક્ષા અને સમૃદ્ધિ પ્રદાન કરનારું રહે એવી શુભકામના

અનુક્રમ

૦૦૮	**અંતિમ રહસ્યની ખોજમાં એક અજબ કીમિયાગર**	ભૂપત વડોદરિયા
૦૧૨	**ભારતીય અધ્યાત્મવિદ્યા આજની અનિવાર્ય આવશ્યકતા**	ડો. ગૌતમ પટેલ
૦૧૬	**એક, ના અન્ય, ના બહુ**	ગૌરાંગ અમીન
૦૨૬	**અસલમાં એ જ તો રસ્તાની ચાલ સમજે છે**	ડો. જયેશ શાહ
૦૩૨	**જાદુગરીનો અતીત અને હુડિનની છેલ્લી ટ્રિક!.**	સ્પર્શ હાર્દિક
૦૪૦	**અક્ષરોં કે સાયે : 'યહ મૈં સે મૈં તક કી યાત્રા હૈ'**	ડો. રંજના હરીશ
૦૪૮	**પ્રેમનાં કલામય રૂપો**	નિસર્ગ આહીર
૦૬૨	**ભારતનાં મંદિરની સ્થાપત્ય કલામાં વિજ્ઞાન**	ધનંજય રાવલ
૦૭૦	**બાહુમાં તું મા શક્તિ... હૃદયમાં તું મા ભક્તિ!**	મુકેશ ઠક્કર
૦૭૬	**નવા યુગની વ્યક્તિ અને નવયુગીન સમષ્ટિ**	અભિમન્યુ મોદી
૦૮૭	**પોલીસ સ્ટેશનની એક યાદગાર મુલાકાત**	રતિલાલ બોરીસાગર
૦૯૦	**દિવાળીના નવતર ફટાકડા**	હર્ષદ પંડ્યા 'શબ્દપ્રીત'
૦૯૬	**જોઈએ છે - સાહિત્યકાર વર**	કનુ આચાર્ય
૦૯૯	**ચાલો મહેમાનને મૂકવા જઈએ!**	કલ્પના દેસાઈ
૧૦૧	**ઘર તો બાઈમાણહનું**	દેવાંગી ભટ્ટ
૧૦૬	**ગ્રહણમોક્ષ**	હરીશ થાનકી
૧૧૨	**ત્રાટક**	પ્રફુલ્લ કાનાબાર
૧૧૬	**એક એવો માણસ**	ડો. હિતા મહેતા
૧૨૬	**હૂંફ**	કેશુભાઈ દેસાઈ
૧૩૧	**ડુ નોટ ડિસ્ટર્બ**	પ્રિયંકા જોષી
૧૩૮	**ઓછાયો**	ડો. સ્વાતિ ધ્રુવ નાયક
૧૪૪	**દસ્તક**	કામિની સંઘવી
૧૫૦	**સંગીતમાં શાસ્ત્રીય સંગીતકારોનો પણ સૂરીલો મુકામ!**	બકુલ ટેલર
૧૫૬	**વાર્ષિક રાશિ ભવિષ્ય**	

ફોટોગ્રાફર : કૃણાલ અમીન
મોડેલ : સિદ્ધમ સોની
મેક-અપ આર્ટિસ્ટ : પૂર્વી શાહ
ગારમેન્ટ : મિસ એન્ડ મિસીસ
જ્વેલરી : સૂર્યમ ડિઝાઇનર
લોકેશન : પ્રાઇડ પ્લાઝા, અમદાવાદ

પ્રૂફ રીડિંગ : દેવેન્દ્ર મારૂ
ઇલસ્ટ્રેશન આર્ટિસ્ટ : કાનજી મકવાણા

only books magazine

RAJANI®
GROUP
Since : 1975

રાજાણી ગ્રુપ તરફથી આપને દિવાળી તથા
નવા વર્ષની હાર્દિક શુભકામનાઓ

તહેવારોની મહાબચત

કેશબેક ઓફર

રાજાણી પ્રિમિયમ

૨૫૦ગ્રામ ચા પર
રૂા.૫/- થી રૂા.૫૦૦/-

૫૦૦ ગ્રામ ચા પર
રૂા.૧૦/- થી રૂા.૫૦૦/-

૧ કિલો ચા પર
રૂા.૨૫/- થી રૂા.૫૦૦/-

સુધીનું
કેશબેક મેળવો*

*શરતોને આધીન
*સ્ટોક હાજર હશે ત્યાં સુધી આ સ્કીમનો લાભ મળશે.

+91 99798 40013 www.rajanigroup.in

અંતિમ રહસ્યની ખોજમાં એક અજબ કીમિયાગર

માણસે આ કે તે બાબતમાં પ્રકૃતિના કોઈ ને કોઈ નિયમો પહેલાં જાણી લીધા અને પછી એ નિયમોનો બરાબર ઉપયોગ કરીને કેટલાક ચમત્કારો સર્જ્યા?

only books magazine

બાળપણમાં કે કિશોરકાળમાં કોઈક નાનકડી વાત બને છે. એક અનુભવ થાય છે અને એ બાળક-કિશોરના મનમાં કાંઈક કીડો દાખલ થઈ જાય છે, જે તેને અંત સુધી છોડતો નથી. છ-સાત વર્ષના બાળક આઇન્સ્ટાઇને પહેલી વાર કંપાસ જોયો અને ઉત્તર દક્ષિણમાં સ્થિર રહેતી સોય નિહાળી ત્યારે તેને આવો જ એક ઝબકારો થયો હતો. આ દુનિયામાં કોઈક અદીઠ સૂક્ષ્મ બળો છે જે એક નાનકડી કાચ પેટીમાં પુરાયેલી સોયને – નિડલને બરાબર પકડી રાખે છે. પોતાની ચોક્કસ દિશામાં જ એનું મુખ પકડી રાખે છે, જાણે એક રહસ્ય તેને મળ્યું. એક ચાવી જ હાથ લાગી ગઈ. અલબત્ત, ખરેખરી ખોજનો માર્ગ ઘણો લાંબો અને વિકટ હતો, પણ આઇન્સ્ટાઇનના મનની સોયને એક સાચી દિશા મળી ગઈ.

આવો એક ધૂની માણસ હતો બર્નાર્ડ ટ્રેવીસાન. આ માણસનો ઇતિહાસ બહુ અજબ છે. આમ તો કીમિયાગર હતો. માણસ હજારો વર્ષની તેની તવારીખમાં કંઈ ને કંઈ કીમિયો શોધતો જ રહ્યો છે. કોઈકે મોત પર વિજયનો કીમિયો શોધ્યો છે, કોઈકે અનંત યૌવનના રહસ્યની ખોજ કરી છે તો ઘણાએ લોખંડ કે કોઈ બીજી સસ્તી ધાતુ સોનું બની જાય તેવા કીમિયાની ખોજ કરી છે. આપણે જાણીએ છીએ કે ખરેખર કોઈ આવો અશક્ય કીમિયો શોધી શકતું નથી, પણ આવા અદ્‌ભુત કીમિયાની શોધમાં ભૂખ્યા અને તરસ્યા જીવો કેટલીક વાર બહુ કીમતી રહસ્યો આપી ગયા છે. લોખંડમાંથી સોનું બનાવવાની આ ચક્રમ વિદ્યામાંથી – આલ્કેમીમાંથી તો આજના રસાયણવિજ્ઞાનનો જન્મ અને વિકાસ થયો. એવી જ રીતે માણસનું નસીબ નિર્માણ થયેલું છે અને ગ્રહોની ચાલમાં તેના ભવિષ્યનો નકશો છે તેવી શ્રદ્ધા કે અંધશ્રદ્ધામાંથી આકાશની ખોજ શરૂ થઈ અને ખગોળશાસ્ત્ર પર તેનો ઉપકાર નાનોસૂનો નથી.

ભૂપત **વડોદરિયા**

બર્નાર્ડ ટ્રેવીસાન આવો એક કીમિયાગર હતો, પણ જુદી જાતનો કીમિયાગર હતો. સોનું બનાવવાની ધૂન તેના માથા ઉપર સવાર હતી, પણ આ માણસ સોનાના મોહથી જ પીડિત હતો તેમ માનવાની જરૂર નથી. સોનું તો માત્ર એક પ્રતીક છે. સોનું બનાવવાની ઇચ્છા તો જાણે એક સુવર્ણમૃગ જેવી હતી, તે તેને અંતિમ સત્ય પામવાની અશક્ય કેડી પર દૂર 'ને દૂર ખેંચી ગઈ! છેવટે તેને શું મળ્યું? ખરેખર તો તેને કંઈ જ મળ્યું નહિ. તે આ ધૂનમાં પાયમાલ થઈ ગયો. આજથી પાંચસો વર્ષ પહેલાં જ્યારે તે મરણપથારીએ પડ્યો ત્યારે તેણે પોતાની આખી નિષ્ફળ જિંદગીના તારતમ્યરૂપે એવું કહ્યું : 'સોનું બનાવવું હોય તો સોનામાંથી જ બને!' તદ્દન બાલિશ લાગે તેવું આ વચન છે. સોનું હોય તો સોનું બનાવવાની માથાકૂટ જ ક્યાં રહી? આ તો ધૂળમાંથી સોનું બનાવવાની વાત છે. નાનું બાળક પણ સમજી શકે કે સોનામાંથી તો સોનું બની જ શકે! એમાં બનાવવાનું શું રહ્યું! અને છતાં ટ્રેવીસાનના આ શબ્દોમાં કાંઇક રહસ્યનો – સાચી ખોજનો રણકો છે. આપણા કવિ કલાપીએ ગાયું છે કે, 'સૌંદર્ય પામતાં પહેલાં સૌંદર્ય બનવું પડે!'

બંને ઉદ્‌ગારો સરખાવી જોવા જેવા છે. સૌંદર્ય પામતાં પહેલાં સૌંદર્ય બનવું પડે! સોનું બનાવવું હોય તો સોનામાંથી જ બને! સૃષ્ટિના કાંઇક નિયમો છે. બરાબર સમજાતા નથી, પણ આ નિયમોનું બરાબર પાલન કરીને જ સૃષ્ટિ ચાલે છે. બીજમાંથી એક વૃક્ષ બને છે. બનાવ ચમત્કારિક કહેવાય. એક નાનકડા બાળકમાંથી પડછંદ સોહામણો પુરુષ કે સ્ત્રી વિકસે છે. કમાલના જાદુ જેવી આ વાત છે. એક ઈંડામાંથી રૂપાળું પક્ષી પ્રગટ થાય છે. માની ના શકાય તેવી વાત છે છતાં જાણીતી, જોઈ શકાય તેવી સામાન્ય ઘટનારૂપે આપણે તેને ઓળખીએ છીએ. ઉત્પત્તિના, વિકાસના, જીવનશક્તિના કાંઇક ગૂઢ પણ ચોક્કસ નિયમો કામ કરે છે. આ નિયમોને ટૂંકાવી કે બદલી શકાતા નથી. માણસે આ કે તે બાબતમાં પ્રકૃતિના કોઈ ને કોઈ નિયમો પહેલાં જાણી લીધા અને પછી એ નિયમોનો બરાબર ઉપયોગ કરીને કેટલાક ચમત્કારો સર્જ્યા? ટેલિફોન જુઓ કે રેડિયો અગર ટેલિવિઝન જુઓ! વિમાન જુઓ કે અવકાશયાન જુઓ, મૂળભૂત નિયમો તોડી શકાતા નથી, તેનું રહસ્ય પામીને, તેને માથે ચઢાવીને કોઈક નવી જ કલ્પના મૂર્તિમંત થઈ શકે છે! માણસ ઊડી શકે છે, પણ તે પોતાની આજુબાજુ માત્ર સ્થૂળ પાંખ ચોંટાડીને ઊડી ના શકે. તેણે ગુરુત્વાકર્ષણ

Must visit place for Interior Designers In Vadodara!



Gujarat's Finest Paintings & Home Decor Store



GF12,Trident Complex, Race Course Road, Vadiwadi, Vadodara
*Mon - Sat 10 am to 8 pm | M - **9998998335** | www.harmonyarts.com*

અને હવાના દબાણના ગતિ અને ઘર્ષણના મૂળભૂત નિયમોનો ભેદ પામવો પડે છે અને પછી તે નિયમોની કસોટી ઉપર સાચું પુરવાર થાય તેવું નવીન નિર્માણ કરવું પડે છે! તે આ બધા નિયમોની આરપાર જઈને જમ્બો જેટ પણ બનાવી શકે! પણ પ્રકૃતિને પિછાનીને તેને પ્રમાણવી પડે છે, તેને દંડવત્ પ્રણામ કરવા પડે છે, પછી જ કાંઈ પણ થઈ શકે છે.

બર્નાર્ડ ટ્રેવીસાનને એક બાલિશ લાગે તેવું અને આંધળાને પણ દેખાય તેવું 'નિરર્થક' (દુનિયાદારીના ચલણમાં ઉપયોગી થઈ ના શકે તેવું) રહસ્ય મળ્યું, પણ આ રહસ્ય માટે તેણે ઘણી મોટી કિંમત ચૂકવી હતી. આ કડવાવખ બોધપાઠના કાંઠે પહોંચવા માટે તેને ગૂઢ રહસ્યોનો આખો દરિયો પાર કરવો પડ્યો હતો.

બર્નાર્ડ ટ્રેવીસાન પંદરમા સૈકાના પ્રારંભમાં ઇટાલીના એક શહેર પડુઆમાં જન્મ્યો હતો. એ નાનકડો બાળક હતો ત્યારે તેના દાદાએ તેને ધૂળ જેવી ધાતુમાંથી સો ટચનું સોનું બનાવી દેતા કીમિયાગરોની વાત કરી હતી. દાદાએ તો એને પારસમણિની વાત કરી હતી, કોઈક સંજીવનીની વાત કરી હતી. એક એવો પથ્થર કે જે કોઈ પણ ધાતુને ઘસો એટલે એ ધાતુ લોખંડ કે ત્રાંબું મટીને સાચું સોનું બની જાય! એક એવું પીણું કે ગમે તેવો વૃદ્ધ અને બીમાર માણસ પીએ એટલે જુવાન બને, દીર્ઘાયુષી બની જાય! એક એવો પ્યાલો કે તેનું પીણું માણસના પેટમાં પડતાવેંત તે મોતનો શિકાર મટી જાય અને અમર બની જાય! જૂની લોકવાયકાઓ અને દંતકથાઓનું બયાન એવું છે કે પ્રાચીન કાળમાં ઇજિપ્તના લોકો પાસે આ વિદ્યા હતી. આ ગૂઢ વિદ્યાના તંત્ર-મંત્રનાં રહસ્યો આલેખતી હસ્તપ્રતો ત્રીજા સૈકામાં શહેનશાહ ડાયોક્લેશિયનના હુકમથી બાળી નાખવામાં આવી. તેને ડર લાગ્યો કે કીમિયાગરો આવી રીતે ધૂળ જેવી ધાતુઓમાંથી સોનું ઢગલાબંધ પેદા કરશે તો રોમમાં આ સોનું ગાડાબંધ ઠસડાઈ આવશે અને સરકારના ખજાનાની કિંમત કોડીની થઈ જશે! હજારો વર્ષ પહેલાંની સુવર્ણ-રહસ્યની તૃષ્ણા મરી નથી. રોમના સામથર્જ્યના જમાનાનો કીમિયાગર આજે વીસમી સદીમાં મંત્રવિદ્યાથી લોઢું સોનામાં બદલી નાખવાનું કહીને નાસી જતા ફ્રેબી સાધુના વેશમાં ઘડીક જીવતો થાય છે!

બર્નાર્ડ ટ્રેવીસાન કોઈ નિર્ધન માણસ નહોતો. વારસામાં તેને સારી એવી મિલકત મળી હતી. સોનું બનાવવાની ધૂનમાં તેણે પોતાની બધી મિલકત ખર્ચી નાખી, તે તદ્દન નિર્ધન થઈ ગયો, પણ ખરી રમત હવે જ શરૂ થતી હતી. બર્નાર્ડ ટ્રેવીસાન કંઈ ધનનો ભૂખ્યો નહોતો. ટ્રેવીસાનને એકદમ અમીર બની જવા માટે સોનાનું રહસ્ય પામવું હતું એવું આપણે કહીએ તો એ માણસને ઘણો મોટો અન્યાય થાય! એને તો સોનાનું એક રહસ્ય પામવું હતું. આ રહસ્યની

બર્નાર્ડ ટ્રેવીસાન

only books magazine

ખોજ સર્વોપરી હતી. એટલા માટે તો એ માણસ રાત-દિવસ જૂના ગ્રંથો વાંચે છે. દૂર-દૂર ગુફાઓ અને પર્વતોમાં ભટકે છે. જાતજાતના પ્રવાહીઓ, જંગલની કોઈ ને કોઈ વનસ્પતિના રસ, કંઈ કંઈ ઔષધિઓ અને તેજાબોના પ્રયોગો કર્યા કરે છે. સતત ભઠ્ઠી ગરમ કર્યા કરે છે. ધુમાડામાં આંખો બળે છે અને શ્વાસ રૂંધાય છે, પણ તે પાછી પાની કરતો નથી. ભૂખ્યો છે, ખાવાનું કશું નથી, લોકો તેની મશ્કરી કરે છે, કોઈ તેના પર પથ્થર પણ ફેંકે છે. તેનાં વસ્ત્રો ફાટી ગયાં છે, તેની તબિયત નરમ છે, પણ તેને કશી જ પરવા નથી. આ કંગાળ માણસ તો જાણે જીવનસર્વસ્વનો યજ્ઞ કરીને બેઠો છે, ધૂણી ધખાવીને કોઈક મોટા તપસ્વીની અદાથી બેઠો છે અને બ્રહ્માંડને પોકારી પૂછી રહ્યો છે, આનું રહસ્ય શું છે? પૃથ્વીના ગર્ભમાં સોનાનું બંધારણ શું છે? કેટલાં વર્ષે કોલસો પેદા થાય છે? હીરા કેવી રીતે બને છે? માછલીના પેટમાં મોતી કેવી રીતે બને છે? આનું રહસ્ય શું છે?

બર્નાર્ડ ટ્રેવીસાન સોનાના અંતિમ રહસ્યની ખોજ કરતો કરતો ૭૦ વર્ષની ઉંમરે પહોંચ્યો છે. તદ્દન કંગાળ, દુકાળિયો દેખાવ, બીમાર-અશક્ત અને જર્જરિત પણ એના પ્રાણનો મણિધર હજુ એ જ એકાગ્રતામાં ડોલી રહ્યો છે : સંસારના સર્વોચ્ચ મદારી, પડદા પાછળથી બહાર આવ! તું મને આનું રહસ્ય એક વાર કહે! સોનું કેવી રીતે બને છે! લોઢાને, હરણિયા પારાને-કારકપુરીને સોના સાથે કાંઈ લોહીની સગાઈ છે કે નથી? કોલસો હીરાનો સગો થતો હોય તો લોખંડને સોનાની સગાઈ શું કામ ન હોય? એટલે તો ટ્રેવીસાન જિંદગીના અંતિમ દિવસોમાં એની દીવાની આંખો સમક્ષ એક દ્રશ્ય-કલ્પનાનું એક દ્રશ્ય-નીરખી રહ્યો છે. જાણે પૃથ્વીના પેટાળમાં પાકતા સોનાનું સર્જન - રહસ્ય તેને મળી ગયું છે અને આ રહસ્યનો ભેદ મળી જતાં તે હવે સોનાનું ઝાડ ઉગાડી રહ્યો છે. પૃથ્વીના ખાસ પોષણ તંત્ર દ્વારા સોનાનું ઝાડ શું કામ ના પાંગરે? તમે લોકો હસો છો કેમ? બહુરત્ના વસુંધરા! આ ધરતી શું ના કરી શકે? તે મીઠીમધ દ્રાક્ષના ઝૂમખેઝૂમખાં નિપજાવી શકે તેવા છોડને પોષણ આપતી હોય, એક કદરૂપા નાનકડા છોડ ઉપર તે રંગીન ખુશબોદાર ફૂલ ઉત્પન્ન કરી શકતી હોય તો તે સોનાનું ઝાડ શું કામ ઉગાડવા દેવાની ના પાડે?

આવો એક ધૂની અને દીવાનો, મહાવિદ્વાન અને કઠોર પરિશ્રમી માણસ હતો બર્નાર્ડ ટ્રેવીસાન! ખનીજ–સંશોધન, રસાયણવિજ્ઞાન, વનસ્પતિશાસ્ત્ર, જીવવિજ્ઞાન કોઈ જ્ઞાનશાખાના ઇતિહાસ-મંદિરમાં તેની ક્યાંય તકતી મૂકી શકાય તેમ નથી. છતાં અંતિમ રહસ્યની ખોજમાં સતત બેચેન બનતા માનવઆત્માની યાદદાસ્તમાં ક્યાંક ને ક્યાંક આ માણસ ઝબક્યા જ કરે તો નવાઈ નહીં.

ચક્રમ, તરંગી, શેખચલ્લી ગમે તે ગાળ તેને આપી શકાય તેમ છે, પણ આવી ગાળ સાંભળીને પણ તે હસી પડ્યા વગર નહિ રહે, કેમ કે મોટા વિજ્ઞાનીઓ એક વાર આવી જ ગાળ ખાઈ ચૂકેલા છે. ફક્ત એકસો વર્ષ પહેલાં માણસને જ આપણે પૂછીએ - તે ટેલિફોન, રેડિયો, ટેલિવિઝન, વિમાન કે ચંદ્રયાનની કલ્પનાને સાચી માની શકતો હતો? માણસના મગજમાં કોઈકે ગજબનો કીડો મૂક્યો છે એ અનંત અને અગમ્ય અવકાશમાં ક્યાં ક્યાં દોડ્યા જ કરે છે! ■

પદ્મશ્રી મથુરભાઈ સવાણી
ચેરમેન, કિરણ હોસ્પિટલ, સુરત

સુરત શહેરમાં ૨૫ થી વધારે રાજ્યના લોકો રહે છે તેથી સુરતને મીની ભારત કહેવામાં આવે છે. સુરતની વસ્તી ૭૦ લાખ થી વધારે છે. ડાયમંડ, ટેક્ષટાઇલ, આઇ.ટી વગેરે જેવા બિઝનેસથી ધમધમતું સુરત વિશ્વમાં વિકસતા શહેરોમાં ચોથા નંબરે છે. ચોથા નંબરે વિકસતા સુરત શહેરમાં આરોગ્ય ક્ષેત્રે ક્વોલિટી સારવારની જરૂરીયાત હતી, તે જરૂરીયાત કિરણ હોસ્પિટલના નિર્માણથી પ્રાપ્ત થઇ. કિરણ મલ્ટી સુપર સ્પેશ્યાલિટી હોસ્પિટલ એન્ડ રીસર્ચ સેન્ટરના અતિ આધુનિક સુસજ્જ તમામ રોગો માટે ૪૦ વિભાગોમાં કુલ ટાઇમ અનુભવી ૮૦ સુપર સ્પેશ્યાલીસ્ટ, ૧૨૦ રેસીડન્ટ ડોકટરો સાથે ૧૬૦૦ લોકોનો કુશળ સ્ટાફ સેવામાં કાર્યરત છે. સાડા ચાર વર્ષમાં ૧૪ લાખ થી વધારે લોકોએ કિરણ હોસ્પિટલની સેવા લીધી છે. સુરતમાં ક્યારેય ન થયા હોય તેવા ઓપરેશનો કિરણ હોસ્પિટલમાં થઇ રહ્યા છે. તાજેતરમાં જ એટલે કે બીજી ઓક્ટોબરે લિવર ટ્રાન્સપ્લાન્ટ કિરણ હોસ્પિટલમાં થયું. ટ્રાન્સપ્લાન્ટ ઓપરેશનો માટે સુરતના લોકોએ હૈદ્રાબાદ, મુંબઇ જેવા અન્ય શહેરો માં જવું પડતુ હતું તે સુવિધા હવે સુરત ખાતે કિરણ હોસ્પિટલમાં ઉપલબ્ધ છે.

ડાયમંડ વ્યવસાય ક્ષેત્રના અગ્રણી ઉદ્યોગપતિ, SRK ગ્રુપના માલિક, મોટા ડોનર, વિશાળ લોકચાહના ધરાવતા શ્રી ગોવિંદભાઇ ધોળકિયાનું લીવર ટ્રાન્સપ્લાન્ટ સુરત ખાતે કિરણ હોસ્પિટલમાં થયું તે સમાચાર સાંભળીને દક્ષિણ ગુજરાતના લોકોમાં ચર્ચા શરૂ થઇ કે કિરણ હોસ્પિટલના નિર્માણથી જે સારવાર બહાર લેવા જવું પડતું હતું તેમાથી મુક્તિ મળી અને હવે આપણને સુરતમાં કિરણ હોસ્પિટલ ખાતે વિવિધ પ્રકારના ટ્રાન્સપ્લાન્ટ ઓપરેશનો થવાથી ઘર આંગણે સુવિધાઓ મળી રહે છે. શ્રી ગોવિંદભાઇ ધોળકિયા મોટા ઉદ્યોગપતિ હોવાને નાતે વિદેશની હોસ્પિટલમાં પણ સારવાર કરાવી શકે તેમ હતા.

પરંતુ એમના પરીવારે હૈદ્રાબાદ, મુંબઇ, અને વિદેશોના ડોક્ટરો સાથે ચર્ચાઓ કરતા બધા જ ડોક્ટરોના અભિપ્રાય મુજબ લિવર ટ્રાન્સપ્લાન્ટ ઓપરેશન માટે કિરણ હોસ્પિટલ બેસ્ટ અને સક્ષમ હોસ્પિટલ છે, તેથી ગોવિંદભાઇનું લિવર ટ્રાન્સપ્લાન્ટ કિરણ હોસ્પિટલમાં થયું. કિરણ હોસ્પિટલના બધા જ વિભાગોમાં ક્વોલિટી સારવાર મળી રહે છે તેવી ચર્ચાઓ લોક મુખે સાંભળતા હતા પરંતુ કિરણ હોસ્પિટલ સાથે જોડાયેલા ડો. રવિ મોહન્કાએ શ્રી ગોવિંદભાઇ ધોળકિયાનું લિવર ટ્રાન્સપ્લાન્ટ કર્યુ અને માત્ર ૯ દિવસની અંદર સાજા કરીને ઘરે મોકવામાં આવ્યા,તેથી સાબિત થાય છે કે કિરણ હોસ્પિટલમાં રિકવરી રેટ ખુબ સારો છે. કિરણ હોસ્પિટલમાં વિવિધ ટ્રાન્સપ્લાન્ટ વિભાગો કાર્યરત છે જેવા કે લિવર ટ્રાન્સપ્લાન્ટ, કિડની ટ્રાન્સપ્લાન્ટ, બોનમેરો ટ્રાન્સપ્લાન્ટ તથા કોર્નિયા ટ્રાન્સપ્લાન્ટ. આ ઉપરાંત હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ તથા ફેફસા ટ્રાન્સપ્લાન્ટ જેવા વિભાગો આગામી દિવસોમાં કાર્યરત થશે.

કિરણ હોસ્પિટલની જે લોકોએ સારવાર લીધી છે તેઓ હોસ્પિટલની સેવાથી પ્રભાવિત થયા અને અન્ય લોકોને કિરણ હોસ્પિટલની સારવાર વિશે કહેવા લાગ્યા તેથી દેશ વિદેશના લોકો મોટી સંખ્યામાં કિરણ હોસ્પિટલની સેવાનો લાભ લઇ રહ્યા છે.

only books magazine

કિરણ હોસ્પિટલના અતિઆધુનિક સાધનોથી સુસજ્જ તમામ રોગો માટે વિવિધ ૪૦ વિભાગો

- ન્યુરો તથા સ્પાઈન સર્જરી
- ન્યુરોલોજી
- કાર્ડિયોલોજી
- કાર્ડિયોવાસ્કયુલર તથા થોરેસીક સર્જરી
- ઈન્ટરવેન્શનલ રેડિયોલોજી
- સર્જીકલ ઓન્કોલોજી
- મેડિકલ તથા હીમેટો ઓન્કોલોજી
- બોન મેરો ટ્રાન્સપ્લાન્ટ
- રેડિયેશન ઓન્કોલોજી
- ન્યુકલીયર મેડિસીન
- પ્લાસ્ટીક તથા કોસ્મેટીક સર્જરી
- ગેસ્ટ્રોએન્ટેરોલોજી તથા ગેસ્ટ્રો સર્જરી
- લીવર ટ્રાન્સપ્લાન્ટ
- બેરીયાટ્રીક સર્જરી
- કિડની ટ્રાન્સપ્લાન્ટ વિભાગ
- નેફ્રોલોજી તથા ડાયાલીસીસ
- યુરોલોજી
- ઈ.એન. ટી.
- પિડીયાટ્રીક સર્જરી
- પિડીયાટ્રીક તથા નિયોનેટોલોજી
- ઓર્થોપેડીક તથા જોઈન્ટ રીપ્લેસમેન્ટ સર્જરી
- પલ્મોનોલોજી
- ઓબ્સ્ટેટ્રીકસ તથા
- ગાયનેકોલોજી
- IVF તથા ટેસ્ટ ટયુબ બેબી સેન્ટર
- જનરલ મેડિસીન
- જનરલ સર્જરી
- ઓપ્થેલમોલોજી
- એન્ડોકાઈનોલોજી
- ડેન્ટલ સર્જરી
- સાઈકીયાટ્રી
- ડર્મેટોલોજી તથા કોસ્મેટોલોજી
- એકસીડેન્ટ તથા ઈમરજન્સી કેર
- રેડિયોલોજી વિભાગ
- પેથોલોજી લેબોરેટરી
- ફીઝિયોથેરાપી તથા રીહેબીલીટેશન
- આઈ.સી.યુ.
- એનેસ્થેસિયોલોજી
- ડાયટેટીકસ
- બ્લડ બેંક
- કલીનીકલ રિસર્ચ

વધુ માહિતી માટે કિરણ હોસ્પિટલનો સંપર્ક કરો
0261 7161111

www.kiranhospital.com

only books magazine

ભારતીય અધ્યાત્મવિદ્યા

આજની અનિવાર્ય આવશ્યકતા

મેકોલેના ભારતીય સંસ્કૃતિ અને સંસ્કારના છેદ ઉડાડવા માટે આરંભાયેલા શિક્ષણની (કુ) પેદાશ કહી શકાય એવા સેક્યુલર - બિનસાંપ્રદાયિક મહાનુભાવોએ તો દેશી હિસાબમાં ગણપતિનો 'ગ' ભણાવાતો હતો એ દૂર કરી ગધેડાનો 'ગ' દાખલ કર્યો. ધન્ય!

It is already becoming clear that a chapter which has a western beginning will have to have an Indian ending if it is not to end in self destruction of the human race. At this supremely dangerous movement in whole human history, the only way of salvation for mankind is the Indian.

- Arnold Toynbee

ડો. ગૌતમ **પટેલ**

આ હવે સારી રીતે સ્પષ્ટ થઈ રહ્યું છે કે જે પ્રકરણનો આરંભ પશ્ચિમમાં થયો છે એનો અંત ભારતીય રીતનો હોવો જોઈએ જો એને માનવજાતના સ્વયંસર્જિત વિનાશમાં અંત પામવાનું ન હોય. આ માનવ ઇતિહાસની અત્યંત ભયાનક ક્ષણે માનવજાત માટે મુક્તિનો કેવળ એક જ માર્ગ છે અને તે ભારતીય માર્ગ. આવું ગઈ સદીના વિશ્વમાં સન્માન પામેલા નોબેલ પ્રાઇઝ વિજેતા ઇતિહાસકાર આર્નોલ્ડ ટોયેમ્બીએ લખ્યું છે. આ ભારતીય માર્ગ એટલે બીજું કાંઈ નહીં, પણ ભારતના ઉપનિષદોના ઋષિઓએ દર્શાવેલો આધ્યાત્મિક માર્ગ. Spiritual Way.

ભગવદ્ગીતા (૧૦-૩૨)માં ભગવાન પોતાની વિભૂતિઓ દર્શાવતાં કહે છે, 'अद्यात्मविद्या विद्यानाम् - હું વિદ્યાઓમાં

આ દિવાળીએ આપો મધુર ઉપહારોની ભેટ.

*Net Weight: 200 g

*MRP (incl. of all taxes). Conditions apply.

માણો અમારી અન્ય બીજી મીઠાઈઓની મીઠાશ પણ.

રસમલાઈ, રસગુલ્લા, ગુલાબજાંબુ અને બાસુંદી.

અમૂલ મીઠાઈ

Amul 75 YEARS OF MILK & PROGRESS

11662694GUJ

અધ્યાત્મવિદ્યા છું.' અદિ અને આત્મા એટલે આત્માને સ્પર્શતું. કહે છે કે ઇંગ્લેન્ડે વિશ્વને લોકશાહીનો ખ્યાલ આપ્યો. રોમનોએ કાયદો અને વ્યવસ્થા આપી. ચીને સાદું જીવન અને ઉચ્ચ વિચારોની ભાવનાની ભેટ ધરી. અમેરિકાએ સ્વતંત્રતા અને ફ્રાન્સે વિશ્વને ભાઈચારાનો ખ્યાલ આપ્યો. તેમ ભારતે સમગ્ર વિશ્વને

only books magazine



સોમનાથ મંદિરના જીર્ણોદ્ધારનો આરંભ સરદાર પટેલે કર્યો હતો

અધ્યાત્મવિદ્યા આપી. જેની આજ અત્યંત અનિવાર્ય એવી આવશ્યકતા સર્જાઈ છે.

ઉપનિષદના ઋષિઓમાં મહર્ષિ યાજ્ઞવલ્ક્ય એક એવા ઋષિ છે જેમણે પોતાના સંવાદોના દાખલા-દલીલ સાથે આત્મતત્ત્વની વિવેચના પ્રસ્તુત કરી. મારા નમ્રમતે વિશ્વસમસ્તમાં એ અધ્યાત્મ વિજ્ઞાનના સમય અને સ્થાનની દ્રષ્ટિએ સર્વપ્રથમ દ્રષ્ટા છે. એમને અધ્યાત્મવિદ્યાના વૈજ્ઞાનિક કહેવામાં તો ઇષ્ટાપત્તિ છે.

નરસિંહ મહેતાએ એક ભજનમાં સ્પષ્ટ વિધાન કર્યું છે કે જ્યાં સુધી આપણે આત્મતત્ત્વને-આત્માને ઓળખીએ નહીં ત્યાં સુધી સાધના સર્વ જૂઠી છે.

ઉપનિષદ મુજબ પ્રત્યેક વ્યક્તિએ આત્મા વિશે જાણવું જોઈએ, એને જોવો જોઈએ, માનવો જોઈએ અને એનું નિદિધ્યાસન કરવું જોઈએ. ટૂંકમાં, આત્માનું દર્શન કરવું એ માનવ જીવનનું અંતિમ લક્ષ્ય છે. વાસ્તવમાં આત્મા જ અજર, અમર, નિત્ય, નિરંજન, નિર્વિકાર છે. એના વિના બીજું બધું મરણશીલ અને નાશવંત છે. આદિ શંકરાચાર્યે આત્મદર્શનથી આવશ્યકતા માટે જે ચાર પૂર્વશરતો દર્શાવી છે તેમાં વિવેક એક છે અને વિવેકની તેમની વ્યાખ્યા છે. આત્મા અને અનાત્માનો ભેદ તારવવો. આત્મા એ એક જ એવું તત્ત્વ છે જે હંમેશ રહે છે. જ્યારે અન્ + **आत्मा** એટલે જે આત્મા નથી એ સઘળું - આત્માથી ભિન્ન સમગ્ર જગત નાશવંત છે. માણસ જો આ મૂળભૂત સત્યને સમજે તો જીવનમાં ખોટું કરતાં

ઋષિઓમાં મહર્ષિ યાજ્ઞવલ્ક્ય એક એવા ઋષિ છે જેમણે પોતાના સંવાદોના દાખલા-દલીલ સાથે આત્મતત્ત્વની વિવેચના પ્રસ્તુત કરી. મારા નમ્રમતે વિશ્વસમસ્તમાં એ અધ્યાત્મ વિજ્ઞાનના સમય અને સ્થાનની દ્રષ્ટિએ સર્વપ્રથમ દ્રષ્ટા છે

પાછું વાળીને જુએ.

આજની આપણી કેળવણીમાં ભગવાને જે અધ્યાત્મવિદ્યાને પોતાની વિભૂતિ ગણાવી છે એને ક્યાંય સ્થાન છે ખરું? અમે ભણતા હતા ત્યારે 'ઓ ઈશ્વર ભજીએ તને, મોટું છે તુજ નામ' એવી ઈશ્વરના અસ્તિત્વને જાણવાની-માણવાની કવિતાઓ અભ્યાસક્રમમાં હતી. આજ તો 'એક બિલાડી જાડી... તેણે પહેરી સાડી' જેવી વાતો ભણાવાય છે, શું આનાથી ચારિત્ર્ય નિર્માણ થઈ શકે ખરું?

મેકોલેના ભારતીય સંસ્કૃતિ અને સંસ્કારના છેદ ઉડાડવા માટે આરંભાયેલા શિક્ષણની (કુ) પેદાશ કહી શકાય એવા સેક્યુલર - બિનસાંપ્રદાયિક મહાનુભાવોએ તો દેશી હિસાબમાં ગણપતિનો 'ગ' ભણાવાતો હતો એ દૂર કરી ગધેડાનો 'ગ' દાખલ કર્યો. ધન્ય!

સોમનાથ મંદિરના નિર્માણ કાર્યનો સાચા ભારતીય એવા સરદાર પટેલે આરંભ કર્યો ત્યારે ભારતના પ્રથમ રાષ્ટ્રપતિ શ્રી રાજેન્દ્રબાબુને આમંત્રણ આપવામાં આવ્યું અને પેલા 'સેક્યુલર' વડાપ્રધાન પંડિત નહેરુએ વાંધો ઉઠાવેલો. એ વખતે રાષ્ટ્રપતિ શ્રી રાજેન્દ્રબાબુનો ઉત્તર હતો કે બિનસાંપ્રદાયિકનો અર્થ કોઈએ પોતાનો ધર્મ ન પાળવો એવો નથી, પણ દરેકે પોત પોતાનો ધર્મ પાળવો એવો છે.

મને યાદ છે કે પદ્મશ્રી ગુણવંત શાહે એકવાર પોતાની કોલમમાં શ્રી મોરારજીભાઈ દેસાઈની આત્મકથામાંથી પાના નંબર સાથે વાક્ય ટાંક્યું હતું કે, 'નહેરુ હિન્દુ ધર્મના વિરોધી હતા.'

જીવનમાં ધર્મ સંસ્કાર કે અધ્યાત્મનું ભણતર ન હોય તો જીવનનું ઘડતર યોગ્ય રીતે ના થઈ શકે. આત્મા કે ઈશ્વરને નહીં ઓળખનારાઓ આજ કરોડોના કૌભાંડ કરતા કે કરચોરી અને ઉપર શિરજોરી કરતાં અટકતા નથી. જો ઉપરવાળાનો - ઈશ્વરનો ડર હોય અને એ તો અધ્યાત્મવિદ્યાના અધ્યયનથી જ આવે છે - તો માણસ ખોટું કરતાં ખચકાય અને પરિણામે આપોઆપ પોતાનું ચારિત્ર્ય ઘડાય જે રાષ્ટ્રીય ચારિત્ર્યના નિર્માણમાં સહાયક બને અને એક વિદ્વાનનું વાક્ય યાદ આવે છે કે મને ઈશ્વરનો ડર છે, પણ એથી ય વધુ ડર એનો છે જેને ઈશ્વરનો ડર નથી. આજ ઈશ્વરના ડર વિનાના દીવો લઈને શોધવા પડે એમ નથી. એમનું જાહેરજીવન પણ જાણીને આપણુ માથું ચકરાવો લેવા માંડે.

ચારિત્ર્ય ઘડતર કે ચણતરમાં, પાયામાં અધ્યાત્મવિદ્યા જ જોઈએ, પણ આજના ટેક્નોલોજીના આધુનિક શિક્ષણમાં એને ક્યાંય સ્થાન છે ખરું? જેને માટે વિશ્વગુરુ બની ભારત ગર્વ લેતો હતો એ એની અધ્યાત્મવિદ્યા આજ ગંગાના જળની જેમ આપણે અપવિત્ર કરી નાખી છે. ભગવાન બચાવે ભારતને..! ■

Reliance

Reliancedigital
PERSONALISING TECHNOLOGY

ફેસ્ટિવલ ઓફ ઈલેક્ટ્રૉનિક્સ

મારા જેવો ઉત્સવ મારા જેવી ઑફર્સ

દિવાળીની હાર્દિક શુભેચ્છા!

શ્રેષ્ઠ ડીલ્સ | નવી રજૂઆતો | સરળ EMIs

only books magazine

10%

ઈન્સ્ટંટ ડિસ્કાઉંટ*

AXIS BANK | citi | HDFC BANK | ICICI Bank | kotak

ક્રેડિટ કાર્ડસ | ડેબિટ કાર્ડસ | EMI
(7 નવેમ્બર સુધી)

*નિયમો અને શરતો લાગુ.

ખરીદી કરો અહીંથી: reliancedigital.in

3 ઈન્સ્ટા ડિલિવરી
3 કલાકથી ઓછા સમયમાં
(તમારી નજીકના સ્ટોર પસંદ)

SHOP ANY ELECTRONICS AT MY JIO STORE | Jio DIGITAL LIFE

એક, ના અન્ય, ના બહુ

એકમાંથી એક બાદ કરતાં શૂન્ય મળે, પરંતુ એક સિવાય બીજું કશું છે એ ગણીને એકમાં ઉમેરો તો અન્ય બન્યા જ કરે. શૂન્ય 'ને અનંતની અન્યતા સિવાયની અન્યતા માણસ માટે સંસાર. સેન્સેશન્સ. એક સિવાય બધું એક વિષે છે, એક નથી. શૂન્ય 'ને અનંતમાં ઓબ્જેક્ટ 'ને સબ્જેક્ટ બંને નીકળી જાય છે.

મરેલા જીવનની જન્મથી વિસ્મૃતિ આપનાર સ્મરહર શિવની મરજી છે
સૌ પ્રથમ અંકાયેલી અંક એકની ઘર કરેલી સ્મૃતિ અભણવી અઘરી છે

એક અર્થાત્ ક્રમમાં પ્રથમ અંક. પહેલી સંખ્યા. પ્રાથમિકતા સાબિત કરવા એક શબ્દ મહત્ત્વનો. સાપેક્ષમાં સંખ્યા કેટલી છે એ માટે એક શબ્દ હાથવગો છે. બે કે ત્રણ નહીં, એક રાજા હોય છે. એક કાળની કથા હોય છે. ગણિતમાં પરિણામ કે શેષ એક હોઈ શકે છે. અજોડ કે અદ્વિતીય છે એ રીતે ઈશ્વર એક છે એવું કહેવાય છે. તમે જ એક સાચા, બાકી બધાં ખોટા? એક અર્થાત્ કેવળ, માત્ર કે ફક્ત. બસ ખાલી એક જ ઇચ્છા બાકી છે. કોઈ કહેશે કે ત્રણેક વાગે મળીએ. એકનો ઉપયોગ વિશિષ્ટ એવી અનિશ્ચિત ચોકસાઈ દેખાડવા થાય છે. ઘડીમાં તમે આમ કહો છો 'ને ઘડીમાં તેમ, ગોળગોળ ના બોલો કોઈ એક વાક્ય પકડી રાખો. એક મત થઈ શકાય. એકતા એટલે યુનિટી. કોમનનેસ અર્થે કે કોઈ સર્વસામાન્ય મોટો ભેદ નથી એવું બતાવવા એકત્વ વપરાય છે. શક્ય છે એકતાના બેઝમાં દુશ્મનાવટ હોય. ખેર એકનો એક અનન્ય અર્થ એકના અન્ય અનેક અર્થથી નોખો પડે છે. સંપૂર્ણ. બધું જ એક જ છે. બીજું કે અન્ય કશું છે જ નહીં.

ગૌરાંગ **અમીન**

એકાંકી, એકાંત, એકાએક, એકી, એક્કો જેવા ઘણા શબ્દ આપણા વ્યવહારમાં સામાન્ય છે. એકદા એટલે એક સમયે. એકીકા અર્થાત્ સિંગલ મધર કે વુમન. એકમ, દરેક, પ્રત્યેક, ક્યારેક આપણે જાણીએ છીએ. એકતા 'ને ઐક્ય એટલે સંસ્કૃતમાં ઓળખ પણ થાય છે. એકક એટલે વિશેષ. એકત્વ અર્થાત્ એકલાપણું પણ થાય. એકસમ યાને એક સરખી રીતે. એકશૃંગ યાને આપણા આસામનો ગેંડો. એકદંત યાને ગણેશ. સંગીતમાં એકતાલ છે. એક મતલબ ભેદ રહિત. જુદાઈ વગરનું. અભિન્ન. કનેક્ટેડ. જોઇન્ટ. એકસ્થ અર્થાત્ એકમાં સ્થિત યાને સર્વથી દૂર. હલે નહીં તે. ફેરફાર ના પામવાનું હોય તે. એક એટલે અલ્પ. એક અર્થાત્ અલખ પણ થાય. એક શબ્દ અગ્નિ 'ને દેવરાજ માટે પણ વપરાય છે. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ એટલે એક. એક અર્થાત્ અદ્વૈત. અદ્વૈતવાદને એકવાદ કહી જ શકાય. એક અર્થાત્ સત્ય, પરમ, બ્રહ્મ.

એક સંખ્યા એવમ શબ્દને લઈને જેટલી કહેવત હશે એટલી કદાચ બીજી કોઈ સંખ્યાને લઈને નહીં હોય. એ તો સૌ એકના એક. અર્થાત્ બહારથી દેખાવમાં જુદા પણ અંદરખાનેથી મળતા. એક અવાજે એટલે એક મતે. એક અસ્ત્રે મૂંડવું અથવા એક લાકડીએ હાંકવું અર્થાત્ સારા 'ને માઠા બધાં માટે એક જ રસ્તો કે રીત રાખવી. એક મશીનગન કે બોમ નથી કહ્યા કેમ કે હત્યાની વાત નથી. એક અંગારો સો મણ જાર બાળે એટલે કે એક માંદું ઘેટું આખા ટોળાને ચેપ લગાડે. એક આંખ એટલે બે બાજુ ન તપાસતાં એક જ તરફની નજર રાખવી તે. પક્ષપાત સિવાય મૂળે ત્રીજી આંખનો સંદર્ભ. એક નજર 'ને એક આંખમાં ઘણો ફરક. આંખ ફરકે એમ નજર ના ફરકે. સામસામી મીટ માંડવી અથવા નજર એક થવી એ અર્થમાં પણ એક આંખ ઉક્તિ વપરાય. એક આંખ તે આંખ નહિ 'ને એક છોકરો તે છોકરો નહિ એટલે એક કરતાં બે ભલા. ઝાઝા હાથ રળિયામણા.

એક આંખ સારી હતી તેય ફૂટી ગઈ. બીજી આંખ ન હતી એટલે માણસ નકામો થયો. એક છોકરો હોય 'ને તે મરી જાય તો નિ:સંતાન થવાય તેના ઉપરથી આ પ્રયોગ થયો. એક આંખ દેખવી એટલે એક નજરે જોવું કે અર્જુનની જેમ જોવું. એક આંખમાં

रिश्तों मे...

Feelings का ज़ायक़ा बढाये!

only books magazine

उत्तम

मैદો * સોજી

FSSC 22000 Certified Company

SHREE BHAGWATI FLOUR & FOODS PVT. LTD.

Survey No. 430, Sarkhej-Bavla Highway, Moraiya - Changodar, Ahmedabad - 382 213

Mobile No.: +91-95740 08405 • Email: customercare@bhagwatiexports.com • www.bhagwatiexports.com

હસાવવાં 'ને એક આંખમાં રડાવવાં એટલે બાળકને એક પ્રસંગે રડાવવાં પણ ખરાં 'ને કેટલીક વખત હસાવવાં પણ ખરાં. સરવાળે ભય તેમ જ પ્રીતિ બંને રાખવાં. એક ઇન્દ્રિયનું જ્ઞાન એટલે એક જ દિશા કે હેતુનો વિચાર. ઘણા વિષયમાં અજ્ઞાની. એકએકનાં મોંમાં થૂંકે એવા એટલે એકએકથી ચડિયાતું. મમત, મદ, સરસાઈ વગેરે બાબતમાં બરોબરિયા. એકએકના ગાંજ્યા ન જાય એવા. બધાં સરખા ખરાબ કે સરખા ખોટા. એક કસર 'ને સો સફર એટલે સુવર્ણના મોહ કરતાં કરકસર કરવી સારી. ઘરની કસર 'ને વહાણની સફર.

એક કહેવી 'ને બે-દશ સાંભળવી અર્થાત્ ગાળ દઈએ તો સ્વાભાવિક છે કે ગાળ સાંભળવી પડે. પોતાની ઇચ્છા મુજબ કહો તો સામાની ઇચ્છા પ્રમાણે સાંભળવું પડે. એક કાનથી બીજે કાન જવું અર્થાત્ ગુપ્ત વાતનું જાહેર થવું. રહસ્ય બહાર પાડવું. એક કાને થઈ રહેવું અર્થાત્ સ્વસ્થ ચિત્તે સાંભળવા તત્પર થવું. સ્વસ્થ ચિત્ત યાને એક ચિત્ત. હિઅર નહીં લિસન. એક કાને સાંભળી બીજે કાને કાઢી નાખવું અર્થાત્ સાંભળીને અંતરમાં ન ઉતારવું. ભેંસ આગળ ભાગવત. બકરી પાસે કુરાન કે ઘેટાં પાસે બાઇબલ એમ ના થાય? ધ્યાનબહેરાશ. એક કે પીછે એક અર્થાત્ અનુક્રમે. એક કોદરે કાંઈ કાળ મટે? અર્થાત્ દરિયામાં ટીપાં બરાબર. એક કોર કાચી ન રહેવી અર્થાત્ આફતથી ઘેરાઈ જવું. એક કોહવાયેલી માછલીથી આખો ટોપલો ગંધાય અર્થાત્ એક ખરાબ વિદ્યાર્થી વર્ગમાં ઘણાને બગાડે.

એક તાર હોવું. એક ગાંઠ છે. એકત્વ. સંપ. એક ગુનો તો ખુદા પણ માફ કરે છે તથા એક ઘર તો ડાકણ પણ મૂકે યા તારવે એટલે ભૂલ કરવી એ મનુષ્યનું સહજ લક્ષણ છે. એક ઘાએ કૂવા ન ખોદાય એટલે કામના પ્રમાણમાં મહેનત કરવી રહી. એક ઘાએ બે કટકા એટલે ચોખ્ખો કાપ. તરત દાન 'ને મહાપુણ્ય. સાફ 'ને સીધી વાત. એક ચણાની બે દાળ એટલે એક માબાપનાં બે સંતાન. મગ, ચણા, સિંગ જેવું બધું ચાલે. બે સરખા ભાગ. એક ચંદાવો ચડે એવું એટલે એક અંશ વધતું. ખરાબપણામાં ચડિયાતું. એક ચિત્ત-એક જીવ-એક તાલ-એક મન-એક રંગ-એક રાગ-એક રૂપ-એક સ્વરૂપ થવું એટલે એક થવું. યુનિયન. એકથી વધુ મનનું મળવું. ભિન્નભાવ યા આંતરો ન ગણવો. એકદિલ થવું. એક જ હોવું એટલે સેમ ટુ સેમ. એક ચૂડી ચલાણે ચડી એટલે એક કામ પૂરું થયું. એક જાળમાં સો સાપ એટલે તદ્દન ગપ્પું. સહેજ પણ ના માની શકાય એવી વાત.

એક જિહત-જી-રૂ એટલે મેળમાં. બંધબેસતું. એક જીવ કરવો અર્થાત્ પરફેક્ટ ફોકસ રાખવું. ચિત્ત પરોવવું. એક ટકાની મરઘી 'ને ચાર આના પીંછ ટુંપામણ અર્થાત્ ટકાની ડોશી ને ઢબુ મુંડામણ. કાપડ કરતાં વસ્ત્ર બનાવવા કાપડની સિલાઈ મોંઘી. ઘાટ કરતાં ઘડામણ વધારે. એકી ટસે 'ને ટસે અર્થાત્ એક ધારી નજરથી. અનિમેષ નયનથી. એકી

આર્યભટ્ટે શૂન્ય દ્વારા એક સિવાયની અન્યતાનો બીજો છેડો આપીને સમતોલન આપ્યું. એકમાંથી એક બાદ કરતાં શૂન્ય મળે, પરંતુ એક સિવાય બીજું કશું છે એ ગણીને એકમાં ઉમેરો તો અન્ય બન્યા જ કરે

શ્વાસે. વિરામ લીધા સિવાય. પોરો ખાધા વિના. સતત. એક ટળી બે થવું અર્થાત્ લીધેલો નિશ્ચય તોડવો. પ્રતિજ્ઞા ભાંગવી. એક ડોશી 'ને સો જોશી અર્થાત્ વિચાર કરતાં અનુભવ ચડે. વિજ્ઞાન કે કવિતા કરતાં પણ. એક તરફ રામ 'ને એક તરફ ગામ અર્થાત્ એક માણસે ઘણા સામે ટક્કર ઝીલવી. બળ કરતાં કળ ચડે. ટીમના ખરાબ પરફોર્મન્સ પછી એક પ્લેયર હારતી ગેમ જિતાડી લાવે. એક નેતા આખા પક્ષને ચૂંટણી જિતાડે.

એક તરફની ઢોલકી વગાડવી અર્થાત્ કોઈનું કશું મગજ કે મન પર લીધા વિના એકની એક વાત કહ્યા કરવી. ઢોલ, ઢોલક કે ઢોલકીમાં ડાબે 'ને જમણે બે બાજુ થાપટ મારવાની હોય છે છતાં ઢોલકી એક જ તરફ વગાડવાથી એક જ જાતનો અવાજ આવ્યા કરે. એક તલમાંથી કેટલું તેલ કાઢવું? અર્થાત્ ગરીબ કે લિમિટેડ કે અનફીટ પાસેથી અતિશય કામ ન લેવું. કે નબળી સ્થિતિનો દુરુપયોગ ના કરવો જોઈએ. એક તંદુરસ્તી, હજાર કયામત અર્થાત્ ધન કરતાં સ્વાસ્થ્ય ચઢી જાય. શરીર સાજું હશે તો એ લાખો રૂપિયા બરાબર છે. એક તંબે ઊભા રહેવું અર્થાત્ સંપીને એક જ જથ્થામાં રહેવું. પોતપોતાના કેમ્પ કે તંબુ હોય ત્યાં એક અંક સાપેક્ષ બને છે. એક તે એક 'ને બે તે બારને ભારે અર્થાત્ સંપ એ શક્તિ છે. સંપ ત્યાં જંપ. એક તો એકવીસને ભારે અર્થાત્ એક મરણિયો સોને મારે. જરૂરિયાત કે લાચારી વિશેષ શસ્ત્ર સાબિત થાય એવી શક્તિ બની શકે છે.

એક દિવસની શોભા, જન્મારાની ઓભા અર્થાત્ થોડો આનંદ 'ને એ પછી ભારે સંભાવના લાંબા પશ્ચાત્તાપની છે કે લાંબી ચાલતી ઉદાસીનો વખત આવે એમ છે. એક દિવસમાં કાંઈ વહાણ વહી જવાનું છે? અર્થાત્ ઉતાવળ કરવાનો અર્થ નથી. ટ્રેન, બસ કે પ્લેનની જેમ વહાણ આવે એવું તરત ઉપડી જતું નહોતું. એક દીવાલ રૂપિયા અર્થાત્ એક હજાર રૂપિયા. એક કાળે અર્થાત્ અગાઉ લાંબા સમય સુધી. એક દૂસરે કી મદદ અર્થાત્ કેવળ બે જણ એકબીજાનું સાચવે એમ નહીં, અરસપરસ સહકાર. શું કોઈ સહકાર અરસપરસનો ના હોય એવો હોય? મનોવિજ્ઞાની એવું કહી શકે છે કે જે વ્યક્તિ માનસિક રોગી હોય એણે પોતાની જાત સાથે સહકાર રાખવો પડે. જી, એક જીવનું એક જીવન હોય 'ને એક વ્યક્તિનું એક વ્યક્તિત્વ હોય એવું નથી બનતું છતાં મલ્ટિપલ પર્સનાલિટી ડિસઓર્ડર જેવું ઘણુ હોય છે. સ્વભાવ બદલાય? સ્વ એક જ હોય? એક ન એક અર્થાત્ એક કે બીજું.

એક નકટો સોને નકટા કરે એટલે મૂર્ખની સંખ્યા ચેપી રોગ ફેલાય એમ વધે. વિજ્ઞાન કહે છે કે વાંદરાની જેમ માણસનું મગજ કોપી-પેસ્ટ કરવાનું કામ કરતાં મિરર ન્યૂરોન્સથી ભરેલું છે. એક નજર થવી કે આંખ થવી એટલે આંખના અણસારાથી એકબીજાનો મનસૂબો સમજવો. સામસામી દ્રષ્ટિ મળે કે બે વ્યક્તિ એકબીજાની સામે જુએ કે સમજ એક થઈ જાય. એક નન્નયો છત્રીશ રોગ હરે એટલે એક વાર ઘસીને ના પાડી દેવાથી આગળની ઘણી મુસીબત કે દુઃખમાંથી

Kaneriya Oil Industries
ISO 22000 : 2005 Certified

Since 1979

RANI®

GOLD

સિંગતેલ

हर दिल की अन्नपूर्णा

કાઠિયાવાડની કસદાર ઘરામાંથી મેળવેલી
ઉત્તમ મગફળીમાંથી કોઈપણ પ્રકારના કેમિકલ
પ્રોસેસીંગ વગર બનતું કુદરતી સિંગતેલ.

કંપની રીટેલ આઉટલેટ ● રાજકોટ સીટી : - ગોકુલ ધામ : 0281-2333499, 2360201 જવાહર રોડ : 0281-2222700/800
રૈયા રોડ : 97125 72000/73000 ● **શાપર** : 97273 83000/84000/85000 ● **અમદાવાદ :** 72111 51781/82

અમારા અન્ય પ્રિમીયમ એડીબલ ઓઈલ્સ : કપાસિયા • સનફલાવર • કોર્ન • સોયાબીન

આપની નજીકના દરેક અગ્રગણ્ય સ્ટોર્સમાં ઉપલબ્ધ. www.ranioil.com | /ranioils

બચી જવાય. એક નન્નો સો દુઃખને હણે. એક વાર ના પાડવાથી ઘણા ઠપકા અટકે. એક આંકડો પકડી રાખવાનો છે, છત્રીશ કે સો કે હજાર નહીં. એક નારૂં તેને હજાર દારૂ. એક ગૂમડે હજાર ઇલાજ. એટલે એક મુશ્કેલી દૂર કરવા માટે ઘણા ઉપાય હોવા. એક નાવમાંનું એટલે સિમ્પલી એક સરખા વિચારનું કે સ્થિતિનું. અંગ્રેજીમાં સેલિંગ

ઇન ધ સેમ બોટ કહે છે તેના પરથી આ ઉક્તિ આવી હશે.

એક નૂર આદમી દસ નૂર કપડાં. લાખ નૂર ટાપટીપ કરોડ નૂર નખરાં અર્થાત્ પહેરવેશ વગેરેના ભપકા 'ને નખરાંથી માણસના બહારના દેખાવમાં ઘણો વધારો થાય છે. એ રીતે માન મળે કે કામ થાય એવું બને છે. એક વસા માણસ ને વીસ વસા લૂગડાં. સામાનથી ઘોડો ઓળખી શકાય. એક પગ દહીંમાં 'ને એક પગ દૂધમાં અર્થાત્ ચોખ્ખી વાત ન કરતાં ગોટાળો રાખવો. બંને કે બધી બાજુનું રાખવું. એક પગે થઈ રહેવું અર્થાત્ તત્પર કે આતુર થઈ રહેવું. ઉતાવળું બનવું. અકેક અર્થાત્ વારાફરતી. અનુક્રમે. એક પથ્થરે કે ઘાએ કે કાંકરે બે પક્ષી મારવાં. એક પંથ 'ને દો કાજ. થોડી મહેનતે ઝાઝું કામ કરવું. પક્ષીના સ્થાને પ્રાણી કે માછલી કે મચ્છર કેમ નહીં? એક તીર દો નિશાન. ઉક્તિ બંદૂકની ગોળીઓ આવી એ પહેલાંની હશે.

એક પર બે કરતાં અથવા એકડા પર બગડો કાઢતાં અર્થાત્ શરૂઆતનું ભણતર ભણતાં. એક પાણ ઓછી અર્થાત્ નપુંસક. ઢંગધડા વિનાનું. મૂર્ખ. એક પાન સોને કોહવડાવે. એક બગડેલું ફળ આખી ટોકરી બગાડે. એક પીંછનાં સો પીંછ અર્થાત્ અતિશયોક્તિ. એક પુણ્ય કરે ને બીજા વેરે, તેને ઘાલે જમને બારે અર્થાત્ સારું કામ કરતાં અટકાવનાર માણસ નરકે જાય. એક પેટ ભરવું અર્થાત્ કેવળ

એક નકટો સોને નકટા કરે એટલે મૂર્ખની સંખ્યા ચેપી રોગ ફેલાય એમ વધે. વિજ્ઞાન કહે છે કે માણસનું મગજ કોપી-પેસ્ટ કરવાનું કામ કરતાં મિરર ન્યૂરોન્સથી ભરેલું છે. એક નજર થવી એટલે આંખના અણસારાથી એકબીજાનો મનસૂબો સમજવો

પોતાની જાતનું જ રક્ષણ કરવું. કે પછી આગળ યા પાછળ બીજું કોઈ ન હોવું. એક પેટનું અર્થાત્ એક જ માતાના પેટે જન્મેલા. કે એક જ મૂળની નોખી દેખાતી ચીજ કે બાબત. એક ફેરે આખો લાડવો ન ખવાય અર્થાત્ એક જ સમયે એકથી વધુ સાહસ ન કરવું. એક બે કરતાં અર્થાત્ ધીમે ધીમે. ધીરે ધીરે. એક બે કરતાં યે આવડતું નથી અર્થાત્ મૂળ તત્ત્વો પણ જાણતો નથી.

એક ભવમાં બે ભવ થવા અર્થાત્ જાત વણસવી. નાતરું કરવું. ઘરઘવું કે પોતાની ફરજમાંથી આડું ફરવું. એક ભૂંડે સો ભૂંડા અર્થાત્ એક માણસ ખરાબ નીવડે તો તે ઉપરથી તેના પક્ષના બધાને તેવા માની લેવામાં આવે છે. એક મરણિયો સોને મારે કે ભારે. જ્યારે માણસ મોતથી ન ડરતાં માથું વેગળું મૂકીને સામો થાય છે ત્યારે તે સૌને ભય ઉપજાવનાર થઈ પડે છે તે ઉપરથી આ પ્રયોગ બન્યો છે. એક મંકોડાના દરને તોડી પાડવામાં વળી હાથીનું યુદ્ધ? કીડી ઉપર કટક. મતલબ નાના કામ માટે મોટી ધમાલ. મારવો ઉંદર 'ને ખોદવો ડુંગર. એક સ્વરે ગાવું. સગા ભાઈ કે બહેનની જેમ રહેવું. જી, એક જમાનામાં સગાં ભાઈ-બહેન સાથે સંપીને રહેતાં એ મુજબ. ભારત-પાકિસ્તાનની જેમ નહીં.

એક આંબાની કેરીઓ અર્થાત્ એક ગાડે જોડાય એવાં. સમાન સ્વભાવ, કદ, રૂપ, જાત, ગુણ કે વિદ્યાવાળા માણસ, પ્રાણી કે પદાર્થ ના હોય તેના માટે નહીં. એક મ્યાનમાં બે તલવાર ના સમાય અર્થાત્ એક સ્થળે બે સરખા તેજસ્વી 'ને સ્વમાનના ગૌરવવાળા માણસો ન રહી શકે. પર્સનાલિટી ક્લેશ. એક મૂઠીએ અર્થાત્ એકી વખતે કે સામટું જ કે સાથે લાગુ. એક મૂઠીનું અર્થાત્ એક જ સત્તા કે હુકમને તાબે થાય એવું. મૂઠીમાં માય તેવું માણસ. એક રંડા જો બેરંડા થાય, ત્રણ રંડા તો ભાંગે બ્રહ્માંડા અર્થાત્ ચાર સ્ત્રી એટલે કે પ્રકૃતિ ભેગી મળે તો કંઈકનાં ઘર ભાંગી નાખે. એક રામે ચઢતે ગયું, રાવણ કેરું રાજ્ય; સોળ રામ સાથે ચઢે, માણસ તે શા માત્ર? અંગ્રેજીમાં કહે છે, વખત તથા ભરતી કોઈની રાહ જોતાં નથી. લંકા ઉપર એક રામે આક્રમણ કર્યું 'ને રાવણ આખું રાજ્ય ખોઈ બેઠો, તો સોળ રામનું એટલે એક ટકાનું વ્યાજ ચડે તો ઘણા બધાં રાજ્ય ડૂલ થઈ જાય એવામાં સામાન્ય માણસનું કોઈ ગજું નહીં.

એવું જ કહેવાય છે એક રામે લંકા લીધી દો આઠ રામ શું ન કરે? એકલા રામે લંકા ગઢ જીત્યો તો આઠ બાર રામ એટલે આઠ બાર આનાના વ્યાજના દરે કેટલું થાય? એક રામ, તેનાં સહસ્ત્ર નામ અર્થાત્ એકની એક બાબત જુદે જુદે નામે તેમ જ જુદે જુદે રૂપે દેખાવી. રામના સ્થાને કૃષ્ણ દોડે. એક રુખી તસવીર અર્થાત્ એક

आटा एवं मसाले स्वास्तक™ | फ़ाईवस्टार® | पांचतारा®

શિયાળાના વસાણા બને મજેદાર, સ્વાસ્થ્ય રહે સદાબહાર

શિયાળાના પારંપરિક, સ્વાદિષ્ટ અને સ્વાસ્થ્યપ્રદ વસાણા બનાવવા માટેની ઉત્તમ સામગ્રી

સૂંઠ પાવડર

50 g | 100 g | 500 g

ગંઠોડા પાવડર

50 g | 100 g | 500 g

મેથી પાવડર

500 g

બત્રીસું

100 g

CELEBRATING 90 YEARS
90 YEARS OF TRUST & PURITY

Customer Care: (079) 2213 5829 • Follow us panchtarafarali

જ બાજુ જણાય એવી છબી. એક રૂપિયા સૈકડા અર્થાત્ દર મહિને કે દર વરસે એક રૂપિયો. એક લખ્યું, સો બકયું અર્થાત્ લખી લીધેલી વાત સહેલાઈથી ભુલાતી નથી. એક લાકડીનો સાથી અર્થાત્ સહેલાઈથી નાશ કરી શકાય એવું. એક લાઠી હાંકવી અર્થાત્ અવિચારીપણે વર્તવું. એક લે 'ને બીજું મૂકે અર્થાત્ વચમાં જરા યે વિલંબ ન કરે. એક વાર ખતા ખાધી તે ખાધી અર્થાત્ અનુભવથી વધારે ડાહ્યા થવું. ગુમાવેલ આબરૂ પાછી મેળવી શકાતી નથી.

એક વેણ ગયું તો શું રહ્યું? એકવચની ન હોય તે જીવતે મૂઆ જેવો ગણાય. એક વેંત સ્વર્ગ બાકી હોવું એટલે બહુ અભિમાની હોવું. એક શ્વાસે 'ને શ્વાસે એટલે એક સાથે. એક જ વખતે. થાક ખાધા વિના. એકદમ. એક સમણે કાંઈ રાત જાય? વખતના પ્રમાણમાં બહુ થોડું હોવું. એક સળી ભાંગીને બીજી સળી ન કરવી એટલે નવરા પડ્યા રહેવું. એક સારી મા સો શિક્ષકની ગરજ સારે. મા સારી જોઈએ 'ને સો શિક્ષક બોગસ હોય તો આ કામનું બાકી મા એકથી વધારે કોને હોય? એક સાસ તેના હજાર આસ અથવા સાસ ત્યાં સુધી સોસ અથવા જીવતો નર ભદ્ર પામે એટલે જીવતાં સુધી માણસને અનેક આશા હોય. એક સાંધે 'ને તેર તૂટે એટલે એક મુશ્કેલી દૂર થાય ત્યાં બીજી અનેક ઊભી થવી. એક સે દિન ન રહેવું એટલે દ્રઢ ન રહેવું. ખાસ કરીને સારી સ્થિતિમાંથી ફેરફાર થઈ ખરાબ સ્થિતિ થવી, પણ ક્યારેક ખરાબ સ્થિતિમાંથી સારી સ્થિતિ થવી તેમાં પણ આ પ્રયોગ વપરાય છે.

એક હાણ 'ને બીજું હસવું-હાંસી એટલે એક દુઃખ 'ને બીજું હસવું. બમણી ખોટ. એક હાથ જીભ કઢાવવી એટલે ત્રાસ આપવો. એક હાથમાં ગોળ 'ને એક હાથમાં ઘી એટલે અસ્પષ્ટ. એક હાથે તાળી ન પડે અથવા એક હોય તો કજિયો ન થાય. એક ટૂંછી ઘોડો આખી પાયગાને નડે એટલે એકને પાપે આખું વહાણ ડૂબે. એક હોય બોડી તો આભ નાખે તોડી અર્થાત્ વિધવા સ્ત્રી નિંદામાં આનંદ લે છે. એક હોવું યાને મિત્ર બનવું. એકના એકવીસ થાઓ કે એકના એકાશી થાઓ એટલે વંશવૃદ્ધિ ઘણી થાઓ. આ આશીર્વાદ છે. એકના તેર કરવા એટલે વધારીને કહેવું. રજનું ગજ કરવું. એકના બે કરવા એટલે બે સરખા ભાગ પાડવા. એકના બે થવું મતલબ હઠ મૂકવી. નિશ્ચય ફેરવવો. એકની દસ સુણાવવી યાને ગાળોનો વરસાદ વરસાવવો. એકની પાઘડી બીજા ઉપર એટલે એકનું લૂંટી બીજાને ભરવું. પાઘડીની જગ્યાએ અંગ્રેજો કે મુઘલ આવ્યા પછી આ ઉક્તિમાં ટોપી વપરાતી થઈ હશે. અરવિંદ વાપરે છે એ બિનખાદી ગાંધી ટોપી માટે આ ચાલે?

એકની મીઠાઈ એ બીજાનું ઝેર એટલે જે બાબત અમુકને લાભકારક હોય તે કદાચ બીજાને નુકસાનકારક હોય. એકનું ઓસડ બે અર્થાત્ એકલો માણસ દુઃખી હોય તો તેને પરણાવવો. એકનું બે ન થવું અર્થાત્ પોતાનો મત ન મૂકવો. એકનો યે ગોવાળ 'ને સોનો યે ગોવાળ અર્થાત્ કેટલાંક કામમાં સંખ્યાના પ્રમાણમાં મહેનત

એક વિષે અનેક કહેવત. એક આંકડો કે શબ્દ આપણે કેવો અજબગજબ રીતે કામમાં લઈએ છીએ અને એમ કરીને આપણે કેટલું બધું મેળવ્યું. ખરું કે ખોટું? વૈવિધ્ય કેટલું રોચક લાગે છે. સૌ એક થઈ જઈએ તો વ્યક્તિત્વનું શું?

વધતી નથી. ભારતમાં સૌથી મહત્ત્વની ઉક્તિ છે એકો ના દ્વિતીયમ. એકો અહમ દ્વિતીયો નાસ્તિ, ના ભૂતો ના ભવિષ્યતિ. એક એવમ અદ્વિતીય. એકમ બ્રહ્મ દ્વિતીય નાસ્તિ નેહ ના નાસ્તિ કિંચનન. બ્રહ્મ સૂત્ર, ગીતા 'ને ઉપનિષદો કહે છે કે એક જ છે, અન્ય કશું છે જ નહીં. અહીં એવો અર્થ નથી કે બ્રહ્મ અથવા ઈશ્વર એક જ છે, પણ તેના સિવાય બીજું કશું કે ઘણુ છે. જે છે તે કુલ એક જ છે એમ. અથર્વવેદ કહે છે કે દ્વિતીયો ન તૃતીયશ્ચતુર્થો નાપ્યુચ્યતે, ય એતમ દેવમેકવૃતમ વેદા. ન પંચમો ન ષષ્ઠહ સપ્તમો નાપ્યુચ્યતે, ય એતમ દેવમેકવૃતમ વેદા. નાષ્ટમો ન નવમો દશમો નાપ્યુચ્યતે, ય એતમ દેવમેકવૃતમ વેદા.

એક વિષે અનેક કહેવત. એક આંકડો કે શબ્દ આપણે કેવો અજબગજબ રીતે કામમાં લઈએ છીએ અને એમ કરીને આપણે કેટલું બધું મેળવ્યું. ખરું કે ખોટું? વૈવિધ્ય કેટલું રોચક લાગે છે. સૌ એક થઈ જઈએ તો વ્યક્તિત્વનું શું? સ્વતંત્રતાનું શું? રામાયણ 'ને મહાભારત ધ્યાનથી વાંચશો તો એકદમ ક્લિયર થશે કે પૂર્ણતા પ્રાપ્ત કરી ચૂકેલા રામ 'ને કૃષ્ણનું વ્યક્તિત્વ કેટલી વિવિધતાથી ભરેલું છે, એ સાચા અર્થમાં સ્વતંત્ર હતા. એ ખરી રીતે અસ્તિત્વવાદી બન્યા. વિવિધતામાં એકતા રાખો એમ કહી 'ને સાંભળીને આપણે શું કર્યું? વિશ્વ એક કુટુંબ છે. વર્લ્ડ ઇઝ એ ગ્લોબલ વિલેજ. અંતે? એક પછી ગણિત માંડીને આપણે શું શું શું ગુમાવ્યું એ બધું આપણને ખબર નથી. એકે-૪૭ 'ને એકે-૫૬ એક સમયે એક નહીં, બહુ ગોળીઓ છોડે છે. એક જ પ્લેનમાંથી બહુ બોમ પડે છે. આદમી તીન ઔર ગોલી એક એ મુદ્દે આશ્ચર્ય જતાવીને ગબ્બરસિંઘ કહે છે કે બહુત નાઈન્સાફી હૈ યે. સ્વ એટલે? સ્વ એક જ હોય. આત્મા કુલ એક જ હોય. સર્વસામાન્ય.

ગંજીફામાં એક નંબરના કાર્ડની કિંમત શું? અમુક રમતમાં જોકર બધાંનો બોસ બને છે કે પછી સર. શૂન્યનું પત્તું નથી, નકામું પત્તું હોય એવું બને. ક્યારેક બે નંબર તો ક્યારેક રાજાનું પત્તું કામનું નીકળે. છતાં એક્કો જેને કહેવાય તેને જ કહેવાય છે. કાલી માતા બાવન અક્ષરના બાવન મુંડ ગળામાં પહેરે છે. છતાં કાલી માતા એટલે એ મુંડમાળા એવું નથી. મુંડમાળા સિવાયના જ એવું પણ નથી. જોકર, હુકમનું પત્તું કે એક્કો કે અન્ય કોઈ પણ પત્તું જય અપાવી શકે છે. વિજય પત્તાની એક રમત પતે પછીની વાત છે. બાજી પેક કરીને સેફ થઈ જનાર પોતાની રીતે જીતી શકે છે. એક આંકડાથી આગળ એબીસીડી 'ને ઉપરથી ચિત્ર જોડાય છે ત્યારે એક કેટ બને છે, જોકર અલાયદું સ્થાન ધરાવે છે. જોકર એટલે વિદૂષક એટલે જે વિદ્વત્તા ભરી હાજરી પુરાવે એ. ખેલમાં શૂન્યતાની અભિવ્યક્તિ નથી, અનુભવ છે. એવી ઘણી રમત ચાલે એ પછી?

મહાભારતમાં જુગાર પછી યુદ્ધ છે. વચ્ચે ગીતા. યુદ્ધ પછી અશ્વમેધ યજ્ઞ પછી અનુગીતા. છેલ્લે ઉદ્ધવગીતા છે. ઉદ ધવ. રમત 'ને તેની આસપાસ ગીત. બધું વિવિધ આંકડા. કુલ એક. વચ્ચે ક્યાંક શૂન્ય પણ આવી જાય. કૃષ્ણ સહસ્ત્ર કમળમાં છે. એક

SATVAM®
મસાલા અને ઈન્સ્ટન્ટ મિક્સ

ફીકા મના હૈ

દિવાળીમાં ઘર,
આંગણા સજે જ સજે
વ્હાલા સ્વજનો મળે જ મળે
આનંદ, ઉત્સાહ ભળે જ ભળે
તો રોજ મીઠાઈ ના બને?

બને જ બને.

+91 79 4039 4252 | care@satvamnutrifoods.com

Buy Online www.satvamnutrifoods.com | amazon | Flipkart | mall | snapdeal

પાછળ ત્રિગુણના ત્રણ શૂન્ય. કૃષ્ણ પછીનું શૂન્ય અલગ. માણસ કહે હું ખાલીપો એટલે કે શૂન્યતા અનુભવું છું. અલ્યા તો પછી તું 'ને તારો અનુભવ એ બે થિંગ ક્યાંથી રહી ગઈ? શૂન્યમાંથી બહાર નીકળી ગયા બાદ? તો એ શૂન્ય અંતિમ નથી. પરમ સત્ય નથી. થ્રેલંગ સ્વામી 'ને રામકૃષ્ણ પરમહંસ ઇશારામાં વાત કરે છે કે ઉપર બધું એક નીચે અહીં બે. એટલે દ્વૈત. વાસ્તવમાં ક્યારેક ખાલીપો અનુભવતા જીવ માટે દ્વૈત નથી, પણ બહુત છે. અનેક છે. એક નથી તે. અનંત છે એવું નથી કેમ કે હું અલગ છે, બાકી અન્ય છે. અન્યવાદ કે બહુવાદ જીવે છે. એક સિવાય બાકીનું અન્ય. શૂન્ય એટલે સમાધિ કે પછી મન એવમ ઇન્દ્રિય વડે હું 'ને તમામ અન્ય ના અનુભવવું તે.

આર્યભટ્ટે શૂન્ય દ્વારા એક સિવાયની અન્યતાનો બીજો છેડો આપીને સમતોલન આપ્યું. ફાઇનલ એક્સપિરિયન્સ માટે એક જ સત્ય છે. એકમાંથી એક બાદ કરતાં શૂન્ય મળે, પરંતુ એક સિવાય બીજું કશું છે એ ગણીને એકમાં ઉમેરો તો અન્ય બન્યા જ કરે. શૂન્ય 'ને અનંતની અન્યતા સિવાયની અન્યતા માણસ માટે સંસાર. ફિલિંગ્સ. સેન્સેશન્સ. એક સિવાય બધું એક વિષે છે, એક નથી. શૂન્ય 'ને અનંતમાં ઓબ્જેક્ટ 'ને સબ્જેક્ટ બંને નીકળી જાય છે. ઓબ્જેક્ટ 'ને સબ્જેક્ટ બંને એક સાથે એક બનીને એકમાં રહે છે. એક સિવાય બાકી તમામ અન્ય વિષય છે. એક તમામ આંકડાનું પહેલું 'ને છેલ્લું અસ્તિત્વ છે. એક પ્રત્યક્ષ ના હોય તો પરોક્ષ તો હોય જ. એક એટલે અ જેવો સર્વસામાન્ય આદિ સ્વર. હું 'ને બાકી બધું અન્ય એમ બે એકડા એટલે દ્વૈત એટલે અગિયાર. એકાદશી એ રીતે કામની. હનુમાનજી એટલે અનન્ય.

ગંજીફામાં એક નંબરના કાર્ડની કિંમત શું? અમુક રમતમાં જોકર બધાંનો બૉસ બને છે કે પછી સર. શૂન્યનું પત્તું નથી, નકામું પત્તું હોય એવું બને. ક્યારેક બે નંબર તો ક્યારેક રાજાનું પત્તું કામનું નીકળે. છતાં એક્કો જેને કહેવાય તેને જ કહેવાય છે

મનુષ્યના શરીરમાં અગણિત ઓર્ગેનિઝમ રહે છે, બલ્કે અગણિત ઓર્ગેનિઝમનું ટોળું એટલે જ શરીર એવું કહી શકાય. બટ વી સે આઇ. હું કોણ? આઇડેન્ટિટી કાર્ડ 'ને સીવી. એમાં શરીરમાં રહેતા એકે જીવાણુ-વિષાણુનો ઉલ્લેખ ના મળે. એવો માણસ પાછો સત્યવાદી હોઈ શકે. હે માનવી, જેને કોઈ ભાષા નથી આવડતી કે જે તારી સાથે કોઈ લેવાદેવા નથી ધરાવતું તેના માટે તારું એ બોલેલું સત્ય સત્ય નથી. આઇ એક વચન. પ્રેગ્નન્ટ વુમન એકવચન. ડિલિવરી થાય પછી જ માતા 'ને સંતાન અલગ આઈ થાય. કુલ અમે, આપણે કે એ લોકો. સામાજિક માણસને ભાષા 'ને સંસ્કૃતિ પ્રત્યે અહોભાવ. ભાષાને માતા કહે. ભાષા 'ને માતા જુદી ના હોય એવું માનવું એ પ્રાકૃતિક 'ને કાયદેસર ગણાય. આવા એકડા પાડી પછી કહેશે બધાં એક થાવ. બધાં એક જ છે. એક વિષે અનેક વાતો. પણ, એક નહીં. એક રિલેટિવ, કમ્પેરેટિવ, કન્ટેકસચ્યુઅલ 'ને ઇનડાયરેક્ટ બની ગયો કે ગયું. પછી? અન્ય. તો એક્ચરી માતાજી ક્યાં છે? બહુચર છે. કુલ એટલે બહુ. બહુ એટલે એક. શું સમજ્યા? આપણે એકને શક્તિ કે સ્ત્રીલિંગ ના ગણી શક્યા કે?

એ એક જ હોવાથી રમત ના થઈ શકી તેથી એ બહુ થઈ. એ ઈશ્વર ગણો તો બહુ થયો. એ બ્રહ્મ માનો તો બહુ થયું. બહુમાંથી અમુકે આ જાણ્યું એટલે કીધું. જેણે ના સાંભળ્યું કે જાણ્યું એ ઘણા આ નહીં બીજું તથા આટલું નહીં વધારે કરતાં રહ્યા. એટલે હજુ બહુ છે. પ્રારંભ એક ઇચ્છાથી થયો 'ને પછી એ ઇચ્છા બહુ થતી ગઈ. બહુ ચિત્ત 'ને બહુ વૃત્તિ. યજુર્વેદના જે ઉપનિષદમાં આ લખ્યું છે તેનું નામ બૃહદારણ્યક છે. પાઠક હું લઘુ છું એ પામી સ્વયંમાં ગુરુ પ્રગટ થાય એ માટે બૃહદ શબ્દ શીર્ષકમાં છે 'ને સાર રૂપે પૂર્ણમદહ પૂર્ણમિદમ પૂર્ણાત પૂર્ણમુદચ્યતે, પૂર્ણસ્ય પૂર્ણમાદાય પૂર્ણમેવાવશિષ્યતે શાંતિપાઠ છે. અતઃ એક અર્થાત્ પૂર્ણ ના અનુભવવું એ જ અશાંતિ. પૂર્ણતા એટલે સત્, જ્યોતિ 'ને અમૃત. જ્યોતિ એક જ છે, આપણે ઓછા કે વધુ પ્રકાશમાં છીએ. આપણી દિવાળી એટલે? અમાસથી દેવોની દિવાળી અર્થાત્ પૂર્ણિમા તરફ જવાનો ઉત્તિષ્ઠતના ઉત વત્તા સ્વ એવમ સર્વ રૂપી સવનો ઉત્સવ.

બુઝારો

અંગ્રેજી શબ્દ એસઓયુએલ સોલને સંસ્કૃત શબ્દ સ્વ સાથે સંબંધ છે. સોલ અર્થાત્ હિન્દુઓ જેને જીવ કે ચિત્ત કહે છે તે. આત્મા એટલે માયસેલ્ફ, હિમસેલ્ફ, હરસેલ્ફ, ઇટસેલ્ફ વગેરેમાં જે સેલ્ફ શબ્દ છે તે. ■

ઠાકરશી ચા

SINCE 1967

સિઝન્સ ચા

ये रिश्ता है कुछ खास

૧ કિલો ચા સાથે
બાદશાહ
કમલ ચા મસાલો
(૫૦ ગ્રામ)

₹53

FREE

*આ ઓફર મર્યાદીત સમય માટે જ છે.

આપણી એ જ ખુશબુદાર
ચા ને બનાવો મસાલેદાર

+91 97278 13041 www.thakarshitea.com

અસલમાં એ જ તો રસ્તાની ચાલ સમજે છે
સફરની ધૂળને જેઓ ગુલાલ સમજે છે

મનોવૈજ્ઞાનિક એમિલ કૂએ કહ્યું હતું -Day by day, in every way, I am getting better and better, better and better. **પુષ્ટિમાર્ગના સંસ્થાપક શ્રીવલ્લભાચાર્યજીએ સવા પાંચસો વર્ષ પહેલાં અદ્‌ભુત વાક્ય આપ્યું હતું - સર્વત્ર સર્વરૂપ પ્રભુ જ હોય પ્રભુ જ બધું પોતાની ઇચ્છાથી કરવાના હોય તો તું શું કામ ખોટી ચિંતાઓ કરે છે?**

મન ચંચળ છે. મન પારા જેવું છે. મન પરપોટા જેવું છે. શિયાળાની વહેલી સવારે નાજુક ફૂલની પાંદડી પર રહેલા ઝાકળબિંદુ જેવું છે. મન આરસી છે. મનની આરસી આપણે જેવા છીએ તેવા અને એના એ જ રૂપમાં આપણને બતાવી દે છે. આપણે તેવા જ છીએ એ પણ આપણને ખબર હોય છે. આપણે શું રમત કરતાં હોઈએ છીએ તે પણ આપણે જાણતા જ હોઈએ છીએ. આજે તો એને બરાબરનો પાઠ ભણાવવો છે. બરોબર સાણસામાં લઈને તેની હવા કાઢી નાખવી છે - આપણે મનથી તો આ બધું જ નક્કી કરી લીધું હોય છે. વાર્તા તો મનમાં ગોઠવી જ રાખી હોય છે, પરંતુ નાટકમાં જેમ બેલ રણકે અને પડદો ખૂલે પછી જે દ્રશ્યો સર્જાય તેમ આપણે પડદો ખૂલવાની જ રાહ જોતા હોઈએ છીએ, પરંતુ આવા

ડો. જયેશ **શાહ**

વ્યક્તિઓ ક્યારેય હળવા રહી શકતા નથી અને ક્યારેય તેમના જીવનરૂપી સફરમાં ધૂળરૂપી આવતાં અંતરાયોને ગુલાલ ગણીને સ્વીકારી શકતા નથી અને તેને કારણે જ તેઓ જીવનનો વિકટ પંથ સરળતાથી અને આનંદથી પસાર કરી શકતા નથી.

એ જ હળવા રહી શકે છે અને એ જ સફરની ધૂળને ગુલાલ સમજી શકે છે કે જેનું મન હળવું હોય છે, પણ આપણે મનને ક્યાં હળવું રહેવા દઈએ છીએ? કોઈ ને કોઈ વાતનો રોષ, અણગમો, નારાજગી, ઈર્ષ્યા, સ્વાર્થ અને બીજું કેટલું બધું આપણે આપણા મનમાં ઠાંસી-ઠાંસીને ભરી દઈએ છીએ. વૈજ્ઞાનિક રીતે એ વાત પુરવાર થઈ ચૂકી છે કે વ્યક્તિ તનથી નહીં, પણ મનથી હારી જાય છે. મજબૂત તનવાળી જુવાનજોધ વ્યક્તિઓ પણ મનની મૂંઝવણના કારણે બેવડ વળી જાય છે.

અમેરિકાના એક વિખ્યાત મનોવૈજ્ઞાનિકે કહ્યું કે મન અત્યંત નાજુક છે. મન ભીની માટી જેવું છે. જરાક અમથી છાપ આ માટીમાં પડી જાય પછી એ છાપ સુધરતી નથી. જો આ છાપને સુધારવામાં ન આવે તો મનની ભીની માટી સૂકી થઈ જાય છે. એટલે જ મનને હળવાશનું પાણી છાંટી હકારાત્મકતાથી ભીનું રાખવું પડે છે. નકારાત્મકતાથી મનની ભીની માટી સૂકી ભઠ થઈ જાય છે.

શું આપણે આપણા મન ઉપર આવી રીતે નજર રાખીએ છીએ ખરા? આપણે બહારની તમામ પરિસ્થિતિઓ પર નજર રાખીએ છીએ, પણ પોતાના મનની અંદર ક્યારેય નિહાળતા જ નથી, પરંતુ આપણું સ્વ સાથેનું તથા અન્યો સાથેનું વર્તન આપણા મનમાં ચાલતા યુદ્ધનું દર્શન કરાવી દે છે. કંઈ પણ સારું કે ખરાબ થાય ત્યારે તેનું સૌથી પહેલું રિએક્શન મન જ આપે છે. લાગણીનો સૌથી પહેલો ભાવ મનમાં જ ઉદ્‌ભવે છે. પછી જ આ ભાવ વર્તનમાં પરિવર્તિત થાય છે. આપણે જેવું વિચારીએ છીએ તેવા જ પાઠ આપણું મન શીખે છે. અને મન જેવું શીખે છે એવું જ વર્તન આપણે કરી બેસીએ છીએ.

ફૂલના તોરણમાંથી જ સુગંધ આવે. ફૂલની વચ્ચે કાંટા ગોઠવીને તોરણ બાંધીએ તો પછી ફૂલ સુકાઈ જાય એટલે કાંટા બહાર આવી જાય છે. ફૂલ મુરઝાઈ જાય છે પણ કાંટા ક્યારેય મુરઝાતા નથી. મનમાં કાંટા સંતાડીશું અને ચહેરા પર ફૂલના ભાવ રાખીશું તો એક દિવસ આપણું મન જ આપણે સંઘરેલા કાંટાની ચાડી ખાશે, ખાશે અને ખાશે જ. જીવનમાં સફળ થવાની સાવ સરળ ચાવી એક જ છે - મનને સકારાત્મક પાઠ શીખવો, હળવા રહો અને હસતાં રહો.

NK Proteins

આપ સૌને દિવાળીની હાર્દિક શુભેચ્છા !

હેલ્થમાં ઇન્વેસ્ટ કરો, ફીટ રહો!

Sunpride
SUNFLOWER OIL

કોણે કહ્યું દિવાળીના મિષ્ઠાન સ્વાસ્થ્યસભર ન બની શકે ? સનપ્રાઇડ સનફ્લાવર ઑયલ સાથે દરેક પારંપરિક પકવાન અને ખાસ વાનગીઓ સ્વાદ અને સ્વાસ્થ્યથી સમૃદ્ધ બને છે. હવે મિત્રો અને સ્વજનો સાથે ખુશહાલ અને સ્વાસ્થ્યવર્ધક દિવાળીને મનભરી માણો.

સનફ્લાવર ઓઈલના ફાયદા

- વિટામિન A, D અને E થી સમૃદ્ધ
- બેડ કોલેસ્ટરોલ ઓછું કરે છે
- MUFA, PUFA સહિત અને ઓછું સેચ્યુરેટેડ ફેટ્સ

વિટામિન્સ અને એન્ટી-ઓક્સિડન્ટ્સમાં સમૃદ્ધ

#healthmeininvestkiyakya?

Tiger

શું આપણે આપણા મનમાં કાંટા સંઘરીને જીવવું છે? જો જવાબ ના છે તો પછી એક વાત ચોક્કસ જ નક્કી કરી લો કે જે પ્રશ્નો ઊભા કરે છે, તે મન છે અને જે પ્રશ્નો હલ કરે છે તે પણ મન જ છે. આવા અટપટા મનને હકારાત્મકતામાં જ રાખવા માટે ભગવાન શ્રીકૃષ્ણ એક દિવ્ય સિદ્ધહસ્ત મનોવૈજ્ઞાનિક છે. મધદરિયે રહેલા વહાણ માટે જેમ દીવાદાંડી મહત્ત્વનું કાર્ય કરે છે તેવી જ રીતે આવા મનથી પામર જીવો માટે સિદ્ધહસ્ત મનોવૈજ્ઞાનિકની દિવ્યતા જેવી પરમાનંદ આભા શ્રીકૃષ્ણએ આ સંસારના જીવો માટે કરી છે. ભગવાન કૃષ્ણએ દર્શાવેલા સિદ્ધાંતો ડગલે ને પગલે મનને હકારાત્મકતા તરફ જ દોરે છે. જેથી મનની નકારાત્મકતા આપોઆપ જ દૂર થઈ જાય છે. ભગવાન શ્રીકૃષ્ણએ Series of Commands આપીને આપણા મનનું પ્રોગ્રામિંગ જ એવું કરી દીધું છે કે મનમાં કદી હતાશા, નિરાશા કે નકારાત્મકતાના ભાવો જ ન ઉદ્‌ભવે.

આપણા સૌની સફળતા કે નિષ્ફળતા, સુખ કે દુઃખનું કારણ આપણા મનનું પ્રોગ્રામિંગ જ છે. આપણે જેને સારા સંસ્કાર કહીએ છીએ તેને સારું પ્રોગ્રામિંગ કહેવાય છે. ખરાબ સંસ્કાર આ સારા પ્રોગ્રામિંગને હેક કરીને મનની આખી સિસ્ટમ તહસનહસ કરી નાખે છે. કોમ્પ્યુટરમાં સોફ્ટવેરરૂપી પ્રોગ્રામિંગ ન કરીએ તો કરોડો રૂપિયાના હાર્ડવેર સાથેનું કોમ્પ્યુટર ચાલે જ નહીં, પરંતુ ખાલી હજારો રૂપિયાના હાર્ડવેર સાથેનું કોમ્પ્યુટર હોય પણ તેમાં જરૂરી પ્રોગ્રામિંગવાળા સોફ્ટવેર લોડ થયેલા હોય તો એ પ્રોગ્રામિંગ પ્રમાણે થાક્યા વગર કે ભૂલ કર્યા વગર એકધાર્યું સતત કામ કર્યા જ કરે છે. મનનું પણ તેવું જ છે. મનમાં નકારાત્મકતા લોડ ન થાય અને કાંટા ન ઊગી નીકળે તો હકારાત્મક મન સતત એકધાર્યું કાર્ય કર્યા કરીને મનના બાગને મહેકતો રાખે છે. અત્રે મારે કહેવું છે કે ભગવાન શ્રીકૃષ્ણએ મનના હકારાત્મક પ્રોગ્રામિંગ માટે દિવ્યાનુભૂતિ અને પરમાનંદ કરાવવા માટેના સોફ્ટવેર આ સંસારના સૌ જીવો માટે ડેવલપ કર્યા છે. જરૂર છે માત્ર આપણે તેને આપણા મનમાં ડાઉનલોડ કરવાની.

જે રીતે કોમ્પ્યુટરમાં ડેટા ઈનપુટ કરવા માટે કે પ્રોગ્રામિંગ કરવા માટે કે ડેટા વિશ્લેષણ કરવા માટે ઈનપુટ ડિવાઇસ એટલે કે કીબોર્ડ, માઉસ, સ્કેનર, માઇક્રોફોન, વેબકેમ, મોડેમ વગેરે હોય છે તે જ રીતે આપણા મનની ઈનપુટ ડિવાઇસ આપણી ઇન્દ્રિયો છે. ત્વચા, નાક, કાન, જીભ અને આંખ. આ ઉપરાંત અંતઃકરણ (મન-બુદ્ધિ-ચિત્ત-અહંકાર) પણ છે. આ બધાં આપણા મનને ઈનપુટ આપે છે એટલે કે માહિતી મોકલે છે. જાગૃત મન આ માહિતીને લઈને તેને સમજવાની કોશિશ કરે છે અને જરૂર લાગે તો તે માહિતીને એડિટ કરીને તેને અર્ધજાગૃત મનની પાસે મોકલી આપે છે જ્યાં તે માહિતી કે સૂચનો જન્મોજન્મ સુધી સંગ્રહાયેલા રહે છે.

આપણે જન્મીને મોટા થતાં જઈએ છીએ અને વિકાસ પામતા હોઈએ છીએ તે દરમિયાન આ તમામ ઇન્દ્રિયો દ્વારા આપણા

કૃષ્ણ મનને હકારાત્મકતા તરફ જ દોરે છે. ભગવાન શ્રીકૃષ્ણએ Series of Commands આપીને આપણા મનનું પ્રોગ્રામિંગ જ એવું કરી દીધું છે કે મનમાં કદી હતાશા, નિરાશા કે નકારાત્મકતાના ભાવો જ ન ઉદ્‌ભવે

મનમાં અસંખ્ય માહિતી અને સૂચનો જતાં હોય છે. આ બધાં સૂચનો સારાં જ હોય તેવું નથી. તેમાં ઘણા નકારાત્મક પણ હોય છે. આધુનિક મનોવિજ્ઞાનના ભીષ્મ પિતામહ સમાન સિગમન્ડ ફ્રોઇડ અને એરિક એરિક્સનના મતે બાળપણમાં આપણું જાગૃત મન પૂરું વિકસિત થયું હોતું નથી. તેથી માહિતીને એડિટ કરવા માટે સક્ષમ હોતું જ નથી. આ સમય દરમિયાન આપણને મળતાં મોટા ભાગનાં સૂચનો એડિટ થયા વગર જ બાળકના કુમળા મનમાં સંગ્રહ થઈ જતાં હોય છે. આ સંગ્રહિત થયેલાં સૂચનો જ આગળ જતાં સુખ-દુઃખનું કે માનસિક તણાવનું કારણ બને છે. આપણા દેશનાં બાળકો સૌથી વધારે પ્રમાણમાં નકારાત્મક સૂચનો પોતાનાં માતા-પિતા કે શિક્ષકો પાસેથી મેળવે છે એમ મારું માનવું છે. આવા નકારાત્મક સૂચનો બાળકના અર્ધજાગૃત મનની હાર્ડડિસ્કમાં સ્ટોર થઈ જાય છે અને તે સૂચનો રેફરન્સ પોઇન્ટ તરીકે તેના વિચાર, વાણી અને વર્તનને ઘડે છે.

આવી પરિસ્થિતિને કેવી રીતે બદલી શકાય? દિવ્ય મનોવૈજ્ઞાનિક ભગવાન શ્રીકૃષ્ણએ અદ્‌ભુત મંત્ર આપ્યા છે. સૌથી પહેલો મંત્ર છે કે ગમે તેવી પરિસ્થિતિ આવે - પછી એ સુખની હોય કે દુઃખની, આનંદની હોય કે ઉદ્વેગની - આ બધી જ પરિસ્થિતિમાં સમભાવ રાખીને મનને હકારાત્મક જ રાખવાનું છે. મનને હકારાત્મક કેવી રીતે રાખી શકાય? આ માટે ભગવાન શ્રીકૃષ્ણ ભગવદ્‌ગીતામાં સ્થિતપ્રજ્ઞનાં લક્ષણો દર્શાવીને Series of Commands આપે છે. આ Series of Commands મનનું એક સોફ્ટવેર છે. આ સોફ્ટવેરને મનમાં ડાઉનલોડ કરવાથી ગમે તેવા કપરા સંજોગોમાં મન હકારાત્મક જ રહે છે અને સાચો રસ્તો ચીંધે છે.

આ માટે સૌથી પહેલાં તો આપણે આપણી ઇન્દ્રિયો દ્વારા આપણા મન સુધી પહોંચતા સંદેશાઓ અને માહિતી માટે આપણે સતર્ક રહેવાનું છે. આ ઈનપુટ ડિવાઇસ દ્વારા જે માહિતી અને સંદેશાઓ આપણા મનને પહોંચે છે તેની ક્વોલિટીનો કંટ્રોલ કરવો પડશે. નકારાત્મક માહિતી જ્યારે આપણા મનમાં આવે ત્યારે તેને Series of Commandsના મનના સોફ્ટવેરને રન કરીને રોકવી પડશે.

મારા આજ સુધીના અભ્યાસ, નિરીક્ષણ અને વિશ્લેષણ ઉપરથી એ તારણ કાઢ્યું છે કે એક્વીસમી સદી તણાવની સદી છે ત્યારે આ સદીમાં દરેકે દરેકના જીવનમાં કોઈ ને કોઈ સમસ્યા હોય જ છે. સમસ્યા રહિત વ્યક્તિઓ બહુ જ ઓછી અથવા તો ભાગ્યે જ જોવા મળે છે. કોઈને શરીરની સમસ્યા તો કોઈને મનની સમસ્યા, કોઈને સંબંધોની સમસ્યા તો કોઈને ઇચ્છાઓની અતૃપ્તિને કારણે ઊભી થતી સમસ્યા - આ બધું આપણા વિચારો, માન્યતાઓ, લાગણીઓ, વૃત્તિ અને વર્તન નામના આઉટપુટનું પરિણામ છે. જો આપણા આઉટપુટ (એટલે કે લાગણીઓ, વિચારો, માન્યતાઓ, વૃત્તિ, વાણી અને વર્તન)માં નકારાત્મકતા હોય તો તે સમસ્યાઓને જ ઊભી કરે છે.

અહીં ભગવાન શ્રીકૃષ્ણના Series of Commandsને ધ્યાનમાં લેવા જેવા

AABAD®

क्या बात है, आबाद है!

+91 79 2687 3411

cc@aabaddairy.com

છે. જો દિવસની શરૂઆત જ નકારાત્મક ઈનપુટથી કરીશું તો હકારાત્મક આઉટપુટ કેવી રીતે આપી શકીશું? ભગવાન શ્રીકૃષ્ણ કહે છે કે બધું છોડીને મારી શરણમાં આવી જાવ. सर्वाथाशरणंहरिः - ગમે તેવી પરિસ્થિતિમાં પણ હંમેશાં હરિનું જ શરણ રાખવું, કારણ કે શ્રીહરિ જ સર્વ સમર્થ છે. આવા શ્રીહરિના શરણે જ આવવું એ જ હકારાત્મકતા તરફનો રસ્તો છે.

આજના યુગમાં સૌથી મોટો પ્રશ્ન છે સંગદોષનો. આથી શ્રીકૃષ્ણ સતત કહે છે કે સંગદોષ દૂર કરવા માટે હંમેશાં સત્સંગ કરો. આનો આશય જ એ છે કે નકારાત્મક સાંભળો નહીં અને નકારાત્મક જુઓ નહીં કે જેથી આપોઆપ નકારાત્મક વિચારશો નહીં અને નકારાત્મક બોલશો નહીં. કોઈ પણ પ્રવચન સાંભળવા જાવ તો તે જો નકારાત્મક હોય કે ધિક્કાર ફેલાવે તેવું હોય તો ઊભા થઈને ચાલતી પકડો. જ્યાં નકારાત્મક ગરમાગરમ વાતો થતી હોય ત્યાંથી સો જોજન દૂર રહો. જો કોઈ નકારાત્મક વાતો કરતો હોય તો સર્વ પ્રથમ તેને આવી વાતો બંધ કરવા સમજાવો અને જો તે એ બંધ ન કરે તો તેનો સંગ જ છોડી દો. આપણે સૌએ આપણી આજુબાજુના કોઈ પણ નકારાત્મક વાતાવરણથી સાવચેત રહેવા જેવું છે.

આવી જ રીતે આપણે એ પોતે પણ મનથી નક્કી કરીએ કે निजेच्छात: करिष्यति- હરિની ઇચ્છા પ્રમાણે જ થાય. શ્રીહરિની ઇચ્છાથી જ સૌ કંઈ થાય છે. આપણાથી કશું થતું નથી. શ્રીહરિની ઇચ્છા હોય તો રાઈનો પર્વત પણ કરી દે અને એ પર્વત ઉપર બાગ-બગીચા પણ ઉગાડી દે. બધું જ એની ઇચ્છાને આધીન છે તો પછી આપણે માનસિક ટેન્શન કેમ લેવું? તો પછી મનમાં નકારાત્મકતા કેમ? શા માટે? હું મારા માટે કે બીજા કોઈના માટે નકારાત્મક વાક્યો ક્યારેય નહીં બોલું અને ભૂલથી પણ જો આપણા મોઢામાંથી કોઈ નકારાત્મક શબ્દો બોલાઈ જાય તો પણ એ મનને દૂષિત કરે છે. કદાચ ભૂલથી કે અજાણતાથી નકારાત્મક વાક્યો નીકળી જાય તો તે વખતે हरिः सर्वंकरिष्यतिનો વિચાર કરી सर्वत्रतस्तसर्वंहिना Commandને મનમાં રન કરી લેવો. આવું કરવાથી મન તરત જ હકારાત્મક બની જશે અને નકારાત્મકતાના 'ટ્રેપ'માં મન ફસાઈ નહીં જાય. જો આ રીતે જ સંગદોષ, સત્સંગ અને સ્મરણના Series of Commandsને યાદ રાખીને મનના ઈનપુટ ડિવાઇસ ઉપર જ કંટ્રોલ કરવાની ટેવ આપણે પાડીશું તો આપણા મનનું પ્રોગ્રામિંગ નકારાત્મક ક્યારેય નહીં થાય તેમ જ આપણા દ્વારા બીજી કોઈ વ્યક્તિનું નકારાત્મક પ્રોગ્રામિંગ થતું પણ અટકી જશે.

વિશ્વના ખ્યાતનામ મનોવૈજ્ઞાનિકોના મતે આપણી પાસે ત્રણ મન છે (૦૧) જાગૃત મન (૦૨) અર્ધજાગૃત મન અને (૦૩) અજાગૃત મન. જાગૃત મન પાસે ફક્ત દસથી પંદર ટકા જ શક્તિઓ છે, જ્યારે અર્ધજાગૃત મન પાસે ઘણો મોટો હિસ્સો રહેલો છે. જાગૃત મન માલિક છે તો અર્ધજાગૃત મન તેનો દાસ છે. આપણે સૌએ આપણા જાગૃત મનથી ભગવાન શ્રીકૃષ્ણએ

સંગદોષ, સત્સંગ અને સ્મરણના Series of Commands ને યાદ રાખીને મનના ઇનપુટ ડિવાઇસ ઉપર જ કંટ્રોલ કરવાની ટેવ આપણે પાડીશું તો આપણા મનનું પ્રોગ્રામિંગ નકારાત્મક ક્યારેય નહીં થાય

આપેલા Series of Commandsનું પાલન કરીને આપણા અર્ધજાગૃત મનને આપણું દાસ બનાવી રાખવાનું છે. ક્યારેય અર્ધજાગૃત મનને આપણું માલિક બનવા દેવાનું નથી. જાગૃત મનની શક્તિઓમાં વિચારશક્તિ, તર્કશક્તિ, પૃથક્કરણ, અર્થઘટન, સમજણશક્તિ, ઇચ્છાશક્તિ વગેરે છે. જ્યારે અર્ધજાગૃત મનમાં આપણી ઇચ્છાઓ મુજબ પરિણામ આપવાની શક્તિ છે. શરીરની બધી જ ક્રિયાઓ જેવી કે શ્વસન, પાચન, ઉત્સર્ગ વગેરે અર્ધજાગૃત મન દ્વારા જ થાય છે. આપણા જીવનમાં જે ઘટનાઓ બને છે તે બધી માહિતી અર્ધજાગૃત મન રાખે છે. યાદશક્તિ પણ તેની પાસે છે તો લાગણીઓને પણ તે નિયંત્રિત કરે છે. ડગલે ને પગલે માર્ગદર્શન પણ અર્ધજાગૃત મન જ આપે છે. આપણા વ્યસનો અને આદતો પણ અર્ધજાગૃત મનને આભારી છે. તેમ છતાં અર્ધજાગૃત મન માત્ર દસથી પંદર ટકા શક્તિઓ ધરાવતા જાગૃત મનનું દાસ જ છે. એને ક્યારેય માલિક ન બનવા દેવાય, કારણ કે અર્ધજાગૃત મન પાસે બુદ્ધિ, તર્ક અને વિશ્લેષણ કરવાની ક્ષમતા જ નથી.

સો વર્ષ અગાઉ મનોવૈજ્ઞાનિક એમિલ કૂએ એક વાક્ય પ્રસિદ્ધ કર્યું હતું -Day by day, in every way, I am getting better and better, better and better. પુષ્ટિમાર્ગના સંસ્થાપક શ્રીવલ્લભાચાર્યજીએ સવા પાંચસો વર્ષ પહેલાં અદ્‌ભુત વાક્ય આપ્યું હતું -

સર્વત્ર સર્વરૂપ પ્રભુ જ હોય પ્રભુ જ બધું પોતાની ઇચ્છાથી કરવાના હોય તો તું શું કામ ખોટી ચિંતાઓ કરે છે?

પ્રાર્થના કર્યા વગર પ્રભુની શક્તિઓ ઉપર વિશ્વાસ મૂક, તારી જાતને તારી બુદ્ધિને પ્રભુમય બનાવ, પ્રભુ જીવન હિત અને અહિતનો વિચાર સ્વયં કરે છે, જે હિતનું હોય તે સિદ્ધ પણ કરે છે, આવો આ ગુર્જર નવવર્ષે આવા શ્રીહરિના આશ્રિત થઈને રહીએ. ગૌરવ અને ગ્લાનિ - બંનેનો ત્યાગ કરીએ. આપત્તિટાણે નકારાત્મક બનવાને બદલે બધું જ એનું એટલે કે શ્રીહરિનું જ છે તથા બધું જ આપવાનું સામર્થ્ય પણ એનું જ એટલે કે શ્રીહરિનું જ છે એમ વિચારીને હકારાત્મક બની રહેવું એ જ આજના યુગમાં સર્વશ્રેષ્ઠ છે.

તો ચાલો...આપણે સૌ સાથે મળીને એક નવા જ હકારાત્મક વાતાવરણનું સર્જન કરીએ. જો પ્રત્યેક વ્યક્તિ આમાં સાથ આપે તો આપણે વાતાવરણમાં રહેલી નકારાત્મકતાને સમૂળગી બદલી શકીએ છીએ. એક નવી વૈચારિક ક્રાંતિ લાવી શકીએ છીએ. અત્યાર સુધી જે પણ ક્રાંતિ થઈ છે તે બધી સાથે-સાથે નકારાત્મકતા લાવી છે તેથી આપણે નકારાત્મક, દંભી અને પાખંડી વ્યક્તિઓનું સર્જન અટકાવી શક્યા નથી. આપણે હવે ભગવાન શ્રીકૃષ્ણ ભગવદગીતામાં સ્થિતપ્રજ્ઞનાં લક્ષણો દર્શાવીને Series of Commands આપ્યા છે, તેનાથી વૈચારિક ક્રાંતિ કરીને હકારાત્મકતાની ક્રાંતિ કરવી છે. જો આ સમાજમાં દરેક વ્યક્તિ હકારાત્મક બની જાય તો દરેક ઘર નંદાલય, દરેક ગામ ગોકુલ અને દરેક પ્રદેશ આપણા કૃષ્ણનું વ્રજ બની જશે. ■

(શીર્ષકની પંક્તિઓ: 'લક્ષ્ય' ઠક્કર)

આપ સૌને દિવાળી અને નુતન વર્ષની હાર્દિક શુભેચ્છાઓ.....

SINCE 2008

રસોઈ માટે તૈયાર...

શ્રી હરિ®

રેડી-ટુ-કૂક મસાલા

NO onion garlic

NO tuber-roots

100% natural product

વિવિધ 52 પ્રકારના

સંપૂર્ણ તૈયાર મસાલાની વિશાળ શ્રેણી...

હવે ઑનલાઈન શૉપિંગ કરો... www.shriharimasala.com | amazon | Flipkart

Mfg. by: SHRI HARI MASALA, Guj., INDIA. AN ISO 22000 CERTIFIED CO.

E-mail: shriharimasalahalol@gmail.com / E-mail: mktg@shriharimasala.com

CUSTOMER CARE : 94092 00015 / 90235 48349

રોબર્ટ હુડીની–

જાદુગરીનો અતીત અને હુડિનની છેલ્લી ટ્રિક !

only books magazine

મનુષ્યનો આશ્ચર્ય પામવાનો ગુણ પરિવર્તનશીલ છે, માટે જાદુગરીની કળા અને કરતબે જો આધુનિક વિશ્વમાં પ્રસ્તુત રહેવું હશે તો મનોરંજનના બીજા માધ્યમો જેમ બદલાતા વિશ્વ સાથે તાલ મેળવવો પડશે. જ્યાં સુધી માણસ મન અને સમજ વડે જાતે જ છેતરાઈને એનો આનંદ અને વિસ્મય માણવાની વૃત્તિ રાખશે, જાદુગરી એક કે બીજા સ્વરૂપમાં વિકાસ પામીને જીવંત રહેશે.

વિસ્મય, જિજ્ઞાસા, કુતૂહલ, ઇત્યાદિથી પ્રેરાયેલા માનવમને કુદરતના ખજાનામાંથી જ્ઞાન તથા તકનીકનું સિંચન કર્યું, સંવર્ધન કર્યું અને આપણી સભ્યતા કાળક્રમે પાંગરી. માનવમન સર્જનશીલ, રમતપ્રકૃતિનું અને આનંદપ્રધાન હોવાથી જ્ઞાન તથા તકનીકનો ઉપયોગ મર્યાદિત ન રહેતા મનોરંજન માટે પણ થતો આવ્યો છે. આજે સિનેમા જેવું માધ્યમ કથા માટે જરૂરી, શક્ય એટલી તમામ આધુનિક તકનીકોનો ઉપયોગ શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ મનોરંજન પ્રદાન કરવા અર્થે વાપરે છે. સિનેમા વૈશ્વિક સ્તરે પ્રભાવી થયું એ પહેલાં જાદુગરીનો એક ઉજ્જવલ યુગ પ્રવર્તમાન હતો.

સ્પર્શ **હાર્દિક**

પૌરાણિક ફારસીમાંથી આવેલા 'જાદુ'નો મૂળ સંસ્કૃત શબ્દ 'યાતુ'માં મળે છે, જે ભ્રમણશીલ મનુષ્ય, દાનવ કે રાક્ષસ, આવનારો માણસ, કાળ, વાયુ, હિંસા, અસ્ત્ર જેવા અર્થ ધરાવે છે. જાદુગરીના ખેલના પાયામાં છે - ગેરમાર્ગે દોરવું, દર્શકની સમજને છેતરીને એ જેને અશક્ય માને છે એ શક્ય કરી દેખાડવું. સજાગ દર્શક જાદુગરી નિહાળતી વખતે સમજતો હોય છે કે એની નજર અને સમજને કોઈ રીતે છેતરવામાં આવી રહી છે, તેમ છતાં તે છેતરાવાનો આનંદ લેવા માટે આખી પ્રક્રિયા ધ્યાનથી જુએ છે, પણ એકવાર જાદુ પાછળની ચાલાકી સમજાઈ જતા એને જોવાનો સહજ આનંદ અને આશ્ચર્ય લુપ્ત થઈ જાય છે. પાછલી સદીઓમાં જ્ઞાન-વિજ્ઞાનના ક્ષેત્રે થયેલી પ્રગતિએ જનસામાન્યની સમજને પરિપક્વ કરી છે. એટલે ધીમે ધીમે કેટલીક સામાન્ય પ્રકારની જાદુગરીનું રહસ્ય છતું થઈ જાય છે. ઇન્ટરનેટનો પણ ઉપકાર માનીએ એટલો ઓછો છે, જ્યાં જાદુની વિવિધ ટ્રિક પાછળની સમજૂતી શોધખોળ કરતા અવશ્ય મળી જાય.

દુનિયાને સમજતા શીખવાનું શરૂ કરે ત્યારથી જ બાળમાનસ શું શક્ય છે અને શું નથી, એની ધારણા બાંધવાનું શરૂ કરી દે છે. પાણી પર ના ચાલી શકાય, જાતે જ હવામાં ના ઊડી શકાય, વસ્તુઓ આપોઆપ ગાયબ કે શૂન્યમાંથી હાજર ના થાય, સાવ ખાલી ટોપીમાંથી સસલું કે કબૂતર બહાર ના નીકળે; પણ જો કોઈ નજર સામે આવું કશું કરી બતાવે તો એ આપણને જે-તે ક્ષણે જાદુ જ લાગે. માટે જાદુગરીના પાયાના સિદ્ધાંતોમાં આ પ્રશ્ન રહેલો છે: 'શું શક્ય છે અને શું અશક્ય?' આજથી એકાદ સદી પહેલાં જે અશક્ય લાગતું હતું એવું ઘણુ બધું મોડર્ન ટેક્નોલોજીની કૃપાથી આજે આંખના પલકારામાં શક્ય બન્યું છે. માટે જાદુગરો સામે એ કાયમનો પડકાર રહે છે, કે અમુક વર્ષો પછી ઘસાઈને જૂના થઈ ગયેલા ખેલને બદલે નવા જમાના પ્રમાણે અશક્ય લાગતી જાદુગરી ઇજાદ કરવી.

કોઈ દૈવી શક્તિથી પ્રેરિત, ખરા જાદુ તરીકે ઓળખાતા જાદુના ખેલનો ઇતિહાસ ઇજિપ્ત કે ગ્રીક સભ્યતાઓ જેટલો જૂનો નીકળે, પણ હાથચાલાકી અને આંખોની છલનાથી સિદ્ધ થતો આધુનિક જાદુ અર્થાત્ સ્ટેજ મેજિકની કળા કે કરતબનો અતીત હાથવગો ખરો. ઓગણીસમી સદીમાં ધીમે ધીમે પ્રચલિત થઈ રહેલા જાદુના ખેલ દેખાડનારાઓ માટે 'કંજરર' શબ્દ વપરાતો. 'કંજરિંગ' અર્થાત્ મેલી વિદ્યાના પ્રયોગ કે નજરબંધી. શરૂઆતના ઘણા મેજિક શોમાં કંજરિંગ વડે પ્રેતાત્મા સાથે સંપર્ક કરવાનો ખેલ મુખ્ય આકર્ષણ રહેલો. દેખીતી વાત છે કે દર્શક આને સત્ય માને એમાં જ જાદુગરોનું હિત હોવાથી આ ખેલ

અદાણી મસાલા

સ્વાદના સર્જકો

SINCE 1955

આ દિવાળી અને બેસતા વર્ષે,
પરિવાર અને મહેમાનો માટે
સ્વાદિષ્ટ વાનગીઓ બનાવવા..

દરેક કિચન માટે "મસ્ટ"

ઓનલાઈન ઉપલબ્ધ : amazon

/adanispices www.adanispices.com

ગુજરાતના વિવિધ સેન્ટર્સમાંથી ડીલરશિપ ઇન્ક્વાયરી આવકાર્ય છે : 98258 30645, 98251 95856 E mail : info@adanispices.com

Brand Makeover.in

પાછળ હાથચાલાકી રહેલી હોવાની વાત ભાગ્યે જ કોઈ જાહેર કરતું. ઉલટાનું, પરિવારમાં કોઈ પ્રિય સ્વજનના મૃત્યુથી ઘવાયેલા લોકોના દુ:ખમાંથી આર્થિક ફાયદો મેળવવા ઘણા જાદુગરો સદ્‌ગતની આત્મા સાથે સંવાદ કરાવી આપવાનું પણ કામ કરતા!

એ સમયમાં લંડન સ્ટેજ મેજિક માટેનું મક્કા બની ચૂકેલું. એ જ અરસામાં

હેરી હુડિની

યુરોપિયન પ્રજાના મનમાં રસ્તા પર પ્રદર્શન કરતા જાદુગરો અને મદારીઓના દેશ તરીકે ભારતની ખોટી છાપ પણ સ્થાપિત થયેલી હતી. ત્યારે લંડનમાં પોતાની કળાનું પ્રદર્શન કરવા ગયેલા ભારતીય નામોમાં રામો સામી, જે શક્યત: રામાસ્વામીનું અપભ્રંશ હશે અને કીયા ખાન ખૂરશી પ્રચલિત થયેલાં. કીયા ખાન બંદૂકમાંથી છૂટેલી ગોળી પકડવાની ટ્રિકમાં માહેર હતો.

આછીપાતળી વિગતો મુજબ, વર્ષ ૧૮૧૪માં મદ્રાસથી લંડન આવેલો ત્રેવીસેક વર્ષનો રામાસ્વામી તલવાર, આગ અને એકસામટી સોએક જેટલી સોઈ જેવી ચીજો ગળવાના કરતબ કરવા માટે જાણીતો થયેલો. ચાર્લ્સ ડિકન્સ જેવા મહાન લેખકને એનો એક શો જોયા પછી જાદુગરી પ્રત્યે આકર્ષણ જાગેલું. રામાસ્વામી પોતાના સમયનો સૌથી સફળ, ધનવાન અને આ ક્ષેત્રમાં પહેલો-વહેલો પ્રોફેશનલ જાદુગર ગણાતો. જોકે એનું મૃત્યુ ગરીબીમાં થયેલું અને તેની પત્નીએ અંતિમવિધિ માટે આર્થિક મદદ યાચવી પડેલી.

ત્યાર પછી, જહોન હેન્રી એન્ડરસન મોડર્ન મેજિક શોની પરંપરામાં પહેલું નોંધપાત્ર નામ છે. તે પોતાની જાતને સૌ જાદુગરોના સમ્રાટ તરીકે ઓળખાવતો. તેનો અભિગમ વૈજ્ઞાનિક હતો અને તેણે ખુદને એક એન્ટરટેઇનર તરીકે જ પ્રચલિત કરેલો. તેણે સ્ટેજ નેમ પસંદ કરેલું - 'પ્રોફેસર'. તે પોતાના શોને 'કુદરતી જાદુનું ફિલોસોફિકલ પ્રદર્શન' કહેતો અને ખુદને વિજ્ઞાનનો પક્ષકાર તથા અંધશ્રદ્ધાનો વિરોધી ગણાવતો. તેણે લખેલું કે, એના દરેક જાદુનો તર્કસંગત સિદ્ધાંતો

મદ્રાસથી લંડન આવેલો ત્રેવીસેક વર્ષનો રામાસ્વામી તલવાર, આગ અને એકસામટી સોએક જેટલી સોઈ જેવી ચીજો ગળવા માટે જાણીતો થયેલો. ચાર્લ્સ ડિકન્સ જેવા મહાન લેખકને એનો એક શૉ જોયા પછી જાદુગરી પ્રત્યે આકર્ષણ જાગેલું

વડે ખુલાસો આપી શકાય છે. જાદુગરી પાછળ કોઈ રહસ્યમય કે ગૂઢ શક્તિ કામ કરતી હોવાનો દાવો કરનારા લોકોની તે સખત ટીકા કરતો.

એની કારકિર્દીના મધ્યાહ્ને જ, ફ્રાન્સથી આવેલા એક મજબૂત પ્રતિસ્પર્ધીએ લંડનના સ્ટેજ પર નામ કમાવાનું શરૂ કરી દીધેલું. તેની નવીનતમ, ખાસ કરીને વીજળીનો ઉપયોગ કરીને દર્શાવાતી જાદુગરી એન્ડરસનની પ્રતિભાને ઝાંખી પાડવા લાગી હતી. એન્ડરસને જવાબમાં આ નવા જાદુગરની ટ્રિકની કોપી કરવાનું શરૂ કરી દીધું. આ માટે એન્ડરસનની ટીકા પણ થઈ. એન્ડરસને હવે એની સામે પોતાની જૂની ટ્રિક અજમાવી. તે અવારનવાર જાદુગરીથી વિદાય લેવાની જાહેરાત કરતા ખાસ 'ફેરવેલ શો' યોજતો, જેથી ચાહકો ઉપરાંત હજુ સુધી જોવા ન આવેલા દર્શકો આવતા અને એને જબરી હાઇપ મળતી. એ ટ્રિક પણ ખાસ કારગર ન રહેતા તેણે લંડન બહાર નીકળી યુરોપનાં અન્ય શહેરો અને પછી ન્યૂ યોર્કમાં સ્ટેજ શો શરૂ કર્યા, જ્યાં પેલા નવા જાદુગરનો પ્રભાવ ન હતો. ત્યાં પણ બધા શોને માર્કેટિંગ માટે 'ફેરવેલ શો' જ કહેવાતા.

લાંબી યાત્રા પછી એન્ડરસન લંડન પાછો ફર્યો ત્યાં સુધીમાં પેલો નવો જાદુગર પણ પોતાના વતન ફ્રાન્સ પરત ચાલ્યો ગયેલો. લંડનમાં તો તેણે ફક્ત ત્રણ મહિના શો કરેલા. તેમ છતાં, તેનું નામ મોડર્ન સ્ટેજ મેજિકના ઇતિહાસમાં યાદગાર થઈ ગયું. એ નવો જાદુગર હતો - જ્યાન યુજીન રોબર્ટ હુડિન.

એનું મૂળ નામ તો જ્યાન યુજીન રોબર્ટ હતું, પણ તેણે પત્ની જોસેફ સિસિલ હુડિનના નામમાંથી હુડિન શબ્દ લીધેલો. હુડિને પોતે ગણાવ્યા પ્રમાણે, એની કારકિર્દી ફક્ત છ વર્ષની જ રહેલી, જેમાંથી બે વર્ષ પેરિસ અને બાકીના વર્ષ યુરોપનાં અન્ય મોટાં શહેરોમાં શો કરવામાં ગયેલા. તેની પાસે ચિક્કાર સંપત્તિ ભેગી થઈ ન હોવા છતાં તેણે સ્ટેજ મેજિકમાંથી વિદાય લઈ લીધી, પરંતુ તેણે એવું એક કામ કર્યું જે એની પહેલાંના જાદુગરોએ કદાચ વિચારેલું પણ નહીં. તેણે પોતાના સંભારણા લખ્યા અને જાદુગરીની કળામાં પ્રવીણ થવા ઇચ્છતા લોકોને માર્ગદર્શન તથા પ્રેરણા પૂરી પાડી. તેણે જાદુગરી પર ત્યારે લાગેલી, 'સમય પસાર કરવાની નવરા લોકો માટેની પ્રવૃત્તિ'ની છાપ ભૂંસીને એને એક ક્લાસિક આર્ટ એક્ટિવિટીનો દરજ્જો અપાવ્યો. તે પોતાની ટ્રિક જાતે તૈયાર કરતો, જે તેણે જ ડિઝાઇન કરેલા નાના, પણ સુંદર થિયેટરમાં દેખાડવામાં આવતી. તેના દર્શકવર્ગમાં કલાકારો અને ભદ્ર વર્ગના સુજ્ઞજનો વધારે રહેતાં.

સ્ટેજ મેજિકમાંથી વિદાય લીધા પછી હુડિનને ફ્રાન્સ સરકાર તરફથી એક પ્રસ્તાવ આવ્યો. સરકાર ઇચ્છતી હતી કે

મેરી દેસી દાલ

રેંટિયો

HAPPY
Diwali
FESTIVAL OF LIGHTS

દિવાળીના દિવ્ય દિવાઓ થકી
નવા વર્ષનું આપના જીવનમાં
શાંતિ, સમૃદ્ધિ, આરોગ્ય અને
પ્રેમની વર્ષા રૂપે આગમન થાય.

ઝડપથી ચડે...
સરસ મીઠી...

Promise of Good Health for Over 85 Years

Scan to visit our website

CELEBRATING OUR 85 Years

Available Online
amazon GROFERS
Flipkart bigbasket

Follow Us
@RENTIOFOODS

PROMISERYE/ RIB-202

Packing Available : **RENTIO** Premium Desi - 500gm | 1kg | 2kg | 5kg | 10kg | 25kg, **RENTIO** Super Desi - 1kg | 5kg

ફ્રાન્સના કબજા હેઠળ રહેલા અલ્જેરિયાના કબીલાઓ સામે હુડિન જાદુગરી પ્રદર્શિત કરે. કેમ કે ત્યાં દૈવી શક્તિ ધરાવતો હોવાનો દાવો કરનારો મુરાબીત નામક સમૂહ કબીલાઓમાં ફ્રાન્સ વિરોધી વાતાવરણ ઊભું કરે એવો ડર હતો. હુડિને પ્રસ્તાવ સ્વીકાર્યો અને અલ્જેરિયામાં તેણે પોતાની જાદુગરીથી કબીલાવાસીઓ સહિત ફ્રાન્સ સૈન્ય અધિકારીઓને પણ ખાસ્સા

જાદુગર કે.લાલ

પ્રભાવિત કર્યા.

આ બધું અને પોતાના ઉછેરથી લઈને યુવાની સુધીની વાતો હુડિને પોતાની આત્મકથામાં લખી હતી, પરંતુ લોકોની નજર અને સમજને છેતરવા માટે ટેવાયેલા એક જાદુગર પાસેથી એવી અપેક્ષા ન જ રાખી શકાય કે એની આત્મકથા સીધીસાદી બની રહે! હુડિને ટોરિની નામક એક અત્યંત ખાસ અને પ્રભાવશાળી માણસ વિશે વિસ્તારથી લખેલું, જેની પાસેથી તેણે જાદુગરી શીખેલી. ટોરિનીએ રસ્તે રખડતા હુડિનને પોતાનો શિષ્ય બનાવેલો. ટોરિનીનો દીકરો બંદૂકની ગોળી પકડવાના ખેલમાં અકસ્માતે મૃત્યુ પામેલો. આ ખેલમાં વપરાતી ગોળી ખોટી હોય છે, જ્યારે કોઈની ભૂલથી ત્યાં સાચી ગોળી આવી ગયેલી. એ માટે તેને છ વર્ષની સજા પણ મળેલી. ટોરિની અને હુડિનની આવી ઘણી જાણી-અજાણી વાતો જાદુગરીની દુનિયામાં એકાદ સદી સુધી પ્રચલિત રહેલી. છેવટે ૧૯૪૩માં સત્ય બહાર આવ્યું. હુડિનની આત્મકથા પર સંશોધન કરતા જાણ થઈ કે ટોરિની નામક એવી કોઈ વ્યક્તિનું અસ્તિત્વ જ ન હતું. એ અને એની વાતો બનાવટી હતી! અલ્જેરિયાના પ્રવાસની વિગતોમાં પણ ઘણી વિસંગતતાઓ જોવા મળેલી. ત્યાં જવાનો ખરો હેતુ અને તેના પ્રદર્શન અંગેની વિગતો પણ સંદિગ્ધ છે. ત્યાં એને સ્થાનિક લોકોની જાદુના નામે ચાલતી અંધશ્રદ્ધાઓ દૂર કરવા મોકલવામાં આવેલો કે પછી ફ્રાન્સના જાદુગરો ત્યાંના મુરાબીતો કરતાં શ્રેષ્ઠ હતા એવું સાબિત કરવા?

ખેર, એક જાદુગર કાયમ ઇચ્છા રાખતો હોય છે કે આવનારી પેઢીઓ કોઈ

હુડિનીની અંતિમક્રિયામાં બે હજાર જેટલા લોકો હાજર રહેલાં. છટકી નીકળવામાં માહેર હુડિનીની શબપેટીને કાંધ આપનાર ચાર્લ્સ ડિલિંઘમ નામક એક મેનેજરે કહેલું, 'કેવી રમૂજ પડે જો હુડિની અંદર હોય જ નહીં!'

ખાસ મેજિક ટ્રિક માટે એનું નામ સતત યાદ કરે, જેનું રહસ્ય ક્યારેય પણ ન ઉકેલાય. ઇતિહાસમાં અમર થવાની આ જ મહત્વાકાંક્ષાએ કદાચ હુડિનને પોતાની આત્મકથામાં ટોરિનનું પાત્ર લખવાની પ્રેરણા આપી હશે, પણ તેણે એવું શા માટે કરેલું એનો કોઈ સંતોષકારક જવાબ નથી મળતો. નિવૃત્તિ પછી તેણે લખેલું: 'રોજ સાંજે આઠના ટકોરે, શું હું કોઈ બીજા સ્વરૂપે મારો ખેલ ચાલુ ના રાખી શકું? મારા દર્શકો મારા વાચકો હશે અને મારું મંચ એક પુસ્તક. હું જોઉં છું કે તેઓ મારી રાહમાં છે, તેઓ ધ્યાન ધરીને સાંભળી રહ્યા છે.'

નિયતિનું આયોજન પણ રસપ્રદ રહેલું. હુડિનનું મૃત્યુ થયું એનાં ત્રણ વર્ષ પછી હંગેરીમાં જન્મેલા એરિક વેઇઝનો પરિવાર સારા ભવિષ્યની તલાશમાં અમેરિકા આવી ગયેલો. આ પરિવાર ન્યૂ યોર્કમાં સ્થાયી થયો, જ્યાં આશરે તેર વર્ષનો એરિક જાદુગરીના ખેલના પ્રેમમાં પડ્યો. તેને ક્યાંકથી અંગ્રેજીમાં હુડિનની આત્મકથાનું પુસ્તક મળ્યું અને ત્યારથી જ હુડિન તેના માટે હીરો, રોલમોડલ અને માર્ગદર્શક બની ગયો. તે એ પુસ્તકને કોઈ ધર્મગ્રંથ જેમ જ પૂજ્યભાવે જોતો. એરિક વેઇઝે પોતે પણ જાદુગરીના ક્ષેત્રમાં ઝંપલાવ્યું અને પછી જ્યારે તેને સ્ટેજ નેમની જરૂર પડી, ત્યારે તેના હુડિન પ્રત્યેના આકર્ષણથી માહિતગાર એક મિત્રએ તેને સલાહ આપી - હુડિન પાછળ જો, તું એક 'આઈ' જોડી દઈશ તો 'હુડિની' બની જશે, જેનો ફ્રેન્ચમાં અર્થ થાય 'હુડિન જેવું'. આ વાત ખોટી હતી, પણ એનાથી અજાણ એરિક જણાવે છે કે તેણે ભારે ઉત્સાહથી સલાહ માની લીધી, કેમ કે એને જીવનમાં એક જ મહત્વાકાંક્ષા હતી - રોબર્ટ હુડિન જેવા મહાન જાદુગર બનવું અને આ રીતે જન્મ્યો વીસમી સદીના સૌથી પ્રસિદ્ધ અને સફળ જાદુગરોમાંથી એક - હેરી હુડિની.

રોબર્ટ હુડિન વિશે જાદુગરીના ઇતિહાસમાં નોંધાયેલી કેટલી વાત ખરી અને કેટલી વાત સાચી, એ તો નક્કી કરી શકાય એમ નથી, પણ તેણે પોતાની આત્મકથા વડે જે છેતરામણો જાદુ સર્જેલો, એણે હેરી હુડિની જેવા કાબેલ જાદુગરને જન્માવ્યો એમાં કોઈ શંકા નથી. હેરી હુડિની જાતભાતના બંધનમાંથી છટકી જવાના ખેલમાં માહેર હતો અને તેના ખેલમાં આવા જ, શારીરિક કૌશલ્યનું પ્રદર્શન કરતાં વિવિધ સ્ટન્ટ સમાવિષ્ટ રહેતા. 'મેટામોર્ફોસિસ' નામક ખેલમાં તે એક વિશાળ પેટીમાં કેદ થઈ જતો અને તેની પત્ની પેટી ફરતે પડદો ઢાંકી દેતી. ત્રણેક સેકન્ડમાં તો હુડિની પેટીની બહાર દેખાતો અને એની પત્ની પેટીની અંદર. તે દર્શકોની નજર સામે જ વિશાળ કબાટમાં પુરાયેલો આખેઆખો હાથી ગાયબ કરી દેતો. તે દીવાલની આરપાર નીકળી બતાવતો. તેણે ફિલ્મોમાં પણ નસીબ

only books magazine

BENCHMARK®

Residential & Commercial Water Heaters

INSTANT GAS WATER HEATER

NEW MODEL

FTEN PRO

Oxygen-Free Technology for Environment

ELECTRIC WATER HEATER

Happy Diwali

SMART HOME AUTOMATION SYSTEM

ALL-IN-ONE HEAT PUMP

Made in Europe

EURO SOLAR WATER HEATER

MADE IN AMERICA

STORAGE GAS WATER HEATER

EXCHANGE OFFER LIMITED PERIOD

ALKALINE WATER IONIZER

EXCHANGE OFFER* LIMITED PERIOD

*This scheme is applicable for Ahmedabad and Surat cities only

Sapphire Emerald Topaz

amrit Jaisa Paani

- Antioxidant
- Detoxifies Human Body
- Neutralises Acidity

Contact:
98250 83125 / 84691 89780

360° WATER SOLUTION

Benchmark Agencies Pvt. Ltd.

Ahmedabad: 'Shantam', Nr. Havmor, Navrangpura, Ahmedabad-380 009. Ph.: 99241 48433, 93138 05202
Surat: 98241 99344, 99241 48315, **Rajkot:** 99241 48318, **Baroda:** 99241 48301
Delhi/Rajasthan: 94602 74939, **Maharashtra/Madhya Pradesh:** 90110 64774
Email: sales@benchmarkagencies.com ♦ **Website:** www.benchmarkagencies.com

Identity

અજમાવી જોયું અને પાઇલટ બનીને પ્લેન પણ ઉડાવ્યું. તેને ત્રણ ભાષાઓ આવડતી હતી અને જે દેશમાં શો કરવા જતો, ત્યાંની પણ ભાષા થોડીઘણી જાણીને દર્શકો સાથે એમાં જ વાત કરતો. તેણે શરીર કોઈ કસાયેલા રમતવીરનું હોય એવું મજબૂત, ચપળ અને તંદુરસ્ત બને એ વાતને મહત્ત્વ આપેલું. તેના કરતાં બે વર્ષ નાનો ભાઈ થિયોડોર હાર્ડિન પણ જાદુગર હતો. તેણે

ડેવિડ કોપરફિલ્ડ

પણ મુશ્કેલ બંધનોમાંથી છૂટવાની કળા પર મહારત મેળવેલી.

હેરી હુડિનીની જાદુગરીનો ત્યાંની જનતા પર એટલો ઘેરો પ્રભાવ પડેલો કે તેને ક્યારેક અમેરિકાનો પહેલો સેલિબ્રિટી પણ કહેવાય છે. અશક્ય લાગતાં બંધનો છોડીને મુક્ત થવામાં તેની નિપુણતાને કારણે તેનું નામ આ પ્રકારની સ્થિતિમાંથી બચી જવા માટે ખાસ વિશેષણ કે ક્રિયાપદ તરીકે વપરાતું આવ્યું છે. વિજ્ઞાનની દુનિયામાં જે રીતે આઇન્સ્ટાઇનનું નામ એક ઉચ્ચ દરજ્જો ધરાવે છે, જાદુગરીની દુનિયામાં હુડિનીએ પણ એવી જ પ્રસિદ્ધિ મેળવી છે.

એકવાર કોઈએ તેની સાથે તે પેટમાં મુક્કા સહન કરી શકે છે કે નહીં, એવી શરત લગાવી. એ દરમિયાન આમ પણ તેની તબિયત સારી ન હતી. છતાં તેણે પડકાર સ્વીકાર્યો અને થોડાક મુક્કાઓ પછી સહનશક્તિ આવી જતા સામેવાળાને અટકાવી દીધો. કહે છે કે આ મુક્કાઓને કારણે તેનું મૃત્યુ થયેલું. બીજી દલીલ એમ પણ છે કે એપેન્ડિક્સના સોજાને કારણે તેણે જીવ ખોયેલો. તેની અંતિમક્રિયામાં બે હજાર જેટલા લોકો હાજર રહેલાં. દુનિયાભરમાંથી હજારોના હજારો સાંત્વના આપતા ટેલિગ્રામ આવેલા. ત્યારે, છટકી નીકળવામાં માહેર હુડિનીની શબપેટીને કાંધ આપનાર ચાર્લ્સ ડિલિંઘમ નામક એક મેનેજરે કહેલું, 'કેવી રમૂજ પડે જો હુડિની અંદર હોય જ નહીં!'

તેના મૃત્યુનો શોક વ્યક્ત કરવા સોસાઇટી ઓફ અમેરિકન મેજિશિયને પહેલીવાર 'બ્રોકન વોન્ડ' અર્થાત્ જાદુની છડી તોડવાની વિધિ યોજેલી, જે પછીથી

ભારતમાં જાદુગરોનો ગઢ કહેવાતા કોલકાતામાં જાદુગરોના વળતા પાણી છે. એ સાથે, જાદુગરી મર્યાદિત દર્શકો સામે સ્ટેજ પરથી ખસીને ટીવી અને ઇન્ટરનેટના માધ્યમથી વ્યાપક લોકો સુધી પહોંચી છે

એક વાર્ષિક પરંપરા બની ગઈ. હુડિનીએ એના પુરોગામી રોબર્ટ હુડિનની ઇચ્છા એના અને પોતાના પણ મૃત્યુ પછી આ નામને સતત જીવતું રાખીને પૂર્ણ કરી. હેરી હુડિની જ જાણે રોબર્ટ હુડિનનો છેલ્લો અને યાદગાર, એક જીવંત જાદુ બનીને આવ્યો હતો!

●●●

ઓગણીસમી સદી દરમિયાન ઘાટ પામેલું સ્ટેજ મેજિક શોનું ક્ષેત્ર વીસમી સદીમાં દાયકાઓ સુધી વિશ્વભરનાં લોકોને મનોરંજન આપતું રહ્યું. ભારતમાં પણ પી.સી. સરકારથી લઈને કે. લાલ અને હકુભા જેવા જાદુગરોએ કાઠું કાઢેલું, પરંતુ ઇન્ટરનેટ એજના આગમન સાથે તેનો પ્રભાવ ઘટ્યો અને હવે જાદુના લાઇવ ખેલ કરનારાઓની અને જોનારાઓની સંખ્યા પણ ખાસ્સી ઘટી છે. ભારતમાં જાદુગરોનો ગઢ કહેવાતા કોલકાતામાં એના વળતા પાણી છે. ટેક્નોલોજીએ જાણે આપણા જીવનમાં જાદુનું સ્થાન લઈ લીધું છે. એ સાથે, જાદુગરી મર્યાદિત દર્શકો સામે સ્ટેજ પરથી ખસીને ટીવી અને ઇન્ટરનેટના માધ્યમથી વ્યાપક લોકો સુધી પહોંચી છે. ડેવિડ કોપરફિલ્ડ અને ડાયનેમો જેવા જાદુગરોએ ટીવીના માધ્યમથી નામ અને દામ કમાયા છે. નવી પેઢીના જાદુગરો ટ્રિકમાં ટેક્નોલોજીનો પણ છૂટથી ઉપયોગ કરે છે.

મનુષ્યનો આશ્ચર્ય પામવાનો ગુણ પરિવર્તનશીલ છે, માટે જાદુગરીની કળા અને કરતબે જો આધુનિક વિશ્વમાં પ્રસ્તુત રહેવું હશે તો મનોરંજનના બીજા માધ્યમો જેમ બદલાતા વિશ્વ સાથે તાલ મેળવવો પડશે. ભૂતકાળમાં પણ વીજળી જેવી શોધો સાથે ત્યારના જાદુગરોએ તાલમેલ સાધી એને સાંકળતી ટ્રિક ઇજાદ કરેલી જ. સમાપન કરતા એટલું જ કહેવાનું કે જ્યાં સુધી માણસ મન અને સમજ વડે જાતે જ છેતરાઈને એનો આનંદ અને વિસ્મય માણવાની વૃત્તિ રાખશે, જાદુગરી એક કે બીજા સ્વરૂપમાં વિકાસ પામીને જીવંત રહેશે.

કોફી-સ્ક્રિપ્ટ :

હવે તમે રહસ્યની શોધમાં છો, પણ એ તમને મળશે નહીં. અલબત્ત, તમે ખરેખર એને શોધી જ નથી રહ્યા. તમારે ખરેખર એ જાણવું જ નથી. તમારે છેતરાવું જ છે. - 'ધી પ્રેસ્ટિજ' (ક્રિસ્ટોફર પ્રીસ્ટે લખેલી આ અફલાતૂન નવલકથા પર ડિરેક્ટર ક્રિસ્ટોફર નોલને આ જ નામની દમદાર ફિલ્મ બનાવેલી. નવલકથા અને ફિલ્મ ઓગણીસમી સદીના લંડનની જાદુગરોની દુનિયામાં ચાલતી સ્પર્ધાની ખરી વિગતો કલ્પનાનો ઢોળ ચડાવીને નાયાબ રીતે રજૂ કરે છે.)

'આપણું સર્જન જ એ પ્રકારે થયું છે કે આશ્ચર્ય વ્યક્ત કરી શકાય એવી કોઈ વસ્તુ વગરનું જીવન આપણને ભાગ્યે જ અર્થપૂર્ણ લાગે.' - હેરી હુડિન ■

ANGUR

એજ શુદ્ધતા અને વિશ્વાસ

૫૦૦ ગ્રામ પેકમાં પણ ઉપલબ્ધ

Red Rajma | Rajma Chitra | Kabuli Chana | Desi Chana | Masoor Dal | Red Chori | Chori White | Kodari | Moth Val | Yellow Peas | Green Peas | Mix Dal | Soya Bean

PATEL CHATURBHAI RANCHHODBHAI PULSES LLP. VASAD, GUJARAT.

Like us on /OfficialAngur | www.angur.com



અક્ષરોં કે સાયે : ‘યહ મૈં સે મૈં તક કી યાત્રા હૈ’

‘અક્ષરોં કે સાયે’માં એવો કોઈ સંઘર્ષ, આકાંક્ષા કે તત્પરતા નથી. અહીં છે એક પ્રકારની સ્થિરતા. સાગર જેવું ઊંડાણ અને સમત્વ. મનુષ્ય જીવન વિવિધ ઓછાયા તળે જીવાતું હોય છે એવી પાકી સમજણ અને તેમાંથી ઉદ્ભવતો સહજ સ્વીકાર. તેમ જ અલૌકિક દિવ્ય શક્તિઓ પ્રત્યે સમર્પણ.

વર્ષ ૧૯૮૨ના જ્ઞાનપીઠ એવોર્ડ વિજેતા પદ્મવિભૂષણ અમૃતા પ્રીતમની આત્મકથા ’રસીદી ટિકિટ’ (૧૯૭૬) અત્યંત લોકપ્રિય બનેલી. મૂળ પંજાબીમાં લખાયેલ આ આત્મકથાના ઘણી બધી ભારતીય તેમ જ વિદેશી ભાષામાં અનુવાદ પણ થયેલા. અમૃતાજીની ’રસીદી ટિકિટ’ના પ્રકાશન પહેલાં તેમના મિત્ર ખુશવંતસિંહે જોરદાર ઠહાકા સાથે કહેલું, ‘તમારા જીવનના અનુભવો એવા તો થોડાક અમથા છે કે નાનકડી રેવન્યુ સ્ટેમ્પ પાછળ લખો તો પણ લખાઈ જાય. તમારે આત્મકથા લખવાની શી જરૂર?’ વિદૂષી લેખિકાએ મિત્ર ખુશવંતસિંહની ઉતારી પાડવાની ભાવના સાથે કરાયેલ કોમેન્ટનું સકારાત્મક અર્થઘટન કર્યું. તેમણે પોતાની આત્મકથાને ’રસીદી ટિકિટ’ શીર્ષક જ આપી દીધું! શીર્ષકની યથાર્થતા વિશે લખતા તેમણે પોતાની પ્રસ્તાવનામાં લખ્યું, ‘રેવન્યુ સ્ટેમ્પ કોઈ પણ દસ્તાવેજની અધિકૃતતાનો પુરાવો હોય છે. મારી આ આત્મકથા સત્ય અને ફક્ત સત્યની વાત કરે છે. એટલે તેને હું ‘રસીદી ટિકિટ’ શીર્ષક સાથે સત્ય દસ્તાવેજનો દરજ્જો આપું છું.‘રસીદી ટિકિટ’નું ભારતીય આત્મકથા સાહિત્યમાં આગવું સ્થાન છે. ભારોભાર સંવેદનશીલતા અને જીવન સત્ય આ આત્મકથાની મુખ્ય વિશેષતા રહ્યા છે.

ડો. રંજના **હરીશ**

અમૃતા પ્રીતમની આત્મકથાનો બીજો ભાગ ‘અક્ષરોં કે સાયે’ છેક ૨૦૦૪માં, એટલે કે પ્રથમ આત્મકથાના ૨૮ વર્ષે પ્રગટ થયેલો, જેની વાત આજે કરીશું. ‘અક્ષરોં કે સાયે’ (દ્વિતીય સંસ્કરણ ૨૦૧૭) વાંચતા ઊડીને આંખે વળગે તે બાબત છે આ પુસ્તકના સર્જનકાર્ય સમયની લેખિકાની તદ્દન ભિન્ન માનસિક ભૂમિકા. પુસ્તકના પ્રથમ પૃષ્ઠ પર પાંચ-સાત પંક્તિમાં લેખિકા આ પુસ્તક વિશે લખે છે, ‘ઘર, સમાજ અને રાજકારણના નામે જીવન પર જે ઓછાયા ઊતરતા રહ્યા તેની વાત માંડે છે આ પુસ્તક. આ પુસ્તકનો મુકામ છે અક્ષરો પર ઊતરતા અંતરચેતનાના ઓછાયા... આ પૃષ્ઠો વાત કરે છે એક એવી સફરની જેને હું અંતરયાત્રા કહું છું.’

વય સાથે લેખિકાના જીવન તથા જીવનદ્રષ્ટિમાં આવેલ પરિવર્તન, અલૌકિક ગેબી શક્તિઓ પ્રત્યેનું તેમનું ખેંચાણ, આધ્યાત્મિક ખોજની તીવ્રતા આ સઘળું તેમના આ પુસ્તકની વિશેષતા છે.‘રસીદી ટિકિટ’ની સરખામણીમાં ’અક્ષરોં કે સાયે’માં ઘટનાતત્ત્વ લગભગ નહિવત્ છે. જીવનમાં જે કાંઈ બની ચૂક્યું હતું તેની સઘળી વાત લેખિકા કાલાનુક્રમ પ્રમાણે ‘રસીદી ટિકિટ’માં કરી ચૂક્યાં હતાં. હવે તેના છેક અઢી દાયકા બાદ લેખિકાની કલમ જ્યારે આત્મકથાનો બીજો ભાગ લખવા ઊપડે છે ત્યારે તેમાં જીવન વાર્તા કહેવાના, કે પોતે જીવનભર કરેલ નિર્ણયોને યોગ્ય ઠરાવવાના, કોઈ ઉમળકા નથી. બાહ્ય જીવનમાં ઘટતી ઘટનાઓનું હવે તેમને મન ઝાઝું મહત્ત્વ નથી. હવે મહત્ત્વ છે તો અંતરમન પર પડતા ઓછાયાનું. દૈવિય શક્તિ દ્વારા ઝીલાયેલ આધ્યાત્મિક અનુભવોનું. અલબત્ત, આવા જ ભાવવિશ્વમાં ઉત્તરાવસ્થામાં લખાયેલ ગૂઢ અનુભવોની વાત કરતી પોતાની અન્ય કૃતિઓની વાત પણ લેખિકા અહીં કરે છે. ’દરવેશોં કી મહેંદી’, ‘લાલ ધાગોં કા રિશ્તા’ અને ‘અજ્ઞાત કા નિમંત્રણ’ જેવી

DAVAT®
Beverages

Happy Diwali

नया साल
नयी खुशियाँ
लाया है
दावत!

For All Over India Trade Inquiry Contact +91 77000 43000
www.davatbeverages.com

કૃતિઓ કેવી માનસિક ભૂમિકામાંથી ઉદ્‌ભવેલી તેની વાત લેખિકા અહીં કરે છે. આ તમામે તમામ વાતનું એક સાતત્યપૂર્ણ તત્ત્વ હોય તો તે છે 'ઓછાયો'.

કુલ ૧૩ પ્રકરણમાં વહેંચાયેલ 'અક્ષરોં કે સાયે' આત્મકથાના તમામ પ્રકરણના શીર્ષકમાં સાયે (ઓછાયો) શબ્દ પ્રયોજાય છે. જેમ કે 'મોત કે સાયે', 'હત્યારોં કે સાયે', 'કાલસર્પ કા સાયા', 'પૂર્વજન્મ કા સાયા', 'સપનોં કે સાયે', 'ચિંતન કે સાયે' ઇત્યાદિ. આ પ્રકરણો વાંચતા સમજાય છે કે પીઢ અનુભવી લેખિકાની માનસિક ભૂમિકા એવી છે કે તેઓ સ્પષ્ટપણે જોઈ શકે છે કે સમગ્ર મનુષ્ય જીવન એક યા બીજા ઓછાયા તળે જ જીવાતું હોય છે. મનુષ્ય કરતાં તેનું ભાગ્ય, તેના ગ્રહ-નક્ષત્ર વધુ બળવાન હોય છે. અમૃતાજી જેવી બૌદ્ધિક વ્યક્તિત્વ ધરાવતી વ્યક્તિની આવી શ્રદ્ધા વાચકને વિચારતા કરી મૂકે છે.

ઉત્તરાવસ્થામાં અમૃતાને એક વૃદ્ધ સાધુનો ભેટો થયો. જેમણે તેમને કાલસર્પ યોગ વિશે સુયોગ્ય સંતોષકારક માહિતી આપી. એટલું જ નહીં, તેમણે કહ્યું કે, અમૃતાજીની કુંડળીનો કાલસર્પ યોગ શુભ હતો

only books magazine

કવિ જીવનના ગૂઢ રહસ્યની વાત કરતાં અમૃતાજી લખે છે :

'આત્મવિકાસની યોગ્યતા જ્યારે આત્મ ચેતનામાં ઊતરે છે ત્યારે તે સાધના બની જતી હોય છે. આવો અનુભવ મનુષ્યનો કાયાકલ્પ કરી શકે છે અને આવા કાયાકલ્પ દ્વારા જીવનનો અંધકાર પ્રકાશનાં કિરણોથી તરંગિત બની જતો હોય છે, પરંતુ મને લાગે છે કે આવું તો ફક્ત ઋષિ અવસ્થામાં જ સંભવી શકે. એવો ઋષિ કે જેની કાયાના જળમાં રોજેરોજ ચાંદ-તારા ઊતરતા હોય. જ્યાં સુધી કવિનો સવાલ છે ત્યાં સુધી તેના અંતરમનના જળનો ઝરો લગભગ હંમેશ દુનિયાદારીનાં ખરતાં પાંદડાંઓથી ઢંકાયેલ રહે છે. કોકવાર કોક હવાની લહેરખી એ જળમાં પડેલ પાંદડાં અસ્તવ્યસ્ત કરી દે છે ત્યારે પળભર માટે આકાશના ચાંદ-તારા કવિના આત્મઝરણામાં પણ ઊતરી આવતા હોય છે ખરા.'

'હું જિંદગી આખી અક્ષરોને કાગળ પર ઉતારતી રહી, પણ કોણ જાણે કેમ મને સતત એમ થતું કે એ અક્ષરો મારી કલમમાંથી નહીં, પરંતુ ચંદ્ર પરથી ખરે છે અને તેથી જ મેં લખ્યું. (પૃ.૧૨૬):

'ખામોંશી કે પેડ સે મૈંને
યે અક્ષર નહીં તોડે.
યે તો જો પેડ પર સે ઝડે થે
મૈં વહી અક્ષર ચૂનતી રહી

મેરી ખામોંશી કી ગલીઓ સે
અક્ષરોં કે સાયે ગુજરતે રહે
રાત કી દહલીજ પર
તારે દુઆ કરતે રહે
ચાંદ કી મટકી સે જબ
કતરે સે કુછ ગીરતે રહે
રાત કી દહલીજ પર
તારે દુઆ કરતે રહે (પૃ.૨૫-૨૬)

●●●

યહ જિંદગી એક રાત થી
હમ તો જાગતે રહે, કિસ્મત કો નિંદ આ ગઈ
યહ જિંદગી એક રાત થી
આતી હૈ અપની યાદ સી
જબ સામને આકાશ મેં હૈ ટૂટતા તારા કોઈ (પૃ.૩૦)

●●●

આ પુસ્તકની અન્ય નોંધપાત્ર બાબત છે તેમાં અભિવ્યક્ત લેખિકાની જ્યોતિષશાસ્ત્ર, ગેબી શક્તિઓ તથા અલૌકિક ઘટનાઓ પ્રત્યેની શ્રદ્ધા અને જિજ્ઞાસા. પોતાની કુંડળીમાં કાલસર્પ યોગ હતો તેની સવિસ્તાર વાત લેખિકા 'કાલસર્પ યોગ કે સાયે' પ્રકરણમાં કરે છે. આ પ્રકરણ જ્યોતિષશાસ્ત્રના કાલસર્પ યોગને સમજવાની તેમની મથામણનું આલેખન કરે છે. તેઓ સાત વિવિધ પ્રકારના કાલસર્પ યોગ કયા કયા શુભ અને અશુભ સંકેત લઈને જાતકની જિંદગીમાં આવતા હોય છે તેની ચર્ચા કરે છે અને જણાવે છે કે તેમની કુંડળીનો કાલસર્પ યોગ શુભ હતો. જે સમજતા તેમને ઘણો

www.hofindia.com

HOF
Furniture & more

Mamma Mia

THE BRAND NEW ITALIAN COLLECTION FROM HOF

5 year warranty*

Range starts from
₹65000*/- (Incl. all)

Helpdesk for architects and interior designers - **9512046366**

*T & C Apply

Office Chairs | Leather and Fabric Sofas | Desking Systems | Institutional Furniture | Hospital Furniture

Available at shop.hofindia.com | amazon | flipkart

Franchisee & Dealer Inquiry Solicited +91 9904302521 rajesh@hofglobal.com

MADE IN INDIA
Since 1986

BAOU
Education for All

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)



BAOU: જ્ઞાનનો દીપક સૌના જીવનમાં પ્રગટાવવાનો અવિરત યજ્ઞ

ગુજરાત સરકાર દ્વારા ઈ.સ. ૧૯૯૪માં વાવેલું બીજ તેની ૨૭ વર્ષની ફળદાયી યાત્રામાં લીલુંછમ્મ 'જ્ઞાનરૂપી વટવૃક્ષ' બની ગયું છે. ગુજરાત રાજ્યની આ એકમાત્ર ઓપન યુનિવર્સિટી - ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી (BAOU), અમદાવાદ શહેરમાં અત્યાધુનિક 'જ્યોતિર્મય પરિસર'માં કાર્યરત છે. ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીએ છેલ્લાં અઢી વર્ષોમાં કુલપતિશ્રી પ્રો.ડૉ. અમી ઉપાધ્યાયના સક્ષમ નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ અનેક પહેલ અને પરિયોજનાઓ હાથ ધરી છે, જેનાથી વિદ્યાર્થીઓ માટેની સુવિધાઓ અને સંસાધનોમાં વધારો નોંધાયો છે. યુનિવર્સિટીએ શૈક્ષણિક, સામાજિક અને વહીવટી ક્ષેત્રમાં અનેક લક્ષ્યો હાંસલ કર્યાં છે અને સિદ્ધિઓ મેળવી છે.

NEP-૨૦૨૦ના અમલીકરણમાં અગ્રેસર:

માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના 'નવા ભારત'ના વિઝનને સાકાર કરવા સક્ષમ એવી નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ને આવકારવાથી લઈને તેના ઝડપી અમલીકરણ બાબતે BAOU પહેલેથી અગ્રેસર રહી છે. NEP-૨૦૨૦ માટે એક વર્ષમાં ૧૦થી વધારે રાષ્ટ્રીય સ્તરના વેબિનારનું આયોજન કરવા ઉપરાંત દેશની યુનિવર્સિટીઓના કુલપતિઓનું રાષ્ટ્રીય સંમેલન યોજ્યું હતું, જેમાં માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી ઉપસ્થિત રહ્યા હતા. યુનિવર્સિટીએ NEP-૨૦૨૦ના અમલીકરણની દિશામાં અનેક પગલાં ભર્યાં છે.

બે વર્ષમાં દસ નવા અભ્યાસક્રમો:

યુનિવર્સિટીએ નવી શિક્ષણ નીતિ-૨૦૨૦ અનુસાર નવા અભ્યાસક્રમો શરૂ કરવાને અગ્રતા આપી છે. છેલ્લાં ૨ વર્ષમાં ૩+૭ = કુલ ૧૦ નવા અભ્યાસક્રમોનો પ્રારંભ કરવામાં આવ્યો છે.

કોવિડ-૧૯ મહામારીમાં માનવતાપૂર્ણ નિર્ણયો:

કોવિડ-૧૯ મહામારીને કારણે મૃત્યુ પામેલા યુનિવર્સિટીના વિદ્યાર્થીઓની ફી પરત કરવા ઉપરાંત તેના પરિવારને રૂ. ૧૧,૦૦૦ની આર્થિક સહાય કરવાનો નિર્ણય લેવાયો. કોરોના મહામારીમાં માતા-પિતા ગુમાવનારા કે પરિવારમાંથી કમાનારી વ્યક્તિ ગુમાવનારા પરિવારના સભ્યોને આ વર્ષે નિઃશુલ્ક ભણાવવામાં આવશે.

પ્રાદેશિક કેન્દ્રોની સ્થાપના:

ભારતરત્ન ડૉ. બાબાસાહેબના છેવાડેના લોકો સુધી શિક્ષણ પહોંચાડવાના સ્વપ્નને સાકાર કરવાના ઉદેશ સાથે ગુજરાતભરમાં છ પ્રાદેશિક કેન્દ્રો (પાટણ, રાજકોટ, સુરત, ભૂજ, ભાવનગર અને છોટા ઉદેપુર) શરૂ કરવાનો નિર્ણય લેવાયો.

સળંગ બે ઈ-કોન્વોકેશન્સ:

કોવિડ-૧૯ની મહામારી વચ્ચે BAOUએ પોતાનો પાંચમો અને છઠ્ઠો એમ સળંગ બે પદવીદાન સમારંભો ઓનલાઈન યોજીને અનેક યુનિવર્સિટીઓને નવો માર્ગ ચીંધ્યો છે.

'તેજતૃષા' ટેલેન્ટ હંટ:

દેશની એવી સૌ પ્રથમ ઓપન યુનિવર્સિટી છે, જેણે પોતાના તમામ વિદ્યાર્થીઓ માટે ટેલેન્ટ હંટ મહોત્સવનો પ્રારંભ કર્યો છે. દર વર્ષે યોજાતી તેજતૃષા ટેલેન્ટ હંટમાં યુનિવર્સિટીના તમામ વયજૂથના વિદ્યાર્થીઓ અનેક સ્પર્ધાઓમાં ભાગ લે છે.

યુનિવર્સિટીનો સંકલ્પ

નવીનતમ તકનીકો તથા પદ્ધતિઓનો ઉપયોગ કરીને ભણવા ઇચ્છુક લોકો માટે ઉચ્ચ શિક્ષણનો વ્યાપ અને સુલભતા વધારવા, શિક્ષણની ગુણવત્તા સુધારવી, અભ્યાસુ-કેન્દ્રી માહોલ સર્જીને શિક્ષણથી વંચિત લોકો સુધી ઉચ્ચ શિક્ષણ પહોંચાડવું, જીવનભર શિક્ષણ અને કૌશલ્ય પ્રાપ્ત કરવાની તક પૂરી પાડવી.

BAOUની વિશેષતાઓ

- ૮૦થી વધારે અભ્યાસક્રમો
- ૨૫૪થી વધારે અભ્યાસકેન્દ્રો
- એસસી, એસટી અને વિચરતી જનજાતિ સેલ
- અત્રિ - સ્પેશિયલ લર્નર સપોર્ટ સેન્ટર
- ગાર્ગી - સેન્ટર ફોર ધ હોલિસ્ટિક ડેવલપમેન્ટ ઑફ વિમેન
- ગુરુકુળ- મૉડલ સ્ટડી સેન્ટર
- ઈનોવેશન - સ્ટાર્ટઅપને પ્રોત્સાહન માટે દ્રોણાચાર્ય કેન્દ્ર
- લેટરલ એન્ટ્રી, ફ્લેક્સિબલ એક્ઝિટ
- અધૂરો અભ્યાસ પૂરો કરવા ક્રેડિટ ટ્રાન્સફરની સુવિધા
- ચોઇસ બેઝ્ડ ક્રેડિટ સિસ્ટમ
- ઓન-ડિમાંડ એક્ઝામ
- રાઉન્ડ ધ યર એડમિશન

"દિમાગની કેળવણી જ
માનવજીવનનો
મુખ્ય ઉદ્દેશ હોવો જોઈએ...
જિંદગી લાંબી જ નહિ,
મહાન પણ હોવી જોઈએ."

- ભારતરત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકર

ટેક્નોલોજીનો ઉપયોગ

- ઓનલાઇન પ્રવેશ
- કેશ-લેસ કેમ્પસ
- એકલવ્ય - સ્ટુડન્ટ સપોર્ટ પોર્ટલ
- મોબાઇલ એપ્લીકેશન
- અત્યંત સુરક્ષિત પરીક્ષા વ્યવસ્થા
- વાઇ-ફાઇ અનેબલ કેમ્પસ
- સોશિયલ મીડિયામાં પ્રભાવી ઉપસ્થિતિ
- નમસ્તે BAOU!

આધુનિક સુવિધાઓ

- આધુનિક વેબસાઇટ
- ઓમકાર-ઈ
- સ્વાધ્યાય ટીવી
- સ્વાધ્યાય રેડિયો
- વર્ચ્યુઅલ ક્લાસરૂમ
- ઈ-એસએલએમ
- વંદે ગુજરાત એજ્યુકેશન ચેનલ - ૧૬
- સ્ટેટ-ઓફ-ધ-આર્ટ ચૈતન્ય સ્ટુડિયો

કુલપતિશ્રી
પ્રો. (ડૉ.) અમી ઉપાધ્યાય
@ProfAmiUpadhyay



આપ સૌને
દિવાળી તથા નૂતન વર્ષની
હાર્દિક શુભકામનાઓ...

"Jyotirmay" Parisar, Dr. BAOU Marg, S.G. Highway, Chharodi, Ahmedabad - 382481

વખત લાગેલો. વિવિધ જ્યોતિષીઓ અને જ્ઞાનીઓ સાથે ચર્ચા છતાં તેઓ કાલસર્પ યોગનો તાગ પામી શક્યા નહોતા. છેવટે જિંદગીની ઉત્તરાવસ્થામાં એમને એક વૃદ્ધ સાધુનો ભેટો થયો. જેમણે તેમને કાલસર્પ યોગ વિશે સુયોગ્ય સંતોષકારક માહિતી આપી. એટલું જ નહીં, તેમણે કહ્યું કે, અમૃતાજીની કુંડળીનો કાલસર્પ યોગ શુભ હતો, કારણ કે તે યોગ 'કાલસર્પ છત્ર યોગ' હતો. લેખિકા લખે છે, 'એનો અર્થ એમ કે મારે આજીવન સર્પની ફેલાવેલ ફેણના ઓછાયામાં જીવવાનું છે.' (પૃ.૨૮) તો વળી સ્વપ્ન તેમ જ સ્વપ્નનું રહસ્ય પામવાનું લેખિકાનું અદમ્ય આકર્ષણ આ પુસ્તકનું વાંચન રોચક બનાવી દે છે. સ્વપ્ન થકી જાણે વાચક લેખિકાની અચેતન અવસ્થા સુધી પહોંચી જાય છે.

જેમ પથ્થરનો કાયાકલ્પ કોઈ માનસિક ચેતનાના સ્પર્શથી થતો હોય છે, બરાબર તે જ પ્રકારે મનુષ્યનો કાયાકલ્પ તેની પોતાની માનસિક ચેતના થકી થતો હોય છે

વર્ષો પહેલાં અમૃતાજીએ પોતાની પ્રિય બહેનપણી તથા જ્ઞાનપીઠ વિજેતા ઇન્દિરા ગોસ્વામીની આત્મકથા 'અન ફિનિશ્ડ ઓટોબાયોગ્રાફી'ની પ્રસ્તાવના લખેલી. મને સ્મરે છે કે એ પ્રસ્તાવનામાં એમણે ઇન્દિરાજીના જન્માક્ષરની વાત માંડીને કરેલી. આ બંને જ્ઞાનપીઠ વિજેતા લેખિકાઓના સખ્યનું એક કારણ તે બંનેની ગૂઢ જ્ઞાનમાં રહેલી રુચિ હતું તેમ મને ઇન્દિરા ગોસ્વામીએ કહેલું.

અમૃતા પ્રીતમની પ્રથમ આત્મકથા 'રસીદી ટિકિટ'ની તુલનામાં પ્રસ્તુત આત્મકથા તદ્દન ભિન્ન છે. 'રસીદી ટિકિટ' જાણે નિરભ્ર આકાશ તળે સમજણના સુઘળ ચોખ્ખા અજવાળામાં લખાયેલ આત્મલેખન છે. જેમાં કવિ હૃદય, પ્રેમભૂખી, સ્વાભિમાની સ્ત્રીનો ઝુરાપો અને આત્મસમ્માન કાજે જીવન સંઘર્ષ છે. પોતાની શરતે જીવવાની તત્પરતા છે. જ્યારે 'અક્ષરોં કે સાયે'માં એવો કોઈ સંઘર્ષ, આકાંક્ષા કે તત્પરતા નથી. અહીં છે એક પ્રકારની સ્થિરતા. સાગર જેવું ઊંડાણ અને સમત્વ. મનુષ્ય જીવન વિવિધ ઓછાયા તળે જીવાતું હોય છે એવી પાકી સમજણ અને તેમાંથી ઉદ્ભવતો સહજ સ્વીકાર. તેમ જ અલૌકિક દિવ્ય શક્તિઓ પ્રત્યે સમર્પણ. આ પુસ્તક લેખિકાને એક વ્યક્તિ કરતાં વૈશ્વિક સામૂહિક ચેતનાના અંશ તરીકે સ્થાપિત કરે છે. અહીં વર્ણવાયેલ તેમની આત્મખોજ કોઈ પણ સંવેદનશીલ મનુષ્ય માત્રની આત્મખોજ હોઈ શકે. તેમની આ ખોજ વિશ્વ આખું ખૂંદી વળીને કશુંક પ્રાપ્ત કરી લેવાની નથી. આ ખોજ 'હુંથી તું' કે 'હુંથી આપણે' સુધીની પણ નથી. આ ખોજ છે, 'હુંથી હું' સુધીની, જે લેખિકાની આત્મકથાનું હાર્દ છે. આ સંદર્ભે અમૃતાજી લખે છે,

यह मैं से मैं तक की यात्रा है
गुलामी से महोब्बत तक की यात्रा
जड से चेतन तक की यात्रा
अक्षर से अर्थ तक की यात्रा
और महदूद से लामहदूद तक की यात्रा
यानि सीमित से असीमित की यात्रा (पृ.१०७)

અનુભવી સર્જકના હાથમાં પથ્થર જેવો સામાન્ય વિષય પણ કેવું સુંદર રૂપ ધારણ કરી લે છે તેનો એક નમૂનો તેમના આ પુસ્તકમાંથી પ્રસ્તુત છે.

પથ્થર તો પથ્થર છે

પથ્થર તો પથ્થર છે. એ પથ્થર કોઈ ગાંડાના હાથ લાગે તો ઘાવ બની જતો હોય છે. કોઈ માઇકલ એન્જેલોનો સ્પર્શ પામે તો આવડતનો બેનમૂન ખજાનો બની જતો હોય છે. જો કોઈ ગૌતમનો સંગ મળે તો તે વજાસન બની જાય. કોઈ હીરાઘસુ તેના કણકણને સ્પર્શી લે તો તે હીરો બની જાય.

જેમ પથ્થરનો કાયાકલ્પ કોઈ માનસિક ચેતનાના સ્પર્શથી થતો હોય છે, બરાબર તે જ પ્રકારે મનુષ્યનો કાયાકલ્પ તેની પોતાની માનસિક ચેતના થકી થતો હોય છે. મનુષ્ય પાસે કુદરતનું સૌથી મોટું વરદાન તેની માનસિક ચેતના છે. (પૃ.૧૨૬)

અમૃતા પ્રીતમ (૧૯૧૯-૨૦૦૫)ના દેહ વિલયના માત્ર થોડા મહિના પહેલાં પ્રકાશિત 'અક્ષરોં કે સાયે' (૨૦૦૪)ના અંતિમ પૃષ્ઠો જીવનસરિતાને સામે કાંઠે જવા માટે સજ્જ, નિર્ભીક મનુષ્યને આલેખે છે. ■

Girishbhai Gandevikar Jewellers Pvt. Ltd.

શુકનનું સોનું તો ગણદેવીકરનું જ...

SPECIAL WEDDING COLLECTION

upto **25%** **Discount**
on Making Charges of
Gold & Diamond Jewellery

- Certified Gold & Diamond Jewellery
- Silver Utensils
- Designer Platinum Jewellery
- Genuine Gemstones

Girishbhai Gandevikar Jewellers Pvt. Ltd.

NEAR JETALPUR BRIDGE

3-B Anandnagar Society, Jetalpur Road Crossing, Near Traffic Signal, Jetalpur Road, Alkapuri, Vadodara. **Ph.** 0265-2344421, 2984000 **M.** 9924088897 9925579655

ALL DAY OPEN

પ્રેમનાં કલામય રૂપો



પ્રેમ જીવનનું સૌંદર્ય છે અને હયાતીનો આધાર છે. કોઈ ગમી જાય, કોઈને ગમી જવું, કોઈને ખૂબ ખૂબ ચાહવું એ બધું કેવું તો મધુર હોય છે! પ્રેમ માનવજીવનનું સૌથી સુંદર સત્ય છે. માણસ પોતાની હયાતીને અનેક રીતે પામે છે, પરંતુ એમાં પ્રેમનું સ્થાન જ કેન્દ્રરૂપ છે. જો પ્રેમ નથી તો જીવવાનો આનંદ જ નથી.

નિસર્ગ **આહીર**

'આ જ જાને કી જિદ્ ન કરો, યૂંહી પહલું મેં બૈઠે રહો; હાયે, મર જાયેંગે, હમ તો લૂંટ જાયેંગે ઐસી બાતેં કિયા ના કરો' ફરીદા ખાનમે ગાયેલી ફ્યાઝ હાશમીની નઝમ સાંભળતાં સાંભળતાં ચિત્તમાં જીવનભરના ગમતા સંબંધોનાં લેખાંજોખાં થયા કરે. 'ખરબચડું લોહી થતું રુંવાટીદાર, એવું ચોમાસું ચાર ચાર નેણનું' એમ રમેશ પારેખની કવિતા વાંચીએ ને કોઈને જોઈ-જોઈ આંખમાં ઊભરાતી મીઠાશ, શરમ અને આવેગ અનુભવ્યા હોય એનું ઘોઘમાર ઝાપટું ચોમાસાની ઋતુ વિના પણ ભીંજવી જાય. કાંટો કાઢવાનું બહાનું કરી પાછળ મુખ ફેરવી દુષ્યંતને જોઈ રહેલી પ્રથમ પ્રેમનો અનુભવ કરતી શકુંતલાનું રાજા રવિ વર્માએ કરેલું ચિત્ર જોઈએ ત્યાં તો પાછા વળી વળીને કોઈને ધારી ધારી જોયાની યાદ મનના આંગણે આવી ઊભે! ખભે હાથ મૂકી આંખોમાં આંખો પરોવી એકમેકને જોઈ રહેલાં ખજુરાહોનાં પ્રેમભાવપૂર્ણ પ્રેમીઓનું શિલ્પ જોતાં આંખોમાં નર્યો નેહ ઊભરાયા કરે. 'પાકીઝા' ફિલ્મમાં રાજકુમાર મીનાકુમારીને કહે, 'આપ કે પાંવ દેખે, બહુત હસીન હૈ, ઇન્હે ઝમીં પર મત ઉતારીયેગા, મૈલે હો જાયેંગે' એવું દ્રશ્ય જોઈને અનુરાગની અદ્ભુત ક્ષણો હૃદયમાં રેશમ રેશમ પાથરી રહે. વિચાર તો કરો : આપણા પ્રેમની સમજ અને સુંદરતા કેળવવામાં સંગીત, સાહિત્ય, ચિત્ર, શિલ્પ, નાટક, સિનેમા જેવી કલાઓનો કેટલો મોટો ફાળો હોય છે! સમગ્ર વિશ્વની લલિત કલાઓમાં પ્રેમ જ મુખ્ય વિષય છે. એનાં લાખો રૂપો પર દ્રષ્ટિપાત કરીએ તો જીવનનું સૌંદર્ય પૂર્ણ રૂપમાં વિલસતું અનુભવાય.

પ્રેમ માણસે કેળવેલી 'ને મેળવેલી કલા છે. પ્રકૃતિમાં જાતીય આકર્ષણ હોવું સહજ છે. એ કુદરતી છે. એવા કુદરતી અને પ્રાકૃત આકર્ષણને કલાત્મક રૂપ આપી માત્ર માણસે જ સુંદરતા, ભવ્યતા અને દિવ્યતાનો સંસાર રચ્યો છે. પ્રેમમાં પડવું એટલે જ જીવનના અજાણ્યા રસક્ષેત્રની જાતરાએ નીકળવું. ખુદને ખાલી કરી જાતમાં બીજાને ભરતાં જવું એ જ પ્રેમ છે. પોતે આઘા ખસી બીજાને આવકાર આપવાની ક્રિયાને હજારો વર્ષની કલાએ જે સુંદરતમ રૂપ આપ્યાં છે એનાથી માણસની પ્રેમની ભાવના વિકસી છે, સમૃદ્ધ બની છે. કલામાં વ્યક્ત થતો પ્રેમ આમ તો બિનઅંગત હોય, પણ એ સતત અંગત બનીને આપણને પ્રેમમય કરી દે છે. પ્રેમ થયો

MJR™ Jewels

A HOUSE OF PREMIUM JEWELLERY

ADEX-RJT

Palace Road, Rajkot. Customer Care No. : +91 97149 92149 Tele. : 0281 - 2222514.

પ્રિયજનને ગમતું કરવા માટે અને સ્વયં પ્રિયજનને પ્રિય લાગવા માટેની જે પ્રિય અને પ્રિયાની ચેષ્ટાઓ હોય છે એ મનલુભાવન હોય છે. સજવું-ધજવું, પ્રિય દર્શન માટે તડપવું, ચોરીછૂપીથી મળવું એનાં અનેકસ્તરીય આંદોલનો હોય છે

હોય કે ના થયો હોય, હૃદય તૂટ્યું હોય કે અકબંધ રહ્યું હોય, પ્રેમના અનુભવો સારા હોય કે ખરાબ હોય - પ્રેમની કલાત્મક સૃષ્ટિમાં એવી બાબતો ગૌણ બની કેવળ પ્રેમની સુંદરતા જ મુખ્ય બની રહે છે. સુખાત્મક હોય કે દુઃખાત્મક, પ્રેમ વિશેની કલા તો આનંદ જ આપે એ હકીકત છે. કલાની ભાષામાં પ્રેમનું નિરૂપણ 'શૃંગાર' કહેવાય છે. આ શૃંગારરસ પ્રેમભાવ જાગૃત કરી આસ્વાદના શિખરે લઈ જાય છે. મિલનનો સંયોગશૃંગાર હોય કે વિરહનો વિપ્રલંભશૃંગાર – બંને ભાવક માટે તો સૌંદર્ય, રસ અને આનંદની અદ્‌ભુત સૃષ્ટિ રચી આપે.

કવિઓ અને કલાકારો બધા વતી બોલતા હોય છે. એમની કલા કે પ્રસ્તુતિમાં સૌને પોતાની જ વાત વ્યક્ત થતી લાગે. કવિ મુકેશ જોષી એમ કહે 'ખોટું ન લાગે તો વાત એક કહું? હું થોડા દિવસ હવે તારામાં રહું?' એમાં કેટકેટલાની ઇચ્છાઓને વાણીનું રૂપ મળે છે! ચોમાસું આવે 'ને વિખૂટું પડેલું પ્રિયજન બધાંને યાદ આવે જ. પણ મનોજ ખંડેરિયા જેવો કવિ કહે, 'મારો અભાવ મોરની માફક ટહુકશે, ઘેરાશે વાદળો અને હું સાંભરી જઈશ' ત્યાં તો અભાવના મોરલા મોટેમોટેથી ગહેકતા સંભળાય! કલાની આ જ મજા છે. જે નથી તે ઊભું કરે, જે હોય તેને અતિશય કરી સામે ધરે...

પ્રેમ જીવનનું સૌંદર્ય છે અને હયાતીનો આધાર છે. કોઈ ગમી જાય, કોઈને ગમી જવું, કોઈને ખૂબ ખૂબ ચાહવું એ બધું કેવું તો મધુર હોય છે! પ્રેમ માનવજીવનનું સૌથી સુંદર સત્ય છે. માણસ પોતાની હયાતીને અનેક રીતે પામે છે, પરંતુ એમાં પ્રેમનું સ્થાન જ કેન્દ્રરૂપ છે. જો પ્રેમ નથી તો જીવવાનો આનંદ જ નથી. જીવવાનું, હોવાનું, કશુંક પામવાનું, કામ કરવાનું ગમે છે, કારણ કે જીવનમાં કોઈક પ્રેમથી જોડાયેલું હોય છે. આ પ્રેમનાં અનેક રૂપો છે. પ્રેમ વ્યાપક શબ્દ છે. સ્નેહ, અનુરાગ, વાત્સલ્ય, વહાલ, નેહ, પ્રીતિ, પ્રણય વગેરે. પ્રેમ એટલે કોઈને ચાહવું, પોતીકું માનવું અને એવી ગમતી વ્યક્તિને પોતે પણ ગમવા ઇચ્છવું. પ્રેમ કરતા હોઈએ એના માટે બધું જ કરવા તૈયાર હોઈએ છીએ. પ્રેમનાં અનેક રૂપોમાંથી સૌથી સુંદર અને વૈવિધ્યયુક્ત રૂપ તે પ્રણયનું, સ્ત્રી અને પુરુષના આકર્ષણ સાથેનું અદ્‌ભુત રૂપ.

પ્રેમ એક નાજુક, નમણો છતાં પ્રભાવક ભાવ છે. આનંદ, સુંદરતા, મધુરતા, કોમળતા, આર્દ્રતા, સમર્પણ, ત્યાગ, શ્રદ્ધા, વિશ્વાસ જેવાં માણસનાં મૂળભૂત મૂલ્યો એના મહત્તમ રૂપમાં વણાયેલાં છે. પ્રેમ થવો, વિકસવો, સુંદરતમ થવો, પાકટ થવો, પૂર્ણતામાં વિરમવો, ખંડિત થવો, અપૂર્ણ રહેવો એ પ્રેમના આયામો છે. આંખ મળવી, કોમળ શબ્દ સાંભળવો 'ને એ રીતે પ્રીતિ થવી કેટલી તો રમ્ય હોય છે! પછી પ્રેમ પ્રગટ કરવાની તાલાવેલી અને અવઢવ, સ્વીકાર-અસ્વીકારની દહેશત, પ્રણયના એકરાર સાથે સંકળાયેલ આશંકા, પ્રેમ વ્યક્ત કરવાની રીતિ – આ બધું ખૂબ જ પજવે છતાં મનને ગમે તેવું હોય છે. અજાણ્યાને અંગત કરવા માટેની આ પ્રારંભિક ગતિવિધિ બહુ જ રમણીય હોય છે. શરમ, સંકોચ, ડર, ગભરાટ, આનાકાની, અવઢવનાં બહુ જ નાજુક-નમણાં સંવેદન મમળાવવા જેવાં હોય છે. સ્વીકૃતિ પછીનો તબક્કો વધારે મધુર અને આશ્વસ્ત કરનારો હોય છે. પ્રિયજનને ગમતું કરવા માટે અને સ્વયં પ્રિયજનને પ્રિય લાગવા માટેની જે પ્રિય અને પ્રિયાની ચેષ્ટાઓ હોય છે એ મનલુભાવન હોય છે. સજવું-ધજવું, પ્રતીક્ષા કરવી, પ્રિય દર્શન માટે તડપવું, આતુરતાથી રાહ જોવી, ચોરીછૂપીથી મળવું એનાં અનેકસ્તરીય આંદોલનો હોય છે. શરમથી જોવું, બોલવું હોય પણ બોલી ન શકાય, જાણીને કે અજાણતાં થઈ જતો સ્પર્શ, હૈયે ઊઠતાં મીઠાં કંપન અને સ્પંદન, ગરમ થઈ ગયેલા લોહીનો ધમધમાટ એ બધું આનંદની મહેક જેવું હોય છે.

પ્રણયની સમયાંતરે ઉદ્‌ભવતા, વિલસતા શરમ, સંકોચ, રોમાંચ, ભીરુતા, કંપન, પ્રસ્વેદ, આવેગ, ઉન્માદ, ઉત્કટતા જેવા ભાવને જો ઝીણી રીતે જોયા હોય તો પ્રેમના અનેક રંગોનો ચંદરવો માણી શકાય. દર્શન, તીરછી નજર, સ્પર્શ, ચુંબન, આલિંગનની ચેષ્ટાઓમાં જાત જાતના પ્રેમના રંગ ઘૂંટાતા રહે છે. સંયોગ અને વિયોગના કિનારા વચ્ચે મિલન, ઝંખના, તડપન, તાલાવેલી, ઉત્સુકતા, અધીરાઈ, બેચેની, અજંપો, સ્મૃતિભ્રંશ, વિરહ, તડપન, બેવફાઈ, ઈર્ષ્યા, નફરત, ફિટકાર, વંચના, આત્મપ્રતારણા, પત્રલેખન, મુખોમુખ દર્શન જેવી કેટકેટલી ક્રિયા-પ્રતિક્રિયાઓ વહેતી હોય છે!

ભારતીય સાહિત્ય અને કલા પ્રેમ, શૃંગાર અને કામકલાથી

Reliance
Growth is Life

Reliance Jewels
BE THE MOMENT

કાસ્યમ કલેક્શન

જે પ્રેરિત છે બનારસની દિવ્યતાથી

SETAT21FA

Kaasyam

DIVE INTO DIVINITY

કોર્પોરેટ/સંસ્થાકીય પૂછપરછ માટે સંપર્કઃ 98442 45664 | અમને ફોલો કરોઃ



કોઈ પૂછે કે જગતનું શૃંગારરસનું અને કામકલાનું ઉત્તમ સાહિત્ય ક્યાં છે? તો એનો ઉત્તર છે : ભારતમાં. પ્રેમનાં ઉત્તમ ચિત્રો અને શિલ્પો પણ ભારતમાં જ છે, પણ હાલમાં દેશમાં અત્યારે પ્રેમની દયાજનક સ્થિતિ છે એમ નથી લાગતું?

અત્યંત સમૃદ્ધ છે. પરંપરાગત રીતે પ્રેમની દસ અવસ્થાઓ દર્શાવવામાં આવી છે : અભિલાષ, ચિંતન, અનુસ્મૃતિ, ગુણ, કીર્તન, ઉદ્વેગ, વિલાપ, ઉન્માદ, વ્યાધિ, જડતા અને મરણ. તો, કામશાસ્ત્રમાં દસ પ્રકારની કામકલા નિરૂપવામાં આવી છે : આલિંગન, ચુંબન, નખક્ષત, દન્તક્ષત, સીત્કૃત, પાણીઘાત, સંવેશન, ઉપસૃપ્ત, ઔપરિષ્ટક અને પુરુષાયિત. 'ગાથાસપ્તશતી', 'અમરુશતક', 'શૃંગારશતક' અને સેંકડો ગ્રંથોનું સંસ્કૃત, પ્રાકૃત, અપભ્રંશ સાહિત્ય શૃંગારરસને એની ઉત્તમતામાં પ્રગટ કરે છે. 'કામસૂત્ર', 'રતિરહસ્ય', 'અનંગરંગ' જેવા સોથી વધુ સંસ્કૃત ગ્રંથો કામશાસ્ત્રની રીતિએ પ્રેમ કરવાની કલા શીખવે છે. કોઈ પૂછે કે જગતનું શૃંગારરસનું અને કામકલાનું ઉત્તમ સાહિત્ય ક્યાં છે? તો એનો ઉત્તર છે : ભારતમાં. એટલું જ નહીં, કામ અને પ્રેમનાં ઉત્તમ ચિત્રો અને શિલ્પો પણ ભારતમાં જ છે. પ્રેમ અને કામનું મુક્ત રીતે, સમૃદ્ધ રીતે મહત્ત્વ કરનારા આ દેશમાં અત્યારે પ્રેમની દયાજનક સ્થિતિ છે એમ નથી લાગતું? આપણે આગળ જઈ રહ્યા છીએ કે પાછળ એવો પ્રશ્ન પણ થાય.

લોકસાહિત્ય તો લોકોની સહજ, સરળ સંવેદનાનું ગાન છે. લોકસંગીતમાં પણ પ્રેમની એવી જ મધુરતા છે. લોકો દુહા લલકારતા એમાં પ્રિયમિલનનો હરખ કેવો છે? :

'જેની જોતાં વાટ, ઈ માનવી આવી મળે;
હૈયાનાં ઊઘડે હાટ, કૂચી નહિ કામની.'

તો પ્રેમને કારણે બળવું એ બળાપો સાવ અનોખો છે એનો અનુભવ કોને નથી હોતો? લોકકવિ કેટલી તીવ્રતાથી કહે છે :

'કાષ્ઠ બળી કોયલા થયા, કોયલા બળી થઈ ખાખ;
પ્રીત થકી એવી બળી, ન કોયલા ન રાખ.'

દરેક પ્રાંત, દરેક પ્રદેશનું આગવું લોકસાહિત્ય છે, લોકસંગીત છે જેમાં પ્રેમની એની તમામ સુંદરતા સાથે પ્રગટ થતો હોય. આ પંક્તિ જોઈએ :

'સાજન કો પતિયાં લિખું, જો કહું હોય બિદેશ;
તન મેં, મન મેં, નયન મેં, તા કો કહાં સંદેશ?'

પ્રિયતમ વિદેશ હોય તો પત્ર લખું ને? જે સતત એકરૂપ થઈ અંગેઅંગ ભળી ગયો હોય એને સંદેશો શું પાઠવવો? તો, વિરહને વ્યક્ત કરતી આ રચના જુઓ :

'કાગા, સબ તન ખાઈઓ, ચૂન ચૂન ખાઓ માંસ,
દો નૈના મત ખાઈઓ, મોહે પિયા-મિલન કી આસ.'

પ્રિયતમના વિરહમાં દીવાની બની ગયેલી પ્રિયા કહે કે, કાગડાઓ મારા શરીર પરનું બધું માંસ ભલે ખાઈ જાઓ, પણ મારી બે આંખો ખાશો નહિ. એ આવશે જ એવી આશા છે. મારો પ્રિયતમ જોવો છે આ આંખોથી!

ગુજરાતના કવિઓએ પ્રેમને જે રીતે વ્યક્ત કર્યો છે એને સમગ્ર રીતે મૂકીને જોઈએ તો મધુરતાનો મહેરામણ જ છલકાતો લાગે. સુરેશ જોષીના 'ઇતરા', રાજેન્દ્ર શુકલના 'મેઘધનુના ઢાળ પર', રમેશ પારેખના 'વિતાન સુદ બીજ', હરીશ મીનાશ્રુના 'પ્રેમસૂક્ત' જેવા સંગ્રહોમાં પ્રેમની જે ગહનતા અને મધુરતા છે એ ગુજરાતી સાહિત્યની મોંઘી મિરાત છે. સુરેશ જોષી કહે છે :

'કાલે જો પવન વાય તો કહેજો કે
કિશોર વયમાં એક કન્યાના ચોરી લીધેલા સ્મિતનું પક્વ ફળ
હજી મારી ડાળ પરથી ખેરવવું બાકી છે'

કોની આંખે આવાં સ્મિત નહિ ચોર્યા હોય? અને એ તો ફળ થઈ પાકે પણ જિંદગીભર ખર્યા વગર વળગી રહે. રાજેન્દ્ર શુકલની કવિતામાં પ્રેમ ખૂબ સૂક્ષ્મ રીતે, છતાં ભવ્ય-દિવ્ય રીતે વ્યક્ત થાય છે. એ કહે છે :

'વાતો રહી ગઈ એ કસુંબલ મિજાજની,
એ ઘેન, એ ઘટા, એ ઘૂંઘટ સહુ સરી ગયા.'
'તમ વિણ સાજન, ભર્યા લોકમાં,
ઓતાર રહ્યો છે ઊણો ઊણો.'

લોકસાહિત્ય અને સોરઠી બાનીમાં બધું સરળ રીતે કહેનાર આ કવિની કેટલીય રચનાઓમાં પ્રેમની નિગૂઢ અભિવ્યક્તિ છે.

આપણા સમયના પ્રેમને અત્યંત સૂક્ષ્મતાથી રજૂ કરનારા કવિ છે હરીશ મીનાશ્રુ. એની આ રચનાનું સૌંદર્ય તો પ્રેમને એની વ્યાપકતામાં પામનાર સહૃદય ભાવક જ પામી શકે :

'તમે પુષ્પ ચૂંટ્યું
તો મેં ગંધ
તમે પાદુકા ઉતારી

PATOLA

BY NAVDIP TUNDIYA

Exclusive Patola Show Room

Saree | Duppatta | Cluches | Batva | Sendal | Jackets | Pocket Square

Double Ikkat Patola | Single Ikkat Patola | Rajkoti Patola

SHOW ROOM

Ahmedabad :
112, Stellar,
Sindhu Bhavan Marg

Rajkot :
8, Madhav Complex, Dr. Yagnik Road
Opp. The Imperial Palace Hotel

M. 93740 24811



કોઈ-
ના સ્પર્શથી
ભીંજાયેલી છોકરીમાં અંદર
એવું તો તોફાન જાગે કે હોનારત
થઉં થઉં થયા કરે. પ્રેમના અનુભવને
આથી વિશેષ તો કોણ વ્યક્ત કરે? જેને
પ્રેમપદારથ જ સર્વસ્વ હોય એના
માટે ચુંબનની પળથી ઉત્તમ
બીજું કશું ન લાગે

તો મેં પંથ
તમે ત્યજ્યાં પટકૂળ
અને મેં ત્વચા
હવે ઝળહળે તે કેવળ પ્રેમ.'

રમેશ પારેખ તો સરળ છતાં સૂક્ષ્મતા રીતે પ્રેમનાં અગણિત રૂપો સાવ નિરાળી રીતે વ્યક્ત કરી ભાવશબલિત કરી દે :

'એક છોકરીની ત્વચા તળે એવો વરસાદ થયો...
એવો વરસાદ થયો કે હોનારત થાઉં થાઉં થાઉં થાઉં થાય.'

વરસાદ બહારથી ભીંજવે એવું થોડું હોય? કોઈના સ્પર્શથી ભીંજાયેલી છોકરીમાં અંદર એવું તો તોફાન જાગે કે હોનારત થઉં થઉં થયા કરે. પ્રેમના અનુભવને આથી વિશેષ તો કોણ વ્યક્ત કરે? વાહ, ર.પા.! જેને પ્રેમપદારથ જ સર્વસ્વ હોય એના માટે ચુંબનની પળથી ઉત્તમ બીજું કશું ન લાગે. પ્રેમીઓની શહેનશાહી તો પ્રેમ જ હોયને? ર.પા. કહે —

'મારી પાસે છે એ તારા પહેલા ચુંબનની મૂડી,
સૌને સૌની આગવી એક શહેનશાહી હોય છે.'

પ્રથમ પ્રણયાનુભૂતિ, પ્રેમારંભ આ જગતની સૌથી સુંદર ઘટના છે. અજાણ્યું આત્મીય બને, પારકું પોતાથીયે અધિક પ્રિય થઈ જાય એના આરંભની ક્ષણો કવિ 'સૈફ' પાલનપુરી કેવી રીતે આલેખે છે! —

'કેટલો નજીક છે આ દૂરનો સંબંધ પણ,
હું હસું છું એકલો, એ એકલાં શરમાય છે.'

પ્રેમ સામાન્યતઃ આંખથી થાય છે. એક તારામૈત્રક રચાય અને પરાયું પારકું થઈ જાય. દિલ દેવાતું નથી હોતું, દેવાઈ જાય છે અને કોઈકે ચોરી લીધેલું દિલ પાછું એમ ને એમ આપણને મળે જ નહિ. પ્રેમ થવાની આ નાજુક-કોમળ ઘટનાને મનહર મોદી તીવ્રતાથી પ્રગટ કરે છે :

'દિલ તમોને આપતાં આપી દીધું, પામતાં પાછું માપી લીધું,
માત્ર એક જ ક્ષણ તમે રાખ્યું છતાં ચોતરફથી કેટલું કાપી લીધું !'

પ્રેમીને મળીએ એ પહેલાં અનેક વાત કહેવાની મનમાં હોય પણ મળ્યા પછી બધું ભૂલાઈ જાય. સાથે હોવું એ જ પૂરતું. રાજેન્દ્ર શાહ કેટલી કમનીયતાથી આ ભાવ વ્યક્ત કરે છે ! —

'સંગમાં રાજી રાજી,
આપણ
એકબીજાના સંગમાં સંગમાં રાજી રાજી;
બોલવા ટાણે હોઠ ખૂલે નહિ,
નેણ તો રહે લાજી.'

આ જમાનો ભલે ફોન પરના મેસેજનો હોય, પરંતુ પ્રેમપત્રની લીલા જ ન્યારી. કેવું લાગે પ્રેમપત્ર મળ્યે? કવિ મુકેશ જોષી કહે :

'આજે તારો કાગળ મળ્યો
ગોળ ખાઈને સૂરજ ઊંઘે
એવો દિવસ ગળ્યો.'

પ્રિયતમાની નાનીનાની ચેષ્ટાઓ, ક્રિયા-પ્રતિક્રિયાઓ, ગમતીલી ગતિવિધિઓને કવિઓએ જે વળ ચડાવ્યા છે એ આપણા ભાવલોકમાં વમળાતા જ રહે છે. વિનોદ જોશીની આ રચના તો જુઓ! -

'ટચલી આંગલડીનો નખ,
લટમાં પરોવી હું તો બેઠી, સજન!
મુંને એક વાર કાગળ તો લખ.'

આંગળીથી વાળની લટને રમાડતી રમણીનો કાગળ લખાવવા માટેનો આ કીમિયો કેવો તો લાલિત્યમય છે! કાગળમાં લખાતું નામ જુદું 'ને નદીની ભીની રેતમાં લખાતું નામ પણ જુદું. ક્રિયા ભલે જુદી હોય, સંવેદન તો સંબંધની મધુરતાને દ્રઢ રીતે પામવાના જ છે. સુરેશ દલાલ કહે છે :

'ફૂલપાંદડી જેવી કોમળ
મત્ત પવનની આંગળીએથી
લાવ, નદીના પટ પર તારું નામ લખી દઉં.'

પ્રેમ થવાની ઘટના અને પ્રેમ થયા પછી સૌંદર્યમય પ્રેમ ચાખવાની ઘટના ઉદયન ઠક્કર નટખટ બાનીમાં રજૂ કરે છે :

'પ્રેમ અમારો મહાદેવ ને અમે પ્રેમના નંદીજી,
આંખ મારતી જે જે છોરી, અમે એમના બંદીજી;
એક છોકરીએ અંગોમાં સાગરનાં મોજાં રાખ્યાં છે,
અટકળની આ વાત નથી, મેં થોડાં થોડાં ચાખ્યાં છે.'

પ્રેમ થયા પછી, વર્ષો પછી પહેલા પ્રેમની શરમાળ અભિવ્યક્તિ પ્રિયાને પૂછવામાં પણ પ્રેમની અધિકતા જ દેખાઈ આવે. શોભિત દેસાઈની આ પંક્તિમાં કેવી તો નમણાશ છે! —

Shilpa
LIFESTYLE
The Jewellery People

Celebrate the festivities in style, with the sparkle of diamonds & glow of gold!

Call 9713697136 for more details

Shilpa Lifestyle, Palace Road, Rajkot



‘ગઝલ’ એટલે જ પ્રિયજન સાથેની વાતચીત. ઉર્દૂ ગઝલમાં, શે’ર-શાયરીમાં પ્રેમનો રંગ વિશેષ ઘૂંટાયો છે. ઈશ્કે હકીકી અને ઈશ્કે મિજાજી અત્યંત પ્રભાવક રીતે આવે છે એમાં. ભાવક પોતાની સ્થિતિ અનુસાર પ્રેમનો અર્થ પામી શકે

‘હાથ આડા કોઈ ચહેરાની ઉપર ધરતું હતું એવું તને કંઈ યાદ છે?
રેશમી ગુલમ્હોર જેવું આંખથી ખરતું હતું એવું તને કંઈ યાદ છે?’

પ્રેમી અત્યંત પ્રેમથી એકરાર વિશે પૂછે તો ફટ્ટાક કહીને ના ન પાડી દેવાય. પ્રેમ તો બહુ મોંઘી ને મૂલ્યવાન ઉપલબ્ધિ છે. હા, મજબૂરી હોય તો સમજીએ પણ ખરા. ને ભોળા પ્રેમીઓને સમજાય પણ નહિ કે પ્રેમ થવો પૂરતો નથી, એને નિભાવીને સુંદરતમ કલા હસ્તગત કરવી જ પડે. મરીઝની પ્રસિદ્ધ ગઝલના આ શે’રમાં પ્રેમનું રસાયન કેટલું સહજ રૂપ ધરે છે :

‘હું ક્યાં કહું છું આપની ‘હા’ હોવી જોઈએ,
પણ ‘ના’ કહો છો એમાં વ્યથા હોવી જોઈએ.
મેં એનો પ્રેમ ચાહ્યો બહુ સાદી રીતથી,
નહોતી ખબર કે એમાં કલા હોવી જોઈએ.’

પ્રેમના મીઠામધુર ભાવની જેમ જ કડવા-કરુણાસભર ભાવ પણ કવિઓએ તીવ્રતાથી ગાયા છે. સંબંધ છૂટવાથી એક વાર પ્રિયજન સાથે જીવેલું જીવન કંઈ સહજ રીતે છૂટે નહિ. પ્રેમની મધુરતા અને પીડા મરણપર્યંત સાથે રહે. પ્રેમાનુભૂતિ તો કાયમ તાજી રહે. અમૃત ‘ઘાયલ’ કહે છે :

‘હજી આંખમાં જાણે ફરકે છે કોઈ,
હજી મીઠું શરમાઈ મરકે છે કોઈ,
વિખૂટાં પડ્યાં તોય લાગે છે, ‘ઘાયલ’,
હજી પણ રગેરગમાં સરકે છે કોઈ.’

પ્રેમ પરથી વિરહના પથ પર નીકળી પડેલ પ્રિયજનને આવવાની શક્યતા તો ઓછી હોય, પણ એના આગમનની આશા તો કદી મરતી જ નથી. નકારમાં પણ સકારાત્મકતા ભળેલી હોય એ જ પ્રેમીઓને જિવાડે છે. ‘સૈફ’ પાલનપુરીનું કહેવું છે કે –

‘કોઈ પગલાં, કોઈ પગરવ ન હતાં દૂર સુધી,
તોય મેં તો ઘરની સીમાઓને સજાવી રાખી,
આપ નહીં આવો એ નક્કી જ હતું પણ મેં તો
મારા હૈયાથી આ વાતને છાની રાખી.’

કોઈકને ખૂબ ચાહીએ એટલે સામેનું પાત્ર કદીક ગુમાનમાં રાચે. પ્રેમિકા માટે પ્રેમીએ કરેલ સમર્પણ, આપેલ સાથને કારણે પ્રેમિકાની પ્રગતિ થાય એમાં પ્રેમીનો હિસ્સો જ ન જુએ એ કેટલી કરુણતા હોય છે. આવી સ્થિતિ સામે આવે ત્યારે ચિનુ મોદીની જેમ વેદનાથી પૂછી જવાય છે :

‘કોક દરિયાને મળેલી હે નદી!
તું તને મારા વગર કલ્પી તો જો!’

અને મન વગર, એક ટેવ કે માત્ર આશ્વાસન ખાતર યંત્રવત્ મળતા પ્રેમીઓથી કદરૂપું, કરુણ બીજું કશું નથી હોતું. એક બાજુ પ્રેમની તીવ્રતા અને બીજી બાજુ માત્ર ક્રિયા... હાય રે! ચિનુ મોદી પાણી વગર જ છલકાતા સરોવરની પીડા વેધક રીતે અભિવ્યક્ત કરે છે :

‘તું મને મળતી ખરી પણ મન વગર,
ઝાંઝવાં બનતાં સરોવર, જળ વગર,
સૂર્યસ્પર્શે ઓસ તો ઊડી ગયું,
હું તને મળતો રહ્યો કારણ વગર.’

પ્રિયજનનો વિયોગ હોય ત્યારે બધું વસમું લાગે. જીવન રસકસ વગરનું થઈ જાય. પ્રેમી આવે તો જીવવાનું કારણ મળે, સૌંદર્ય પણ મળે. શ્યામ સાધુનું ઈજન, આમંત્રણ કેવું દર્દીલું છે! -

‘ક્યાંક ઝરણાંની ઉદાસી પથ્થરો વચ્ચે પડી છે,
ક્યાંક તારી યાદની મોસમ રડી છે,
આવ, મારા રેશમી દિવસોના કારણ,
જિંદગી જેને કહે છે એ અહીં ઠેબે ચડી છે.’

‘ગઝલ’ એટલે જ પ્રિયજન સાથેની વાતચીત. ઉર્દૂ ગઝલમાં, શે’ર-શાયરીમાં પ્રેમનો રંગ વિશેષ ઘૂંટાયો છે. દુન્યવી અને દિવ્ય – ઈશ્કે હકીકી અને ઈશ્કે મિજાજી અત્યંત પ્રભાવક રીતે આવે છે એમાં. ભાવક પોતાની સ્થિતિ અનુસાર પ્રેમનો અર્થ પામી શકે. ‘જફર’ જેવો શાયર તો કહે છે કે જીવનમાં જે કંઈ પામ્યા તેના મૂળમાં તો કોઈકના થઈને પ્રેમ કર્યો એ જ છે :

‘ન કુછ હમ હંસ કે શીખે હૈં,
ન કુછ હમ રો કે શીખે હૈં,
જો કુછ થોડા સા શીખે હૈં,
કિસી કે હો કે શીખે હૈં.’

શાયર ‘હાલી’ પ્રેમ થવાની સુંદરતમ ઘટનાને વ્યક્ત કરતાં કહે છે કે કોઈ સહજ રીતે જ દિલમાં આવીને સમાઈ જાય એ જ પ્રેમ છે :

‘ઈશ્ક સુનતે થે જિસે હમ, વો યહી હૈ શાયદ,
ખુદ-બ-ખુદ દિલ મેં હૈ ઈક શખ્સ સમાયા જાતા.’

The majestic
finesse of
Simplicity!
Discount on Labour
₹
1250
Per. 10 Gram
HALLMARKED GOLD
GOLD YOU CAN TRUST
916
ભારત સરકાર માન્ય હોલમાર્ક જ્વેલર્સ
Vajubhai Jewellers
Palace Road, Rajkot. Ph.: 2232232, 2230901
90163 99001



સિનેમાએ પ્રેમના કલામય રૂપનો અસીમ વિસ્તાર કર્યો છે. સામાન્યતઃ એક પ્રેમકથા હોય છે સિનેમામાં. નાયક અને નાયિકા વચ્ચે ઉદ્‌ભવતા, વિકસતા, અવરોધાતા પ્રેમનાં અત્યંત નયનરમ્ય દ્રશ્યો દર્શકોના પ્રેમને બળ આપે છે

'ગાલિબ'ની અભિવ્યક્તિ વિશે તો શું કહેવું? ખૂબસૂરત પ્રિયાની ઝુલ્ફ, કેશરાશિ જે તરફ ઢળેલી હોય એવા સદ્‌નસીબ વ્યક્તિનું જ જીવન ધન્ય છે. નીંદર, ચિત્ત, રાત એ બધું જ કામણથી તર થઈ જાય :

'નિંદ ઉસકી હૈ, દિમાગ ઉસકા હૈ, રાતેં ઉસકી હૈ,
તેરી ઝુલ્ફેં જિસકે બાજુ પર પરીશાં હો ગઈ.'

'ગાલિબ' કહે છે કે પ્રેમમાં પડ્યા પછી જીવન અને મરણ વચ્ચે ફરક રહેતો નથી. જે પ્રાણ જેટલા નાજુક હોય એવી વ્યક્તિને જ જોઈને જ જીવન ટકી રહે છે :

'મોહબ્બત મેં નહીં હૈ ફર્ક જીને ઔર મરને કા,
ઉસી કો દેખકર જીતે હૈં, જિસ કાફિર પે દમ નિકલે.'

જેના પર દિલ વારી ગયું હોય એવી સુંદરતમ પ્રિયતમા ચહેરા પર પાલવ ઢાળ્યા વિના જો નિકળે તો કેટલાય યુવાનો ઘાયલ થઈ જાય. શાયર સૈદ રાહી કહે છે કે જોઈએ તો ખરા, આજે કોનું કોનું મોત આવે છે! –

'જાને કિસ કિસ કી મૌત આઈ હૈ,
આજ રુખ પે કોઈ નકાબ નહીં.'

દિલનું ચૈન, જીવનનો પ્રાણાધાર બનેલી પ્રિયતમા દૂર થાય તો ગમે જ નહિ. જાણે કોઈ જિગર લઈને જતું હોય એવું થાય. પ્રિયતમ કહે કે 'શું તું જઈશ હવે?' આમ પૂછવામાં એનું કલેજું કપાતું હોય પણ પ્રિયતમા ફટાક કરતીક, દર્દનો ભાવ દર્શાવ્યા વિના જ કહી દે કે 'હા, અમે તો આ ચાલ્યાં' ત્યારે પ્રેમીની શી હાલત થતી હશે? શાયર મોહમ્મદ જકરિયા ખાં 'જકી' કહે છે :

'સૌ હસરતોં સે પૂછના મેરા કિ જાઓગે?
ઉનકા વો એક નાજ સે કહના કિ ''હાં, ચલે'' !'

આવી પ્રિયતમા જતી રહે પણ નજર, જિગરમાંથી તો જરાય જઈ શકતી નથી. વિયોગની વેદના ઘેરી વળે ત્યારે થાય કે તને પ્રેમ કરનાર હું છું, તરબતર દિલ છે, તારા નામમાં જ ઘટ્ટ થયેલી એકલતા છે. બધો માહોલ માશૂકાને મબલખ ચાહવાનો છે. આ બધાંમાં તું હોત તો કેવું સારું થાત! 'ફિરાક' ગોરખપુરી આમ જ પૂછી લે છે!

'મૈં હું, દિલ હૈ, તન્હાઈ હૈ,
તુમ ભી જો હોતે અચ્છા હોતા.'

જનારા ઘણી વાર તીવ્ર દર્દ દઈને જાય છે. દિલમાં દાહ અને આંખોમાં આંસુ. પ્રેમભગ્ન કોણ સૂઈ શકે? માત્ર આંખો ઓશિકાં ભીનાં કર્યા કરે. બશીર બદ્રનો શે'ર છે :

'સોએ કહાં થે? આંખ ને તકિયે ભીગોયે થે,
હમ ભી કભી કિસી કે લિયે ખૂબ રોયે થે.'

સંગીતમાં પ્રેમનાં રૂપો શબ્દનો સથવારો લઈને આવે છે. સાહિત્ય સુધી નહિ જઈ શકનારા લોકો પણ સંગીત દ્વારા પ્રેમનાં ગીતો માણી શકે છે. સંગીત શુદ્ધ કલા છે. સ્વર અને લયનું બનેલું સંગીત સીધું જ હૃદયને સ્પર્શીને ભાવતરબોળ કરી દે છે. લોકસંગીત, શાસ્ત્રીય સંગીત, ભક્તિ સંગીત, સુગમ સંગીત, ફિલ્મ સંગીત પ્રેમના સૂક્ષ્મમાં સૂક્ષ્મ અને વ્યાપકમાં વ્યાપક ભાવ એની સમગ્રતામાં વ્યક્ત કરે છે. લોકસાહિત્યનો રંગ લઈને આવતા 'જોડે રહેજો રાજ... તમે જોડે રહેજો રાજ!' જેવા ગીતમાં 'આમ ગોતું, તેમ ગોતું, ગોતું તારો સંગાથ રે; હુંય જાણું, તુંય જાણે, જાણે જગતનો નાથ રે' શબ્દો પ્રેમની ઝરમર વર્ષા કરે. 'કરવટેં બદલતે રહેં સારી રાત હમ, આપ કી કસમ, આપ કી કસમ' જેવાં હજારો ફિલ્મ ગીતો પ્રેમીઓ વતી સંગીતમઢી સરગમ રેલાવતાં રહે છે. વેણીભાઈ પુરોહિતનું ગીત 'તારી આંખનો અફીણી, તારા બોલનો બંધાણી; તારા રૂપની પૂનમનો પાગલ એકલો' કે બરકત વિરાણી 'બેફામ'ની ગઝલ 'નયનને બંધ રાખીને મેં જ્યારે તમને જોયાં છે, તમે છો એના કરતાં પણ વધારે તમને જોયાં છે' જેવી સંગીતબદ્ધ રચનાઓમાં વ્યક્ત થતાં પ્રેમનાં રૂપોએ કેટલાય પ્રેમીઓને ભાવથી ભીંજવ્યા છે.

કાલિદાસનાં 'અભિજ્ઞાન શાકુંતલ', 'વિક્રમોર્વશીયમ્', 'માલવિકાગ્નિમિત્રમ્' જેવાં નાટકો; શૂદ્રકનાં 'મૃચ્છકટિકમ્' જેવાં સંસ્કૃત નાટકોએ સદીઓ સુધી લોકોની પ્રેમની વિવિધ રમણાને પુષ્ટ કરી છે. અંગ્રેજીમાં 'રોમિયો એન્ડ જૂલિયેટ' જેવાં શેક્સપિયરનાં નાટકો પણ સદીઓ સુધી ભજવાયાં છે જેમણે પ્રેમના કારુણ્યઘેરા સંવાદોથી લોકોનાં હૃદયને શુદ્ધ કર્યા છે.

સિનેમાએ પ્રેમના કલામય રૂપનો અસીમ વિસ્તાર કર્યો છે. સામાન્યતઃ એક પ્રેમકથા હોય છે સિનેમામાં. નાયક અને નાયિકા વચ્ચે ઉદ્‌ભવતા, વિકસતા, અવરોધાતા પ્રેમનાં અત્યંત

CELEBRATING

RIVAJ

Making Charges

9%*

on 916 Hallmark Jewellery

* T&C Apply

upto

50%* OFF

ON DIAMOND JEWELLERY MAKING CHARGES

VG 1951

SHAH VIRCHAND GOVANJI JEWELLERS

Valsad : VG House, Halar Road. T.: 02632 229999
Vapi : Opp. Ashadham High School, Koparli Road. T.: 96878 33300
Surat : G-101/2, SNS Sparkle, City Light Road, Surat. T.: 221 4600

9261 622 622 www.svgjewels.com

નયનરમ્ય દ્રશ્યો દર્શકોના પ્રેમને બળ આપે છે. એમાં અતિશયતાની કક્ષાએ ઘૂંટવામાં આવેલો પ્રેમભાવ યુવક-યુવકોની રસિકતા ઘડવામાં અગત્યનું પરિબળ બની રહે છે. કુશળ દિગ્દર્શક પ્રેમની બારીકી, નજાકત, સૂક્ષ્મતાને અનેક રીતે પ્રસ્તુત કરીને પ્રણયની અપાર, અસીમ, અનહદ ચેષ્ટાઓ અભિવ્યક્ત કરે છે. મોટા ભાગના સંવેદનશીલ તરુણો, યુવકો સિનેમા થકી જ પ્રેમના પદાર્થપાઠ શીખે છે. 'ટાઇટેનિક' કે 'પ્રીટી વૂમન' જેવા બોલિવૂડના મૂવીઝ કરતાં ભારતીય સિનેમા પ્રણયના રંગ વધારે, વ્યાપક રીતે ઝીલે છે. 'મુગલ-એ-આઝમ', 'પાકીઝા', 'મેરા નામ જોકર', 'તીસરી કસમ' જેવી જૂની હિન્દી ફિલ્મ કે 'કુછ કુછ હોતા હૈ', 'ઐ દિલ હૈ મુશ્કિલ' જેવી અત્યારની સુખ્યાત ફિલ્મ પ્રેમની ખટ્ટમીઠી હજારો વાનગીઓ પીરસી ભાવકોનાં ચિત્તને શુદ્ધ કરે છે કે ચેતોવિસ્તાર કરે છે.

સાહિત્ય અને સંગીતની જેમ ચિત્રકલા અને શિલ્પકલા પ્રેમની ગહનતા, સૂક્ષ્મતા એની વ્યાપકતામાં વ્યક્ત ન કરી શકે. આમ છતાં આ બંને કલાઓએ અન્ય વિષયની સરખામણીમાં પ્રેમને જ વધારે પ્રગટ કર્યો છે. શિલ્પની દ્રષ્ટિએ જોઈએ તો ગ્રીક અને રોમન શિલ્પમાં પ્રેમની દેવી વિનસ અને એફ્રોડાઇટ, પ્રેમના દેવ ઈરોઝ અને ક્યૂપિડ તેમ જ અન્ય દેવોનાં શિલ્પમાં પ્રેમનાં સંવેદનો બહુ જ પ્રભાવક રીતે કોતરવામાં આવ્યાં છે. બર્નીનીનું શિલ્પ 'એપોલો એન્ડ ડાફ્ને' કે રોદાંના 'ધ કિસ' જેવાં શિલ્પોમાં ઇન્દ્રિયસંવેદ્ય પ્રેમમાધુર્ય છલકે છે. ભારતીય શિલ્પમાં પ્રેમ અને કામ એના મહત્તમ રૂપમાં છે. ભારતનાં પ્રાચીન અને મધ્યકાલીન મંદિરોમાં કામ અને પ્રેમનાં અદ્ભુતરસિક શિલ્પાંકન થયાં છે. મંદિર જેવી પવિત્ર જગ્યામાં અત્યંત શૃંગારિક શિલ્પો શા માટે કોતરવામાં આવ્યાં છે એ ચર્ચાનો વિષય છે. બહુમત એવો છે કે મંદિર સર્વ કલાઓનું કેન્દ્રસ્થાન હોવાથી કામકલાને પણ એમાં સ્થાન આપવામાં આવ્યું છે. લોકોને કામશાસ્ત્રનું જ્ઞાન આપવા માટે મંદિરોમાં પ્રેમનાં, કામનાં સુંદર શિલ્પો કોતરવામાં આવ્યાં છે એમ માનવામાં આવે છે. આવાં કામશિલ્પોનું પ્રમાણ અત્યંત સમૃદ્ધ અને વ્યાપક છે. સામાન્ય રીતે શૃંગારિક શિલ્પની વાત આવે એટલે ખજુરાહો અને કોણાર્કના મંદિરનાં જ નામ લેવામાં આવે છે. ત્યાં વિશેષ કલાત્મક અને ભવ્ય શિલ્પાંકન થયાં છે એ સાચું છે, પરંતુ સમગ્ર ભારતમાં મંદિરોમાં કામશિલ્પોનું ઓછું કે વધારે પ્રમાણમાં અંકન છે જ. ગુજરાતમાં સૌથી વધારે કામશિલ્પો મોઢેરાના સૂર્યમંદિરમાં છે. ત્યાંના સ્તંભ, વિતાન, મંડોવરના ભાગમાં પ્રેમલીલાનાં અસંખ્ય શિલ્પો છે. દાહોદ પાસેના બાવકાનું શિવમંદિર ગુજરાતનું ખજુરાહો કહેવામાં આવે છે. ત્યાંના કામશિલ્પો સૌથી વધારે પ્રભાવક છે. દ્વારકાનું રુક્મણિમંદિર, શામળાજીનું મંદિર, કલેશ્વરીનું મંદિર એમ ગુજરાતનાં અનેક મંદિરોમાં પ્રેમનાં વિવિધતાંભર્યાં શિલ્પો છે.

બહુમત એવો છે કે મંદિર સર્વ કલાઓનું કેન્દ્રસ્થાન હોવાથી કામકલાને પણ એમાં સ્થાન આપવામાં આવ્યું છે. લોકોને કામશાસ્ત્રનું જ્ઞાન આપવા માટે મંદિરોમાં પ્રેમનાં, કામનાં સુંદર શિલ્પો કોતરવામાં આવ્યાં છે

ચિત્રની દ્રષ્ટિએ પશ્ચિમમાં ઇજિપ્તનાં પેપિરસ પરનાં ચિત્રો અને ઇટાલીના દટાઈ ગયેલા નગર પોમ્પેઈનાં ચિત્રો કામક્રીડા, પ્રેમભાવને પ્રબળતાથી રજૂ કરે છે. પ્રેમનાં સંવેગમય ચિત્રો રેનેસાં પછીથી વ્યાપક રીતે શરૂ થયાં હતાં. તિશ્યન, ગોયા જેવા ચિત્રકારોથી લઈને માને, મોને, પિકાસો જેવા કલાકારોએ પ્રેમ અને કામને ખૂબ જ પ્રભાવક રીતે આલેખ્યા છે.

ભારતમાં અજંતા, બાઘ જેવી ગુફાઓનાં ચિત્રોમાં પ્રેમની મધુરતા આસ્વાદ્ય રીતે આલેખાઈ છે. ત્યાર પછીથી પ્રસિદ્ધ થયેલાં મિનિએચર પેઇન્ટિંગ કે લઘુચિત્રો પ્રેમના નાજુક-સૂક્ષ્મ ભાવોને પ્રગટ કરવા સંદર્ભે વિશ્વપ્રસિદ્ધ છે. 'ગીતગોવિંદ', 'શ્રીકૃષ્ણકર્ણામૃત', 'શ્રીમદ્ભાગવત', 'બિહારી સતસઈ' જેવી રચનાઓને આધારે થયેલાં ચિત્રોમાં કૃષ્ણ અને રાધાના પ્રેમ નિમિત્તે પ્રેમના અત્યંત મનોહર ભાવ વ્યક્ત થયા છે. આ ઉપરાંત 'અમરુશતક', 'ચૌરપંચાશિકા', 'રસમંજરી' જેવી કૃતિઓને આધારે થયેલાં ચિત્રોમાં પ્રણયની મધુરતમ ચિત્રણા એની સમગ્રતામાં થયેલી છે. વિશેષતઃ કાંગડા, ગુલેર, બશૌલી, મેવાડી, કિશનગઢી, ગુજરાતી જેવી શૈલીઓમાં પ્રેમનાં હજારોની સંખ્યામાં ચિત્રો થયાં છે. તાડપત્ર પર પણ પ્રેમાવલિઓ કોતરાઈ છે.

પ્રેમનાં કલામય રૂપોનો વ્યાપ એટલો છે કે ગ્રંથોના ગ્રંથો ભરાય તોય અધૂરા લાગે. આ નાનકડા લેખમાં બધું તો કઈ રીતે સમાવાય? બસ, આ તો આંગળી ચીંધવાની ચેષ્ટા છે કે, જુઓ, પ્રેમપદારથના પુણ્યથી જીવનને પરમની યાત્રા બનાવવું હોય તો કલાએ અનુરાગની અખિલાઈ અનેકવિધ રીતિએ તમારી સામે ધરી દીધી છે. આચમન કરવું કે એકાકાર થઈ જવું એ તો સૌ સૌના હાથની વાત છે. ■

74 Year Celebration

May this Diwali & New year
sparkle in your life with happiness...

since 1947

PREMJI VALJI
JEWELLERS

RAJKOT | GURGAON

Kuverjibhai Towers, Palace Road, Rajkot. Ph : 2225141, 2223600

SARJAN

ભારતનાં મંદિરની સ્થાપત્ય કલામાં વિજ્ઞાન

દુનિયાની સાતે સાત અજાયબીઓ કરતાં હજારો ગણી ઇજનેરી કમાલ અને વિજ્ઞાનનો ભરપૂર ઉપયોગ માત્ર ને માત્ર ભારતના શિલ્પ સ્થાપત્યમાં જ થયો છે. એ જોઈને આપણે ચોક્કસ કહી શકીએ કે આપણા વાસ્તુશિલ્પ સ્થાપત્યકારો પાસે ભૂગોળ, ગણિત, અવકાશ, ભૌતિક અને રસાયણ શાસ્ત્રનું પણ ખૂબ જ ઊંડું જ્ઞાન હશે.

લૉકડાઉન પહેલાં મારી યુરોપની વિદેશ યાત્રા દરમિયાન મેં દુનિયાની સાત અજાયબીઓમાંની ચાર અજાયબીઓની મુલાકાત લીધી. એમાંની એક હતી પેરિસનો એફ્લિ ટાવર. ઇજનેરી કસબનો એક અદ્‌ભુત નમૂનો. મનુષ્યએ જાતે બનાવેલું સૌથી ઊંચું તોસ્તાન. ઈસવીસન ૧૮૮૯માં તેને ખુલ્લું મૂકવામાં આવ્યું. બીજી અજાયબી હતી પીઝાનો ઝૂલતો મિનારો. ઇટાલિયા ઇજનેરોએ આ ટાવરના બાંધકામ વખતે પાયો ભરવામાં એવી ભૂલ કરી કે આ ટાવર ધીરે-ધીરે નમવા માંડ્યું. ગમે ત્યારે તે પડી જાય એવી સ્થિતિ ઉત્પન્ન થઈ. તેરમી સદીમાં ઊભો થયેલો આ પીઝાનો ટાવર છેક ૧૯૯૩માં રિપેર થયો. તેના પાયામાં જે દિશામાં આ ટાવર નમી જતો હતો તેની વિરુદ્ધ દિશામાં ૮૭૦ ટન કાઉન્ટર વેઇટ તરીકે સીસું ઉમેરવામાં આવ્યું. લોકોને જોવા માટે ખુલ્લો મૂકવામાં આવ્યો. માત્ર જોવા માટે. ટાવરની અંદર જઈને ટોચ ઉપર જવા માટેની પરવાનગી થોડાં વર્ષ પહેલાં જ આપવામાં આવી. અમે એડવાન્સ બુકિંગ કરાવીને ટાવર ઉપર પહોંચ્યા હતા. ગેલિલિયોએ ગુરુત્વાકર્ષણનો જે પ્રયોગ કર્યો હતો તે જ પ્રયોગ ફરીવાર ત્યાં કરીને જોયો હતો. ત્રીજી અજાયબી હતી રોમ ખાતે આવેલું કોલોઝિયમ. આ કોલોઝિયમ પણ ૧૯૪૧ વર્ષ જૂનું છે. તે જોતી વખતે કોલોઝિયમના છેક ઉપરના ભાગમાં આરસના બાંકડા ગોઠવેલા હતા. ત્યાંના ગાઇડે એ આરસના બાંકડા બતાવીને કહ્યું કે એક સમયે આરસના આવા બાંકડા આખા સ્ટેડિયમમાં ગોઠવેલા હતા. આ સાંભળીને મેં ગાઇડને પ્રશ્ન કર્યો કે હવે એ બધા બાંકડા ક્યાં ગયા? ત્યારે ગાઇડે કહ્યું કે ત્યાર પછીના રાજાઓ ચોરીને પોતાના મહેલ બાંધવા માટે લઈ ગયા. ત્યારે મેં કહ્યું કે અહીં આરસની ચોરી થાય છે? અમારા ભારતમાં તો હીરા, મોતી, સોના-ચાંદીની ચોરી થતી હતી. ચોથી અજાયબી હતી ઇજિપ્તના પિરામિડ. આ પિરામિડ પણ પાંચ હજાર વર્ષ જૂના હોવાનું માનવામાં આવે છે. ત્રિકોણમિતિનો ઉપયોગ કરીને બનાવવામાં આવેલા જબરદસ્ત પિરામિડની કોઈ જોડ નથી. આ પિરામિડ જ્યારે જોયા ત્યારે તેની ટોચના ભાગની સપાટી સમતલ જોઈ. જ્યારે ચારે બાજુએથી નીચે આવતા અસમતલ પથ્થરોની સપાટી જોવા મળે છે. ગાઇડને જ્યારે આના વિશે પ્રશ્ન કર્યો ત્યારે પણ ગાઇડે તેવું જ કહ્યું કે, આ સપાટી પરથી પથ્થરો ત્યાર પછીના રાજાઓએ ચોરીને લઈ ગયા. મેં ત્યારે પણ કોમેન્ટ પાસ કરી કે તમારે ત્યાં પથ્થરોની ચોરી થાય. અમારા ભારતમાં તો સોના, ચાંદી, હીરા, મોતીની ચોરી થતી હતી.

ધનંજય **રાવલ**

છેલ્લાં ત્રણ વર્ષ દરમિયાન ભારતમાં આવેલી અજાયબીઓ જોવાનું નક્કી કર્યું. તેના વિશે જાણતો હતો જ, પરંતુ આ અજાયબીઓથી જ્યારે રૂબરૂ થયો ત્યારે જાણવા મળ્યું કે દુનિયાની સાતે સાત અજાયબીઓ કરતાં હજારો ગણી ઇજનેરી કમાલ અને વિજ્ઞાનનો ભરપૂર ઉપયોગ માત્ર ને માત્ર ભારતના શિલ્પ સ્થાપત્યમાં જ થયો છે. એ જોઈને આપણે ચોક્કસ કહી શકીએ કે આપણા વાસ્તુશિલ્પ સ્થાપત્યકારો પાસે ભૂગોળ, ગણિત, અવકાશ, ભૌતિક અને રસાયણ શાસ્ત્રનું પણ ખૂબ જ ઊંડું જ્ઞાન હશે. આ બધાના સમન્વય વગર આવી અજાયબી શક્ય જ નથી. આ બધા જ્ઞાનનો ઉપયોગ કરીને આપણા પારંપરિક સ્થાપત્યકારોએ જે અકલ્પનીય રચના ઊભી કરી છે, તેના વિશે આ દિવાળી અંકમાં વાત કરવાની છે. આ બધું જોઈને હું ચોક્કસ કહી શકું કે દુનિયાની સાત અજાયબીઓ માત્ર મોટી-મોટી વસ્તુઓ બનાવીને જ તૈયાર થઈ છે. એમાં તમને વિજ્ઞાન દ્વારા અચરજ ઊભું થાય એવું કંઈ

only books magazine

જોવા નહીં મળે, પરંતુ ભારતની આ બધી અજાયબીઓમાં વિજ્ઞાન દ્વારા અદ્‌ભુત કમાલ કરવામાં આવી છે.

આ અજાયબીઓ બીજી કોઈ નહીં, પણ પ્રાચીન સમયમાં બાંધવામાં આવેલાં મંદિરો. જો આ મંદિરો તમે નથી જોયા તો સમજી લો કે તમે ભારતમાં કંઈ જોયું નથી. કદાચ તમે આ બધી જગ્યાની મુલાકાત લીધી પણ હશે, પણ જે નજરે મેં આ મંદિરો જોયા,

મંદિરના આ થાંભલા ક્યા લેથ મશીન પર બનેલા હશે?

તેના વિજ્ઞાનને સમજ્યો, એવી રીતે તમે ચોક્કસ રીતે નહીં જ સમજ્યા હો.

સૌ પ્રથમ આપણે વાત કરીશું ઓરિસ્સામાં આવેલા કોણાર્ક સૂર્યમંદિરની. આ મંદિર બંગાળના ઉપસાગરના દરિયા કિનારે આવેલું છે. આ મંદિરમાં ખગોળશાસ્ત્ર વિષે ભરપૂર માહિતી આપવામાં આવેલી છે. જેમ કે આ મંદિર એક રથ આકારનું બનેલું છે. રથને સાત ઘોડાઓ ચલાવી રહ્યા છે. રથનાં પૈડાંની બાર જોડી છે. આ બાર જોડી વરસના બાર મહિના દર્શાવે. દરેક જોડી કૃષ્ણ પક્ષ અને શુક્લ પક્ષ દર્શાવે છે. દરેક પૈડાંના ૧૨ ટેકાઓ છે. એક દિવસમાં ૧૨ કલાક દિવસના અને ૧૨ કલાક રાત્રિના છે તે મુજબ. રથનાં પૈડાંની શાફ્ટ સહેજ બહાર નીકળેલી છે. તેના ઉપર સૂર્યપ્રકાશ પડે અને તેનો પડછાયો રથનાં પૈડાંના જે ભાગ પર પડે ત્યાં સચોટ સમય જોવા મળે છે. આ પરિણામની ઊંચાઈ ૧૨ ફૂટની છે, તેના ઉપરથી અંદાજ લગાવી શકાય કે આ મંદિર ની ઊંચાઈ કેટલી હશે. આ મંદિર ઉપર સૌ પ્રથમ વખત નજર અંગ્રેજોની પડી. તેનું કારણ પણ વિજ્ઞાન છે. થયું એવું કે જ્યારે અંગ્રેજોના વહાણ વિદેશથી કલકત્તા તરફ જતા ત્યારે આ જગ્યાએથી પસાર થતા હતા. આ જગ્યાએથી વહાણ જ્યારે પસાર થતા હતા ત્યારે તે દિશા બદલીને બીજે ક્યાંક ભટકી જતા હતા. તેમની પાસે રહેલા દિશા સૂચકયંત્રની સોય ફરી જતી હતી. વારંવાર આવું થતું હોવાને કારણે આવું કેમ થાય છે તેની શોધખોળ કરી. ત્યારે ખબર પડી કે આ મંદિરના ટોચ ઉપર રાખેલા કળશ રૂપી ચુંબકની અસર હેઠળ દિશાસૂચક યંત્ર આવે એટલે

બૃહદેશ્વર મહાદેવ. આ મંદિરની લંબાઈ ૭૯૦ ફૂટ છે અને પહોળાઈ ૪૦૦ ફૂટની છે. આ મંદિરનો પાયો જ બનાવવામાં આવ્યો નથી. પાયા વગરનું એકમાત્ર મંદિર. દેશ-વિદેશના સ્થાપત્યકારો માટે આ એક કોયડો છે

તેની સોયની દિશા બદલાઈ જતી હતી. આ ચુંબક હવામાં લેવિટેટ થતો હતો. ચુંબકને કારણે કળશ આકર્ષણ અને અપાકર્ષણના સિદ્ધાંતને કારણે હવામાં અધ્ધર લટકી રહેતો હતો. વિજ્ઞાનની ભાષામાં એને લેવિટેશન કહેવાય છે. વિદેશોમાં લેવિટેશન ટ્રેન શરૂ થયેલ દસ પંદર વર્ષ થયા છે. હવામાં અધ્ધર લટકતા લેવિટેશન ટોપ નામના રમકડા પણ બજારમાં મળતા થયા છે. જ્યારે લિવિટેશનનો સિદ્ધાંત ભારતમાં હજારો વર્ષ પહેલાં આપણા ઇજનેરો જાણતા હતા. અંગ્રેજો આ કળશ ત્યાંથી ઉતારીને લઈ ગયા.

બીજી જગ્યાનું છે હમ્પી. પ્રાચીન સમયમાં વિજયનગર તરીકે ઓળખાતા આ શહેર વિશે ઘણા બધા લેખ લખી શકાય તેમ છે. પ્રાચીન સમયમાં દુનિયાનું આ એક અતિ સમૃદ્ધ શહેર ગણાતું હતું. અહીં હીરા-માણેક, સોના-ચાંદીનાં બજારો ભરાતાં હતાં. સાંજ પડે ત્યારે માત્ર એક કપડું ઢાંકીને લોકો પોતાના ઘરે જતા રહેતા હતા. સૂર્યમંદિર પછી હમ્પીનો રથ પ્રખ્યાત થયો છે. પચાસ રૂપિયાની નોટમાં પણ તેને સ્થાન મળ્યું છે, પરંતુ આજે આ શહેરમાં આવેલા એક મંદિર વિશે વાત કરવાની છે. અહીં આવેલા વીરુપક્ષ મંદિરની દીવાલ પર તેની સામે આવેલી જગ્યાનું પ્રતિબિંબ જોવા મળે છે. મંદિરની દીવાલ અને સામે આવેલી જગ્યા વચ્ચે મંદિરની બીજી એક દીવાલ છે. એ દીવાલની વચ્ચે એક નાનકડું કાણું છે. મંદિરની દીવાલ પર જે સામેની જગ્યાનું પ્રતિબિંબ જોવા મળે છે તેનું કારણ આ કાણું જ છે. વિજ્ઞાનની ભાષામાં તેને પિનહોલ કેમેરા કહેવામાં આવે છે. ફોટોગ્રાફીની શોધ થઈ ત્યારે શરૂઆતમાં આવા કેમેરા દ્વારા દ્રશ્ય ઝીલવામાં આવતા હતા, પરંતુ ભારતમાં આ ટેક્નિક હજારો વર્ષ પહેલાં જાણીતી હતી.

ત્રીજું મંદિર છે બૃહદેશ્વર મહાદેવ. આ મંદિરની લંબાઈ ૭૯૦ ફૂટ છે અને પહોળાઈ ૪૦૦ ફૂટની છે. તામિલનાડુ રાજ્યના તંજાવુરમાં આવેલા આ મંદિરની બે ખાસિયત છે. આ મંદિરની ઊંચાઈ ૨૦૦ મીટર છે. આટલું ઊંચું મંદિર હોય તો તેમાં કેટલો બધો પથ્થર વપરાયો હશે તેની કલ્પના કરો. પથ્થર નહીં, આ મંદિર બનાવવા માટે ૬૦ હજાર ટન ગ્રેનાઇટનો ઉપયોગ થયો છે. તેમ છતાં આ મંદિરનો પાયો જ બનાવવામાં આવ્યો નથી. પાયા વગરનું એકમાત્ર મંદિર. દેશ-વિદેશના સ્થાપત્યકારો માટે આ એક કોયડો છે. આટલાં વર્ષો વીતી ગયા છતાં આ મંદિર એક ડિગ્રી પણ ઝૂક્યું નથી. આપણા સ્થાપત્યકારોને આ જમીનના પ્રકારનો અભ્યાસ હોવો જ જોઈએ. તેની સામે જો ઇટાલીમાં આવેલા પીઝાના ઢળતા મિનારાની વાત કરીએ તો તે થોડા જ સમયમાં ઝૂકવા માંડ્યો અને તેને સ્થિર રાખવા માટે ૮૭૦ ટન સીસું પાયામાં ભરવું પડ્યું. આ મંદિરની બીજી ખાસિયત છે

આ તહેવારોમાં
સૌંદર્યતાનો સાચો શણગાર
DJewel
The Jewellers
Krish Complex
University Road, RAJKOT
MO - 9687840008

તેના કળશની. આ કળશનું વજન એંશી ટન છે. આટલો વજનદાર કળશ આટલી ઊંચાઈ પર ઇજનેરો કઈ રીતે લઈ ગયા તે આજ સુધી રહસ્ય છે.

દિલ્હીમાં વિષ્ણુ સ્તંભની બાજુમાં લોહસ્તંભ છે. વર્ષો વીતી ગયા છતાં કાટ લાગ્યો નથી. આ કયા પ્રકારનું રસાયણ શાસ્ત્ર છે તે આજ સુધી વૈજ્ઞાનિકો જાણી શક્યા નથી. આ લોહ સ્તંભ મારા ખ્યાલ મુજબ ઉજ્જૈન અથવા ઉજ્જૈનની બાજુમાં આવેલા ડોન્ગાલા નામના ગામમાં સ્થાપિત કરેલો હશે. એવો મારો અંદાજ છે. જરા વિગતવાર સમજીએ. તમે એ તો જાણતા જ હશો કે ગ્રીન વીચ મીન ટાઇમ એટલે કે જી.એમ.ટી. લંડન ખાતે આવેલી છે. શૂન્ય સમય ત્યાંથી શરૂઆત થાય છે. આપણો ભારત દેશ તેનાથી સાડા પાંચ કલાક આગળ છે. શું તમને ખબર છે કે પ્રાચીન સમયમાં શૂન્ય સમયની શરૂઆત ક્યાંથી થતી હતી. ભારતમાં આવેલા ડોન્ગાલા નામની જગ્યાએથી. અંગ્રેજો અહીં આવ્યા ત્યારે ખબર પડી કે કાલગણના અહીં વર્ષોથી થાય છે. ઉજ્જૈનમાં આવેલું મહાકાલેશ્વર જ્યોતિર્લિંગ તેનાથી પ્રખ્યાત છે. મહાકાલ. અંગ્રેજો આ જગ્યાને અહીંથી ખસેડીને લંડન લઈ ગયા.

વિક્રમાદિત્યના દરબારમાં નવરંગ હતા. તેમાંના એક હતા વરાહમિહિર. મહાન ખગોળશાસ્ત્રી. તેમની વિનંતીથી દિલ્હી ખાતે એક મિનાર બનાવવામાં આવ્યો. તે મિનારાની ઉપર ચડતા જાવ તેમ અમુક અંતરે કાણા પાડવામાં આવેલા છે. તેમાંથી જોતા ચોક્કસ ગ્રહ અને નક્ષત્ર દેખાય છે. મિનારાના ઉપરના ભાગમાં માર્કિંગ પણ જોવા મળે છે. ઉત્તર દિશા તરફ ધ્રુવનો તારો છે. મિનારાનું પ્રવેશદ્વાર પણ ઉત્તર તરફ છે. આ મિનારાની આજુબાજુ ૨૭ નક્ષત્રોનાં મંદિરો આવેલાં છે. આ જગ્યા એક એસ્ટ્રોનોમિકલ ઓબ્ઝર્વેટરી હતી. વેધશાળા. લોહ સ્તંભ ઉજ્જૈનની બાજુમાં આવેલા ડોન્ગાલામાં સ્થાપિત કરેલો હતો. કર્કવૃત્ત અહીંથી પસાર થાય છે. વર્ષના કોઈ ચોક્કસ દિવસે આ લોહ સ્તંભની બરાબર ઉપર સૂરજ આવે છે. તેનો પડછાયો ગાયબ થઈ જાય છે. તે વખતે દિલ્હીમાં આવેલા વિષ્ણુ સ્તંભના

ગ્રેનાઇટની બનેલી આ મૂર્તિઓ કયા સાધન વડે કોતરાયેલી હશે?

પડછાયાનો ખૂણો માપીને પૃથ્વીની પરિધિ સૌ પ્રથમ વખત માપવામાં આવી હતી. એલેક્ઝાન્ડરની સાથે જુદા જુદા વિષયના અનુભવી વ્યક્તિઓ પણ સાથે આવ્યા હતા. પૃથ્વીની પરિધિ માપવાની આ પદ્ધતિ તેઓ જાણીને લઈ ગયા હતા. આ મિનારો અત્યારે કુતુબમિનાર તરીકે ઓળખાય છે. લોહ સ્તંભ કુતુબમિનાર પાસે કેવી રીતે આવ્યો તે પણ એક રહસ્ય જ છે.

કલાગુરુ વ્હી. શાંતારામે એક ફિલ્મ બનાવી હતી. જેનું નામ છે - ગીત ગાયા પથ્થરોંને. ઇલોરાની ગુફાઓમાં આ ફિલ્મના ટાઇટલ સોંગનું ફિલ્માંકન કરવામાં આવ્યું હતું. તેમાં ભારતના સ્થાપત્ય કલાકારોની કલા કારીગરીની વાત હતી. તેઓ એવી સ્થાપત્ય-કલાની રચના કરતા હતા કે જાણે હમણા જ પથ્થરો ગીત ગાવા માંડશે. ભારતની સ્થાપત્ય કલા અને વાસ્તુ કલાની જોડ દુનિયામાં ક્યાંય મળે તેમ નથી. કલાગુરુ વ્હી. શાંતારામે મારા જેવા

ભારતનાં ઘણા બધાં મંદિરોમાં એવા મ્યુઝિકલ પિલર આવેલા છે કે જેના પર હાથ થપથપાવીએ તો તેમાંથી સંગીત ઉત્પન્ન થાય? ભારતમાં જુદી-જુદી જગ્યાએ ખાસ કરીને દક્ષિણ ભારતનાં મંદિરોમાં સ્થપાયેલા મ્યુઝિકલ પિલરનું વિજ્ઞાન જાણવા જેવું છે

ઘણા લોકોને બંધ આંખે જીવનના નવરંગ જોતા પણ શીખવ્યું.

પરંતુ શું તમે એ જાણો છો કે ભારતનાં ઘણા બધાં મંદિરોમાં એવા મ્યુઝિકલ પિલર આવેલા છે કે જેના પર હાથ થપથપાવીએ તો તેમાંથી સંગીત ઉત્પન્ન થાય? ભારતમાં જુદી-જુદી જગ્યાએ ખાસ કરીને દક્ષિણ ભારતનાં મંદિરોમાં સ્થપાયેલા મ્યુઝિકલ પિલરનું વિજ્ઞાન જાણવા જેવું છે. વર્ષો સુધી આ ક્ષેત્રમાં અભ્યાસ કરતા લોકો માટે તે કોયડો હતો. તેનું રહસ્યોદ્ઘાટન આજ કરવા જઈ રહ્યો છું.

વર્ષો પહેલાં હું મદુરાઈ ખાતે આવેલા મીનાક્ષી મંદિરની જાત્રા કરાવવા મારા માતા-પિતાને લઈ ગયો ત્યારે આ મ્યુઝિકલ પિલર મેં જોયા હતા. મારી ઉંમર એ વખતે ખૂબ જ નાની હતી, પરંતુ ત્યાર બાદ મેં જ્યારે વિજ્ઞાનના ક્ષેત્રમાં કારકિર્દી શરૂ કરી ત્યારે દેશ અને દુનિયામાં જુદી-જુદી જગ્યાએ ફરવાનો મોકો મળ્યો, પરંતુ એ બધી વખતે ભારતનાં પ્રાચીન સ્થાપત્યો અને મંદિરો મને આકર્ષતા હતા. તેથી હું તેની મુલાકાત લેવાનું ચૂકતો નહોતો.

દક્ષિણ ભારતમાં મદુરાઈ, બેલુર, હમ્પી, ચિન્નાસ્વામી, તંજાવુર વગેરે જગ્યાએ મ્યુઝિકલ પિલર આવેલા છે. આ સંગીતમય સ્તંભ પર હાથ થપથપાવીએ તો સા રે ગા મા પ ધ ની સા જેવા સૂર નીકળે છે. અમુક જગ્યાએ તો તબલાં કે ઢોલક જેવો પણ અવાજ નીકળે છે.

વિજ્ઞાનના ક્ષેત્રમાં કામ કરતો હોવાથી હંમેશાં મનમાં પ્રશ્નો ઊઠતા હતા કે આ અવાજ પથ્થરોમાંથી કઈ રીતે ઉત્પન્ન થતો હશે? શું આ પથ્થરોની અંદર પોલાણ હશે? શું એ જમાનાના સ્થાપત્યકારો પાસે રોક મેલ્ટિંગ ટેક્નોલોજી હશે? શું આ માટીને ઇંટની જેમ પકવીને બનાવવામાં આવતા હશે?

લગભગ ૨ વર્ષ પહેલાં ગુજરાતની બોર્ડર પાસે આવેલા મધ્યપ્રદેશના અલીરાજપુર નામના ગામના કલેક્ટરએ મને ત્યાં બનતા સાયન્સ સેન્ટરના કન્સલ્ટિંગ માટે આમંત્રણ આપ્યું. જ્યારે હું ત્યાં ગયો ત્યારે સૌ પ્રથમ સાયન્સ સેન્ટરની ટીમ સાથે મારી મુલાકાત થઈ. આ બધા લોકોએ મારું પ્રેઝન્ટેશન ધ્યાનથી જોયું અને સાંભળ્યું. વાત ખૂબ લાંબી ચાલી. એમ કરતાં કરતાં અચાનક મ્યુઝિકલ પિલરની વાત નીકળી.આ વાત જ્યારે મેં તેઓને

bob World

बैंक ऑफ़ बड़ौदा
Bank of Baroda

विजया VIJAYA | देना DENA

ખુશિયોં નો તહેવાર

તહેવારો ની આ મોસમમાં, કરો આપના સ્વપ્નો ને સાકાર

ઓફર મર્યાદિત સમય માટે*

બરોડા
હોમ લોન
@
6.50%*
પ્રતિવર્ષ

બરોડા
કાર લોન
@
7.00%*
પ્રતિવર્ષ

નિયમો અને શરતો લાગુ

મિસ્ડ કોલ કરો*: હોમ લોન - 846 700 1111
કાર લોન - 846 700 1133

www.bankofbaroda.in

અમને ફોલો કરો

કહી તો તે વખતે તે બધા લોકોએ મને કહ્યું કે, સાહેબ ગામથી થોડે દૂર એક ટેકરી છે. આ ટેકરી ઉપર અમુક પથ્થર ઉપર હાથ થપથપાવીએ તો તેમાંથી જાતજાતના અવાજ ઉત્પન્ન થાય છે. મેં તેઓની સમક્ષ તે ટેકરી પર જવાની ઇચ્છા વ્યક્ત કરી. વાતમાં એવો ગરમાવો આવી ગયો હતો કે બધા સાઇન્સ સેન્ટરનું કામ એક બાજુ મૂકી દીધું. બધા મને લઈને ટેકરીએ જવા નીકળી પડ્યા. કલેક્ટર સાહેબ પણ આ વાતથી ખૂબ રોમાંચિત થઈ ગયા હતા.

વરસાદનો સમય હતો. ટેકરીના પથ્થરો લીલથી લપસણા થઈ ગયા હતા. આમ છતાં બધા સાથીઓ મારો હાથ પકડીને જે જગ્યાએ ટેકરી ઉપર મ્યુઝિકલ સ્ટોન હતા ત્યાં સુધી લઈ આવ્યા. ખરેખર હું આશ્ચર્યચકિત થઈ ગયો. ત્યાર પછી મેં તે બધા મિત્રોને માહિતગાર કર્યા કે આપણા પ્રાચીન સ્થાપત્યકારો પાસે સ્થાપત્ય કલાનું જ્ઞાન તો હતું જ. સાથે સાથે વિજ્ઞાન, ગણિત, ખગોળશાસ્ત્ર, ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર, ભૂગોળ અને સંગીતનું પણ જ્ઞાન હતું. ભારતમાં જુદી-જુદી પ્રકારના પથ્થરો, માર્બલ ગ્રેનાઇટ, રેતિયા પથ્થર, ચૂનાના પથ્થર, લાલ પથ્થર અને કાળા પથ્થર જેવા જુદા-જુદા પથ્થરની જેમ મ્યુઝિકલ પિલર બનાવવા માટેના પથ્થર આવી જ કોઈ ખાસ જગ્યાએ મળે એનું જ્ઞાન તેમને હતું. એટલે આવી જગ્યાએથી તેઓ પથ્થર લઈ જઈને મ્યુઝિકલ પિલરની રચના કરતા હતા.

ઇલોરાની કૈલાસ ગુફા નંબર ૧૬માં પણ સ્થાપત્ય કલાનો બેનમૂન નમૂનો જોવા મળે છે. આ ગુફામાં ૫૦ ફૂટથી પણ લાંબું કેન્ટિલેવર બહાર કાઢેલું છે. દુનિયામાં આટલું લાંબું કેન્ટિલેવર બીજે ક્યાંય જોવા મળતું નથી. આ કૈલાસ મંદિરનું બાંધકામ ટોચથી શરૂ કરવામાં આવ્યું અને પાયો છેલ્લે નખાયો. આ ટેક્નોલોજીથી દુનિયામાં કોઈ પણ બાંધકામ હજુ સુધી કોઈ કરી શક્યું નથી.

અજંતાની ગુફા પણ સ્થાપત્ય કલામાં બેજોડ છે. આ ગુફામાં ચિત્રો બનાવવા માટે આજુબાજુના જંગલની વનસ્પતિમાંથી મળતા રસાયણનો ઉપયોગ કરી જાતજાતના રંગ તૈયાર કરીને ચિત્રોમાં તેનો ઉપયોગ કરવામાં આવ્યો છે. ચાર પાંચ હજાર વર્ષ

પથ્થરની સાંકળ

થઈ જવા છતાં તેના રંગમાં જરા પણ ઝાંખપ આવી નથી. રસાયણશાસ્ત્રના જ્ઞાન વગર આ કામ શક્ય નથી. ચિત્ર દોરવા માટે ચિત્રકારો જે કલર ટ્રેનો ઉપયોગ કરે છે, તેની શોધ પણ અજંતાની ગુફા બનાવનાર ચિત્રકારો દ્વારા કરવામાં આવી છે. આજે પણ તે ગુફાની આજુબાજુ પથ્થરમાં નાના નાના ગબ્બા જોવા મળે છે. તેમાં જુદા-જુદા કલર રાખવામાં આવતા હતા. બાજુમાં એક મોટો ગબ્બો પણ અહીં જોવા મળે છે.

જયપુરના હવા મહેલથી બધા પરિચિત છે. વાયુ શાસ્ત્રના નિયમો જાણીને આ સ્થાપત્યનું એવી રીતે નિર્માણ કરવામાં આવ્યું કે જેને કારણે ભરઉનાળામાં ઠંડી હવા મળે છે. હવા મહેલનું બાંધકામ તમે જોશો તો ખ્યાલ આવશે કે તેમાં દરેક જગ્યાએ ખૂબ જ ઝીણી જાળીઓ જેવું કોતરકામ કરેલું છે. વાયુ શાસ્ત્રના નિયમ પ્રમાણે હવા જ્યારે કોઈ પાતળી જગ્યામાંથી પસાર થઈને બહાર નીકળે ત્યારે તે ઠંડક ઉત્પન્ન કરે છે. આ જાળીઓમાંથી જ્યારે હવા પસાર થાય ત્યારે આવી ઠંડક ઉત્પન્ન થાય છે. એર કન્ડિશનર અને રેફ્રિજરેટરમાં આ સિદ્ધાંતનો ઉપયોગ કરીને ઠંડક ઉત્પન્ન કરવામાં આવે છે. ભારતના સ્થાપત્યકારો ઠંડક ઉત્પન્ન કરવા માટે વર્ષો પહેલાં આ સિદ્ધાંત જાણતા હતા.

મીનાક્ષી મંદિરમાં પથ્થરની સાંકળો જોવા મળે છે. પથ્થરના મણકાઓ એકબીજામાં કેવી રીતે જોડાયા તે આજ સુધી કોઈ જાણી શક્યું નથી. પ્રાચીન સમયના સ્થાપત્યકાર પથ્થર પીગળવાની ટેક્નોલોજી જાણતા હશે

કાંચીપુરમ અને મદુરાઈ ખાતે આવેલા મીનાક્ષી મંદિરમાં પથ્થરની સાંકળો જોવા મળે છે. પથ્થરના મણકાઓ એકબીજામાં કેવી રીતે જોડાયા તે આજ સુધી કોઈ જાણી શક્યું નથી. આ જોઈને આપણે એવો અંદાજ લગાવી શકીએ કે પ્રાચીન સમયના સ્થાપત્યકાર પથ્થર પીગળવાની ટેક્નોલોજી જાણતા હશે.

કર્ણાટકમાં હાલેબીડુ ગામમાં હોયસલેશ્વર નામના મંદિરની મુલાકાત તો દરેકે અચૂક લેવા જેવી છે. દુનિયાના બેનમૂન શિલ્પ કામમાં તેની ગણતરી થાય છે. હીરા પછી કઠણાઈમાં જે ગ્રેનાઇટની ગણતરી થાય છે તે ગ્રેનાઇટમાંથી અહીં મૂર્તિઓ બનાવવામાં આવેલી છે. ૯૦૦ વર્ષ પહેલાં બનાવેલી આ મૂર્તિને કોતરવા માટે કયા સાધનનો ઉપયોગ કરેલો હશે તે કોયડો આજે પણ વણઉકેલ્યો છે. હોયસલા સામ્રાજ્યમાં બનેલાં અનેક મંદિરોના પિલરો જોઈને આશ્ચર્ય થાય છે. આ પિલરો તૈયાર કરવા માટે એ જમાનામાં કયા પ્રકારના લેથ મશીનનો ઉપયોગ કરવામાં આવ્યો હશે તે પણ એક રહસ્ય છે. બેલુરના એક મંદિરમાં તો ટેલિસ્કોપથી જોતા એક વ્યક્તિની મૂર્તિ અને સાઇકલ ચલાવતા એક વ્યક્તિની મૂર્તિ પણ જોવા મળે છે. ત્યારે પ્રશ્ન થાય કે આટલાં વર્ષ પહેલાં પણ આજે જોવા મળતી ટેક્નોલોજી વિકસી ગઈ હશે?

અહીં મેં માત્ર ગણતરીનાં મંદિરનો ઉલ્લેખ કરેલો છે. આવા તો અસંખ્ય મંદિરોમાં તમને જાતજાતના વિજ્ઞાનના સિદ્ધાંતોનો ઉપયોગ કરેલો જોવા મળે છે. ભારતના આ પ્રાચીન વારસાને આપણે ઉજાગર કરવો જોઈએ. આવું જ્યારે થશે ત્યારે દુનિયાની સાથે સાત અજાયબીઓ માત્ર ને માત્ર ભારતમાં જ હશે. વેકેશનમાં વિદેશ ફરવાનો વિચાર કરો તે પહેલાં આ બધી જગ્યાનો વિચાર કરી લેવા જેવો છે. ભારતની અંદર જ એટલાં અદ્‌ભુત મંદિરો - મહેલો જોવા જેવા છે. જેના માટે એક જીવન પણ ઓછું પડે. ■

Jayesh Harshadbhai Nagori

Timber & Plywood Merchant

Gitamandir Sahakari Lati Bazar Zone No.2, Jagannathji Road,
Ahmedabad-380 022 • Email : jayeshnagori@yahoo.co.in
Phone : 079-2539 1074, 2535 1074, (R) 2656 3698 Fax : 079-2532 4533



બાહુમાં તું મા શક્તિ... હૃદયમાં તું મા ભક્તિ !

વંદે માતરમ્‌ની એક વાત તેમના સંપાદનમાં પ્રકાશિત 'બંગદર્શન'ના સહયોગી સહુને કહેતાં. ત્યારે પ્રકાશન સહેલું નહોતું. બંગાળી મૂળાક્ષરો ગોઠવી કઇ પ્રમાણે લખાણ ગોઠવવું, તે પણ બલ્બના પ્રકાશમાં બારીક અક્ષર શોધી અને બેસાડવા એ કલા તો અપૂર્વ હતી.

મુકેશ **ઠક્કર**

આ પંક્તિઓ રાષ્ટ્રીય ગાન વંદે માતરમ્‌ની છે. વંદે માતરમ્‌ સૂત્ર નથી, પણ મંત્ર છે, એ સત્ય ઓગણીસમી સદીમાં લોકો સ્વીકાર કરતા હતા. આ મંત્ર અને તે ઇતિહાસ જાણવા જેવો છે. જ્યારે પણ દેશની સ્વાધીનતા સંગ્રામનો ઉલ્લેખ થશે ત્યારે બંગાળના સાહિત્ય સમ્રાટ બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાયનું નામ ગૌરવ સાથે લેવાશે.

બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાયનો પ્રારંભિક જીવન અધ્યાય જ અસાધારણ રહ્યો. કુળ પુરોહિત બિશ્વમભર ભટ્ટાચાર્યથી તેમણે પાઠ શીખ્યા. ગામની પાઠશાળામાં ગયા જ નહીં. તે પછી પાઠશાળાના ગુરુ રામપ્રાણ સરકાર તેમના ગૃહ શિક્ષક બન્યા. તેમના ગામ કાંઠાલપાડામાં વિદ્વાન શ્રીરામ ન્યાયબાગીશથી બંગાળી અને સંસ્કૃત શીખ્યા. તરુણવયે કાવ્યો રચતા હતા. કવિ જયદેવના ગીત ગોવિંદનાં કાવ્યો બંગાળીમાં અનુવાદ કર્યા. પંડિત હલધર તર્કચુડામણી સામે બેસી મહાભારત સાંભળતા અને 'શ્રીકૃષ્ણ આદર્શ પુરુષ અને આદર્શ ચરિત્ર'નો ગહન અભ્યાસ કર્યો. આ શિક્ષણની તેમના જીવન અને સાહિત્ય પર અસર પડી છે.

ત્યાર બાદ હુગલી કોલેજમાં દાખલ થયા. ૧૮૫૦માં જુનિયર સ્કોલરશિપ પરીક્ષામાં પ્રથમ ઉત્તીર્ણ થઈ માસિક રૂપિયા આઠની સ્કોલરશિપના હકદાર બન્યા. તે જ વર્ષે સંવાદ પ્રભાકર કવિતા પ્રતિયોગિતામાં પ્રથમ પુરસ્કાર મેળવ્યો. આ કોલેજમાં તેમણે ગદ્ય-પદ્યનો અભ્યાસ કર્યો. આ કોલેજ હવે હુગલી મોહસીન કોલેજ નામે હજી ચાલે છે!

બંકિમચંદ્ર હુગલી કોલેજ છોડી લો ભણવા કલકત્તાની પ્રેસિડેન્સી (ત્યારે હિન્દુ કોલેજ કહેવાતી) કોલેજમાં દાખલ થયા. લોની એન્ટ્રેસ પરીક્ષામાં પ્રથમ રહ્યા પછી કલકત્તા યુનિવર્સિટીમાં બી.એ.ની પરીક્ષા આપી જેમાં દશ પરીક્ષાર્થી હતા. માત્ર બે બંકિમચંદ્ર અને યદુનાથ બાસુ સફળ થયા.

પિતાની જેમ બંકિમચંદ્ર પણ ડેપ્યુટી મેજિસ્ટ્રેટ અને ડેપ્યુટી કલેક્ટર બન્યા. સરકારી પદ હોવા છતાં બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાયનું નામ લેખક અને ભારતના નવજાગરણ માટે જ યાદ રાખવું પડશે.

વંદે માતરમ્‌ માટે અનેક મૂર્ધન્ય વિભૂતિઓએ લખ્યું છે. બંકિમચંદ્રને ઋષિ કહ્યા છે. શ્રી અરવિંદ તેમના માટે લખી ગયા છે. શ્રી અરવિંદે વંદે માતરમ્‌નો અંગ્રેજીમાં અનુવાદ પણ કર્યો છે.

વંદે માતરમ્‌ની એક વાત તેમના સંપાદનમાં પ્રકાશિત 'બંગદર્શન'ના સહયોગી સહુને કહેતાં. ત્યારે પ્રકાશન સહેલું નહોતું. બંગાળી મૂળાક્ષરો ગોઠવી કઇ પ્રમાણે લખાણ ગોઠવવું, તે પણ બલ્બના પ્રકાશમાં બારીક અક્ષર શોધી અને બેસાડવા એ કલા તો અપૂર્વ હતી. બંગદર્શનની એક પાનામાં વાર્તા તૈયાર કરતાં બંકિમચંદ્રના સહકર્મી એક ખૂણો સહેજ ખાલી રહી જતાં ગૂંચવાઈ ગયા હતા.

Neelkanth Group

- **AHIR SALT & ALLIED PROD.(P) LTD.**

  (Liquid Storage Terminal for Edible Oil,
  Vegetable Oil & Chemicals Covered & Open Warehouse)

- **SRK CHEMICALS LTD.**

  (Manufacturers & Exporter of Industrial & Edible Salt)

- **NEELKANTH SALT SUPPLY CO.**

  (Manufacturers & Exporter of All Type of Salt)

- **MIHIR & CO.**

  (Stevedores, Vessel Agents & Handling Agent)
  (Fleet Owner & Specialized in Handling Timber Logs)

- **PATEL CONSTRUCTION CO.**

  (An ISO 9001 : 2000 Company Govt. Approved
  'AA' Class Contractors)

VESSEL AGENTS, SHIPPING, CLEARING, FORWARDING AND LICENSED STEVEDORES AT KANDLA, MUNDRA AND ALL GUJARAT PORTS.

WE ACT WITH CONFIDENCE.....!!

"NEELKANTH HOUSE", BBZ-S-60, ZANDA CHOWK,
GANDHIDHAM (KUTCH) 370 201. PH. : 02836 220421,
FAX : 02836 223560, EMAIL : info@neelkanth.co.in
PIC : Mr. Shamji S Kangad +91 98252 25711,
Mr. Mihir T. Kangad +91 98252 13711, Website : www.neelkanth.co.in

તેમણે સંપાદકની મેજના ખાના તપસ્યા, કદાચ કોઈ નાની કૃતિ કે કવિતા મળી જાય અને તે મૂકી પાનું ભરી તૈયાર કરી શકાય. એક કાગળ પર વ્યવસ્થિત લખેલી કવિતા મળી જેનું શીર્ષક હતું, 'વંદે માતરમ્.'

સુજલામ સુફ્લામ મલયજ-શીતલામ્

શસ્યશ્યામલામ્ માતરમ્ આ શબ્દો કાને પડતાં બંકિમચંદ્રનું ધ્યાન તે તરફ ગયું. સહકર્મીએ પૂછ્યું, 'આ કાવ્ય વાર્તા સાથે ગોઠવું?'

ત્યારે બંકિમચંદ્રે જવાબ આપ્યો, 'આ રીતે આ ગીત છપાય નહીં. એક દિવસ એવો આવશે જ્યારે આખા દેશની ગલીઓમાં આ મંત્ર બની ગૂંજશે. લોકોના અંતરમનને સ્પર્શી તેમને માતૃભૂમિને બંધન મુક્ત કરવા જગાડશે! ત્યારે કદાચ એ દ્રશ્ય જોવા હું જીવતો નહીં હોઉં, પણ તે દિવસ તે ઘડી તું જોઈ શકીશ. લોકો આ ગીત ગાઈને માતૃભૂમિને નમન કરતાં રહેશે!' તે કાગળ સાચવીને ફરી મેજના ખાનામાં સુરક્ષિત રાખવામાં આવ્યો.

થોડા સમય પછી બંગદર્શનમાં આનંદમઠ લખવાની શરૂઆત કરી. વંદે માતરમ્ તેની છાયામાં સતત ગૂંજતું રહ્યું. બંગદર્શનના પ્રથમ અંકમાં જ બંકિમચંદ્ર લખી ગયા છે. મને અંગ્રેજો કે અંગ્રેજી ભાષા પ્રત્યે કોઈ લાગણી નથી. શક્ય હોય તેટલું અંગ્રેજી અધ્યયન કરવું જોઈએ, પણ યાદ રાખવું જોઈએ કે ચમકતા પિત્તળ કરતાં શુદ્ધ ચાંદી વધારે કિંમતી હોય છે. આ તેમના માટે કહ્યું જે ભારતીયો પોતાનું મૂળ ભૂલી લાટસાહેબોની જેમ વર્તન કરતાં!

ભારતીય સ્વાધીનતા સંગ્રામમાં એક વિશેષ ભૂમિકા સંન્યાસીઓએ અંગ્રેજો સામે છેડેલ જેને વિદ્રોહી આંદોલન કહેવાય છે. સંન્યાસી આંદોલન બ્રિટિશ શાસનની વિરુદ્ધ ચળવળ હતી. અંગ્રેજોએ સંન્યાસીઓ પર કપટ કરી આક્રમણ કર્યું હતું. તેમાં અનેક સંન્યાસીઓ દેશ માટે ફના થયા હતા. આનંદમઠ તેની વાચા હતી. આ ઉપન્યાસ પ્રકાશનના વિરોધમાં અંગ્રેજોએ કાયદો પસાર કર્યો હતો, કારણ કે ભારત માતાના ત્રણ મુખ જગધાત્રી, દુર્ગા અને કાલી તરીકે પૂજાતા, ત્યારે પણ

આનંદમઠ પ્રકાશિત થયા પછી ઈલબર્ટ બીલના વિરોધમાં આંદોલન ચાલી રહ્યું હતું. મયમનસિંહ સરઘસ સાથે રસ્તા પર નીકળી પડ્યા હતા. વચ્ચે વક્તવ્ય આપતાં પહેલાં વંદે માતરમ્નો નાદ સંભળાયો તે એક સૂરમાં ગૂંજ્યો

આનંદમઠના પ્રકરણ બંધ રહ્યાં નહોતાં. હસ્તલિખિત પ્રતો ક્રાંતિકારીઓ જનગણ સુધી પહોંચાડતાં અને સ્વાધીનતાની અલખ વંદે માતરમ્ના અભિવાદન સાથે ઘૂણતી અંગ્રેજો રોકી શક્યા નહોતા. કપટ કરી આંદોલન તોડવા લાટસાહેબની જેમ ફરતાં કેટલાંક ચમકતાં પિત્તળ પણ અંગ્રેજો સાથે હતા.

વંદે માતરમ્ની ગાનની યાત્રા સ્વાધીનતા સંગ્રામ સાથે જોડાયેલી તો રહી, પણ તે કેટલી કઠિન હતી તે પણ એક ઇતિહાસ છે. સમાચાર પત્રો અને પત્રિકાઓમાં તેના પર લેખ પ્રગટ થતાં. ૧૮૫૨માં આનંદમઠ પુસ્તકરૂપે બહાર પડ્યું ત્યારે વંદે માતરમ્ ગાનની સાથે નોંધ હતી. 'મલ્લાર રાગ' આ રાગમાં અને કવ્વાલી તાલમાં. બંકિમચંદ્રના બેઠક ખંડમાં જદુ ભટ્ટ નામના ગાયકે તે મુજબ ગાઈ સંભળાવ્યું હતું. આ ઘટનાના ત્રણ વરસ પછી તરુણ કવિ અને સૂરકાર રવીન્દ્રનાથ ટાગોરે બાલક પત્રિકામાં વંદે માતરમ્ દેશ રાગની સ્વરલિપિ સાથે પ્રગટ કર્યું. દેશ

રાગમાં તરુણ રવીન્દ્રનાથના સ્વરમાં વંદે માતરમ્ સાંભળી બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાય ખુશ હતા. આમ વંદે માતરમ્ સાથે દેશ રાગ જોડાઈ ગયો.

બંકિમચંદ્રના અવસાન પછી ૧૮૯૬માં કોંગ્રેસના કલકત્તા અધિવેશનમાં રવીન્દ્રનાથ ટાગોરના સ્વરમાં દેશ રાગમાં પ્રથમવાર વંદે માતરમ્ ગવાયું. સ્વદેશી આંદોલનનો સમય હતો. પાથેફોન નામની કંપનીએ વંદે માતરમ્ની આ રેકોર્ડ બહાર પાડી. તે સાથે લખ્યું કે, નવી પ્રયુક્તિથી રેકોર્ડિંગને કારણે તમને એવું પ્રતીત થશે કે ગાયક તમારી સમીપ બેસીને ગાઈ રહ્યા છે! આનંદમઠ પ્રકાશિત થયા પછી ઇલબર્ટ બીલના વિરોધમાં આંદોલન ચાલી રહ્યું હતું. મયમનસિંહ સરઘસ સાથે રસ્તા પર નીકળી પડ્યા હતા. વચ્ચે વક્તવ્ય આપતાં પહેલાં વંદે માતરમ્નો નાદ સંભળાયો તે એક સૂરમાં ગૂંજ્યો અને સ્વાધીનતાનો જાણે પાંચજન્ય ફૂંકાયો!

ખુદીરામ બોઝ સહિત ક્રાંતિકારીઓ વંદે

MEHTA GROUP OF SCHOOLS

BARODA PUBLIC SCHOOL

LITTLE LEADERS ACADEMY

WHERE
Education
MEETS
Excellence!

A team of **excellent teachers & staff** that are **focused on providing exceptional education** and **knowledge to** their **students.**

A strong and vivid infrastructure with state of the art facilities including **the nationally renowned Atal labs.**

ENROL YOUR KID TO MEHTA GROUP OF SCHOOLS FOR A BRIGHT FUTURE

Call US : +91 63548 60256

BARODA PUBLIC SCHOOL
ENGLISH MEDIUM (GSEB) Std. I to XII Science/Commerce/Arts

Find Out More By Visiting :
www.barodapublicschool.com

Follow US :
baroda_public_school | barodapublicschool

LITTLE LEADERS ACADEMY
Kg Morning, Kg Noon and Kg Day Dchool

Find Out More By Visiting :
www.littleleadersacademy.in

Follow US :
lla.littleleaders | littleleadersacademy.lla

માતરમ્‌ના નારા બોલતાં ફાંસીના માંચડા સુધી ગયા. માતૃભૂમિને નમન કરતાં ઝૂલી ગયા. સુરેશચંદ્ર સમાજપતિ પર આ ગાનની ઊંડી અસર થઈ. તેમણે 'વંદે માતરમ્‌ સંપ્રદાય' નામક સંગઠનની સ્થાપના કરી. કોઈ દેશના રાષ્ટ્રગુણ ગાતા ગાનના નામ પર સંગઠન બન્યું એ સ્વતંત્રતા ચળવળના ઇતિહાસમાં બેજોડ દાખલો છે.

વર્ષ ૧૯૩૭માં વંદે માતરમ્‌ની બે પંક્તિઓ 'બાહુતે તુમી મા શક્તિ હૃદયે તુમી મા ભક્તિ' (બાહુમાં તું મા શક્તિ... હૃદયમાં તું મા ભક્તિ!) પર મુસ્લિમ લીગ અને ઝીણાને વાંધો હતો. કવિ રવીન્દ્રનાથ ટાગોરના પરામર્શ સાથે આખા ગાનની બદલે પ્રથમ બે સ્તવક રાષ્ટ્રીય ગાન તરીકે સ્વીકૃત કરવાની કોંગ્રેસ વર્કિંગ કમિટીએ ઘોષણા કરી. સાથે એમ પણ કહેવાયું કે ગાન ઊભા થઈને ગાવું, ન ગાવું હોય તો પણ ઊભા થઈ સમ્માન આપવું ફરજિયાત

હિન્દી, મરાઠી, કન્નડ, ગુજરાતી, તેલુગુ અને તમિળ ભાષામાં આનંદમઠના અનુવાદ પ્રકાશિત થયા. રાજામુન્દ્રીમાં અંગ્રેજોની ફોજ નીકળતી ત્યારે બાળકો તેમની પાછળ વંદે માતરમ્‌ના નારા લગાવતાં. ચિડાઈને અંગ્રેજો તેમની પાછળ પડતાં! ૧૯૦૫માં વારાણસીમાં કોંગ્રેસનું અધિવેશન હતું. સભાપતિ ગોપાલકૃષ્ણ ગોખલે હતા. સરલાદેવી અને લેડી અબલા બાસુ બંગાળથી ગયાં હતાં. સભાપતિ ગોખલેને ચબરખી મળી, જેમાં લખ્યું હતું, વંદે માતરમ્‌ ગવડાવો. ત્યારે બંગાળ સહિત ઘણા પ્રાંતોમાં વંદે માતરમ્‌ પર પ્રતિબંધ લાદવામાં આવ્યો હતો. નરમપંથી ગણાતાં ગોખલેએ સરલાદેવીને કહ્યું, બધાનો અનુરોધ છે, પણ ટૂંકમાં ગાન કરજો. જે ગીત ગાવાથી રોમરોમમાં જ્વાળા પ્રગટે તે વચ્ચે કેમ અટકાવી શકાય. સરલાદેવીએ આરંભ કરી છેવટ સુધી ગાઈ સભાનું વાતાવરણ બદલી નાખ્યું. સભાએ ઊભા થઈ તાળીઓ વગાડી ગાન અને ગાયિકાનું સમ્માન કર્યું. સભામાં અદ્‌ભુત દેશપ્રેમ છલકાયો હતો.

રાષ્ટ્રીય ગીત અને રાષ્ટ્રીય ગાનના ગુંજન બાદ અધિવેશન પૂર્ણ જાહેર થયું હતું. બંકિમચંદ્ર ચેટરજી કે ચટ્ટોપાધ્યાય કેટલું સર્જન કરી ગયા તે અધ્યયનનો વિષય છે. તેઓ અંગ્રેજીમાં નવલકથા લખનાર પ્રથમ ભારતીય હતા

છે. ત્યારે તર્ક-વિતર્ક થયા હતા ત્યારે કવિ રવીન્દ્રનાથ ટાગોર ૭૬ વરસના હતા. બંગાળી સમાચાર પત્ર, સામયિકોમાં ચર્ચાઓ ઊપડી હતી. તે સમયના ચર્ચાસ્પદ પત્ર પ્રવાસીના સંપાદક રામાનંદ ચટ્ટોપાધ્યાયે આ સિદ્ધાંતનો વિરોધ કર્યો હતો.

૨૪ જાન્યુઆરી, ૧૯૫૦ના બંધારણ સભાના અંતિમ અધિવેશનમાં ચર્ચા અને નિર્ણયનો અંતિમ દૌર હતો. સભાના અંતે પ્રેસિડેન્ટ રાજેન્દ્રપ્રસાદે ઘોષણા કરી કે કવિગુરુ રવીન્દ્રનાથ ટાગોરની રચના જનમનગણ રાષ્ટ્રીય ગીત અને સ્વાધીનતા સંગ્રામમાં જે ગાન લોકચેતના જગાડતું રહ્યું તે વંદે માતરમ્‌ને સમાન મર્યાદા આપવામાં આવશે. રાષ્ટ્રીય ગીત અને રાષ્ટ્રીય ગાનના ગુંજન બાદ અધિવેશન પૂર્ણ જાહેર થયું હતું. બંકિમચંદ્ર ચેટરજી કે ચટ્ટોપાધ્યાય કેટલું સર્જન કરી ગયા તે અધ્યયનનો વિષય છે. તેઓ અંગ્રેજીમાં નવલકથા લખનાર પ્રથમ ભારતીય હતા. તેમની અંગ્રેજી નવલકથા "રાજમોહન'સ વાઈફ"ની ચર્ચા લંડનના સમાચાર પત્રોમાં થઈ હતી. આ નવલકથા ઇન્ડિયન ફિલ્ડ સાપ્તાહિકમાં પ્રકાશિત થઈ હતી.

આ ઉપરાંત બંગાળી સાહિત્યમાં તેમણે કપાલ કૂંડલા, મૃણાલિની, વિષવૃક્ષ, ઇન્દિરા, ચંદ્રશેખર, રાધારાની, રજની, કૃષ્ણકાંતેર વીલ, રાજસિંહ, સીતારામ અને દેવી ચૌધરાની જેવી નવલકથાઓ લખી સાહિત્ય સમ્રાટનું બહુમાન પ્રાપ્ત કર્યું. ચૂંચુડા જ્યાં બંકિમચંદ્ર નિવાસ કરતા, જ્યાં સ્વાધીનતા સંગ્રામની શ્લોકગાથા રચાઈ, તે વંદે માતરમ્‌ ભવન બન્યું. હુગલીના તીરે બે સ્નાન ઘાટ હતા. તે જોડાઘાટ સમીપ આ ઋષિએ જે ઉદ્‌ગાર કહ્યા હતા તે અક્ષરશઃ આજે પણ તાજાં લાગે છે.

ઇતિહાસ પુસ્તકો સુધી સીમિત રહે તો તેની સાથે ચેડાં થાય છે. એક પેઢીએ આવતી પેઢીને તે સમયનો ઇતિહાસ કલાથી, ગીતો અને નાટકોથી, ચલચિત્રો અને સમય સાથે બદલાતાં માધ્યમોથી સોંપવો જોઈએ જેથી યુગો સુધી સ્વાધીન ભારતની મહાગાથા ગવાતી રહે, જોવાતી રહે, સ્મરણમાં રહે. આવી એક તજવીજ વંદે માતરમ્‌ ભવનમાં હુગલી-ચૂંચડા આર્ટ ફોરમના પંદર ચિત્રકાર સભ્યોએ કરી. તેમણે બ્રિટિશ વિરોધી આંદોલન, બંકિમચંદ્ર અને વંદે માતરમ્‌નું મહત્ત્વ ઉત્સવના દિવસોમાં લોકો જોઈ શકે એટલે ફાઇબર કાસ્ટિંગ મ્યુરલ વર્કશોપ યોજ્યું. ઉત્સવ સાથે મહોત્સવ વંદે માતરમ્‌ ભવનમાં નવી પેઢીને સંદેશ આપે છે. બંકિમ એક દ્રષ્ટિ હતી જે ધર્મ, સાહિત્ય અને સમાજ અને દેશનું ભવિષ્ય જોઈ શકી હતી! જેમણે સ્વતંત્ર ભારત માટે મંત્ર લખ્યો અને સાચી ચાંદી અને ક્લાઈ કરી ચમકાવેલાં પિત્તળ વચ્ચે ફરક જોયો. જેમણે ભારતવાસીઓને માતૃભૂમિને નમન કરવાનું મહત્ત્વ સમજાવતું ગીત આપ્યું! ■

CHARUSAT

CHAROTAR UNIVERSITY OF SCIENCE AND TECHNOLOGY

Recognized Under Section 2F of UGC Act 1956

CENTER OF EXCELLENCE in principle approved by Government of Gujarat

Only University in Gujarat to have 4 institutes in TOP 3 GSIRF Rankings - 2021

1ST PRIVATE UNIVERSITY IN GUJARAT TO RECEIVE "A" GRADE BY NAAC IN ITS FIRST CYCLE

High Moral Values of

Honesty, Integrity & Transparency

Faculties and Institutes @ CHARUSAT

Faculty of Technology & Engineering ▶ B. Tech • M. Tech • Ph.D

Computer Engineering / Electronics & Communication Engineering / Civil Engineering / Information Technology / Mechanical Engineering / Electrical Engineering / Computer Science & Engineering

Chandubhai S Patel Institute of Technology
Patronized by Sumitraben C Patel (Pharma Industrialist, USA)

Devang Patel Institute of Advance Technology and Research
Patronized by Shri Devang Patel, Scion of IPCO Family

Faculty of Computer Science and Applications ▶ BCA • B.Sc. IT • MCA • M.Sc. IT • Ph.D

Smt. Chandaben Mohanbhai Patel Institute of Computer Applications
Patronized by Dr. M. I. Patel, an industrialist of repute & Former Sheriff, Mumbai

Faculty of Sciences ▶ B. Sc. • M. Sc. • Ph.D

B.Sc.: Biotechnology / Microbiology / Biochemistry / Physics / Physics (Hons.)

M.Sc.: Biotechnology / Microbiology / Biochemistry / Physics / Advance Organic Chemistry / Mathematics

P D Patel Institute of Applied Sciences (22nd Rank @ NIRF, Govt. of India)
Patronized by Shri P D Patel, Emirates Transformer & Switchgear Ltd., Dubai

Faculty of Management Studies ▶ BBA • MBA • Ph.D

Indukaka Ipcowala Institute of Management
Patronized by IPCO Industries - A Business House of repute

Faculty of Pharmacy ▶ B. Pharm • M. Pharm • Ph.D

Ramanbhai Patel College of Pharmacy
Patronized by Pharma Giant Zydus Cadila Healthcare Ltd.

Faculty of Medical Sciences

Manikaka Topawala Institute of Nursing ▶ B. Sc.• GNM •M. Sc.•Ph.D
Patronized by Sumitraben C. Patel & Jyotsnaben H. Patel, USA

Ashok & Rita Patel Institute of Physiotherapy ▶ BPT • MPT • Ph.D
Patronized by Shri Ashok C. Patel, Businessman, USA

Bapubhai Desaibhai Patel Institute of Paramedical Sciences
Patronized by Shri Rajendra B. Patel (Engineer) & Family, USA

B.Sc. in Medical Imaging Technology / Operation Theatre & Anesthesia Technology / Medical Laboratory Technology / Bachelor of Optometry

M.Sc. in Medical Laboratory Technology / Medical & Imaging Technology

P.G. Diploma in Medical Laboratory Technology / Clinical Hypnosis • Ph.D

Stellar Features of CHARUSAT

- 120 Acres of Lush Green Campus
- Selected as one of 4 Universities under DASA Scheme of Government of India for Admission of Foreign Students
- 24 hours 1150 MBPS Internet Facility and Wi-Fi- Free
- Distinguished Qualified Faculty
- More than 150 Hi-tech Teaching and Research Labs accessible 24 Hours
- Exclusive Fitness Centre, Gymnasium, Indoor and Outdoor Sports Facilities
- Student Well-ness Program

72+ UG, PG & Ph D Programs

8000+ Students Pursuing Education

300+ Industries & Organisations Associated

10000+ Students Placed

80+ Entrepreneurs Created

Clinical Exposure @ 150 Bed NABH Accredited CHARUSAT Hospital

Aegis: Shri Charotar Moti Sattavis Patidar Kelavani Mandal
President: Shri Surendra M. Patel • **Secretary:** Dr. M. C. Patel

> "I am happy to know that CHARUSAT has a goal set for mission of social upliftment with components of knowledge acquisition and imparting education."
>
> Dr. APJ Abdul Kalam

> "CHARUSAT is indeed a Golden Truth of Gujarat."
>
> Shri Narendra Modi

Centres and Cells at CHARUSAT

International Center for Cosmology
Frontier research on the nature and structure of the Universe

CHARUSAT Space Research & Technology Centre
Research / Projects in Satellite Technology with ISRO, IPR & IRDE

Dr. K. C. Patel Research & Development Centre
Research in Solar Cells, Solar Power Systems, Nano-Drug Delivery, Bio-Sensors, Electronic Composite Sensors and more

Pramukh Swami Centre of Excellence in Renewable Energy
Research in Renewable Energy and Resources which can naturally be replenished

Pri. B. I. Patel Human Resource Development Centre
All-round development of Human Resource

CHARUSAT Rural Education Development Program
A unique program for the amelioration of school education in rural areas

IPR Cell

Research, Collaborations & Projects

- Harrisburg University, USA
- Technische Universitat, Dresden, Germany
- PCSD @ OECD, France
- Slovenian Academy of Sciences
- Synergy University, Moscow, Russia
- AIMST University, Malaysia
- Chonnam National University, Gwangju, South Korea
- University of Bielsko-Biala, Poland
- Institute for Systems & Computer Engineering, Technology & Science, Portugal
- Mount Kenya University, Kenya
- Victoria University, Uganda
- Kampala International University, Uganda
- Great Zimbabwe University, Zimbabwe
- Chinhoyi University of Technology, Zimbabwe
- University of Zimbabwe, Zimbabwe
- Department of Science &Technology, Government of India
- Bhabha Atomic Research Center, Government of India
- ISRO, Government of India
- Defence Research & Development Organization, India
- UGC - DAE Consortium for Scientific Research, New Delhi
- All India Council for Technical Education, Government of India
- Gujarat Electronics & Software Industries Association
- Gujarat Council on Science & Technology, Government of Gujarat
- Nursing Research Society of India
- Department of Biotechnology, Government of India
- Gujarat Social Infrastructure Development Society, (GSIDS)

and many more...

CHRF

CHARUSAT HOSPITAL

Care with compassion

150 Bed NABH Accredited Multispecialty Hospital

CONTACT US :
Charotar University of Science & Technology
CHARUSAT Campus - Changa, Off Nadiad-Petlad Highway
PIN-388421 GUJARAT, INDIA
Ph +91-2697-265011/21
E-mail: info@charusat.ac.in

www.charusat.ac.in

નવા યુગની વ્યક્તિ અને નવયુગીન સમષ્ટિ

મૂળ તત્ત્વ વ્યક્તિ છે. આ બ્રહ્માંડની આધારશિલા વ્યક્તિ છે. વ્યક્તિના અંતઃકરણમાં રહેલી ભોમકાએ જ તેને એની સમષ્ટિ શોધી આપે છે. હવે ઇચ્છું કે કોઈ ને કોઈ સમષ્ટિના ભાગ બનવું, તે પૃથ્વી પરના દરેક મનુષ્યની નિયતિ છે. સમષ્ટિથી મનુષ્ય વિખૂટો પડી શકે એમ નથી.

બહુ લાંબી સફરે નીકળેલું જહાજ અચાનક એક ટાપુ ઉપર થોડા સમય માટે ફસાઈ જાય એટલે સફરના રોમાંચમાં ઘણો ફરક પડી જાય છે. સફર દરમિયાન થોડા સમય માટે પણ અજાણી જગ્યાએ ફસાઈ જવું તે યાત્રાના રોમાંચને બહુ ઓછો કરી નાખે છે, કારણ કે યાત્રામાં અજાણતા જ વિષાદનો પ્રવેશ થાય છે. અર્જુન જેવો નહિ તો એનાથી જુદા પ્રકારના વિષાદયોગનો અનુભવ યાત્રિકોએ કરવો પડે છે.

આપણે સૌ અને આપણા સૌ સમકાલીન કોરોના નામના ટાપુમાં ફસાઈ ગયા હતા અને હજુ પણ ફસાયેલા છીએ. હવે એમાંથી મુક્તિનો કંઈક અણસાર મળે છે. અલબત્ત, અણસાર ઝાંખો ઝાંખો છે. એમાં પણ અચોક્કસ ભવિષ્ય સામેલ છે. જે વિશ્વમાં આપણે છીએ તે વિશ્વમાં આતંકવાદ પણ છે અને આતંકવાદની વ્યાખ્યા એ છે કે, 'આ પૃથ્વી પર સર્વકાળે અને સર્વસ્થળે લટકતી અનિશ્ચિતતાની એક તલવાર.' આ જ વ્યાખ્યામાં એક ચાઇનીઝ વાઇરસે પોતાને ફિટ કરવાની કોશિશ કરી છે.

અભિમન્યુ **મોદી**

માટે અત્યારે ફરીથી રોજિંદા જીવનની ઘટમાળમાં આવી ગયેલી દરેક વ્યક્તિને સન્માનની નજરથી જોવી પડે, કારણ કે તે વ્યક્તિ પેલા ટાપુ પરથી પસાર થઈને રોજિંદા જીવનની સન્મુખ આવી છે. ૨૦૧૯ પછી આ દુનિયાની પ્રત્યેક વ્યક્તિ માટે આદર અને સન્માન વિશેષ ઉમેરાયેલા હોવા જોઈએ. દરેક વ્યક્તિની કશમકશમાં દેખીતો પણ આપણે ન જાણતા હોઈએ તેવો વધારો થયો છે.

જે ગૃહિણીએ લોકડાઉન દરમિયાન ઘરમાં છૂટા રખડતા પોતાના પતિના પાકીટ અને મોબાઇલને સ્પર્શ ન કર્યો તેવી સતી સાવિત્રીઓને વંદન અને પતિના મોબાઇલ ચેક કરવાનો જેણે ભરપૂર લહાવો લીધો છે તેને પોતાના દાંપત્યજીવનના સન્મુખ થવાનો લાભ મળ્યો હોવાના કારણે તેમને અભિનંદન પાઠવીને એ વ્યક્તિવની વાત માંડીએ જેના અભિગમમાં છેલ્લાં બે વર્ષને કારણે જીવન પરત્વેની ગંભીરતામાં અભિવૃદ્ધિ થઈ હોય.

પ્રાચીનકાળમાં માનુષ વ્યક્તિગત રીતે જીવતો હતો, કારણ કે કોમ્યુનિકેશનના સાધનો તથા માધ્યમોનો સંપૂર્ણ અભાવ હતો. થતું એવું કે એક મનુષ્ય જે કંઈક સંકેતો કે અવાજોનો ઉપયોગ કરે તે બીજો મનુષ્ય સમજી શકતો નહીં. એટલે હોમો ઈરેક્ટ્સ પહેલાંના તમામ આદિમનુષ્યો વચ્ચે પ્રત્યાયન ન હતું, પણ તેઓની ઉપર હિંસક પશુઓના આક્રમણ તો ચાલુ જ હતા. છાશવારે કુદરતી આપત્તિઓનો સામનો કરવો પડતો. આબોહવામાં એકાએક પરિવર્તન થઈ જતું અને એ પરિવર્તન ક્રૂર સાબિત થતું. જીવજંતુઓનો ઝેરી ઉપદ્રવ સતત રહેતો. ખરાબ વનસ્પતિ કે હાનિકારક કંદ ખાવાનો પણ પ્રસંગ આવતો. આ દરેક જીવલેણ પરેશાનીથી બચવા આદિમનુષ્યો લડવા લાગ્યા. હિંસક પશુઓ સામે જાતને અને કબીલાને બચાવવા આત્મરક્ષણ અને હુમલો કરવા લાગ્યા. જંગલી પશુઓ સાથેની અથડામણથી બે મનુષ્યો વચ્ચે સંપ પેદા થયો. ટૂંકમાં, 'સંપના પાયામાં હિંસા રહેલી છે.'

એમ કરતા કરતા આદિમનુષ્યોના કબીલા બન્યા. પ્રાચીન મનુષ્યોના બાહ્યવર્તન ઉપરથી તેમની સમજણ અને સંકેતો અસ્તિત્વમાં આવ્યા. તે સાથે આદિમનુષ્યમાં કોમ્યુનિકેશન સ્કિલનો જન્મ થયો. પ્રથમ ભાષા તો અભિનયની જ હતી. નાટ્યકળા સૌથી પ્રાચીનકલાઓ પૈકીની એક છે. જેમાંથી વિકસતા વિકસતા આપણે મુદ્રાવિજ્ઞાન સુધી પહોંચ્યા છીએ.

દક્ષિણ ભારતની સંસ્કૃતિ ઉપર એક નજર અત્યારે કરવામાં આવે તો તેમાં ચિત્ર કે નૃત્ય સ્વરૂપે સમગ્ર કૃષ્ણકથા જોવા મળે,

www.kanan.co

AI-Powered EdTech Solutions

Kanan® International

Let's Grow Globally

STUDY IN CANADA USA UK

ADMISSIONS OPEN FOR

JANUARY
MAY
SEPTEMBER
2022 INTAKES

60,000+ SUCCESSFUL STUDENT VISAS

20,000+ PARENTS' VISITOR VISAS

1,00,000+ STUDENTS MENTORED

EXPERT ONLINE & OFFLINE COACHING WITH SIMULATED MOCK TEST SERIES FOR

IELTS ACADEMIC I GENERAL

PTE / TOEFL / SAT / GRE
GMAT / SPOKEN ENGLISH
FRENCH / DUOLINGO

COACHING SOLUTIONS ACROSS OFFLINE, ONLINE AND BLENDED LEARNING FORMATS

- 20+ MOCK TESTS
- 40+ SECTIONAL TESTS
- LIVE CLASSES
- PERSONALIZED DOUBT SOLVING SESSIONS

COACHING OFFERINGS

PERSONALIZED CLASSES | GROUP CLASSES | REGULAR CLASSES | 500+ VIDEOS | GRAMMAR & VOCABULARY LESSONS

A TO Z SERVICES UNDER ONE ROOF

COLLEGES, UNIVERSITY AND PROGRAM SELECTION | STUDENT VISA FILING | VISA INTERVIEW PREPARATION | SOP | EDUCATION LOAN | STUDENT VISA & REFUSAL CASES

AIR TICKET / PG ACCOMMODATION | PRE-DEPARTURE SEMINARS | LOWEST TUTION FEES | SCHOLARSHIP GUIDELINES | TRAVEL INSURANCE | INTERNATIONAL SIM CARD

PARTNER WITH KANAN INTERNATIONAL PVT LTD

TO OPEN STUDY ABROAD CENTRE

AT YOUR SCHOOLS, COLLEGES & COACHING INSTITUTES

LEGACY OF 25 YEARS

DESIGN BY art design

Head Office: Kanan House, D-Wing, 2nd Floor, Trident Complex, Nr. Race Course Circle, Vadodara, Gujarat 390007

CALL US : 63571 65533 / 63588 58203 / 63588 19143

એક પણ શબ્દના પ્રયોગ વિના. નર્તકો યુગલનૃત્ય રજૂ કરે જેમાં શિવ-પાર્વતીની આખી કથા આવી જાય. અભિનયમાં કોમ્યુનિકેશનની જે શ્રેષ્ઠતાઓ રહેલી છે તેને દક્ષિણના લોકોએ ઉત્તર ભારત કરતાં વધુ એક્સ્પ્લોર કરી છે. તેની સામે ઉત્તર ભારત છે તે શબ્દનો અધિક ઉપાસક રહ્યો છે. જોકે ભારતખંડને સમજવા માટે તમિલ ભાષા શીખવી અનિવાર્ય છે.

દક્ષિણ અને ઉત્તર ભારત વચ્ચે આવે છે ગુજરાત. આપણે ગુજરાતીઓ તો એક અક્ષરથી કામ ચલાવનારા. એમાંય ઘણી વખત માત્ર હમ્મ.. હંઅ... હે... ઓહો... થી મોટા વહીવટો નીપટાવી લેવામાં આવે.ગુજરાતીઓનો જે ગુજરાત શબ્દકોષ છે એવો જ ટૂંકાક્ષરી ગુજરાતી કોષ બનાવવાનો બાકી છે. ટૂંકાક્ષરી શબ્દોની લોકપ્રિયતાનું કારણ એ કે પૈસા કમાવામાંથી નવરાશ મળે તો આખું વાક્ય બોલાય ને. આખું વાક્ય બોલવામાં આવે એટલી વારમાં તો અડધા પાનાનો હિસાબ થઈ જાય. ગુજરાતીઓના હિસાબ-કિતાબ સારા ગણાય છે, એવું જગત જાણે છે. ખાનગીમાં આપણે જાણીએ છીએ કે હિસાબ-કિતાબમાં આપણને ફક્ત હિસાબમાં જ રસ છે, કિતાબમાં એટલો નહીં. લોકડાઉન દરમિયાન બધા ગુજરાતીઓનાં ઘરમાં લાલ રંગના પૂઠાના જ ચોપડા હતા જે હિસાબના હતા. દક્ષિણ ભારતના ઘણા પરિવારોમાં લોકડાઉન ઉત્સવ બની ગયું હતું. ત્યાંના ઘરોની લાઇબ્રેરીમાં ધૂળ નથી જામતી. આપણે લોકડાઉન ઇન્વેસ્ટમેન્ટ સેમિનાર અને કૂકિંગ શો બની ગયો હતો.

સમૂહજીવનની શરૂઆત થઈ ત્યારે ચોક્કસ પ્રકારના ધ્વનિઓ ચોક્કસ પ્રકારના અર્થો માટે નક્કી થયા. દાખલા તરીકે, આવો... બેસો... ચાલો... જેવા શબ્દો. જેનો અર્થ બધા કોમન રીતે સમજતા હતા. ભાષાની સમજણ એવી છે કે સમસ્ત સમાજ જે શબ્દનો કોમન અર્થ જાણે છે તેને જ ભાષામાં સ્થાન છે. તે જ ભાષાનું અંગ છે. તમારો પોતાનો બનાવેલો શબ્દ તમારા ઉચ્ચારનો ભાગ છે, પણ ભાષાનો ભાગ ન બની શકે.

આનો બીજો અર્થ એ કે ભાષા સામાજિક છે, આનુવંશિક નથી. જે બાળકનો જન્મ ગુજરાતમાં થાય છે તેને સ્પેનમાં મૂકી આવો અને પાંચ વર્ષ પછી તેને મળો તો તે સ્પેનિશ જ બોલતું હશે. સામસામા દત્તક લીધેલાં બે બાળકો પૈકી સ્પેનનું જે બાળક ગુજરાતમાં હશે તે પાંચ વર્ષ પછી ફક્ત દેખાવે જ સ્પેનિશ હશે બાકી તો નખશિખ ગુજરાતી જ બની ગયું હશે. એમાં પણ એ જામનગરમાં હશે તો હાલારી બોલશે, કચ્છમાં હશે તો કચ્છી બોલશે, ગોહિલવાડમાં હશે તો પ્રશ્નોરા નાગરોના પ્રભાવથી સુસૃષ્ટ થયેલી ગોહિલવાડી ગુજરાતી બોલશે, જૂનાગઢમાં હશે તો તેની ભાષામાં જૂની સોરઠી ભાષાની છાંટ દેખાશે. તેનું કારણ એ જ કે ભાષા સામાજિક છે, આનુવંશિક નથી. સમાજના અસ્તિત્વની સાથે ભાષાનું અસ્તિત્વ પણ સમાંતર રીતે આગળ વધે છે.

સમૂહમાં જીવનને આકાર આપવો એટલે જરૂરી બન્યો કે કુદરતી આપત્તિઓ

અભિનયમાં કોમ્યુનિકેશનની જે શ્રેષ્ઠતાઓ રહેલી છે તેને દક્ષિણના લોકોએ વધુ એક્સ્પ્લોર કરી છે. તેની સામે ઉત્તર ભારત છે તે શબ્દનો અધિક ઉપાસક રહ્યો છે.ભારતખંડને સમજવા માટે તમિલ ભાષા શીખવી અનિવાર્ય છે

અને હિંસક પશુઓ વચ્ચે/ને કારણે પારાવાર અણસમજ હતી. માણસજાતે પોતાની અણસમજ સાથે અને બાહ્ય પ્રાકૃતિક તકલીફો સામે બે રીતે લડવાનું હતું. અતિશય મર્યાદિત બુદ્ધિમત્તા સાથે તેણે આ કામ પાર પાડ્યું. જેનાથી તેના ડિઓક્સિરિબોન્યુક્લિઇક એસિડમાં થોડા સુધારા થવા લાગ્યા. એના આધારે તેના મગજના બુદ્ધિકોષો અને જ્ઞાનતંતુઓનો તબક્કાવાર વિકાસ થયો. ભરપૂર પ્રાકૃતિક આહાર હોવાના કારણે તેમાં થોડી ઝડપ પણ આવી. કુદરતની આડમાં અને પ્રકૃતિની વધુમાં વધુ નજીક રહેતો હોવાના કારણે તેમાં પરોપકાર, વાત્સલ્ય અને બીજાની સંભાળ લેવાની વૃત્તિ આવી.

સાથે સાથે સમાજના આકારમાં બીજી રેખાઓ પણ ખેંચાવા લાગી. કેમ કે, કેળાંની લૂમ જંગલમાં હતી. તેના ઉપર કોઈએ તીર માર્યું હોય તો તેને બીજો માણસ લઈ શકે નહિ. આવી સ્થિતિ ઉદ્‌ભવી. કેળાં એમનેમ ટીંગાતા હોય તો કોઈ અન્ય માણસ લઈ શકે, પણ તીર હોય તો એ કેળાં લેવાનો હક તીરમાલિક સિવાય બીજા કોઈનો નહિ. અહીંથી અધિકારની શરૂઆત થઈ. 'આ મારું છે'- એ ભાવના અસ્તિત્વમાં આવી. પછી કોઈની પાસે ઓછું હોય તો કોઈની પાસે વધારે હોય. કોઈ પાસે પચાસ કેળાં હોય તો તે વધુ માલદાર, નવ કેળાં હોય તે ઊતરતો. બે ગાય હોય તો તે ગરીબ અને પચ્ચીસ ગાય હોય તો તે શ્રીમંત. આનો અર્થ એ કે મનુષ્ય પાસેની સંપત્તિ, સમૃદ્ધિ અને વૈભવે એક મનુષ્યને બીજા મનુષ્યથી જુદો પાડ્યો. ઓછું છે તે જુદા અને જેની પાસે વધુ છે તે પણ જુદા.

વ્યક્તિ અને સમષ્ટિના ભેદમાં ભૌતિક બાબતોએ રેખા આંકી. ઉપલબ્ધિઓએ સીમાંકન આંક્યું. ઉપલબ્ધિ જ્ઞાનની પણ હોઈ શકે. હું ગુરુ અને તું શિષ્ય. આવું ફક્ત બ્રાહ્મણોમાં જ હતું એવું નથી. પછી ક્ષત્રિયો આવ્યા. હું રક્ષા કરી શકું, તમે ન કરી શકો. વૈશ્યો આવ્યા. હું વ્યાપાર કરી શકું, તમે ન કરી શકો. શુદ્રો આવ્યા. હું સેવા કરી શકું, તમે ન કરી શકો. આ રીતે સંસારની રચના થતી ગઈ અને સદીઓ સુધી એ ક્રમ ચાલ્યો. ત્યાં આવ્યો અચાનક લોકડાઉનનો પિરિયડ. જેમાં ફરીથી વ્યક્તિગત એકાંતનો પુરસ્કાર મળ્યો.

રામચરિતમાનસમાં કેટલીક વિશિષ્ટ પ્રકારની વાતો તુલસીદાસે કરી છે. રામચરિતમાનસ મારી દ્રષ્ટિએ ત્રિ-નગર કથા છે. અયોધ્યા-કિષ્કિંધા-લંકા. આ ત્રણ નગરની કથામાં સૌથી ઉપર એટલે કે ઉત્તર દિશામાં અયોધ્યા છે. નીચે દક્ષિણમાં લંકા છે. અયોધ્યા પૂર્ણ સત્ય છે. લંકા પૂર્ણ અસત્ય છે, પરંતુ સાંગોપાંગ સત્તત્ત્વ ધરાવતી અયોધ્યાનગરીમાં એક અસત્તત્ત્વ પણ છે, જેનું નામ મંથરા છે. લંકા સંપૂર્ણ અસત્ છે, પણ તેમાં વિભીષણને સત્તત્ત્વ કહી શકાય. આ બંને દોનધ્રુવ જેવી નગરીઓ વચ્ચે કિષ્કિંધા આવેલું છે. સત્ અને અસત્ વચ્ચેનું મિશ્રણ એટલે કિષ્કિંધા. જેમાં બ્રહ્મચારી હનુમાન પણ છે અને ભોગવિલાસી સુગ્રીવ પણ છે. રામની મદદ કરવા માટે સુગ્રીવ સામેથી બહાર આવતો નથી. લક્ષ્મણે ધનુષ બાણ લઈને સુગ્રીવના શયનખંડ ઉપર ટકોરા મારવા પડે છે. વાલ્મીકિ રામાયણમાં પણ

ATHARVA
NEURO CARE

ન્યુરોલોજી ક્ષેત્રે
દસ વર્ષના
અનુભવી તજજ્ઞ

ડો. દેવશી આર. વિસાણા
(MBBS, MD MEDICINE, DM Neurology)

મગજ અને જ્ઞાનતંતુના રોગોના નિષ્ણાત

શું આપ આ તકલીફોથી પરેશાન છો ?

- માથાનો દુઃખાવો
- ખેંચ/વાઈ
- ચક્કર
- લકવો/પક્ષઘાત
- મગજનો ટીબી
- ગરદન અને કમરના મણકાની ગાદીની તકલીફો
- યાદશક્તિ ઓછી થવી
- હાથપગમાં ઝણઝણાટી
- હાથપગની ધ્રુજારી
- નસોની નબળાઈ
- સાયેટીકા

Neuropathy

૧) Neuropathy એટલે શું?

Neuropathy એટલે (નસ) ચેતાતંતુની તકલીફ. જ્યારે કોઈ કારણસર ચેતાતંતુ કામ કરતા બંધ થઈ જાય ત્યારે તેને ન્યુરોપેથી કહેવામાં આવે છે.

૨) ચેતાતંતુનું કામ શું હોય છે?

બે મુખ્ય પ્રકારની ચેતાતંતુ હોય a) Sensory Nerves-જે શરીરના કોઈ પણ ભાગમાંથી મગજ સુધી સિગ્નલ લઈ જાય છે અને b) Motor Nerves-જે મગજમાંથી શરીરના કોઈ પણ ભાગ સુધી સિગ્નલ લઈ જાય છે.

૩) Neuropathyનાં મુખ્ય લક્ષણો શું હોય છે?

Neuropathyનાં મુખ્ય લક્ષણો હાથમાં અને પગમાં ખાલી ચડવી, ઝણઝણાટી થવી, પગમાં કમજોરી/પગમાંથી ચપ્પલ નીકળી જવા, ચાલવામાં બેલેન્સ ના રહેવું વગેરે હોય છે. જો નાની નસોને અસર થાય (Small fibre Neuropathy)તો પગ/હાથમાં ભયંકર બળતરા થઈ શકે.

૪) Neuropathyનાં કારણો શું હોય છે?

Neuropathyનાં મુખ્ય કારણો : ડાયાબિટીસ, B-12ની ઊણપ, આલ્કોહોલ, Autoimmune બીમારીઓ જેમ કે CIDP, GBS, Rheumatoid, Airthritis વગેરે. ઘણી વખત નસ દબાવાથી પણ ન્યુરોપેથી થાય છે. જેમ કે કાંડામાં નસ દબાવી, જેને Carpal Tunnel Syndrome કહેવાય છે.

HIV AIDS માં પણ અલગ-અલગ પ્રકારની નસોની તકલીફ થાય છે. અમુક પ્રકારની નસની તકલીફો વારસાગત પણ હોય છે. ઉપરાંત ઘણી દવાઓથી પણ ન્યુરોપેથી થઈ શકે છે.

૫) Neuropathy માટે શું તપાસ કરાવવી જોઈએ?

રૂટીન બ્લડ રિપોર્ટ જેમ કે શુગર, થાઇરોઇડ, B-12, વિટામિન-ડી, લિવર અને કિડનીના રિપોર્ટ વગેરે ઉપરાંત નસોનો સ્પેશિયલ રિપોર્ટ જેને NCS (Nerve Conduction Study) કહેવાય છે તેની જરૂર પડે. NCS રિપોર્ટથી કઈ કઈ નસોની તકલીફ છે, કેટલી તકલીફ છે અને કેવી તકલીફ છે, કયા પ્રકારની તકલીફ છે તે જાણી શકાય છે. અમુક નસોની તકલીફમાં જેમ કે GBS અને CIDP માં કમરના પાણીની તપાસ (Lumbar Puncture)) પણ કરાવવી પડે. અમુક નસોની તપાસમાં નસોની બાયોપ્સી કરાવવી પડે.

૬) Neuropathyની સારવાર શું છે?

Neuropathy જે કારણસર થઈ હોય તેની ટ્રીટમેન્ટ કરવી એ ખૂબ જ આવશ્યક છે. જેમ કે ડાયાબિટીસના દર્દીઓમાં શુગર કંટ્રોલમાં કરવું, B-12 અથવા તો કોઈ પણ વિટામિનની ઊણપ હોય તો તેની સારવાર કરવી, જો Leprosy અથવા HIV ની તકલીફ હોય તો તેની સારવાર કરવી, જો કોઈ આયુર્વેદિક કે એલોપેથી દવાઓથી ન્યુરોપેથી થતી હોય તો તે દવાઓ બંધ કરવી. થાઈરોઈડની સારવાર કરવી, જો કોઈ નસ દબાતી હોય જેમ કે CTS તો તેની જરૂર પડ્યે સર્જરી કરવી, જો Autoimmune Neuropathy હોય તો તેમાં ભારે દવાઓ જેમ કે Immunosuppressant કહેવામાં આવે તે લાંબો સમય આપવી પડે.

અમુક ન્યુરોપેથી અચાનક થાય છે અને ખૂબ ઝડપથી વધે અને પેશન્ટને વેન્ટિલેટર ઉપર પણ રાખવો પડે છે. જેમ કે GBS.GBS ની સારવારમાં Plasma Exchange અથવા IVIG ઇન્જેક્શન આપવું પડે છે. આ ઉપરાંત ન્યુરોપેથીનાં લક્ષણો જેમ કે ઝણઝણાટી, બળતરા માટે ઘણી બધી નવી દવાઓ ઉપલબ્ધ છે.

૨૦૩, સ્પેક્ટ્રમ, યશ આર્યન પાસે, વિવેકાનંદચોક, મેમનગર, અમદાવાદ-૩૮૦૦૫૨
અથર્વ ન્યૂરો કેર • For Appointment : Contact - 99048 65577

કેલરી ડેફિશિટ કરવાને બદલે પોતાના DNA આધારિત ડાયટ પ્લાન અપનાવો અને તંદુરસ્ત લાઇફ સ્ટાઇલ મેળવો-

DNA diet by Dr. Rushikesh Trivedi

શું તમે ક્યારેય સાંભળ્યું છે કે કોઈ પણ જાતના હર્બલ પાઉડર, એક્સરસાઇઝ, મેડિસિન કે સર્જરી વિના વજન ઘટાડી શકાય? નહીં ને!! DNA DIETના ફાઉન્ડર ડૉ. ઋષિકેશ ત્રિવેદીએ અત્યાધુનિક ન્યુટ્રિજીનોમિક્સ વૈજ્ઞાનિક પદ્ધતિ હેઠળ તેને શક્ય બનાવ્યું છે. પશ્ચિમી દેશોમાં આ પદ્ધતિની બોલબાલા છે ત્યારે ભારતમાં ન્યુટ્રિજીનોમિક્સ વિજ્ઞાનના આધારે પ્રેક્ટિસ કરનાર અને સફળ પરિણામ મેળવનાર ડૉ. ઋષિકેશ ત્રિવેદીએ આ ક્ષેત્રે આશાનું એક નવું કિરણ આપ્યું છે. તેમાંય ખાસ કરીને ગુજરાતની વાત કરીએ તો અહીં આ અંગેની જાગૃતતા ખૂબ ઓછી જોવા મળે છે. વજન ઉતારવાની ઘેલછામાં અસંખ્ય લોકો અન્ય ઊણપ કે બીમારીનો ભોગ ખૂબ ઝડપથી બની જાય છે!! જ્યારે DNA આધારિત બનતો ડાયટ પ્લાન સંપૂર્ણપણે આડઅસર મુક્ત છે અને વ્યક્તિને એક તંદુરસ્ત અને સ્વસ્થ જીવનશૈલી પ્રદાન કરે છે.

Personalized and Customized diet plan

મેડિકલ ક્ષેત્રમાં આગવી શૈલી અને ઓળખ ધરાવતા ડૉ. ઋષિકેશ ત્રિવેદી એ મેટાબોલિક એક્સપર્ટ છે અને દેશ-વિદેશમાં ૧૫૦૦ કરતાં પણ વધુ ક્લાયન્ટ ધરાવનાર DNA dietના ડૉ. ઋષિકેશ ત્રિવેદી અત્યાર સુધીમાં પોલિટિશિયન, પ્રોફેશનલ્સ, સેલેબ્રિટી, સિંગર્સ, સ્પોર્ટ્સ પર્સન, બિઝનેસમેન વગેરેને તેમના ડીએનએ ટેસ્ટ ઉપરથી Scientific Reportના આધારે વ્યક્તિગત રીતે ન્યુટ્રિશન પ્લાન અને ફિટનેસ તૈયાર કરીને તેમના વજન ઉતારવામાં અને હેલ્ધી લાઇફ સ્ટાઇલ આપવા મદદરૂપ બન્યા છે.

ડીએનએ આધારિત ડાયટ પ્લાન તૈયાર કરવામાં તેમની કામગીરી ઊડીને આંખે વળગે તેવી છે. DNA diet ની પધ્ધતીમાં સૌપ્રથમ વ્યક્તિના મોઢાની લાળનું સેમ્પલ લઈને તેને જિનેટિક લેબમાં મોકલવામાં આવે છે. ત્યાર બાદ વિવિધ પ્રકારના ૩૫ ટેસ્ટ કરવામાં આવે છે. જેના આધારે માણસના શરીરની અંદર રહેલ કેફિન સેન્સિટિવ, સોલ્ટ સેન્સિટિવ, વિટામિન સેન્સિટિવ કાર્બોહાઇડ્રેટ સેન્સિટિવ અને ફેટ સેન્સિટિવ પ્રકૃતિ અંગે જાણી શકાય છે અને આખરે તૈયાર છે, વ્યક્તિનો DNA આધારિત diet plan.

Personalized diet plan અંગે વાત કરતાં ડૉ. ઋષિકેશ ત્રિવેદીએ જણાવ્યું હતું કે, કોઈપણ Internet પરથી FAD DIET કરવો તે શરીર માટે યોગ્ય નથી. જેમ કે ચીઝ ખાવાથી બધાંની ફેટ નથી વધી જતાં. કોઈ પણ ફૂડ કે ડાયટને જનરલાઇઝ કરવું એ ખોટી માન્યતા છે. વ્યક્તિએ પોતાના DNA જાણ્યા બાદ ડાયટમાં ફેરફાર કરવો જોઈએ. એક ઉદાહરણ ટાંકતા તેમણે જણાવ્યું હતું કે, ૨ રોટલી ખાનાર વ્યક્તિ જાડા હોય અને ૧૦ રોટલી ખાનાર પાતળા પણ હોય!! તેથી મારે મતે 'Eat As Per Your DNA' 'Your DNA Decide your DIET' જેવાં સૂત્રોને જીવનમાં અપનાવીને ડાયાબિટીસ, હૃદયરોગ, આર્થરાઇટિસ, હાઈપરટેન્શન જેવા લાઈફ સ્ટાઈલ ડિસીઝથી બચવું જોઈએ. જેમ કે, કોઈ પણ ઘરમાં બધાં જ વ્યક્તિ માટે એક જ ભોજન બને છે તેમ છતાં દરેકનાં શરીર અલગ-અલગ હોઈ શકે, કારણ કે દરેક વ્યક્તિનું મેટાબોલિઝમ વિભિન્ન હોય છે.

Importance of Metabolism

૨૧મી સદી એ એડવાન્સ ટેક્નોલોજીની સદી છે. જેમ કે પહેલા Paper Map હતો હવે Google Map છે તેથી ડાયટ પ્લાન પણ એડવાન્સ જ હોવો જોઈએ. ૧૦ વર્ષ સુધી મેડીકલ કેરમાં પ્રેક્ટિસ કરનાર DNA dietના ડૉ. ઋષિકેશ ત્રિવેદી વિદેશમાં પ્રચલિત એવા Functional Medicine ક્ષેત્રમાં પારંગત છે અને અસંખ્ય વ્યક્તિઓએ આ ટ્રીટમેન્ટના સચોટ Result મેળવીને હેલ્ધી લાઇફ સ્ટાઇલ અપનાવી છે. મેટાબોલિઝમ અંગે ડૉ. ઋષિકેશ ત્રિવેદીએ જણાવ્યું હતું કે, જેમ ગાડી એન્જિન વગર અટકી જાય તેવું જ કામ આપણા શરીરમાં મેટાબોલિઝમનું છે.

મેટાબોલિઝમ શરીર વિજ્ઞાનની રસપ્રદ પ્રક્રિયા છે. ભોજન પેટમાં ગયા બાદ તેમાં ગેસ્ટ્રિક Juice મિક્સ થાય છે. હૉર્મોન્સ અને એન્ઝાઇમ્સ તેમાંથી જરૂરી પોષકતત્ત્વો એબઝૉબ કરે છે અને તેમાંથી ઊર્જા સેલ્સમાં ડિસ્ટ્રિબ્યુટ થઈને બીજી ક્રિયામાં રૂપાંતરિત થાય જેને મેટાબોલિઝમ તરીકે ઓળખવામાં આવે છે.

Dr. Rushikesh Trivedi

DNA diet
By Dr. Rushikesh Trivedi
Your DNA Decide Your Diet

ક્લિનિક: ૩૧૬, અદ્વૈત કોમ્પલેક્ષ,
સંદેશ પ્રેસની બાજુમાં,
વસ્ત્રાપુર, અમદાવાદ.
સંપર્ક માટે : 8487818000
વેબસાઈટ - www.dnadiet.co.in

a destination for all celebrations

theSALT

THE FORUM
CELEBRATIONS & CONVENTIONS

WYNDHAM®
Ahmedabad Shela

CLUB O7

Club O7 Road, Shela, Ahmedabad

70469 99990 / 91

તેનો ઉલ્લેખ છે. ભોગવિલાસમાંથી ઊઠ્યા પછી જ તે રામની સેવા કરવા માટે સક્ષમ બન્યો. રામને તેણે વાનર સૈન્ય આપ્યું. પણ પહેલાં તેને ઢંઢોળવો પડ્યો.

આજે આપણે જે નગરોમાં રહીએ છીએ તે કિષ્કિંધા છે. શક્તિમાન માણસો છે તે ભોગવિલાસમાં નહીં તો મોબાઇલ વિલાસમાં કે જુદા જુદા વિલાસમાં સંડોવાયેલા છે. તેને ઢંઢોળવા પડે. તો તે સત્‌ના એટલે કે રામના કામ કરવા આતુર થઈ જાય. હવે રામના મિલન પહેલાં હનુમાન તો સુગ્રીવની સેવામાં જ હતા. તેનો અર્થ એ થયો કે બ્રહ્મચારીઓ ભોગવિલાસીની સેવામાં છે. જોકે ઘણી રીતે કિષ્કિંધા ગમે એવી નગરી છે, કારણ કે તેમાં મિશ્ર પ્રકારના લોકો છે.

ચાતુર્માસ કરવા માટે રામ અને લક્ષ્મણ કિષ્કિંધામાં ઋષિમુખ પર્વત ઉપર વસવાટ કરે છે. ઋષિમુખ પર્વત ઉપર રામ અને લક્ષ્મણ ચોમાસાના ચાર મહિના રોકાણ કરે છે. ચાતુર્માસમાં પ્રવાસ નિષિદ્ધ છે. હિન્દુ ધર્મમાં પણ અને જૈન ધર્મમાં પણ. ઋષિમુખ પર્વતનો આમ તો અર્થ એ જ થાય કે ઋષિઓના મુખમાંથી નીકળેલી વાણીનું અનુશીલન, પણ ભૌગોલિક રીતે જોઈએ તો દક્ષિણ ભારતમાં ઋષિમુખ પર્વત આવેલો છે.

લક્ષ્મણ એવા માણસ છે જે રાજમહેલની બહાર ભાગ્યે જ ક્યારેક નીકળ્યા છે. રામ તો પહેલેથી અયોધ્યા નજીકનાં જંગલોમાં પિતા દશરથ સાથે વનવિહાર કરતા રહેતા. પિતા શિકાર કરતા. રામ શિકાર ન કરતા, પણ લક્ષ્મણે મહેલની બહાર જગત જોયું નથી. તેમણે ઋતુઓનો અનુભવ નથી જેમ સિદ્ધાર્થને અનુભવ ન હતો.

વહેતા પાણીને જોઈને લક્ષ્મણ સવાલ કરે છે કે આ પાણી ક્યાં જાય છે? તો રામ જવાબ આપે છે કે, 'સમિતિ સમિતિ જળ ભરે હી તલાવા, ધીમી સદ્‌ગુન સજ્જન પહી આવા.' હે લક્ષ્મણ, આ પાણી સમેટાઈ સમેટાઈને તળાવમાં જઈ રહ્યું છે (કારણ કે તળાવનું તળ નીચે છે અર્થાત્‌ તળાવે પોતાનો ઈગો ઝીરો ડિગ્રી ઉપર રાખ્યો છે. જળ ઢળતા ઢાળે તેની પાસે નીચે જઈ રહ્યું છે), જે રીતે સદ્‌ગુણો સજ્જન હોવાનો કે સજ્જન રહેવાનો સંકલ્પ કરી ચૂકેલા માણસમાં સામે ચાલીને ઢળતા ઢાળે પ્રવાસ કરે છે તે જ રીતે આ પાણી તળાવમાં જઈ રહ્યું છે.

લક્ષ્મણ આગળ પૂછે છે. તેમનો હવે આવી રહેલો સવાલ જ આપણી વાતનું કેન્દ્રબિન્દુ છે. તે પૂછે છે કે વાત તો સાચી, પણ આ તળાવનું પાણી ક્યાં જશે? આ સરિતાનું પાણી ક્યાં જશે એ મને કહો. ત્યારે રામ જવાબ આપે છે કે - સરિતા

આજે આપણે જે નગરોમાં રહીએ છીએ તે કિષ્કિંધા છે. શક્તિમાન માણસો છે તે ભોગવિલાસમાં નહીં તો મોબાઇલ કે જુદા જુદા વિલાસમાં સંડોવાયેલા છે. તેને ઢંઢોળવા પડે. તો તે સત્‌ના એટલે કે રામના કામ કરવા આતુર થઈ જાય

જળ જલનિધિ મહી જાય. જલનિધિ એટલે સમુદ્ર. આ પાણી સમુદ્રમાં કેવી રીતે જાય છે? જે રીતે જીવ-આત્મા પરમાત્મામાં લીન થઈ જાય છે, એ જ રીતે સરિતા સમુદ્રમાં લીન થઈ જાય છે. એવું તુલસીદાસ કહે છે. સરિતા વ્યક્તિ છે અને સમુદ્ર સમષ્ટિ છે. નદી પાસે પોતાની વ્યક્તિમત્તા છે, આઇડેન્ટિટી છે. સમુદ્ર સમષ્ટિ છે. વ્યક્તિ સમષ્ટિમાં ભળે - નદી સમુદ્રમાં ભળે પછી તે પોતાને નદી તરીકે ક્યારેય પ્રાપ્ત ન કરી શકે. પ્રાપ્ત કરે તો તેને પોતાને સમુદ્ર તરીકે જ પ્રાપ્ત થવાનું થાય.

કોઈ બિન્દુ સિંધુમાં ભળી જાય પછી પોતાને બિન્દુ નહીં, પણ સિંધુ રૂપે જ મળી શકે છે. બિન્દુ અને સિંધુમાં મહત્ત્વની વાત એ છે કે બંનેના ઘટકતત્ત્વો એક છે. એટલે વ્યક્તિનું સમષ્ટિમાં રૂપાંતર વીજળિક વેગે થાય છે. બિન્દુ એટલું સદ્‌ભાગી છે કે તેને સિંધુ મળે છે. બિન્દુ એકલું રહે તો બાષ્પ બની જાય. સ્વયંને ગુમાવી દે.

રણ પણ રેતકણોની સમષ્ટિ છે. કણ વ્યક્તિ છે, પણ તે પોતાને વ્યક્તિ તરીકે મિટાવીને સમષ્ટિમાં પૂર્ણપણે લુપ્ત કરે છે. બિન્દુ પોતાને લુપ્ત તો કરે છે, પણ સિંધુ તરીકે પોતાને પામે છે.

વ્યક્તિ અને સમષ્ટિ વચ્ચેની સમસ્યા એ છે કે મહદ્‌અંશે સમષ્ટિમાં એ જ વ્યક્તિ જાય છે જે વ્યક્તિમાં સમષ્ટિના ગુણો ગુપ્ત રીતે અંકુરિત થયેલા હોય. માણસ કોઈ પણ સમુદાયમાં ભળે છે એટલે કે સમષ્ટિમાં જોડાય છે ત્યારે એનો અર્થ એ કે સમષ્ટિ દૂર છે, વ્યક્તિ દૂર છે, પણ થોડા સમયમાં વ્યક્તિનો સમષ્ટિમાં સરવાળો થઈ જાય છે, ઉમેરો થાય છે. માણસને જગતના ગમે તે ચોકમાં મૂકવામાં આવે તો માણસ પોતાની દુનિયા શોધી લે.

મૂળ તત્ત્વ વ્યક્તિ છે. આ બ્રહ્માંડની આધારશિલા વ્યક્તિ છે. વ્યક્તિના અંતઃકરણમાં રહેલી ભોમકાએ જ તેને એની સમષ્ટિ શોધી આપે છે. હવે ઇચ્છું કે કોઈ ને કોઈ સમષ્ટિના ભાગ બનવું, તે પૃથ્વી પરના દરેક મનુષ્યની નિયતિ છે. સમષ્ટિથી મનુષ્ય વિખૂટો પડી શકે એમ નથી.

એક ટાપુ ઉપર એક વ્યક્તિ હોય ત્યાં સુધી સમાજ અસ્તિત્વમાં આવતો નથી. ધ મોમેન્ટ સેકન્ડ પર્સન એન્ટર્સ, સોસાયટી ઊભી થઈ જાય છે. આ સમાજશાસ્ત્રના વિદ્વાનોએ પ્રબોધિત કરેલો સિદ્ધાંત છે. બીજી વ્યક્તિના આગમનથી સમાજના મંડાણ થાય છે. વ્યક્તિ પર આ સંસારનો આધાર છે. વ્યક્તિ અને વ્યક્તિત્વ જુદા છે. વિશુદ્ધ વ્યક્તિ દેખાવી જોઈએ.

આયુર્વેદના મૂળભૂત સિદ્ધાંતોમાં કહ્યું છે કે આ શરીર એક સૂક્ષ્મ શરીરનો પડછાયો છે. પહેલાં જે થાય છે એ સૂક્ષ્મ શરીરમાં થાય છે તેના પડઘારૂપે આ શરીરમાં થાય છે. સંતો આ વાતને જુદી રીતે કહે છે. સંતો કહે છે કે પરમેશ્વરે પોતાનું સ્વરૂપ પ્રગટ કરવા માટે મારા આ શરીરનું નિર્માણ કર્યું છે. એટલે હું આ શરીર નથી, પણ અન્ય છું. આધ્યાત્મમાં રહેલી વ્યક્તિ એટલે વિશુદ્ધ આત્મા. શરીર અન્ય છે. શરીર અન્ય હોવાના કારણે અનન્ય છે. દરેક વ્યક્તિ પાસે રહેલી પોતાની આત્મા અને તેનો પડછાયો આ શરીર છે.

આ સંસારમાં બે પ્રકારના લોકો છે.

jspl JHAVERI SPICES PVT. LTD.

Email: info@mastspices.com | Call 1800-313-3424 | www.mastspices.com

Now Available on amazon | Flipkart | JioMart

Spice up this Diwali with Tasty Feast & Unending Celebration

JHAVERI's MAST !

Desh ka Swad

jspl JHAVERI SPICES PVT. LTD.

Now Available on amazon | Flipkart | JioMart

એક એવી વ્યક્તિઓ જે ફક્ત પોતાના પર વિચાર કરે છે. તેઓ અભિમાની છે. તેઓ રાજકારણી છે. તેઓ વિવિધ સંસ્થાના કે ધર્મના વડા હોવાના ખુશનુમા ખ્યાલમાં છે. બીજી એવી વ્યક્તિઓ છે જે સમષ્ટિને સમજવા માટે જિંદગી પસાર કરે છે. આઇન્સ્ટાઇન, ગાંધીજી, વિવેકાનંદ જેવી વિશિષ્ટ વ્યક્તિઓ. કોમનમેન આ બંને પ્રકારની વ્યક્તિઓ વચ્ચે આવેલો છે. તે નથી વિદ્વાન કે નથી અહંકારી. એ વચ્ચે છે 'ને માટે વ્યક્તિ અને સમષ્ટિ વચ્ચે ફંગોળાયા કરે છે. પોતાની અને જગત વચ્ચે પીસાયા કરે છે. સંસારમાં રહેવાના કારણે સતત સમસ્યાઓથી ઘેરાયેલો રહે છે. પોતાને સંઘર્ષરત રહેવું પડે છે તેવું તે અનુભવે છે. એ હદ સુધી કે તે ભોજન પણ નિરાંતે કરી શકતો નથી. તેમાં પણ તેને સંઘર્ષનો અનુભવ થાય છે. પછી તો સ્વાભાવિક છે કે પત્ની, ઓફિસ, બોસ કે એમ્પ્લોય બધા સાથે સંઘર્ષ થયા કરે.

ખરેખર આ તમામ સંઘર્ષનું મૂળ કારણ એક છે, તેને પોતાને કરવાનો થતો જાત સાથેનો સંઘર્ષ નથી કરવો અને નથી કર્યો. પોતાની જાત સાથેના સંઘર્ષમાંથી નાસી છૂટવું છે. જે વ્યક્તિ પોતાની જાત સાથેના સંઘર્ષમાંથી નાસી છૂટે છે તેને આખી જિંદગી સંઘર્ષમય રહેવું પડે છે. જે વ્યક્તિ પોતાની જાત સાથે સંઘર્ષ કરીને આગળ આવે છે તેનું વ્યક્તિત્વ સર્વ સમસ્યાનું સમાધાન બની જાય છે. આવા લોકો પોતાની જિંદગી માટે જ નહીં, પણ બીજાને માટે પણ સમાધાન બની જાય છે. કૃષ્ણ, બુદ્ધ અને મહાવીર આ કેટેગરીમાં આવનારા મહામાનવો કહી શકાય.

શાસ્ત્રોમાં બહુ કહેવાયું છે કે સ્વને ઓળખી લીધા તો બધું ઓળખી લીધું. સ્વને ન ઓળખી શક્યા તો કંઈ ન ઓળખ્યું. બોલવામાં બહુ સહેલું લાગે છે. સાંભળવામાં સુગમ લાગે એવી ઘણી વસ્તુઓ આચરણમાં લાવવી હોય તો મોટા પહાડો સર કરવા પડે. સ્વ સાથેનો પરિચય, સ્વ સાથેના સંઘર્ષમાં ઊતરવાની પ્રક્રિયા, સ્વ સાથેની મથામણ એ બધા બહુ ઊંચાં ગિરિશિખરો છે.

વ્યક્તિગત રીતે એવો અનુભવ છે કે જેટલું સમષ્ટિમાં રહીએ તેથી અધિક વ્યક્તિએ વ્યષ્ટિમાં રહેવું જોઈએ. ગાંધીજીએ કહ્યું હતું કે મારે મારા ઘરના બારી-બારણા બંધ રાખવા નથી. જૂની હવા મારે જોઈતી નથી. બારી ખોલવી છે. કિન્તુ એટલી બધી પણ નથી ખોલવી કે બહારનો સુસવાટા મારતો પવન મારા ઘરને ઉખેડી ફેંકે. સમતુલાની વાત કરી છે. વ્યષ્ટિ અને સમષ્ટિમાં પણ આવું છે. સમષ્ટિને આપણે અંકુશમાં રાખી શકતા નથી. વ્યષ્ટિ અંકુશમાં રહી શકે છે, જો વ્યક્તિ એવું કરવા ચાહે તો.

બહુ સત્યનિષ્ઠાથી કહું તો આપણા સહુમાં થોડો થોડો મધ્યયુગ ભરેલો છે. પત્ની ઑફિસે જાય અને ફોન ઘરે ભૂલી જાય અને આખા ઘરમાં પતિ સહિત કોઈ ફોનને અડે જ નહીં તેવા ઘર કેટલાં? બહુ ઓછા છે તે જ બતાવે છે મધ્યયુગ ગયો નથી

સંસારમાં જે કેટલીક દુર્લભ વસ્તુઓ છે તેમાંથી એક છે સ્થિરતા. યોગશાસ્ત્રનું એક વાક્ય છે - શરીરને સ્થિર રાખવું બહુ મોટી કસોટી છે. શરીરમાં બહુ પરિવર્તનો થવા ન દેવા એ મોટી કસોટી છે. દીર્ઘાયુ એનું જ હોય જેના શરીરમાં બહુ ઓછા પરિવર્તનો થતાં હોય. જેના શરીરમાં અધિક પરિવર્તનો થતાં હોય એને અધિક કાળ લાગે છે.

સ્થિરતા દુર્લભ છે

નવયુગીન વ્યક્તિ - નવા યુગનો મનુષ્ય છે જેને આવવાને બહુ વાર છે. દુનિયાભરમાં એમ માનવામાં આવે છે કે મધ્યયુગ પછીના આપણે આધુનિક યુગમાં છીએ. હકીકતમાં મધ્યયુગ અને આધુનિક યુગ બંને સાથે જીવાઈ રહ્યા છે. દુનિયાના અફઘાનિસ્તાન સહિતના અનેક દેશ તેનું ઉદાહરણ છે. આપણે મધ્યયુગની પ્રવૃત્તિ જોવા માટે અફઘાનિસ્તાન જવાની જરૂર નથી. જિન્સનું પેન્ટ પહેરીને નીકળતી યુવતી ઉપર ઊંચા નેણે જોતી આંખો મધ્યયુગની છે. બહુ સત્યનિષ્ઠાથી કહું તો આપણા સહુમાં થોડો થોડો મધ્યયુગ ભરેલો છે. પત્ની ઓફિસે જાય અને ફોન ઘરે ભૂલી જાય અને આખા ઘરમાં પતિ સહિત કોઈ ફોનને અડે જ નહીં તેવા ઘર કેટલાં? બહુ ઓછા છે તે જ બતાવે છે મધ્યયુગ ગયો નથી.

દુનિયામાં નૃવંશશાસ્ત્ર અને ઇતિહાસનો અભ્યાસ કરનાર છે તેમાંથી મોટા ભાગના નિષ્ણાતોનો આપણા વિશેનો અનુભવ શું કહે છે? એ જાણવા માટે આપણે કદી રોકાયા નથી કે anthropology નામના શાસ્ત્ર પાસે થોડી વાર રોકાયા નથી. પુરાતત્ત્વ પાસે ગયા છીએ. આ જગતના બુદ્ધિમાન એન્થ્રોપોલોજિસ્ટનું સ્પષ્ટ કથન છે કે આપણે થ્રીજા વનમનુષ્ય છીએ.

જંગલ જે આપણી સાથે આવ્યું તે લીલાં-પીળાં પાંદડાંનું હોત તો વાંધો ન હતો, પણ તે જંગલના કાયદા સાથે આવ્યું છે. ધ લો ઓફ જંગલ - જેની લાઠી તેની ભેંસ - સર્વાઇવલ ઓફ ધ ફિટેસ્ટ. યોગ્યતમની ચિરંજીવિતા અને પ્રાકૃતિક પસંદગી, પણ જો સર્વાઇવલ ઓફ ધ ફિટેસ્ટ હોય તો અર્ધ-ફિટ અને અલ્પ-ફિટનું શું? જે થિયરી આવી તે તો ઉત્ક્રાંતિની થિયરી છે. ડાર્વિનની થિયરી વર્તમાનમાં લાગુ પાડીએ તો મારો પ્રશ્ન એ છે કે આપણે ત્યાં કોની સંખ્યા વધુ છે? ફિટેસ્ટ લઘુમતીમાં છે. કોઈ પણ ક્ષેત્રમાં અર્ધ-ફિટ અને અલ્પ-ફિટ જ બહુમતીમાં છે. તો શું તે લોકોએ સર્વાઇવ નહિ થવાનું?

જે અર્ધ-ફિટ અને અલ્પ-ફિટ વિષે વિચાર કરે છે તે જ મનુષ્ય છે. બાકી બધા વનમનુષ્ય છે. આપણું જીવન એમને માટે છે. જીવન એના માટે હોવું જોઈએ જે જીવન પાછળ રહી ગયું હોય. આ વિચાર બધા સત્પુરુષોને આવે છે. ઇતિહાસ જોશો કે વર્તમાન તરફ નજર કરશો. ઇવન કાયદા-કાનૂન અને બંધારણને પણ તપાસશો તો બધે પાછળ રહી ગયેલા મનુષ્યોને આગળ લાવવાનો પ્રયત્ન દેખાશે. સાથે એ પણ નક્કી છે કે જો એમ કરતા અનુકંપાને અધિકાર માની લેવામાં આવે અને દયાને

હક માની લેવામાં આવે ત્યારે સમસ્યા ઊભી થાય છે.

તો પણ નવયુગીન મનુષ્યની કલ્પના કરવાનું મન થાય છે. એક પતંગિયાને ફૂલ પર રમતું જોવા માટે કોઈ પણ મનમોહક ટેક્નોલોજીની ઉપેક્ષા કરી શકે તે નવાયુગનો મનુષ્ય છે. ફૂલો અને પતંગિયા તો વધતા રહેવાના જ. તે વસુંધરાનો ગુણધર્મ છે. સુંદરતા પૃથ્વીની લાક્ષણિકતા છે, પણ સુંદરતાનાં પણ રૂપો છે. રૌદ્ર રૂપ છે, રમ્ય રૂપ પણ છે, રૌદ્ર પણ આખરે તો એક રૂપ જ છે ને. ઊંચી ભેખડમાંથી નીચે થઈ રહેલા જળપ્રપાતમાંથી ઉદ્ભવતા ઘોઘમાં કેન્દ્રસ્થાને રૌદ્ર સ્વરૂપ છે, પણ તેનું સૌંદર્ય જોતા માનવજાત થાકતી નથી. રૌદ્ર અને રમ્ય રૂપોથી વસુંધરા ઢંકાયેલી છે. મનુષ્યની કલ્પના છે એ નવયુગીન વ્યક્તિ છે. તે સમષ્ટિનો ઉદ્ધારક નહિ હોય તો ચાલશે, પણ સ્વનો ઉદ્ધારક તો હોવો જ જોઈએ. આજે આપણે ઘણા લોકોને જોઈએ છીએ કે જગતનો ઉદ્ધાર કરતાં કરતાં સ્વનો ઉદ્ધાર ભૂલી ગયા છે. તેનો મોટો સમૂહ છે. આવા લોકોના મનમાં ઊઠેલા વાવંટોળ શમી જાય પછી એમણે બહુ જ કરુણ પરિસ્થિતિનો સામનો કરવાનો આવે છે. નવયુગીન મનુષ્ય હશે તે આવા વાવંટોળથી મુક્ત હશે.

મનુષ્યની ચેતના જ્ઞાન દ્વારા પરિષ્કૃત થાય છે. એવું પણ નથી કે જે જ્ઞાનમાર્ગનો યાત્રિક ન હોય તે ઉત્તમ મનુષ્ય ન હોઈ શકે. એ ઉત્તમ હોઈ શકે. ભારતીય ગ્રામજગત તેનો ઉત્તમ નમૂનો છે.

આપણને જેની જરૂર છે તે જ્ઞાન નથી, માહિતી પણ નથી કે મનોરંજન પણ નથી. તે સાધના કે તપશ્ચર્યા પણ નથી. સર્વોત્તમ જીવન માટે આપણને જે જોઈએ છે તે છે ડહાપણ- wisdom. વિઝડમ સામે નોલેજ હંમેશાં હારી જાય છે. વિઝડમ સામે ઇન્ફર્મેશન, ડેટા, હિસ્ટ્રી પણ પાણી ભરે છે, કારણ કે વિઝડમને આંતરચક્ષુ છે. વિઝડમ માટે માત્ર ડહાપણ શબ્દ પૂરતો નથી. વિઝડમના ભાવાનુવાદમાં ડહાપણ ઉપરાંત વિશિષ્ટ કૌશલ + અનુભવ + આવડત + સમજણ + દ્રષ્ટિસંપન્નતા પણ આવે.

મનુષ્યને મૂળભૂત ભૂખ છે તે હૃદયની પરિતૃપ્તિની છે, હૃદયની પરિતૃપ્તિ બાહ્યાચારથી પણ મળી શકે, પરંતુ અંતઃકરણની તૃપ્તિ તો મહાકવિ કાલિદાસ, ટાગોર કે શેલી કિટ્સ કે બાયરનમાંથી પણ મળી જાય. પરિતૃપ્તિની તરસ છીપાવવા માટે મનુષ્ય સદીઓથી ભટકતો રહ્યો છે. વેદમાં અને ઉપનિષદોમાં એક સુપ્રસિદ્ધ ઉક્તિ છે - 'નેતિ નેતિ'.

ડિજિટલ યુગે આપણી સામે માહિતી અને મનોરંજનનું વિશ્વરૂપ દર્શન કરાવ્યું. આ વિશ્વરૂપ દર્શનમાંથી પસાર થઈ રહેલો મનુષ્ય ન ઈતિ કરતા આગળ વધી રહ્યો છે. આ રીતે તે ત્રીજા વનમનુષ્ય પછીનો ચોથા મનુષ્યનો અવતાર હશે

ઉતાવળે આપણે એમ બોલતા હોઈએ છીએ કે - 'ઈશ્વર એટલે નેતિ નેતિ'. પણ એ એનો ખરો અર્થ નથી. નેતિ નેતિ - ન ઇતિ ન ઇતિ અર્થાત્ આ પણ નહીં, એ પણ નહીં. આ શું નથી, તેમાંથી ઋષિઓ પસાર થયા છે. તેઓ માને છે કે આ સૂત્રમાંથી પસાર થયા બાદ છેલ્લે જે વધે છે તે પરમસત્ય છે, પરમતત્ત્વ છે. હવે એ યાત્રાનો પુનઃ જુદી રીતે પ્રારંભ થયો છે. આપણે ડિજિટલ યુગમાં આવ્યા. ડિજિટલ યુગે આપણી સામે માહિતી અને મનોરંજનનું વિશ્વરૂપ દર્શન કરાવ્યું. આ વિશ્વરૂપ દર્શનમાંથી પસાર થઈ રહેલો મનુષ્ય ન ઇતિ ન ઇતિ કરતા આગળ વધી રહ્યો છે. આ રીતે આગળ વધતા તે ત્રીજા વનમનુષ્ય પછીનો ચોથા મનુષ્યનો અવતાર હશે.

અત્યારે આ જગતને દૈવી અવતારોની જરૂર નથી. આપણે ખરેખર પોતાનામાં મનુષ્યાવતારની શોધ કરવાની છે. દરેક મનુષ્ય પણ જો પોતાને અવતારી પુરુષ માને તો શું કરવું અને શું ન કરવુંની સમજણ આવી જાય. આ જ ડહાપણની નવા યુગને જરૂર છે અથવા તો એમ કહી શકાય કે આ ડહાપણના ઇન્સ્ટોલેશન પછી જ નવયુગીન વ્યક્તિનો જન્મ થશે અને નવા યુગના મંડાણ થશે.

જગતના કોઈ પણ ધર્મમાં કહેલો કોઈ પણ સિદ્ધાંત મનુષ્ય જાણતો ન હોય એવું નથી. આપણે અધ્યાત્મિક મનોરંજન માટે ધર્મશાસ્ત્ર અને કથાઓના શરણે જઈએ છીએ, પરંતુ તેમાં એવો એક પણ સિદ્ધાંત નથી જે વિરાટ શ્રોતાવર્ગમાંથી કોઈ જાણતું ન હોય. શાસ્ત્રોમાં જે લખ્યું છે તે અને જે યોગ્ય છે તે સૌ જાણે છે.

દુર્યોધન મહાભારતમાં કહે છે - જાનામિ ધર્મમ નાચ્મે પ્રવૃત્તિ. હું ધર્મને જાણું છું, પણ તેમાં પ્રવૃત્ત થઈ શકતો નથી. દુર્યોધન મહાભારતનો ખલનાયક ગણાય છે, પરંતુ પોતપોતાના ધર્મ અને આપદધર્મ જાણનારા આપણે સૌ દુર્યોધનની લાઇનમાં થોડીક પાછળ તો પાછળ પણ ઊભા તો છીએ, કારણ કે આપણે જે જાણીએ છીએ તેને અમલમાં મૂકી શકતા નથી.

ધર્મનો અર્થ સંસ્કૃતમાં આચાર સંહિતા થાય છે. આચાર સંહિતામાં જે વસ્તુ આપણે લાવી શકતા નથી ત્યાં સુધી આપણે દુર્યોધનના પક્ષે છીએ. તેની સામે યુધિષ્ઠિરે કહ્યું છે, જાનામિ ધર્મમ નચમે નિવૃત્તિ. હે કૃષ્ણ, હું ધર્મને જાણું છું અને નિવૃત્ત થઈ શકતો નથી.'

દુર્યોધનના વાક્યમાં 'પણ' આવે છે અને યુધિષ્ઠિરના વાક્યમાં 'અને' આવે છે. તે બંને મનુષ્યો જ છે. સાથે સાથે આપણા હૃદયના મંચ પર રમતાં પાત્રો છે. આપણે દુર્યોધન તરફ ઝૂકી ન જઈએ અને યુધિષ્ઠિર તરફ ઢળેલા રહીએ ત્યાં સુધી જીવન જીવવા જેવું લાગે છે. વારંવાર મનુષ્ય તરીકે જન્મ લેવાનું મન થાય છે. આ સુખ વારંવાર લેવાની ઇચ્છા થાય છે. આ સુખ એ જ જે આપણી સમજણમાં છે, તેને આચાર સંહિતામાં મૂકીએ. આચાર સંહિતામાં જેમ જેમ મૂકાતું જશે તેમ તેમ નવયુગીન મનુષ્યનો આ પૃથ્વીના પટ પર પ્રાદુર્ભાવ થતો રહેશે. આપણે વ્યક્તિથી સમષ્ટિ સુધીના વાહક બનવાનું છે. સાચી યાત્રા છે - 'પણ'થી 'અને' તરફની. ■

પોલીસ સ્ટેશનની એક યાદગાર મુલાકાત

સાંજે અમારા પડોશીને લૂના પર બેસાડી હું પોલીસચોકીએ ગયો. જરૂરી લખાણ કરી આપી મેં સાઇકલનો કબજો સંભાળ્યો. આ પછી અમારા પડોશીને મેં કહ્યું, 'તમે સાઇકલ લઈને ઘેર જાઓ. હું લૂના પર આવું છું. પડોશી સાઇકલ લઈને રવાના થયા. પણ.... એટલી વારમાં કોઈ મારું લૂના ઉપાડી ગયું હતું!

રતિલાલ **બોરીસાગર**

એકવાર મારી સાઇકલ ખોવાઈ. સાઇકલનું અપહરણ થયું હોવાની મને શંકા ગઈ. પોલીસને જાણ કર્યા સિવાય બીજો કોઈ માર્ગ નહોતો.

હું પોલીસચોકીએ ગયો. સામેની ખુરશીમાં ગણવેશમાં સજ્જ પોલીસ-અધિકારીને જોઈ ઘડીભર તો હું ગભરાઈ ગયો, પણ એમના ટેબલ પર 'મે આઇ હેલ્પ યુ'નું પાટિયું જોઈ મારામાં થોડી હિંમત આવી. મેં કહ્યું, 'મારે આપની થોડી મદદ જોઈએ છે.'

'બોલો.' એમણે કાગળપેન હાથમાં લીધાં. 'સાહેબ! મારી સાઇકલ ખોવાઈ છે.' મેં ગરીબડા અવાજે કહ્યું.

'ખોવાઈ છે કે ચોરાઈ છે?'

મોટા ચોક પાસે આવેલી લગ્નની વાડીના દરવાજે સાઇકલ ભૂલી આવ્યો હતો એટલે પ્રથમ દ્રષ્ટિએ તો સાઇકલ ખોવાઈ છે એમ જ કહેવાય, પણ હવે સાઇકલ ત્યાં નથી એટલે ચોરાઈ જવાની આનુષંગિક ઘટના બની હોવાનો સંભવ પણ ગણાય. આમ છતાં, કશા આધાર વગર ચોરાઈ હોવાનું કહેવામાં ઔચિત્ય પણ ન ગણાય.'

'તમે શું કરો છો?'

'સંસ્કૃતનો પ્રોફેસર છું.'

'તમે ભલે સંસ્કૃતના પ્રોફેસર હો, પણ અહીં ગુજરાતીમાં બોલો. હં, તો સાઇકલ

ક્યારે ખોવાઈ?'

'બે દિવસ પહેલાં.'

'બે દિવસ પહેલાં? 'ને ફરિયાદ કરવા છેક આજે આવ્યા?'

'સાહેબ! સાઇકલ ખોવાયા અંગેની સંપ્રજ્ઞતા પ્રાપ્ત કરતાં એટલે કે સાઇકલ ખોવાઈ છે એવું યાદ આવવામાં એક દિવસ ગયો 'ને એક દિવસ સાઇકલ શોધવામાં ગયો.'

'સાઇકલને તાળું માર્યું હતું?'

'ચાવી મારી પાસે છે એટલે તાળું માર્યું હશે એવું કહી શકાય, પણ તાળું માર્યા પહેલાં ચાવી સાઇકલમાંથી નીકળી શકે છે ખરી, એટલે તાળું માર્યા પહેલાં જ ચાવી કાઢી લીધી હોય એ પણ શક્ય છે. આમ છતાં, શક્યાશક્યતાની દ્રષ્ટિએ વિચાર કરીએ તો તાળું માર્યું હોવાની શક્યતા વિશેષ ગણાય.'

'તમે સહેલું બોલો ને ટૂંકું બોલો. કહો, સાઇકલનો ફ્રેમ નંબર શું છે?'

આ સાંભળી હું એકદમ ગભરાઈ ગયો. સાઇકલની ફ્રેમ કોને કહેવાય એની જાણકારી મને સાઇકલ લીધા પછી દોઢેક વરસે મળેલી. સાઇકલની ફ્રેમનો કોઈ નંબર પણ હોય છે એવો મને પ્રશ્ન પુછાયો.

તે ક્ષણ સુધી કશું જ્ઞાન નહોતું. મેં એકદમ ઢીલા પડી જઈ કહ્યું, 'સાહેબ! સાઇકલમાં ફ્રેમ નંબર આવે છે એની તો આપ કહો છો ત્યારે જ મને ખબર પડે છે?'

'સાઇકલ નવી લીધી હતી?'

'હા સાહેબ!'

'બિલ સાચવ્યું છે?'

જે માણસ સાઇકલ સાચવી ન શક્યો એણે બિલ સાચવ્યું હોય એવી અપેક્ષા ચોક્કસ વધુ પડતી હતી, પણ તે અંગે વિવરણાત્મક ભાષામાં વાત કરવામાં ઘણુ જોખમ હતું એટલે મેં 'ના સાહેબ!' એટલું જ કહ્યું.

મારી પાસેથી માહિતી મેળવીને સાઇકલ શોધવાનો પ્રયત્ન કરવાનું નિરર્થક છે, ઊલટું મારા જવાબોને કારણે સાઇકલ શોધવાનું વધુ અઘરું બનશે એવું લાગતાં પોલીસ-અધિકારીએ વાત ટૂંકાવીને કહ્યું, 'ચાલો મારી સાથે.' આ સાંભળી હું એકદમ ગભરાઈ ગયો. સાઇકલ ખોઈ નાખનારને લોકઅપમાં પૂરી દેવાનો નવો કાયદો

પોલીસ-અધિકારી ખરેખર મૂંઝાઈ ગયા હોય એવું એમના ચહેરા પરથી લાગતું હતું. એમની આટલાં વરસની નોકરી દરમિયાન જટિલ કેસો તો ઘણા આવ્યા હશે, પણ આવા ફરિયાદીનો સામનો કદાચ તેઓ પહેલી જ વાર કરી રહ્યા હતા!

અસ્તિત્વમાં નહિ આવ્યો હોય ને – એવી મને બીક લાગી, પણ એવું કશું બન્યું નહિ. એમણે કહ્યું, 'છેલ્લા બે દિવસમાં પોલીસચોકીમાં આવેલી સાઇકલો સામે પડી છે તે તમે જોઈ લો. એમાં તમારી સાઇકલ હોય તો કહો. મોડી રાત સુધી રસ્તામાં પડી રહેલી સાઇકલો અહીં લાવવામાં આવી છે.'

સામે પચ્ચીસ-ત્રીસ સાઇકલો પડી હતી. એકસરખા પાંચ નળને જોઈને દમયંતી મૂંઝાઈ ગઈ હતી ત્યારે અહીં તો દમયંતી કરતાં અનેકગણા ઓછા ચતુર એવા માણસની સામે લગભગ એકસરખી દેખાતી પચીસ-ત્રીસ સાઇકલો હતી! મારી મૂંઝવણનો પાર ન રહ્યો. મેં કહ્યું, 'આમાં મારી સાઇકલ હોય એમ લાગતું નથી.'

'લાગતું નથી કે ખરેખર નથી?'

'ઘણુ કરીને નથી છતાં નથી જ એમ પણ કહી શકવાની સ્થિતિમાં નથી, પણ હું બીજા કોઈની સાઇકલ પોલીસચોકીમાંથી ઉપાડી જાઉં એ ઠીક ન કહેવાય. તમારી કારકિર્દી પર પણ એથી પ્રતિકૂળ અસર થાય. એમ કરો; બીજાં બધાં પોતપોતાની સાઇકલ લઈ જાય ને એક સાઇકલ જો પડી રહે તો પછી એ મારી સાઇકલ જ છે એમ માનીને લઈ જઈશ. બે-ચાર દિવસ રાહ જોવામાં મને વાંધો નથી.'

પોલીસ-અધિકારી ખરેખર મૂંઝાઈ ગયા હોય એવું એમના ચહેરા પરથી લાગતું હતું. એમની આટલાં વરસની નોકરી દરમિયાન જટિલ કેસો તો ઘણા આવ્યા હશે, પણ આવા ફરિયાદીનો સામનો કદાચ તેઓ પહેલી જ વાર કરી રહ્યા હતા! પણ તેઓ ઘણા ભલા હતા. એમણે કહ્યું, 'એમ કરો, તમે કાલે આવો. રાત્રિફરજ પરના કોઈ પોલીસે વાડીની આજુબાજુમાં ક્યાંય સાઇકલ મુકાવી હશે તો મળી જશે.'

પછી હસીને કહ્યું, 'ત્યાં એક જ સાઇકલ હશે એટલે ઓળખવાનું સહેલું પડશે.'

બીજે દિવસે હું પોલીસચોકીએ ગયો. પેલા સાહેબે કહ્યું, 'આ જોશીભાઈએ એક સાઇકલ વાડીની સામે મુકાવી છે. તમે એમની સાથે જાવ.'

જોશીભાઈ સાઇકલ પર રવાના થયા. હું પેલા અધિકારી સમક્ષ કૃતજ્ઞતાની લાગણી લંબાણપૂર્વક પ્રગટ કરવા માગતો હતો, પણ તેઓ અંદર જતા રહ્યા એટલે હું લૂના પર બેસી જોશીભાઈની પાછળ-પાછળ મોટા ચોકમાં પહોંચ્યો. વાડીની સામેના ડેલામાં જોશીભાઈ મને લઈ ગયા. અંદર જઈને જોયું તો એક સાઇકલ પડી હતી : 'લાલ રંગનું ચીટકવર, બેબીસીટ. વાગતી નહોતી એવી ટોકરી... બસ આ જ. આ જ મારી સાઇકલ.' આત્માનો અવાજ સાંભળી મેં એ સાઇકલ મારી હોવાની સત્તાવાર જાહેરાત કરી. જોશીભાઈએ કહ્યું, 'તમે સાંજે પોલીસચોકીએ આવજો. કોઈ સાક્ષીને લેતા આવજો.'

સાંજે અમારા પડોશીને લૂના પર બેસાડી હું પોલીસચોકીએ ગયો. જરૂરી લખાણ કરી આપી મેં સાઇકલનો કબજો સંભાળ્યો. આ પછી અમારા પડોશીને મેં કહ્યું, 'તમે સાઇકલ લઈને ઘેર જાઓ. હું લૂના પર આવું છું. પડોશી સાઇકલ લઈને રવાના થયા. પેલા અધિકારી, જોશીભાઈ અને અન્ય પોલીસોનો આભાર માની હું પોલીસચોકીની બહાર આવ્યો... પણ... પણ.... એટલી વારમાં કોઈ મારું લૂના ઉપાડી ગયું હતું! ■

કચ્છમાં ઉત્કૃષ્ટ ભણતર અને ઘડતર એટલે કે.પી.એસ.

KPS - GANDHIDHAM
CBSE Nursery to XII Commerce, Science and Arts* English Medium

MOTHER'S CARE - ANJAR
Nursery to UKG, English and Gujarati Medium

SMT. BEENA PARIKH SCHOOL FOR EXCELLENCE - ANJAR
From I to XII Commerce and Arts, GSEB, English & Gujarati Medium

શ્રી મયંક પરીખ
ચેરમેન

શ્રીમતી ખુશાલી પરીખ પટેલ
એમ.ડી.

રજની જોશી
એજ્યુકેશન ડાયરેક્ટર

કેપીએસનો હેતુ બાળકના સર્વાંગી વિકાસ દ્વારા તેને વિશ્વસ્તરે સ્વાવલંબી બનાવવા અને એક આદર્શ વ્યક્તિનું ઘડતર કરવાનો છે, આ હેતુથી જ શાળા સતત 16 વર્ષોથી શિક્ષણ ક્ષેત્રે આગવી અને ઉત્કૃષ્ટ શિક્ષણ સેવા આપી રહી છે.

સ્વ. પ્રમોદરાય પરીખનુ સ્વપ્ન હતું કે ગાંધીધામ - અંજાર વિસ્તારમાં એક એવુ શિક્ષણ સંસ્થાન હોવું જોઈએ જ્યાં દરેક વર્ગના બાળકોને ઉચ્ચ અને ગુણવત્તાસભર શિક્ષણ અપાય અને તે લોકો વિશ્વસ્તરે સ્વાવલંબી બને, તેમની પ્રતિભાનો ડંકો વગાડે. આ સ્વપ્નને સાકાર કરવા 2005 માં મયંક પરીખ, શહેરના જાણીતા ઉદ્યોગપતિ અને તેમની પત્ની શ્રીમતી બીના પરીખ દ્વારા 2005 માં કેપીએસ શાળાની સ્થાપના કરવામાં આવી હતી.

૨૦૦૫ થી સતત ઉમદા શિક્ષણ દ્વારા અનુભવી શિક્ષાવિદોના યોગ્ય માર્ગદર્શન, પ્રભાવશાળી સંચાલનથી સમાજને કેટલાય ઝળહળતા તારલા જેવા આદર્શ અને સફળ નાગરીકો આપ્યા છે. ૨૦૦૮-૦૯ ની પહેલી બેચ અને ત્યારથી નિરંતર આજ સુધી કેટલાક ડોકટરો, ઈન્જીનીયરો, બિજનેસમેન, પાઈલોટ, ઓફીસરો, ઉદ્યોગપતિ સમાજને આપ્યા છે. જે ભારતમાં જ નહી પણ દરેક ખુણામાં જેમ કે ઓસ્ટ્રેલીયા, અમેરીકા, યુકે, સિંગાપોર, દુબઈ, કેનેડા વગેરે દેશોમાં પોતાની કાબેલીયત કૌશળથી પોતાની કાર્યકુશળતાનું પરચમ લહેરાવી રહ્યા છે.

કેપીએસ માત્ર કહેવામાં નહી પણ કરવામાં વિશ્વાસ રાખે છે. સતત 16 વર્ષથી આ રેકોર્ડ છે કે કેપીએસ હંમેશા ભારતીય સંસ્કૃત્તી, માનવતા અને અનુશાસનને વળગી ને જ પોતાનું શિક્ષણ કાર્ય ચલાવે છે. પશ્ચિમી સભ્યતાનો દેખાવો, મોટી ફ્રેન્ચાઈઝી કે બ્રાંડ નામનો લાભ લીધા વિના પોતાની આગવી, સિધ્ધાંતવાદી અને જીવનમૂલ્યો વાળી શિક્ષણ શૈલી જ અપનાવી છે.

માત્ર પુસ્તકીયું જ્ઞાન નહી પણ બાળકના સર્વાંગીણ વિકાસ માટે સ્વાસ્થય, શારીરીક સુઘડતા, કૌશલ, આવડત પણ મહત્વના હોય છે. સર્વાંગી વિકાસ માટે ફીટ ઈન્ડીયા ના ભાગ સ્વરૂપે ખેલો કેપીએસ દ્વારા દરેક વિદ્યાર્થીઓ અને શિક્ષકોને ફરજીયાત યોગા અને સ્પોર્ટસની તાલીમ અપાય છે. જેથી વિદ્યાર્થીઓ સ્વસ્થ રહે અને રમતગમતમાં પણ પોતાની કારકીર્દી બનાવી દેશ અને સમાજનું નામ રોશન કરે.

નાન ભુલકાઓને મોટા મોટા દફતરો અને થેલા ના બોજથી મુક્ત કરવા બેગલેસ ટીચીંગ કોન્સેપ્ટ દ્વારા નર્સરીથી ધો. 5 સુધી ભણાવાય છે.

બાળકોમાં જીવનમુલ્યો, કૌશલ વિકસાવવા, ગાર્ડનીંગ, ટેકનોલોજી, લીટરેરી, ફોટોગ્રાફી, કુકીંગ, સ્પોર્ટસ, યોગા, આર્ટ વગેરે ક્લાસ ચલાવવામાં આવે છે. જ્યાં વિદ્યાર્થીઓ પોતાની આવડત અને રૂચિ મુજબ કૌશલ શીખે છે.

જાત જાતની સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ દ્વારા દરેક વિદ્યાર્થીઓને પોતાના કૌશલનો વિકાસ કરવાની તક આપવામાં આવે છે જેથી તેમનામાં સર્વધર્મ સમભાવ, દેશભક્તિ અને માનવતા જ શ્રેષ્ઠ ધર્મ છે એવું સિંચન થાય.

બાળક શાળામાં શું શીખેછે એવુ અવલોકન અને મુલ્યાંકન કરવા, દર અઠવાડીયે, વાલીઓને ક્લાસરૂમ ઓબસર્વેશન અને ફીલ્ડ ઓબસર્વેશન માટે બોલાવવામાં આવે છે. જેથી તેમને ખાતરી થાય કે તેમનું બાળક યોગ્ય સ્થળે અને યોગ્ય હાથોમાં છે.

આવુ વ્યવસ્થિત અને હેતુલક્ષી આદર્શ શિક્ષણ, વિકાસ કાર્ય શાળાના કુશળ, દુરદ્રષ્ટા સંચાલક મંડળના કુનેહથી જ શક્ય છે. કેપીએસ ગ્રુપનું સંચાલન જાણીતા ઉદ્યોગપતી મયંક પરીખ -ચેરમેન, ખુશાલી પરીખ પટેલ - એમડી, રજની જોશી - એજ્યુકેશન ડાયરેક્ટર (25 વર્ષના શિક્ષણક્ષેત્રના અનુભવી) દ્વારા થાય છે. જ્યાં બાળકનો સંપૂર્ણ અને સુયોગ્ય વિકાસ દ્વારા દેશના ભાવીનું સુઘડ ચણતર અને ઘડતર કેન્દ્રસ્થાને છે.

કેપીએસ સીબીએસઈ, અંગ્રેજી માધ્યમની કચ્છની સૌથી પહેલી શાળા છે. જ્યાં નર્સરીથી ધો. 12,વિજ્ઞાન, કોમર્સ અને આર્ટસ છે. પ્રિન્સીપાલ ડો. જ્યોતિ ચતુર્વેદી જે 15 વર્ષથી શિક્ષણક્ષેત્રે પોતાની સેવા આપી રહ્યા છે. કેપીએસનું કેમ્પસ અતિઆધુનીક સુવિધાવાળો અને ભવ્ય છે. આટલું જ નહી કેપીએસ ગ્રુપ હેઠળ 2009માં મધર્સ કેર પ્રી-પ્રાયમરી શાળાની સ્થાપના કરવામાં આવી છે જેના પ્રિન્સીપાલ શ્રીમતી તૃપ્તી નાગર જેવા ખુબ જ કુશળ અને 35 વર્ષના અનુભવી મોભી છે.

2012માં શ્રીમતી બીના પરીખની યાદમાં બીપીએસઈ શાળાનો પાયો નંખાયો હતો જ્યાં અંગ્રેજી અને ગુજરાતી માધ્યમ, ધો. 1 થી12 જીએસઈબી ની શાળા આવેલ છે. અંગ્રેજી માધ્યમનું સંચાલન શ્રીમતી મીતા પલણ (12 વર્ષના અનુભવી) તથા ગુજરાતી માધ્યમના પ્રિન્સીપાલ કુ. કુંજલ ઠક્કર (10 વર્ષના અનુભવી) શિક્ષાવિદ દ્વારા થાય છે.

શાળા જો શીક્ષીત વ્યક્તિઓ ચલાવે તો જ દેશ અને સમાજને યોગ્ય દિશા મળે. જેનું જીવંત ઉદાહરણ એટલે કેપીએસ ગ્રુપ. આજે 300 કર્મચારીઓ અને 2000 જેટલા વિદ્યાર્થીઓ લાભાન્વીત છે. આવી શાળા ઉતરોત્તર પ્રગતિ કરે તો સમાજનો વિકાસ નિશ્ચિત છે.

The smaller things that I learnt at KPS along with studies, made much bigger things happen in my life. As Steve Jobs rights said, "You can't connect the dots looking forward, you can only connect them by looking backwards"

Nimish Lalwani
Ceremic Engineering
IIT

દિવાળીના નવતર ફટાકડા

‘અરે કોઈ છે આ દુકાનમાં?’ હું ચીડાયો. ચીડાવાનું એક જ કારણ કે પહેલા તો માંડ માંડ વાઇફને આંખની ભાષામાં (અહીં આંખની ભાષાનો અર્થ પ્રેમાળ ભાષા એમ સમજવો. અત્યારે જાસૂસી ક્યાં ક્યાં નથી ચાલતી?) સમજાવી અને એની ગેરહાજરીમાં ટિંચુડાને પણ એ જ ભાષામાં પટાવીને ફટાકડા ખરીદવા આવ્યો અને અહીં આ દુકાનદાર અર્ધપાગલ હોય એવો લાગ્યો.

હર્ષદ **પંડ્યા** ‘શબ્દપ્રીત’

‘સાહેબ,’ કર્મચારીએ મેનેજરને પૂછ્યું, ‘દિવાળી પહેલાં પગાર અને બોનસ મળી જશે ને?’

‘આવી અફવા કોણે ફેલાવી છે?’ સાહેબ ગરમાયા.

‘આ અફવા નથી, આદેશ છે સાહેબ.’

‘આદેશ?’ સાહેબ ભડક્યા, ‘કોનો આદેશ છે?’

‘સરકારનો’ કર્મચારીએ છાપાનું કટિંગ બતાવતાં કહ્યું, ‘સરકારનો આદેશ છે કે આ દિવાળીમાં સૌને દિવાળી પહેલાં પગાર અને બોનસ મળી જશે.’

‘હા, પણ તને ખબર છે ને કે લોકડાઉનના કારણે આપણી ઓફિસો કેટલા બધા દિવસો બંધ રહી’તી?’

‘એ તો સાહેબ, ૨૦૨૦ની તમે વાત કરો છો.’ કર્મચારીએ કેલેન્ડર તરફ જોતાં કહ્યું, ‘મને લાગે છે કે અત્યારે ૨૦૨૧ ચાલે છે અને આ વરસે તો લોકડાઉન હતું

આત્મનિર્ભર ગુજરાત
વિકાસમાં અગ્રેસર

ગુજરાતની ઉપલબ્ધિઓ

- **દેશની ફાર્મસી ગુજરાતઃ** દેશના કુલ દવાના ઉત્પાદનમાં ગુજરાતનો સિંહ ફાળો
- **એગ્રિકલ્ચર પ્રોડકશનઃ** એગ્રિકલ્ચરમાં ૧૦.૯%ના ગ્રોથ સાથે ગુજરાતનું દેશના અનાજ ઉત્પાદનમાં મહત્વનું યોગદાન
- **GDPમાં ગુજરાતઃ** દેશની GDPમાં ૫% વસતી ધરાવતા ગુજરાતનો ફાળો ૭.૯%
- **દેશનું મેન્યુફેક્ચરિંગ હબઃ** ૩૦ લાખ કાર્યરત MSME સાથે ગુજરાત દેશનું મેન્યુફેક્ચરિંગ હબ
- **શ્વેતક્રાંતિનું જનકઃ** દેશમાં દૂધના કુલ ઉત્પાદનમાં ગુજરાતનો ફાળો ૭.૭૫%
- **એક્સપોર્ટ હબઃ** દેશમાં થતા કુલ એક્સપોર્ટના ૨૩% ગુજરાત કરે છે
- **કાર્ગો હેન્ડલિંગઃ** નોન મેજર પોર્ટ ઉપરથી દેશમાં થતા કુલ કાર્ગો હેન્ડલિંગમાં ૭૦% ગુજરાતમાં
- **રિન્યુએબલ એનર્જીનું હબઃ** દેશની કુલ રિન્યુએબલ એનર્જીમાં ગુજરાતનો ૧૨% હિસ્સો, ગુજરાતમાં અત્યારે ૧૩,૦૦૦ MW રિન્યુએબલ એનર્જીનું ઉત્પાદન થઈ રહ્યું છે
- **સૌથી વધુ રોજગારીઃ** દેશમાં સૌથી વધુ રોજગારી આપતું રાજ્ય
- **દુનિયાની પહેલી પસંદઃ** એપ્રિલ ૨૦૨૦થી માર્ચ ૨૦૨૧ દરમિયાન દેશમાં આવેલા કુલ FDIમાં બધા રાજ્યોમાંથી ગુજરાત સૌથી વધુ FDI સાથે મોખરાના સ્થાને. દેશના રાજ્યોમાં સૌથી વધુ FDI પ્રાપ્ત કરવામાં છેલ્લા ૪ વર્ષથી ગુજરાત મોખરે
- **દુનિયાભરમાં ચમક ગુજરાતનીઃ** દેશમાંથી પોલીશ થતા હીરામાંથી ૯૦ ઉપરાંત હીરા ગુજરાતમાં પોલીશ થાય છે
- **દેશ ખાય છે ગુજરાતનું મીઠુંઃ** દેશના કુલ મીઠાના ઉત્પાદનમાં ગુજરાતનો ફાળો ૯૧%
- **ડિજિટલ ગુજરાતઃ** ભારત નેટમાં સૌથી વધુ ફાઇબર લાઇન બિછાવી ઝડપથી સૌથી વધારે ગામડાઓમાં ઈન્ટરનેટ પહોંચાડવામાં ગુજરાત અગ્રેસર
- **હેરિટેજ વારસોઃ** ગુજરાતની ૪ સાઇટ્સને વર્લ્ડ હેરિટેજ સાઇટનો દરજ્જો

દેશના ૧૦૦ કરોડ વેક્સિનેશનમાં ૬.૭૫% થી વધુના યોગદાન સાથે ગુજરાત મોખરે

દિપાવલી પર્વની સૌને
હાર્દિક શુભેચ્છા

જ ક્યાં?'

'હું ક્યાં આ વરસના લોકડાઉનની વાત કરું છું, હું ય ૨૦૨૦ના જ લોકડાઉનની વાત કરું છું, પણ એ સમયના લોકડાઉનના કેટલાક આફ્ટર શોક્સ હજુય ચાલે છે એની તને ખબર નહીં હોય.'

'એ જે હોય તે, દિવાળી પહેલાં પગાર અને બોનસ મળી જાય તો ઠીક છે, નહીંતર...'

'નહીંતર?' સાહેબ ચોંક્યા, 'નહીંતર તું શું કરી લઈશ?'

'હું કંઈ નહીં કરું, જે કરવાનું હશે એ મેડમ કરશે.'

'મેડમ?'

'હા મેડમ. એમણે કાલે જ મને કહેલું કે ત્રણ-ચાર દિવસ બંગલે આવીને સાફસૂફી કરી જજે, તને એડવાન્સ પગાર અને બોનસ અપાવી દઈશ. હવે તમે જ કહો સાહેબ, મારે શું કરવું?'

"અરે યાર, હું તો મજાક કરતો'તો!"

●●●

'પપ્પા ફટાકડા લેવા નથી જવું?'

'સાંજ પડવા દે બેસ...'

'ફટાકડા બટાકડા નથી લાવવાના...' મમ્મીએ રસોડામાંથી સુંવાળી બનાવતાં બનાવતાં મઠિયાં જેવો તીખો અવાજ કાઢ્યો.

'પપ્પા, મમ્મી તો ફટાકડા લાવવાની ના પાડે છે...'

'આપણે નાના ફટાકડા લાવીશું, બસ?!'

'નાના કેમ?'

'એટમ બોમ્બ તો ઘરમાં છે...! પછી ખોટો ખરચો કરવાની જરૂર નથી બેટા, તારી મમ્મીની વાત સાચી છે.'

'પણ પપ્પા એટમ બોમ્બ તો લાવવા જ પડે ને... બાજુવાળા અંકલે તો એમના બાબાને કેટલા બધા બોમ્બ લાવી આપ્યા છે...?'

'અંકલના ઘરમાં એટમ બોમ્બ નથી, એટલે એ લાવે બેટા અને આપણા ઘરમાં તો બારે મહિના બોમ્બ હાજર સ્ટોકમાં જ છે..'

'આપણા ઘરમાં બોમ્બ? બારે મહિના હોય છે?' બાબુ બોસના હોનહાર પુત્રને નવાઈ લાગી.

'હા બેટા, પણ તને ખબર નહીં પડે.'

'તો એ બોમ્બ મને બતાવોને પપ્પા...'

'એકવાર કહ્યું ને કે ફટાકડા બટાકડા નથી લાવવાના તો પછી શા માટે તું તારા પપ્પાનું ખાલી દિમાગ ખાય છે?' રસોડામાંથી રોકેટ ફૂટવાનો અવાજ આવ્યો.

'જો બેટા... હમણા તું પૂછતો'તો ને કે બોમ્બ ક્યાં છે?'

'એ તો હજુયે પૂછું છું કે બોમ્બ ક્યાં છે?'

'રસોડામાં બેટા...!'

'રસોડામાં તો મમ્મી...'

છોકરાએ સહેજ વિચારીને કહ્યું, 'પપ્પા હું માનવબોમ્બની વાત નથી કરતો... ફટાકડાના બોમ્બનું પૂછું છું.'

'ફટાકડાના બોમ્બથી તો બેટા ક્યારેક દાઝી પણ જવાય, જ્યારે આ

દુનિયામાં કેવા અર્ધપાગલ લોકો હરાયા ઢોરની જેમ છૂટા ફરે છે... જોકે આવું હું સાંભળી શક્યો નહોતો, પણ એની લિપ મૂવમેન્ટ પરથી મેં અનુમાન કર્યું. આનો એવો અર્થ નહીં કે બધા મને મારા જેવા જ મળતા હોય છે

બોમ્બ આટલા વરસોથી ફૂટે છે. ક્યારેય એક ફોડલોય પડ્યો?'

ફટાકડા માત્ર દિવાળીમાં જ ફૂટે એવું નથી. ક્યારેક ક્યારેક, ક્યાંક ક્યાંક તો વગર દિવાળીએ પણ ફટાકડા ફૂટતા જ રહે છે. જુઓ બે ત્રણ સેમ્પલ!

●●●

'મેં તમને ના પાડી છે કે દિમાગ ન ચાલતું હોય તો તમારે ક્યારેય કશી ખરીદી નહીં કરવાની.' પત્નીએ પતિને કહ્યું.

'પણ તું જો તો ખરી... કેટલી સરસ ચાદરો છે... અને સસ્તી પણ...' પેલાએ સુંવાળીના સ્વાદ જેવી ભાષામાં કહ્યું.

'બસ, સસ્તું ભાળીને લઈ આવ્યા... પણ જરા જોઈએ તો ખરા, કે આઇટમ નુકસાનીવાળી છે કે નહીં?' પત્નીએ રિમાન્ડ શરૂ કર્યા.

'હું ચાદરની વાત કરું છું...'

'હું પણ ચાદરની જ વાત કરું છું.'

'તો ઠીક, બાકી મને તો એમ કે વરસો પછી આજે તું કેમ મારા પર દયા ખાતી હોય તેમ બોલે છે?'

'કેટલાની ચાદર છે આ?'

'સાતસો રૂપિયાની જોડ.'

'પત્યું.'

'કેમ શું થયું?'

'છેતરાઈ ગયા તમે.'

'બીજી વાર!' પતિએ વ્યંગમાં કહ્યું.

'હું ચાદરની વાત કરું છું.'

'ઓહ! મને તો એમ... કે...!'

●●●

'આ ઘર સાફ નથી કરવાનું?' પત્નીએ હાથમાં સ્ટેન્ડિંગ ઝાડું પકડીને એના પતિને કહ્યું, 'આજે રજા છે તો ચાલોને, ઘર સાફ કરી નાખીએ?'

'કેમ, આજે કંઈ નવાજૂની છે? ઘર સાફ કરવાનું એકાએક કેમ સૂજ્યું?'

'હમણા દિવાળી નહીં આવે?'

'શરમ નથી આવતી તને નાના મોઢે મોટી વાત કરતાં?' પતિ મહાશય સહેજ ગુસ્સે થયા.

'હું એવું તો શું બોલી કે તમે આમ ધમકાવો છો?'

'માસી આવે છે એમ નથી કહેવાતું? માસી તારા કરતાં નાનાં છે કે તું એમને દિવાળી કહીને બોલાવે છે?'

'અરેરે... હું દિવા-માસીની વાત નથી કરતી, હું તો દિવાળીના તહેવારની વાત કરું છું...'

'તો એમ બોલને...'

'ત્યો પકડો સાવરણો, તમે દીવાલો સાફ કરી નાખો ત્યાં સુધી હું કબાટ અને તિજોરી...'

'તિજોરી તો આમેય સાફ જ છે...' પતિએ સાવરણો પકડતાં કહ્યું.

'કોણે સાફ કરી?' આપણા બે સિવાય ઘરમાં ત્રીજું તો કોઈ છે નહીં?

'મેં સાફ કરી.'

'કહેતાય નથી ને તમે તો!' પત્ની ખુશ થઈને બોલી, 'આ રીતે મને મદદ કરતા રહો તો કામ કરવાની કેવી મજા આવે?'

'આ દીવાલો સિવાય બીજું કંઈ સાફ કરવાનું છે મારે?'

'બસ, દીવાલો સાફ કરી નાખો એટલે મોટું કામ પતે... તિજોરી તો તમે સાફ કરી જ છે. એટલે મારો એટલો સમય બચ્યો.'

CATALYST - SYNERGY EDUVENTURE

FIRST TIME IN KUTCH
Education Research Centre

Career Counselling Sessions & Psychometric Test

VIth TO XIIth (SCIENCE & HUMANITIES)
(CBSE - GSEB - ICSE - IGCSE - IB)

NEET | JEE | GUJCET | OLYMPIAD | KVPY | IMO | NTSE

SSC - CGL | RAILWAYS | STATE PSC | BANK PO | CDS/NDA | CAT/CMAT

ENGLISH SPOKEN CLASSES

OUR RESULT IN JEE (MAIN) 2018

JAVAL GADHER

VIVEK BOKOLIYA

JAY PARMAR

GYANDEV RAJPUT

OUR PERFORMANCE IN CLASS XTH 2017 -18

CHARMI VADHER 98.31 % ILE

AMAN SINGH 98.14 % ILE

KATHAN S. PATEL 98.08 % ILE

AKASH SOLANKI 97.00 % ILE

PRAVIN GAHLOT 96.92 % ILE

KAMNA MISRA 96.10 % ILE

DHRUV AHIR 95.36 % ILE

KHUSHI DUBEY 94.03 % ILE

UDAY AHIR 92.00 % ILE

PRANJAL SURANI 90.67 % ILE

OM MARU 84.23 % ILE

SWETA CHAUDHARY 83.60 % ILE

+10 MORE STUDENTS

OUR PERFORMANCE IN CLASS XTH 2018 -19

SUTHAR NAVALI 93.0 % ILE

SHARMA NEHA 91 % ILE

OM PANCHAL 88.8 % ILE

RATHOD NITESH 86.0 % ILE

DEBASI ASHOK 80 % ILE

CHAUDHARY ASHISH 78 % ILE

SHASHI KUSHWAH 92 % AGE

+15 MORE STUDENTS

OUR PERFORMANCE IN CLASS XTH 2019-20

Vrinda Joshi - 84%

Nisha Mishra - 82%

Chatt Kush - 82%

Bhavya Soni - 80%

+10 MORE

OUR PERFORMANCE

JEE MAIN 2020
Pravin Gahlot
Selected in BTU
Rajasthan Government

NEET 2020 **100% RESULT IN NEET**

Kamna Mishra

Pranjal Patel

Rajni Suryavansi

Sweta Chaudhary

Anju Regar

Hemant

Dhara Soni

Priya Sharma

All NEET Aspirant Selected In NEET 2020
Under Guidance of Experienced Faculty

OUR PERFORMANCE IN CLASS XTH 2020-21

Sahilbhagasara - 92%
Maths-98, Science-98

Shivani Shukla - 80%

Reg. Office : Office No. 8, First Floor, Above ICICI Bank ATM, Om Cineplex Building, Gandhidham

Email : synergyeduventure@gmail.com, CONTACT US : 82005 03479, 89805 77830

" If you are ready to work hard , We are ready to make you better than before "

‘બીજું કંઈ સાફ કરવાનું છે?’

‘બાકી હશે, એ તો હું કરી નાખીશ, પણ સાંજે મને બે-ત્રણ હજાર રૂપિયા આપજો... મારે બારી-બારણાના પડદા લાવવા છે.’

‘પડદાની શું જરૂર છે?’

‘પડદા તો જોઈએ... તમને ખબર ન પડે.’

‘લેખકના ઘરમાં... અને એય તે હાસ્યલેખકના ઘરનાં બારી-બારણા તો વગર પડદે જ સારા લાગે... ખોટા ખર્ચા કર નહીં.’

‘કહ્યું ને મેં... કે મારે પડદા લાવવા છે એટલે લાવવા છે. બસ, બીજી કોઈ માથાકૂટ નહીં કરવાની... વ્યવસ્થિત કપડાં પહેરીને ઘરમાં રહેતા હો તો જુદી વાત છે...’

‘પડદાનું કાપડ કેટલાનું આવશે?’

‘બે અઢી હજારનું... અને પાંચસો રૂપિયા સિલાઈના થાય.’

‘ન સિવડાવીએ તો ન ચાલે?’

‘કેમ?’

‘હમણા મેં તને કહ્યું નહીં, કે તિજોરી સાફ કરી નાખી છે... આટલા બધા પૈસા ક્યાંથી લાવવા?’

‘તો... તમે એ રીતે તિજોરી સાફ કરી નાખી?’

‘હાસ્તો! એ તો જેવી રીતે આવડે તેવી રીતે જ સાફ કરવાની હોય ને!’

●●●

‘આ વખતે આપણે મઠિયાં બનાવવાં છે કે તૈયાર જ લાવવાં છે?’ પત્નીએ પતિને પૂછ્યું.

‘કેમ, તું બનાવવાની નથી?’

‘મારાં બનાવેલાં મઠિયાં તમને ક્યાં ભાવે છે? ગઈ દિવાળીએ તમે એકેય મઠિયું ખાધું નહોતું...’

“ગઈ દિવાળીએ તેં એકેય મઠિયું બનાવ્યું’તું?”

‘તમે ખાવ નહીં, પછી ન જ બનાવું ને...’ પછી ઈરેથી પણ સહેજ લાડથી એણે પૂછ્યું, ‘જો તમે ખાવાના હો તો તૈયાર મઠિયાં મંગાવી દઈએ બોલો, ખાશો ને?!’

‘કેમ, મારે એકલાએ જ ખાવાનાં છે?’

‘છોકરાં છે ને... છોકરાંને ભાવે છે...’

‘તું નહીં ખાય?’

‘ચાખીશ... નાનો એકાદ કિલોનો ડબો મારે ચાખવા જેટલો હું ભરી રાખીશ.’

‘દિવાળીમાં મહેમાનો આવે એટલે એમને પણ ખવડાવવા જોઈએ કે નહીં?’ પતિએ પૂછ્યું.

‘મહેમાનોને ખવડાવવાના ન હોય, ઘરાવવાના જ હોય, મહેમાન એકાદ-બે મઠિયું ઉપાડે એટલે આપણે પણ મઠિયાની ડિશ ઉપાડી લેવાની.’

‘તો પછી મીઠાઈનું શું કરીશું? મીઠાઈ પણ તૈયાર જ લાવવી છે? જો તૈયાર જ લાવવી હોય, તો મારો એક ઓળખીતો મિત્ર છે એને કહી દઉં.. લાવ તો પેલો મોબાઇલ... એને હું ઓર્ડર નોંધાવી જ દઉં...’

‘ભારે ઉતાવળા તમે તો...’

“સાચી વાત છે તારી, ત્રીસેક વરસ પહેલાં મેં ‘ઉતાવળ’ ન કરી હોત, તો આજે કેટલો સુખી હોત!”

‘અરે સાહેબ, મજાક તો તમે કરી એવું પૂછીને કે આ ફટાકડા કેમ આપ્યા? ફટાકડા ફોડવા માટે જ હોય ને સાહેબ, શો-કેસમાં મૂકી રાખવા માટે થોડા હોય? બોલો, કયા કયા અને કેટલા આપું?’

‘પસ્તાવો થાય છે ને?’

‘હા.’

“મને પણ થાય છે! પણ હું એમ કહેતી’તી કે આપણે માત્ર આપણા જ સ્વાર્થનો વિચાર નહીં કરવો જોઈએ, સામેની વ્યક્તિનું પણ વિચારવું જોઈએ ને...”

‘શું વિચારવાનું?’

‘કોઈને ડાયાબિટીસ થઈ જાય એવું આપણે શા માટે ખવડાવવું?!’

- નથી લાગતું કે દિવાળી એ “વહેવાર”નો જ તહેવાર હોય, એમ!

●●●

‘આ ફટાકડા કેમ આપ્યા?’ કોઈ બિગ મોલમાં શોપિંગ કરી રહ્યો હોઉં એવા ભાવથી અને એવા ભારથી મેં પૂછ્યું.

‘સાહેબ, ફોડવા માટે!’

‘સાહેબ ફોડવા માટે એવું કહીને મજાક કરે છે?’

‘અરે સાહેબ, મજાક તો તમે કરી એવું પૂછીને કે આ ફટાકડા કેમ આપ્યા? ફટાકડા ફોડવા માટે જ હોય ને સાહેબ, શો-કેસમાં મૂકી રાખવા માટે થોડા હોય? બોલો, કયા કયા અને કેટલા આપું?’

‘આ અને આ શું છે? તારા મંડળ છે?’

‘ના, મારા એકલાના નહીં, આપણા સૌના છે.’

‘અરે કોઈ છે આ દુકાનમાં?’ હું ચીડાયો. ચીડાવાનું એક જ કારણ કે પહેલા તો માંડ માંડ વાઇફને આંખની ભાષામાં (અહીં આંખની ભાષાનો અર્થ પ્રેમાળ ભાષા એમ સમજવો. અત્યારે જાસૂસી ક્યાં ક્યાં નથી ચાલતી?) સમજાવી અને એની ગેરહાજરીમાં ટિંચુડાને પણ એ જ ભાષામાં પટાવીને ફટાકડા ખરીદવા આવ્યો અને અહીં આ દુકાનદાર અર્ધપાગલ હોય એવો લાગ્યો.

‘બોલો સાહેબ, શું લેવું છે?’ કોઈ વૃદ્ધ જેવા લાગતા વડીલે દુકાનના અંદરના ભાગમાંથી બહાર આવીને પૂછ્યું. ‘તમે શું વેચો છો?’ મેં જરા ગુસ્સે થઈને પૂછ્યું.

‘તમને શું દેખાય છે દુકાનમાં?’

‘ફટાકડા.’

‘તો એ જ વેચતો હોઉં ને સાહેબ! બોલો, શું આપું?’ પછી એ મનમાં-મનમાં બબડ્યો. દુનિયામાં કેવા અર્ધપાગલ લોકો હરાયા ઢોરની જેમ છૂટા ફરે છે... જોકે આવું હું સાંભળી શક્યો નહોતો, પણ એની લિપ મૂવમેન્ટ પરથી મેં અનુમાન કર્યું. આનો એવો અર્થ નહીં કે બધા મને મારા જેવા જ મળતા હોય છે.

‘બે ડઝન તારા મંડળ આપો.’ આટલું કહ્યા પછી મને પેલો પહેલો મળ્યો’તો એના વિશે મેં પૂછ્યું, “તમારી પહેલાં જે ભાઈ અહીં બેઠો’તો એ ક્યાં ગયો?”

‘કેમ?’ વડીલે આશ્ચર્યથી પૂછ્યું, ‘એને પણ ખરીદી લેવો છે કે શું!’

‘અરે યાર, તમારી દુકાનમાં આવા કેટલા ભર્યા છે?’

‘આમ તો પૂરી પચાસ પેટી છે, પણ તમે જેના વિશે પૂછો છો એવા તારામંડળનો સ્ટોક બહુ જ લિમિટેડ છે. લઈ લો સાહેબ, ખાલી કરવાનો ભાવ છે.’

‘ખાલી કરવાનો ભાવ હોય એવા ફટાકડામાં દમ પણ શું હોય?’ એવું બબડી હું ત્યાંથી બીજી દુકાને ગયો. ■

દેવર્શ

મલ્ટી-સ્પેશ્યાલીટી હોસ્પીટલ

"ગુણવત્તાસભર સારવાર એ જ અમારો ધ્યેય"

૮ વર્ષ સફળતાના

જાડાપણું/બેરિયાટ્રિક સર્જરીમાં

સલામત – સુરક્ષિત – પોષણક્ષમ

સર્જરી વિકલ્પો ઉપલબ્ધ

- સ્લીવ ગેસ્ટરેકટમી
- મીની (લૂપ) ગેસ્ટ્રિક બાયપાસ
- છ્યાઢ ગેસ્ટ્રિક બાયપાસ
- ઈન્ટ્રાગેસ્ટ્રિક બલોન ઈન્સરિસિસન
- ગેસ્ટ્રિક પેલીકિશન
- રીવીઝન બેરિયાટ્રિક સર્જરી

ડો. ચિરાગ પરીખે Royal collage of surgeons માંથી બેરિયાટ્રિક સર્જરી, ઇંગ્લેન્ડ – ૨૦૧૩ માં ફેલોશિપ ઈન પ્રાપ્ત કરી છે અને ત્યારથી, તે વડોદરામાં લેપ્રોસ્કોપિક બેરિયાટ્રિક સર્જન તરીકે ફરજ બજાવી રહિયા છે, ગેસ્ટ્રિક બાયપાસ અને સ્લીવ સર્જરી નો વિશાળ અનુભવ ધરાવે છે. અદ્યતન લેપ્રોસ્કોપિક સર્જરી માટે જટિલGI કિસ્સાઓ અને જટિલ હર્નિયાસ માટે ડો ચિરાગ પરીખ નિષ્ણાત છે.

કમલેશભાઈ ટિલર

ઑપરેશન પહેલાં વજન : ૧૩૬ કીલો – ઑપરેશન પછી વજન : ૭૨ કીલો

હું છેલ્લાં ૧૦ વર્ષોથી મેદસ્વીતાની સમસ્યોઓથી પીડાતો હતો. એકવાર મેં ન્યૂઝપેપરમાં ડૉ. ચિરાગ દ્વારા મીની ગેસ્ટ્રિક બાયપાસ (બેરીયાટ્રીક સર્જરી) વિશે જાહેરાત વાંચી અને મેં તેમની પાસે બેરીયાટ્રીક ઑપરેશન કરાવી લીધું. ઑપરેશન બાદ મારું વધારાનું ૬૪ કીલો જેટલું વજન ઉતરી ગયું, અને મારી ઘણી બધી શારીરિક સમસ્યાઓ જેવી કે ઊંઘમાં નસકોરા બોલવા વગેરેથી પણ છુટકારો મળ્યો છે. હવે, હું તંદુરસ્ત જીવન માણી રહ્યો છું. આથી, હું દરેકને સલાહ આપીશ કે જેમણે બેરીયાટ્રીક ઑપરેશન કરાવવું હોય તો તેમના માટે ડૉ. ચિરાગ પરીખ એક શ્રેષ્ઠ વિકલ્પ છે. ડૉ. ચિરાગ પરીખ અને તેમની ટીમનો સંપર્ક કરવો જોઈએ.

નીતીનભાઈ હંસરાજભાઈ સિધ્ધપુરા

ઑપરેશન પહેલાં વજન : ૧૬૬ કીલો – ઑપરેશન પછી વજન : ૯૨ કીલો

મને ચાલવામાં, દાદરો ચડવામાં ખૂબ તકલીફ પડતી અને પાંચ મિનીટ પણ ઉભો રહી શકાય તેવી પરિસ્થિતિ ન હતી. મને બી.પી., અસ્થમા, ઊંઘમાં નસકોરા બોલવા, ઘૂંટણનો દુઃખાવો વગેરેની ખૂબ જ તકલીફો હતી. મેં બેરિયાટ્રીક ઑપરેશન (મીની ગેસ્ટ્રિક બાયપાસ) કરાવ્યું ત્યારબાદ ફક્ત ૯ મહિના માં જ મારું ૭૪ કિલો વધારાનું વજન ઉતરી ગયું. આમ, બેરિયાટ્રીક સર્જરીએ સાબિત કરી દીધું છે કે મારી શારીરિક ક્ષમતઓમાં ઘણો સુધારો થયો છે. અને ડૉ. ચિરાગ પરીખ તથા દેવર્શ હોસ્પીટલના સ્ટાફથી હું ખૂબ જ ખુશ છું. હું તેમનો આભારી છું.

પારસકુમાર પંડ્યા

ઑપરેશન પહેલાં વજન : ૧૩૬ કીલો – ઑપરેશન પછી વજન : ૯૯ કીલો

મારું વજન ૧૩૬ કિલો અને બીએમઆઈ ૪૪ હતો, તેથી ડાયાબીટીશ ખૂબ ઉંચો રહેતો અને ઊંઘમાં નસકોર બોલવાના કારણે સામાન્ય જીવન જીવી શકતો ન હતો જેથી હું ખૂબ અશાંત રહેતો હતો. ત્રણ મહિના પહેલાં હું ડૉ. ચિરાગ પરીખને મળ્યો અને મારી સમસ્યાઓ જણાવી. તેમણે મને સ્લીવ ગેસ્ટ્રેક્ટોમી ઑપરેશન કરાવવાની સલાહ આપી, તેથી મેં મારા પરિવાર સાથે ચર્ચા કરીને ઑપરેશન કરાવવાનું નક્કી કર્યું. ઑપરેશન પછી ડૉ. ચિરાગ પરીખ અને ડાયેટીશયન ડૉ. હેતલ રાવલના માર્ગદર્શન હેઠળ મારું વજન દિવસે દિવસે ઘટવા માંડ્યું. અત્યારે મારું વજન ૯૯ કિલો સુધી પહોંચી ગયું છે. અને બીએમઆઈ આંક ૩૪ થયો છે. મારા યુવાન દેખાવ થી હું ખૂબ ખુશ છું. મારી ઊંઘમાં નસકોરાની બિમારી મટી ગઈ છે અને ડાયાબીટીશ પણ કન્ટ્રોલમાં રહે છે. મારી જિંદગીને ખુશહાલ બનાવવા બદલ ડૉ.ચિરાગ પરીખ અને તેમની ટીમને ખૂબ - ખૂબ ધન્યવાદ આપું છું.

જરૂરીયાતમંદ દર્દીઓ માટે ફાઈનાન્સની સુવિધા ઉપલબ્ધ છે.

વડોદરામાં ઓબેસીટી સર્જરી માટેનું એકમાત્ર ભરોસાપાત્ર સ્થળ

૩-૪ વિહળકૃપા સોસાયટી, શ્રીનિકેતન સ્કુલ સામે, ન્યુ સમા રોડ, વડોદરા, ગુજરાત ૩૯૦૦૨૪
Ph. : 0265 277 6333 Mo. +91 93288 75817, +91 98980 46741

જોઈએ છે - સાહિત્યકાર વર

સફેદ દાઢી પર હાથ ફેરવતાં-ફેરવતાં પીઢ સાહિત્યકારે કહ્યું, 'યુવતીની પસંદગી સાહિત્યકાર ઉપર જ શા માટે? પ્રશ્ન એ જ છે ને? તો પ્રેમનાં કાવ્યો અને લેખો વાંચીને યુવતી સમજી હશે કે - જગતમાં સાચો પ્રેમ કવિ-સાહિત્યકારો જ કરી શકે! સંભવ છે એટલે તે આ વિચાર પ્રત્યે પ્રેરાઈ હોય.'

જોઈએ છે સુંદર, સ્માર્ટ, એજ્યુકેટેડ, અપરણિત ૨૨ વર્ષની ઉંમર ધરાવતી મહિને ૫૦,૦૦૦ રૂપિયાની આવક ધરાવતી વેલ સેટ યુવતી માટે સહપાન્થી કવિ/લેખક અથવા સાહિત્યકાર યુવક. યુવતીનું ફિગર સપ્રમાણ છે. રસ ધરાવતા તદ્દન અપરણિત યુવકોએ પો. બોક્ષ નંબર - ૩૬૩૬૩ ઉપર પોતાના હસ્તાક્ષરે અરજી કરવી. ટાઈપ કરેલી કે પ્રિન્ટેડ અરજી રદબાતલ ગણવામાં આવશે. કવિ લેખકોએ પોતાની પ્રસિદ્ધ કૃતિની યાદી સાથે જોડવી.

અખબારમાં છપાયેલી આ જાહેરાત વોટ્સએપ ગ્રૂપમાં ફરવા લાગી 'ને વોટ્સએપ ગ્રૂપના કવિ, લેખકો અને સાહિત્યકારોમાં હર્ષની હેલી ચડી. મેસેજો ઉપર મેસેજો છૂટવા લાગ્યા.

ડોક્ટર નહીં, વકીલ નહીં, ઉદ્યોગપતિ નહીં, રાજકારણી કે એન્જિનિયર નહીં 'ને કવિ લેખક? કેટલાકે તો પોતાની જાતને ચૂંટી ખણી નાખી. બળતરા થતાં નક્કી કર્યું કે જાહેરાત સભાનાવસ્થામાં વંચાઈ છે.

કનુ **આચાર્ય**

ઓહો...! પૃથ્વીતટે, ના..ના.. ભારત વર્ષે, આર્યાવર્તમાં, ગુજરાત પ્રદેશે છેવટે એક યુવતી સાહિત્યને માટે શહીદ થવા આગળ આવી ખરી! સાલુ, પૂરી-પકોડીવાળાને ભાજી-પાંઉની લારીવાળાને પસંદ કરતી યુવતીનો ટેસ્ટ કેટલો ઊંચો છે??

કવિતા, સુવિચારો, નાનકડા લેખો બાજુમાં રહી ગયાને વોટ્સએપ પર લગ્ન વિષયક મેસેજો ફરવા લાગ્યા. સ્ત્રી જો વિશ્વામિત્રનો તપોભંગ કરી શકે તો વોટ્સએપ પર સાહિત્ય-સાધના ભંગ થાય, તેમાં સાહિત્યસેવીઓને જરા પણ આશ્ચર્ય થતું ન હતું. અરે, ગૌરવ થતું હતું કે - આપણી સાધનાનો ભંગ થઈ શકે તેવું વાતાવરણ ગુજરાત પ્રદેશે સર્જ્યું છે. આ તો આપણી સાધનાની સ્વીકૃતિ થઈ છે.

'કવિ ગાફિલ, તમે અપરણિત છો?' કવિ ફાટકે નિશ્વાસ નાખીને પૂછ્યું.

'કેમ, તમે પરણિત છો, કવિ ફાટક?'

'હા, યાર, આપણને શું ખબર કે....'

ફાટકે કવિ શૂરમાને મોબાઇલ જોડ્યો, 'કવિ શૂરમા, તમારે કેમનું છે?'

'સાલુ મારે પત્ની રિસાઈને ગઈ છે, એટલે આમ તો એકલો જ છું, પણ યાર, પરણવાનું કલંક તો લાગ્યું જ કહેવાય ને?

જોકે ઘણા અપરણિત યુવાનો હતા, તેમણે અરજી કરીને ઝંપલાવવાનું નક્કી કર્યું, પણ તે પહેલાં પેલા નવોદિત કવિ-લેખકોએ અનુભવી કવિ-લેખકોની પાસે કેટલાક પ્રશ્નો ઉઠાવ્યા -

જાહેરાતમાં કેટલાક શબ્દો સ્પષ્ટીકરણ માગે છે. આવી જાહેરાતના ઉદ્ભવ પાછળનું તલસ્પર્શી કારણ શું? અભિધાને બદલે યુવતીએ લક્ષણાને વ્યંજનાનો સહારો લીધો છે કે કેમ? ઇન બ્રેકેટ - બે લીટી વચ્ચેનું કોઈ સત્ય આમાં નજર સામે આવે છે કે કેમ? શાયદ, એ ભ્રમ પણ હોઈ શકે. માટે ઓનલાઇન મુશાયરા કે વાર્તાલાપની જેમ આ જાહેરાત અંગે પણ ઓનલાઇન ચર્ચા થવી જોઈએ.

સાહિત્યકાર લગ્નવિષયક જાહેરાત ઓનલાઇન ચર્ચામાં ૯૯ સાહિત્યકારો જોડાયા હતા. તેની અમને મળેલ વિગતો આ સાથે સંક્ષેપમાં રજૂ કરીએ છીએ.

કવિ દિવ્ય ડીસનવીએ પૂછ્યું, 'પીઢ સાહિત્યકારશ્રી, આપને પૂછું છું કે, '-સદરહુ દીકરીએ સાહિત્યકાર ઉપર પસંદગી કેમ ઉતારી હશે?'

"ભાઈ, નવોદિતજી, અહીં 'દીકરી' શબ્દ ના વપરાય. સદરહુ યુવતી કદાચ આપને જ પસંદ કરે તો? શબ્દની ભાવનાનું પણ પોતાનું આગવું મહત્ત્વ હોય છે. તમે દીકરી શબ્દ વાપરીને શબ્દદોષ વહોરી લીધો છે."

સૌરાષ્ટ્ર-કચ્છની **સૌથી વિશાળ**
તથા બહોળો **અનુભવ** ધરાવતી નિષ્ણાંત
ન્યુરો, ટ્રોમા અને **સ્પાઇન**
ડૉકટર્સની ટીમ

30
વર્ષથી અવીરત
આપની સેવામાં

ડૉ. પ્રકાશ મોઢા

ડૉ. તેજસ ચોટાઇ

ડૉ. કૌશીક પટેલ

ડૉ. અનીશ ગાંધી

ડૉ. હર્ષ શાહ

ડૉ. દુષ્યંત સાંકળીયા

ડૉ. મેહુલ ચૌહાણ

ડૉ. કલ્પેશ બજાણીયા

ડૉ. હિમાંશુ પરમાર

ડૉ. ત્રિશાંત ચોટાઇ

ડૉ. મંગલ દવે

ડૉ. પિરલ સંઘવી

અકસ્માતમાં થતી દરેક ઈજા (મગજ, મણકા, કરોડરજ્જુ)ની તાત્કાલીક અને સચોટ સારવાર

તાણ, આંચકી, પેરાલીસીસ માટે સ્ટ્રોક યુનીટઉપલબ્ધ

અત્યાધુનીક ટેકનોલોજી દ્વારા થતી મગજની નસોની તપાસ તથા જટીલ ઓપરેશન અને સારવાર

અકસ્માત દરમ્યાન થયેલી ઈજા માટે સરકારશ્રી તરફથી મળતી સહાય

૨૫૦૦૦ થી પણ વધુ સફળ ઓપરેશન

FRIENDS

એક માનવ સેવા મંદિર
શ્રેષ્ઠતા - સત્યતા - પારદર્શકતા

ગોકુલ હોસ્પિટલ

વિધાનગર રોડ, રાજકોટ. M. 99043 99043
કુવાડવા રોડ, રાજકોટ. M. 7900 108 108
(NON NABH)
www.gokulhospital.com

PATIENT SAFETY & QUALITY OF CARE
NABH
CERTIFIED

‘ક્ષમસ્વ..ક્ષમસ્વ.. પણ પરણિત છે અને જેમને અરજી નથી કરવાની તેવા સાહિત્યકારો માટે તો એ દીકરી સમાન જ છે ને?’

‘મિ. ડીસનવી, ચર્ચા કર્યા વગર સત્ય સ્વીકારો. પહેલાં દીકરી શબ્દ પાછો ખેંચો?’ ‘ખેંચ્યો, લ્યો?’ કહીને ડીસનવી શબ્દની સાથે પોતે પણ ચર્ચામાંથી થોડીવાર માટે ખસી ગયા.

સફેદ દાઢી પર હાથ ફેરવતાં-ફેરવતાં પીઢ સાહિત્યકારે કહ્યું, ‘યુવતીની પસંદગી સાહિત્યકાર ઉપર જ શા માટે? પ્રશ્ન એ જ છે ને? તો પ્રેમનાં કાવ્યો અને લેખો વાંચીને યુવતી સમજી હશે કે - જગતમાં સાચો પ્રેમ કવિ-સાહિત્યકારો જ કરી શકે! સંભવ છે એટલે તે આ વિચાર પ્રત્યે પ્રેરાઈ હોય.’

કવિ ધોળ દ્વાંગદ્રીએ કહ્યું, ‘શું ડોક્ટરો, વકીલો, એન્જિનિયરો પ્રેમ ના કરી શકે?’

“કવિ ધોળ દ્વાંગદ્રી, એ તો બધું પાર્ટ ટાઇમ જોબ જેવું. એ બધાનું મૂળ લક્ષ્ય તો પૈસા કમાવવામાં જ હોય છે. જ્યારે સાહિત્યકારો ’ને કવિઓ તો ફુલ ટાઇમ પ્રેમમાં મગ્ન હોય છે. સંભવ છે કે - સદરહુ યુવતીની જરૂરિયાત એમાંથી સર્જાઈ હોય!”

વાર્તાકાર ગૌરંગે એક સવાલ રમતો કર્યો, ‘તદ્દન અપરણિત તેનો અર્થ શું? તદ્દનનો વિરોધી અપરણિત કેવો હોય?’

આનો જવાબ આપણા વિવેચક વિશ્વાસજી આપશે. વિશ્વાસજીએ ખોંખારો ખાધો. ગળે થૂંક ઉતાર્યું. પછી કહ્યું, ‘યુવતી બહુ સ્માર્ટ લાગે છે. આ વાક્યનો ગર્ભિતાર્થ સમજવા જેવો છે. એકવાર અટલબિહારી બાજપેયીજીનો પરિચય આપતાં ઉદ્‌ઘોષકે તેમને માટે અનેક પ્રકારનાં વિશેષણો પ્રયોજ્યાં. તેમાં તેમને માટે નૈષ્ટિક બ્રહ્મચારી શબ્દનો પ્રયોગ કર્યો. અટલબિહારીજી તો પારદર્શી અને સ્પષ્ટ રાજકારણી હતા. તેમણે પોતાના વક્તવ્યમાં પોતાના માટે વપરાયેલ વિશેષણોનો ઊધડો લીધો? નૈષ્ટિક બ્રહ્મચારી એટલે શું? અરે, નૈષ્ટિકની વાત જવા દો; હું અપરણિત છું, પણ બ્રહ્મચારી ય નથી. અહીં સદરહુ દીકરી, સોરી યુવતી આ અર્થમાં તદ્દન અપરણિત શબ્દ વાપરતી હોય તેવો સંભવ છે.’

બીજા એક અનુભવી લેખક બોલી ઊઠ્યા, “લેખક ’ને કવિઓ કલ્પનાના ઉડ્ડયન કરતા હોય છે. એટલે મનમાં પરણે ’ને મનમાં રાંડે. લગ્ન ઉત્સુક કવિ લેખક મનમાં પણ પરણ્યો ન હોય તેવો પણ આનો અર્થ થઈ શકે છે.” કવિ ધમાલ વારાહીએ પોતાનો મત આ વાતમાં રજૂ કરતાં કહ્યું, ‘સ્ત્રી માટે જેમ કહેવાય છે કે - તેણે સ્વપ્નમાં કે કલ્પનામાં પણ પરપુરુષનો વિચાર નથી કર્યો. તેમ જેણે સ્વપ્નમાં કે કલ્પનામાં પરસ્ત્રી વિષે વિચાર્યું ન હોય તેવો અક્ષુણ પુરુષ આ માટે લાયકાત ધરાવે છે.’

‘વાહ ધમાલ વારાહી વાહ! તેને નૈષ્ટિક બ્રહ્મચારી કહેવાય.’

‘એવો નૈષ્ટિક બ્રહ્મચારી કોણ હતું, ખબર છે?’

‘વાર્તાકાર અંગુર અંજારિયાએ કહ્યું કે, - ‘એવા નૈષ્ટિક બ્રહ્મચારી ભીષ્મ પિતામહ હતા. બીજો કોઈ સાંભળવામાં આવ્યો નથી.’

ગગન બાટલીવાળાને ચાન્સ અપાયો. તેણે સવાલ પૂછ્યો, ‘આજના કમ્પ્યૂટર યુગમાં છીંક ખાવી હોય તો કમ્પ્યૂટરના કીબોર્ડ પર ખાવી પડે તેવા યુગમાં આ યુવતી સ્વહસ્તાક્ષરમાં અરજી માગે છે. તેનો અર્થ શું?’

‘આપણા વિનોબાજી નહીં, ચાર?’

‘હવે બ્રહ્મચારીની ચર્ચા મૂકો. બાણશૈય્યા પર સૂતેલા ભીષ્મદાદાને યુધિષ્ઠિર સવાલ પૂછે છે કે, સ્ત્રી-પુરુષ સહવાસમાં વધુ આનંદ કોણ પ્રાપ્ત કરે છે?’

એક સાથે ચાર-પાંચ કવિ લેખકો બોલી ઊઠ્યા, ‘મૂળ મુદ્દા પર આવો. મૂળ મુદ્દા પર આવો.’ કવિ દિવ્ય ડીસનવીએ ચર્ચાનો દોર ફરી હાથમાં લીધો. જે અત્યાર સુધી સાંભળી રહ્યા હતા તે પૈકીના ગગન બાટલીવાળાને ચાન્સ અપાયો. તેણે સવાલ પૂછ્યો, ‘આજના કમ્પ્યૂટર યુગમાં છીંક ખાવી હોય તો કમ્પ્યૂટરના કીબોર્ડ પર ખાવી પડે તેવા યુગમાં આ યુવતી સ્વહસ્તાક્ષરમાં અરજી માગે છે. તેનો અર્થ શું?’

‘ગગનવાલા, તમારી સરખામણી સાવ ખોટી છે.’ ધંધુકાવાળાએ કહ્યું.

‘બેસો...બેસો...હવે, જોયા બહુ સરખામણીવાળા...’ ગગનવાલા તાડૂક્યા. ઓનલાઇન ઘાંટાઘાંટીમાં કાંઈ સાંભળી શકાતું ન હતું.

‘આપણે ધારાસભાની જેમ બધાને ચૂપ રાખવા પડે એ શરમજનક વાત છે. આપણે કાયદાનું પાલન કરીએ. મૂળ મુદ્દો એ છે કે યુવતીએ સ્વહસ્તાક્ષરમાં અરજી કેમ માગી છે?’ અંજારિયાએ કહ્યું.

એક કવિ વચ્ચે જ બોલી ઊઠ્યો, ‘યુવતી ગાંધીજીની આત્મકથા વાંચી ગઈ લાગે છે. ખરાબ અક્ષર અધૂરી કેળવણીની નિશાની છે. અક્ષરો જોઈને પ્રથમ દ્રષ્ટિએ તે યુવાનનું માપ કાઢી શકે.’

‘પ્લીઝ... પ્લીઝ પ્રથમ મને સાંભળો..’ એક કવિએ અધીરા થઈને કહ્યું.

‘શું, બોલો?’ ડિસનવીએ પૂછ્યું.

‘છોકરીએ જે જાહેરાત આપી છે તેમાં લગ્નની વાત જ ક્યાં કરી છે?’

‘હેં?’ ચમકારાનો અવાજ એવો સંભળાયો કે મોબાઇલની ડિસ્ક ઘૂજવા માંડી.

‘હા, લ્યા, લગ્નનું ક્યાં લખ્યું છે?’

‘અરે તમે નવોદિતો ભાષાના અર્થ જાણો નહીં ને ઠોકમઠોક કરો છો?’

‘અય ચમન ચોરંગી, અમે ઠોકઠોક કરીએ છીએ? અમે નવોદિતોએ કાંઈ ભાંગ નથી ખાધી. જો, હું સાર્થ જોડણી કોશ સાથે લઈને આવ્યો છું.’ તેણે બધાને એ બતાવ્યો પણ ખરો.

‘ચાર, જો આક્ષેપો-પ્રતિઆક્ષેપો કરવા હોય તો આપણે આ ચર્ચા અહીં બંધ કરીએ.’ એક વડીલે કહ્યું.

વિવેચક વિશ્વાસજીએ કહ્યું - ‘યુવતીએ સહપાંથી લખ્યું છે. ચોખ્ખું વર જોઈએ તેમ લખ્યું નથી.’

બાટલીવાળાએ કહ્યું, ‘યુવતીએ સાહિત્યિક ભાષા વાપરી છે. બાકી ઇનબ્રેકેટ એને લગ્ન જ કહેવાય.’

‘બાટલીવાળા, હિન્દુ ધર્મમાં લગ્નનાં સપ્તપદીનાં સાત પગલાં હોય છે. તેમાં છેલ્લા ફેરે સ્ત્રી પાછળ હોય છે. આગળ તો છેવટે પુરુષને જ રહેવાનું હોય છે. છોકરી ધર્મને માનતી લાગતી નથી. સાથે ’ને સાથે ટળવાનું હોય તો?’ ઉગ્રતાથી ચમન ચોરંગીએ કહ્યું, ‘આપણી ઝૂમ મિટિંગનો અર્ધો કલાક પૂર્ણ થાય છે... બધાને જય સરસ્વતી.’ ■

ચાલો મહેમાનને મૂકવા જઈએ!

હવે એ દિવસો ફક્ત યાદ આવે છે, પણ ફરી આવતા નથી. કોઈ મહેમાન આવે તો સ્ટેશને મૂકવા જવું છે, ટ્રેન વધારે મોડી થાય તો મહેમાનને પાછા ઘરે લઈ જવાનો 'ને કામ બગાડી ફરી પાછા સ્ટેશને મૂકવા જવાનો અફસોસ કરવો છે 'ને જો ટ્રેન કેન્સલ જ થાય તો ટ્રેનને ખૂબ ભાંડવી છે.

આપણે ત્યાં સતત વધતી વસ્તી, રસ્તાની ભીડ અને સ્ટેશન કે બસ સ્ટોપ પર થતા કોલાહલ અને જાતજાતના નિયમોને કારણે હવે મહેમાનને મૂકવા જવામાં એટલે કે વળાવવા જવામાં બહુ મજા નથી આવતી. બહુ જ અંગત હોય તો હજીય લોકો ટ્રેનમાં કે બસમાં બેસાડીને ભીની આંખે ને ભારે દિલે પાછાં ફરે. બાકી તો, હવે ઘરમાંથી જ આવજો આવજો કહીને સંતોષ-નિરાંતનો શ્વાસ લઈ લેવાય. (હાશ...ગયાં!) અમને તો મહેમાનોને લેવા 'ને મૂકવા જવાના બહુ લહાવા મળેલા, એટલે આજે કોઈને લેવા-મૂકવા જવાનું માંડી વાળવું પડે તો બહુ દુ:ખ થાય. કેવા આનંદદાયક દિવસો હતા!

હજી થોડાં વરસો પહેલાંની જ વાત છે. સારી એવી મહેમાનગતિ માણીને કોઈ મહેમાન પોતાના ઘરે (મન વગર) પાછા જવાના હોય, ત્યારે યજમાન મહેમાનને રવાના કરવા કેવી ઉતાવળ કરતાં! (અમને તો એવું જ લાગતું!) આગલા દિવસે તો એમની સામે જ એમના જવાની વાતો ચાલુ થઈ જતી!

કલ્પના **દેસાઈ**

'આવજો હવે પાછા રહેવાય એમ. (આ વખતે પણ ખાસ્સું રહ્યા જ હોય તોય!) ને હવે એકલા નહીં આવતાં. બધાંને લઈને આવજો. એ લોકો તો ક્યાં આવ્યાં જ છે કોઈ વાર?'

'ના ના ચોક્કસ. અરે, તમારે ત્યાં તો એમને બહુ ગમશે.' (આ સાંભળી યજમાનને ફાળ પડે. ચોક્કસ? ફરીથી આવશે? બધાંને પણ લાવશે?)

એમને રવાના કરવાની તૈયારી રૂપે કોઈ એમનો સામાન શોધીને ભેગો કરી આપે જેથી કંઈ રહી ન જાય. કોઈ નાસ્તો બાંધી આપે ને કોઈ ટિકિટનું પણ પૂછે. શું છે કે મહેમાન, વગર ટિકિટે ધોયેલા મૂળા જેવા પાછા ન આવી રહે ને યજમાનને નારાજ કરતાં કહે નહીં કે, 'શું થાય? રિઝર્વેશન તો નહોતું!' કોઈ વળી, મહેમાનના ઘરેથી સ્ટેશને એમને લેવા કોઈ જશે કે કેમ તે પણ પૂછી લે, 'ફોન તો કર્યો છે ને?' (નહીં તો વળતી ટ્રેનમાં પાછા ન આવી રહે!) બધી વાતે રજેરજ ખાતરી કરવામાં આવે જેથી મહેમાનના ટકી પડવાના કે ફરી ટપકી પડવાના કોઈ ચાન્સ ન રહે. ખેર, મહેમાન તો આ બધામાં યજમાનનો પ્રેમ જ જુએ. એ તો જમાનો બદલાયો એટલે લોકો બધી વાતે શંકા કરતાં થયા, બાકી પહેલાં તો આવું જ હતું.

પછી નાટકનો બીજો અંક ચાલુ થાય, જેના મુખ્ય પાત્ર હોય દાદા!

'સાત વાગ્યાની ટ્રેન છે, જરા ઉતાવળ કરજો, નહીં તો ટ્રેન જતી રહેશે.' (પહેલો ધક્કો મરાય!)

વળી બીજી જ મિનિટે... 'અરે ભાઈ, જલ્દી કરજો... સાડા છ થઈ ગયા છે. ટ્રેન જતી રહેશે. ચાલો ભાઈ, મૂકવા કોણ જવાનું છે? વહેલા નીકળો.' (બીજો ધક્કો પણ દાદાનો જ!)

'ભાઈ, તમારો સામાન બધો જોઈ લેજો હોં કે, કંઈ રહી ન જાય.' (રહી જાય તો સામાન લેવા પાછા તો નહીં આવે ને?)

'અરે ભાઈ, મૂકવા કોણ જાય છે? ચાલો વહેલા, ગાડીનો ટાઈમ થઈ ગયો ક્યારનો. નક્કી ટ્રેન ચૂકવાના આજે.' (ત્રીજો આખરી ધક્કો)

'દાદા, તમે ચિંતા ના કરો. આ હું હમણા ગાડી કાઢીને મહેમાનને જરા વારમાં પહોંચાડી દઉં જોજો. ચાલો કાકા, તમને મૂકી આવું. અરે, કોઈ કાકીને તો રસોડામાંથી બોલાવો. આ ગાડી પણ કાઢી.'

'ચાલો ભાઈ ચાલો, હવે મોડું ન કરો. ક્યારનો બૂમો પાડું કે ઉતાવળ કરો, પણ મારું કોણ સાંભળે છે? નક્કી આજે ટ્રેન ચૂકવાના જોજો.' (દાદાના જેટલો ગભરાટ કોઈને ન થાય!)

આખરે મહેમાન પ્રગટ થાય. 'આવજો દાદા. કોઈ વાર અમારે ત્યાં પણ આવો રહેવા.'

'હા બેટા, આવીશ પણ તમે નીકળો હવે. ટ્રેનનો ટાઈમ થઈ ગયો છે ક્યારનો.' (તમે જશો તો આવીશ ને? જાઓ હવે બાપા... જાઓ.)

બસ, આ જ વાતનું દુઃખ છે કે ભલે આ દિવસો જેવા હતા તેવા પણ પાછા તો નહીં જ આવે.

વરસો પહેલાં બોરિવલી સ્ટેશને અમારા એક સંબંધીને અમે બે ત્રણ જણ મૂકવા ગયેલાં. એમને વળાવીને પછી અમે આઇસક્રીમ ખાવાનો પ્રોગ્રામ બનાવેલો એટલે ટ્રેન જલ્દી આવે તો સારું એમ મનમાં પ્રાર્થના કરતાં સૌ વાતે લાગેલાં. સમય કરતાં થોડી મોડી પણ ટ્રેન આવી ખરી અને ઊભી પણ રહી. હવે ક્યારના સૌ વાતે લાગેલાં તે છેક છેલ્લી ઘડીએ કોઈને ટિકિટ યાદ આવી! ટિકિટ ક્યાં? કોની પાસે છે? અરેરે! ટિકિટની મગજમારી ચાલુ. સૌએ ખિસ્સાં ફંફોસ્યાં 'ને એકબીજા સામે જોયું એટલામાં તો ટ્રેનની સીટી પણ વાગી ગઈ. પેલા સંબંધી તો ગભરાટમાં ડબ્બામાં ચડવું કે નહીં તે વિચારમાં ઊંચાનીચા થતા હતા. તે દરમિયાન અમારામાંથી એક જણે એમને હાથ પકડીને, 'તમે ટ્રેનમાં તો ચડી જાઓ' કહેતાં ટ્રેનમાં ચડાવી પણ દીધા! એમની બેગ જેના હાથમાં હતી તેણે દોડીને ટ્રેનમાં એમની સામે બેગનો ઘા કર્યો ને એમને બૂમ પાડીને કહ્યું, 'ટિકિટ તમારા મોબાઇલમાં ફોરવર્ડ કરી છે, પેલા ટિકિટચેકરને બતાવી દેજો.' બે ઘડીમાં તો સૌના ઊંચા જીવે આ સઘળો ખેલ ભજવાઈ ગયો!

પેલા સંબંધી તો નક્કી રઘવાયા બનીને બેગ પકડીને એમની સીટ શોધવામાં પડ્યા હશે ને બેઠા પછી એમણે ટિકિટચેકરની ઊંચા જીવે રાહ પણ જોઈ જ હશે! મનમાં અમને સૌને ખૂબ બબડ્યા પણ હશે. એ તો સારું કે મોબાઇલ પર ટિકિટ મોકલવાના 'ને એ ટિકિટને સાચું માનવાના દિવસો શરૂ થઈ ગયેલા, નહીં તો મહેમાનને બીજા સ્ટેશને ઊતરી જવું પડેત અથવા છતી ટિકિટે ડબલ ચાર્જ ભરીને ઘરે જવું પડેત. જ્યારે આ પ્રસંગ હસતાં હસતાં યાદ કરીએ ત્યારે આજે પણ અમે એ જ વિચારીએ કે તે દિવસે ફક્ત સો રૂપિયાનો જ સવાલ હતો. જો ટિકિટ ન મળતે તો મહેમાનને પાછાં એક દિવસનું એક્સ્ટેન્શન આપી દેતે, પણ આમ એમને ગભરાવીને વિદાય નહોતા કરવાના. બિચારાનો જીવ ઊંચે ચડાવી દીધેલો. પછી એનો જવાબ પણ અમે જ આપી દેતાં કે સવાલ ફક્ત સો રૂપિયાનો નહોતો, સવાલ તો બાકીના ચોવીસ કલાક એમની સાથે કાઢવાનો હતો!

એક વાર તો એક મહેમાનને ભૂલમાં કે ઉતાવળમાં અમે પ્લેટફોર્મ ટિકિટ જ પકડાવી દીધેલી! બિચારા છતી મફત ટિકિટે, પોતાના ખર્ચે પોતાને ગામ ભેગા થયેલા. આવું પણ થાય એ સ્વીકારીને જ હવે તો રહીએ બીજું તો શું કરી શકાય? જ્યારથી રેલવેએ પ્લેટફોર્મ ટિકિટના ભાવ વધારી દીધા અને લોકોએ વસ્તી વધારી ત્યારથી ભીડથી બચવા અમે મહેમાનોને સ્ટેશને મૂકવા જવાનું બંધ કર્યું. જોકે, બસ ડેપો અને એરપોર્ટ પર રેલવે પ્લેટફોર્મના જેવી મજા નહીં.

જ્યારથી રેલવેએ પ્લેટફોર્મ ટિકિટના ભાવ વધારી દીધા અને લોકોએ વસ્તી વધારી ત્યારથી ભીડથી બચવા અમે મહેમાનોને સ્ટેશને મૂકવા જવાનું બંધ કર્યું. જોકે, બસ ડેપો અને એરપોર્ટ પર રેલવે પ્લેટફોર્મના જેવી મજા નહીં

આ બધી ટ્રેનોમાં તો પાછું એવું કે ટ્રેન એક વાર ઝડપ પકડે પછી કોઈને ગાંઠે નહીં, તે વચ્ચેનાં સ્ટેશનોની તો સામે પણ ન જુએ ને સીધી અડધા કે એકાદ બે કલાકે જ કોઈ મોટા સ્ટેશને ઊભી રહે. આવા સમયે હાલત કફોડી થઈ જાય. એક વાર મારાં માસીને મૂકવા હું બોરિવલી ગયેલી. જગ્યા શોધી આપવા 'ને માસીને બરાબર બેસાડવાની લાલચમાં હું પણ ડબ્બામાં સાથે જ ચડી ગઈ. એમને ફરી આવવાનો આગ્રહ કરવામાં 'ને વળી વળીને આવજો કરવામાં ટ્રેન ચાલુ થઈ ગઈ. ભીડમાં મારાથી દરવાજા સુધી પહોંચાયું જ નહીં. હવે બીજો કોઈ છૂટકો પણ ન હોવાથી હું માસીની સાથે જ બેસી ગઈ! ટિકિટચેકરે દંડ સાથે ટિકિટ કાઢી આપી એટલે પછી માસીને ત્યાં જ ગઈ ને જમી કરીને સાંજની ટ્રેનમાં પાછી ફરી. સારું કે વળતાં કોઈ મૂકવા નહોતું આવ્યું. કોઈ વાર મહેમાન માટે લીધેલાં ચા, બિસ્કિટ કે પાણી અમારા હાથમાં જ રહી જતાં અને મહેમાન અમને મોં વકાસીને જોતાં ટ્રેન સાથે સરકતા નીકળી જતા. નાછૂટકે મહેમાને પૈસા ખર્ચીને ભંગાર ચા 'ને બાટલીનું પાણી પીવું પડતું.

લગ્ન પછી મારા સાસરે ગઈ 'ને મેં જાણ્યું કે સ્ટેશન તો ઘરની સામે જ હતું! મને તો બહુ ખુશી થયેલી. ક્યારે કોઈ મહેમાનને મૂકવા જાઉં! જોકે, મને નવાઈ એ વાતે લાગતી કે સ્ટેશન ઉપર જ્યારે માઇકમાં ટ્રેન આવવાની જાહેરાત થતી ત્યારે જ ઘરમાં સૌ ઊંચાનીચા થતાં અને સૌની બૂમો શરૂ થતી. જવાવાળા કરતાં તો બીજાંની ઉતાવળ જ બૂમોમાં સંભળાવા માંડતી.

'ચાલો, આગલા ટેસનેથી ગાડી નીકરી ગયેલી છે. જતા થાઓ એટલે ટાઈમે પોંચી રેહો.'

'ચાલો ભાઈ ચાલો. આ ગાડી એમ જાણે કે અ'મણે આવી રે'વાની!'

કોઈ વાર જવાવાળા એક હોય 'ને મૂકવા જવાવાળા પાંચ સાત જણ પણ હોય! ધમાલ મસ્તી 'ને વાતોમાં ટ્રેન મોડી આવતી તોય કોઈને દુઃખ થતું નહીં. મહેમાન કેવા હોય ને કેવા રહ્યા હોય તેના ઉપર મૂકવા જવાનો બધો આધાર રહેતો. મોટા ભાગે તો ટ્રેન મોડી જ હોય, એટલે પછી મહેમાનની સાથે બધા માટે ઘરેથી ચા મંગાવાતી 'ને ભૂખ લાગતી તો નાસ્તોય મંગાવાતો. કોઈ વાર સ્ટેશન જઈને યાદ આવતું કે જે કામ માટે નીકળેલા તે વસ્તુ તો ઘરે જ રહી ગઈ! તરત જ મૂકવા જનાર ટોળીમાંથી એકાદ છોકરો દોડતો જઈને બે મિનિટમાં કામ પતાવી આપતો. કોઈ વાર ટિકિટ તો કોઈ વાર પાણીની બાટલી રહી જતી 'ને કોઈ વાર કંઈ તો કોઈ વાર કંઈ. સ્ટેશન સામે ઘર શેના માટે છે? મહેમાનને રવાના કર્યા પછી ઘણી વાર સૌના મોં પડી પણ જતાં, એટલી માયા કોઈ કોઈ મહેમાન લગાવી જતા. હવે એ દિવસો ફક્ત યાદ આવે છે, પણ ફરી આવતા નથી. કોઈ મહેમાન આવે તો સ્ટેશને મૂકવા જવું છે, ટ્રેનની કેન્ટીનની કટલેટ્સ ખાવી છે, ટ્રેન વધારે મોડી થાય તો મહેમાનને પાછા ઘરે લઈ જવાનો 'ને કામ બગાડી ફરી પાછા સ્ટેશને મૂકવા જવાનો અફસોસ કરવો છે 'ને જો ટ્રેન કેન્સલ જ થાય તો ટ્રેનને ખૂબ ભાંડવી છે. ■

VENUE 82

2 & 3 bhk inspired living

THIS DIWALI

Venue 82 de raha hai aapko bada mauka

*T&C Apply

Rera Reg. No. : PR/GJ/AHMEDABAD/AHMEDABAD CITY/AUDA/MAA08370/220421
www.gujrera.gujarat.gov.in

HURRY UP Price Rising After Diwali

2BHK & 3BHK Homes
Shilaj

+91 79849 18499 | +91 98250 54838

A Project By
PARSHWA BUILDCON

Behind Kaveri Kadam, Nr. Aashray Arise,
Venue 82 Rd, Shilaj, Gujarat-380059.

દોરડું બાંધી રહ્યું હતું અને રીતસર આજુબાજુ કોઈ ભરડો લઈ રહ્યું હતું . પ્રશાંતને પરસેવો વળી ગયો.

●●●

"કોંગ્રેટ્સ ડિયર."

પત્ની રીમા તેની આતુરતાથી રાહ જોઈ રહી હતી. જેવો તે ઘરે પહોંચ્યો કે રીમા ઊછળીને તેને વળગી પડી. બ્યુરોક્રેટ પિતાની પુત્રી અને વિચક્ષણ બુદ્ધિ ધરાવતી મહત્ત્વાકાંક્ષી રીમા પ્રશાંતની જેમ જ આઇઆઇએમમાં એમબીએ થઈ હતી. બંને આઈઆઈએમમાં જ મળ્યાં હતાં. પ્રેમ થયો અને લગ્નમાં પરિણમ્યો હતો. એ પણ એક મલ્ટિનેશનલ કંપનીમાં ઉચ્ચ હોદ્દા ઉપર હતી. આધુનિક વિચારો અને રહેણીકરણીને અનુસરતી રીમા જીવનમાં પ્રેક્ટિકલ બનવાનો મત ધરાવતી હતી. અતિ લાગણીશીલતાને તેના જીવનમાં ક્યાંય સ્થાન નહોતું.

પ્રશાંતે આસ્તેથી પત્નીને અળગી કરી.

ચમકદાર આંખો અને ધવલ જુવાન ચહેરાવાળી સાડા પાંચ ફૂટની કમનીય કાયા ધરાવતી રીમા બુદ્ધિશાળી સાથે અત્યંત બ્યુટીફુલ હતી.

"યસ પ્રશાંત" તે ઉત્સાહથી બોલતી હતી, "આપણે આપણા ટાર્ગેટ એચિવ કરતાં જઈએ છીએ. થોડાં જ વર્ષોમાં આપણા બંનેનાં પેકેજ મળીને આપણને એક હાઈપ્રોફાઇલ કપલ બનાવી દેશે. જિંદગી ત્યારે ખરેખર જોવા જેવી હશે. પછી આ ફ્લેટ જ આપણે ખરીદી લઈશું."

જુહુના દરિયાથી થોડે દૂર ત્રણ બેડ હોલ કિચનનો આલીશાન ફ્લેટ રીમાની પસંદગીથી રેન્ટ ઉપર લીધેલ હતો. દોઢ લાખ ભાડાનો ફ્લેટ અત્યંત પોશ એરિયામાં હતો. તે ઉપરાંત ફ્લેટનું ઇન્ટીરિયર ફ્લેટને વધુ લક્ઝુરિયસ બનાવતું હતું. લેવિયસ લાઇફની શોખીન રીમાની ચોઇસમાં એક ક્લાસિકલ ટચ હતો.

ફરી પ્રશાંતે પોતાના ફરતે ભીંસ અનુભવી. તે ડરી ગયો. ભીંસ વધતી જતી હતી. જાણે દોરડાના વીંટા વધતા જતા હતા. તેને શ્વાસ લેવું પણ અઘરું પડતું હોય એવું લાગતું હતું.

●●●

સાંજ ઢળી ચૂકી હતી. પ્રશાંત ગેલેરીમાં આરામ ચેરમાં નિરાંતે બેઠો હતો. તેની આંખો દૂર ક્યાંક તકાયેલી હતી. સામે સ્લિવલેસ ગાઉન પહેરેલ રીમા બેઠી હતી. થોડીવારમાં નોકર કોફીના બે મગ મૂકી ગયો.

"કોફી પ્રશાંત." સામે મગ ધરી અને રીમા બોલી.

પ્રશાંતે યંત્રવત્ કોફીનો મગ હાથમાં લીધો. રીમા જોઈ રહી.

ગેલેરીમાંથી રોડ પરની કારો દેખાતી હતી.

"પ્રશાંત, જો સામે દેખાય છે ને તેવી કાર આપણે લઈશું. જેગુઆર બ્રાઉન કલર."

રીમાએ તેની પાતળી લાંબી ગૌર ડોક પર વાળને ઝાટકો મારી ફગાવતાં કહ્યું.

"બધી કારમાં મને જેગુઆર સૌથી વધુ કમ્ફર્ટેબલ લાગે છે. તેના ફિચર્સ અને સીટ બહુ કમ્ફર્ટેબલ છે. બસ, એકવાર આ કાર લઈ આપણે પાર્ટીઓમાં જઈએ પછી જો..."

"દોસ્ત, એક સરસ મજાની નોકરી, પત્ની, બંગલો, ગાડી અને એક પ્રતિષ્ઠિત જીવન. બસ, આ જ સુખની વ્યાખ્યા છે ને?'' ખભા ઉલાળી અને જુસ્સામાં બોલ્યો. ખડખડાટ હસી પડ્યો પ્રશાંત. કુશાન આશ્ચર્યથી તેને જોઈ રહ્યો

બોલતાં બોલતાં અટકી ગઈ.

"પ્રશાંત ક્યાં ખોવાઈ ગયો?" કંઈક અકળાયેલા અવાજે બોલી.

પ્રશાંતે રીમા સામે નજર ફેરવી. શું હતું પ્રશાંતની આંખોમાં?... રીમાને સમજાયું નહીં.

"રીમા દૂર દેખાતો ચોપાટીનો દરિયો જો... કુદરતની કેવી કરામત છે નહીં? પાણીનો આવો ઉન્માદ?, અફાટ જળનું ઊછળી ઊછળીને કિનારે પહોંચવું પછી વિરમી જવું અને પાછું એ જ ઊંબાડિયું, અવિરત.. એને ઉપર ચઢવાનો થાક નહીં લાગતો હોય?"

પછી એકાએક અવાજમાં ઉત્સાહ સાથે પ્રશાંતે લાગલો રીમાનો હાથ પકડ્યો.

"ચાલ રીમા આપણે ત્યાં જઈએ."

સામે, કિનારા તરફ આંગળી ચીંધીને તે બોલ્યો.

"એ ગંદકીના ગંજમાં?" મોં બગાડતાં રીમા બોલી.

"એ ગંદકીને પેલે પાર કુદરત નામના કલાકારની અસીમ કારીગરી જોઈ છે?"

"મારે જોવી પણ નથી. એને આમ ગેલેરીમાંથી જ, દૂરથી જોવાની મજા છે."

"ના, તેને સ્પર્શી અને રોમેરોમમાં ઉતારવાની જ મજા છે."

ઝટકો મારીને રીમાએ હાથ છોડાવી નાખ્યો અને ઊભી થતાં બોલી,

"પ્રશાંત, હું ક્યારેક તને સમજી શકતી નથી." તેના અવાજમાં અકળામણ હતી.

"હું પણ એ જ કહું છું રીમા કે તું મને સમજી શકતી નથી.'

એક એક શબ્દ પર ભાર મૂકી અને પ્રશાંત બોલ્યો,

રીમા માટે આ અસહ્ય હતું. તે પગ પછાડતી વાળને ઝટકો આપી બેડરૂમ તરફ ગઈ.

પ્રશાંતે આર્મ ચેરના બેક સાઇડ માથું ટેકવ્યું અને આંખો મીંચી.

ફરી એ જ લાગણી. જાણે ભાગવું છે, પણ ભગાતું નથી. કચકચાવીને બાંધેલ દોરડાના પાશમાં ભીંસાતો જતો હતો. તેણે છૂટવા માટે તરફડિયા માર્યા, પણ ધીરે ધીરે જાણે દોરડાની ભીંસ વધતી ગઈ.

એકાએક તે ઝબકી ગયો. તેણે આજુબાજુ નજર કરી. બધું બરાબર હતું. તેને હાશકારો થયો.

●●●

"પ્રશાંત, બહુ મોટો માણસ થઈ ગયો ને કઈ તું." જિગરી ફ્રેન્ડ કુશાન અને તે ગ્રીન વેલી હોટલના ખૂણાના ટેબલ પર બેઠા હતા. ચા અને બ્રેડ ટોસ્ટનો ઓર્ડર આપ્યો હતો .

"હું.." કંઈક વિચારમાં પ્રશાંત બોલ્યો.

"પ્રશાંત, શું વાત છે? ભાભી કહેતાં હતાં કે તું કંઈક ડિસ્ટર્બ રહે છે હમણા?"

બે ઘડી મૌન છવાયું. કુશન પ્રશાંત સામે જોઈ રહ્યો.

પ્રશાંતે ઊંડો શ્વાસ લીધો.

"કુશાન, એક પ્રશ્ન પૂછું?"

કુશાન પ્રશ્નાર્થ ભરી નજરે પણ બોલ્યા વિના પ્રશાંત સામે જોઈ રહ્યો.

"કુશાન સુખની વ્યાખ્યા શું?"

કુશાનને નવાઈ લાગી. આવો પ્રશ્ન અનપેક્ષિત હતો. એક ક્ષણ વિચારી ઊંડો શ્વાસ લઈ તેણે જવાબ આપ્યો,

"દોસ્ત, એક સરસ મજાની નોકરી, પત્ની, બંગલો, ગાડી અને એક પ્રતિષ્ઠિત

PINNACLE-II

हिमालया MAINLAND INFRACON

2 & 3 BHK @ CHANDKHEDA

70-461-767-70

PR/GJ/AHMEDABAD/AHMEDABAD CITY/AUDA/MAA07733/021220

જીવન. બસ, આ જ સુખની વ્યાખ્યા છે ને?" ખભા ઉલાળી અને જુસ્સામાં બોલ્યો.

ખડખડાટ હસી પડ્યો પ્રશાંત. કુશાન આશ્ચર્યથી તેને જોઈ રહ્યો.

"આ તો માનવસર્જિત સુખ, પણ દોસ્ત તે કદી કુદરત સર્જિત સુખનો અનુભવ કર્યો છે? ઈશ્વરે સર્જેલી આ ધરતી પર એણે કેટલા આશ્ચર્યનો ખજાનો ખુલ્લો મૂક્યો છે તને ખબર છે? ગુલાબની સુગંધ અને મોગરાની મહેક, ખુલ્લા મેદાનમાં એક સરખા ઊગેલા પીળા ફૂલની ચાદર કે પર્વત પરથી વહેતું ખળખળ કરતું ઝરણુ કે પછી શાંત રીતે વહેતી નદી. આ બધું તેં જોયું છે? તેં સુખને માણ્યું છે? તેને તારા મનમાં ઉતાર્યું છે? ઉપર ઊડતાં આ પક્ષીઓને આંખોમાં ભર્યા છે? આંગણે ઉછરેલ ફૂલ છોડ 'ને આપણી જોડે વાતો કરવા માગે છે તે અનુભવ્યું છે?"

એકધારો બોલી ગયો પ્રશાંત. શ્વાસ ખાવા થોભ્યો અને કુશાન તેની સામે આશ્ચર્યથી જોઈ રહ્યો. તેને પોતાનો દોસ્ત આજે કંઈક જુદો જ લાગતો હતો.

"ક્યાંક હરિયાળા પર્વતો તો કોઈ ધરતી પર બરફની ચાદર... ઈશ્વર માનવજાતને આ બધું માણવા માટે આપે છે નહીં કે સિમેન્ટની દીવાલ વચ્ચે એસીમાં બેસી અને આંકડાઓ સાથે છમકલાં કરવા... કમાવાની લ્હાયમાં આ સૌંદર્યને માણવાનો આપણી પાસે સમય જ નથી. ચાલ્યા જાય છે આપણા વર્ષોનાં વર્ષો. કુદરતે બનાવેલ આ અલૌકિક વિશ્વને ન્યાય ન આપી આપણે ઈશ્વરનો ઘોર અપરાધ નથી કરતા? દમ ઘૂંટાઈ છે મારો અહીં. મારે ખુલ્લા આકાશ નીચે જવું છે. આ કુદરતના દરેકે દરેક રંગને મારે આ જન્મમાં માણવા છે. મને આ કાળાધોળા આંકડાઓની દુનિયામાં ખોવાઈ નથી જવું. આવી ઘણખૂંટવાળી જિંદગી મારે નથી જીવવી દોસ્ત."

બોલતા બોલતા ગળું ભરાઈ આવ્યું પ્રશાંતનું.

કુશાન રીતસર મૂંઝાઈ ગયો. તેણે પ્રશાંતના હાથમાં હાથ મૂક્યો.

"દોસ્ત, કેમ આવી વાતો કરે છે? શું કમી છે તારે?"

"કમી?... કંઈ છે જ નહીં તો ખાલી હાથે કમી શેની? આ તો આપણે આપણને ખુદને ગુમાવી દેવાની સ્પર્ધામાં છીએ."

આકળા અવાજે અને તરલ થતી આંખ સાથે પ્રશાંત બોલ્યો, "ક્યારેક મને એવું લાગે છે કે કોઈએ મને દોરડાથી બાંધી દીધો છે અને જેટલી છૂટવા મથામણ કરું છું એટલી ભીંસ વધતી જાય છે."

બોલતા પ્રશાંતને ફરી પરસેવો વળી ગયો. ઘણા વર્ષો પછી કુશાને પહેલીવાર પ્રશાંતને આટલું બધું બોલતા સાંભળ્યો.

અને પ્રશાંતે ટેબલ પર માથું ઢાળી દીધું.

"ભાભી" હોટલથી બહાર નીકળીને કુશાને સીધો ફોન લગાડ્યો રીમાને "પ્રશાંત કંઈક બરાબર નથી. સાચવજો. તેનું ધ્યાન રાખજો."

●●●

એકાએક રીમાની નીંદર ઊડી. પથારીમાં હાથ ફેરવ્યો તો પ્રશાંત નહોતો. એ ચમકી. રાતના એક વાગ્યો હતો. સિલ્કનો ગાઉન સરખો કરતાં તે ઊઠી. આખા ફ્લેટમાં ફરી વળી, પણ પ્રશાંત

કમાવાની લ્હાયમાં સૌંદર્યને માણવાનો આપણી પાસે સમય જ નથી. ચાલ્યા જાય છે આપણા વર્ષોનાં વર્ષો. કુદરતે બનાવેલ આ અલૌકિક વિશ્વને ન્યાય ન આપી આપણે ઈશ્વરનો ઘોર અપરાધ નથી કરતા?

ક્યાંય દેખાયો નહીં. બહાર ઝરમર વરસાદ ચાલુ હતો. તે મૂંઝાઈ.

આટલી રાતે ક્યાં ગયો હશે પ્રશાંત? એક તો હમણા તેના મગજનું પણ ઠેકાણુ નથી.

તેણે પ્રશાંતનો મોબાઇલ લગાડ્યો. રિંગ વાગી, પરંતુ મોબાઇલ તો ઘરમાં જ પડ્યો હતો. રીમા થોડી ડરી ગઈ. હવે શું કરવું તે વિચારમાં થોડી વાર એમ જ ઊભી રહી.

ત્યાં તેના મોબાઇલમાં મેસેજ બીપ થયો. ઝડપથી તેણે મોબાઇલ હાથમાં લીધો. એણે જોયું, પડોશમાં રહેતી શિલ્પાનો મેસેજ હતો.

--પ્રશાંત ભાઈને મેં આપણા ફ્લેટના ટેરેસ ઉપર જતા જોયા. જસ્ટ ટુ ઇન્ફોર્મ યુ.

તે ઝડપથી દોડીને લિફ્ટમાં ઘૂસી અને બારમા માળે ટેરેસ પર પહોંચી. તેનું મન અમંગળ આશંકાઓથી ભરાઈ ગયું. તે ધ્રૂજી ઊઠી. અંધારામાં તેણે આંખ ખેંચીને પ્રશાંતને શોધવાની કોશિશ કરી. તેણે જોયું કે ઝરમર વરસાદ આવતો હતો અને પ્રશાંત ટેરેસની વચોવચ હાથ પહોળા કરીને ઊભો હતો.

"પ્રશાંત, આટલી મોડી રાતે અહીં શું કરે છે?" ઝુનઝલાતા અવાજે રીમા બોલી. તે રીતસર ગુસ્સાથી લાલ થઈ ગઈ હતી.

પ્રશાંત એની સામે જોઈ રહ્યો. રીમાના ગુલાબી ગાલ ગુસ્સાથી રતુંબડા થઈ ગયા હતા.

"બસ બારીમાંથી મેઘધનુષ્ય જોયું અને ઉપર આવી ગયો. જો..તો.." નીલા આકાશ તરફ આંગળી ચીંધીને પ્રશાંત બોલ્યો, 'જાણે આકાશે ચંદરવો ઓઢી લીધો હોય તેવું લાગે છે ને અને આ આછા આછા પડતા ફોરાંનું સંગીત તને સંભળાય છે?"

હવે રીમાની ધીરજ ખૂટી ગઈ.

"હદ થાય છે પ્રશાંત હવે તો... મારે સવારે વહેલું ઊઠવાનું છે. આપણે સમયસર ઓફિસે પહોંચવાનું છે. ચાલ નીચે." રીતસર બાવડું પકડી અને ઢસડતા રીમા પ્રશાંતને નીચે લઈ આવી.

બીજે દિવસે સવારે તેની પડોશી તથા ફ્રેન્ડ શિલ્પાનો ફોન આવ્યો.

"રીમા, પ્રશાંતભાઈની તબિયત તો સારી છે ને? મેં ગઈકાલે રાતે ગેલેરીમાં બંને હાથ પહોળા કરીને આકાશ તરફ જોઈ તેને એકલા એકલા બબડતા જોયા હતા. ધ્યાન રાખજે."

●●●

પ્રશાંત પોતાની ચેમ્બરમાં બેઠો હતો. પંદર દિવસ પછી આ ચેમ્બર છોડવાની હતી. ચારે બાજુ નજર ફેરવી. પછી કોમ્પ્યુટર ઓન કર્યું. સામે કાળાધોળા આંકડાઓ દેખાવા લાગ્યા. તે એક્સેલ શીટ જોવા લાગ્યો. જેટલી મોટી કંપની એટલા મોટા ટાર્ગેટ અને એટલા મોટા આંકડાઓની માયાજાળ...

તે મનોમન બબડ્યો. તેણે તેની પાછળની ગ્લાસ વિન્ડો બહાર નજર ફેંકી. રસ્તા ઉપર કીડિયારાની જેમ પસાર થતાં વાહનોની લાઇન તે જોઈ રહ્યો. તેને કોમ્પ્યુટરના કીડી જેવા આંકડાઓ અને બહાર દોડી જતાં વાહનો વચ્ચે કોઈ ફરક ન લાગ્યો. તેને લાગ્યું, વધુ સમય તે આ જોશે તો ઉલ્ટી થઈ જશે.

તેણે ચેર પર પાછળ માથું ટેકવી આંખો મીંચી દીધી. તેની સામે રોજનો પ્રશાંત દેખાવા લાગ્યો. સવારે ઊઠી રેસમાં ઊતરતા

sunbuilders.in
SUN
BUILDING · COMMUNITIES
ONGOING.
ON TIME.
MULTIPLE ONGOING PROJECTS.
VARIOUS CATEGORIES.
PREMIUM RESIDENTIAL
LUXURY HOMES
AFFORDABLE HOMES
PLOTTED DEVELOPMENT & WEEKEND HOMES
RETAIL & OFFICE SEGMENTS

ઘોડાઓની જેમ ફટાફટ પ્રાતઃ ક્રિયા પતાવી બ્રેક ફાસ્ટ કરતાં કરતાં પણ મોબાઇલ અને નહાઈને કપડાં પહેરતાં પહેરતાં પણ ખભા અને માથા વચ્ચે મોબાઇલ ભરાવી વાત કરતો પ્રશાંત. આ પ્રશાંત... એક દિવસ નહીં, પણ રોજેરોજનો આવો જ પ્રશાંત, તેની આંખો ફાટક કરતી ખૂલી ગઈ.

અકળાઈને તેણે લેપટોપમાં ગૂગલ સર્ચ કર્યું. હવે સામે દેખાતા હતા હિમાલયનાં ઊંચાં ઊંચાં સફેદ શિખરો, તો થોડીવાર પછી પંજાબના રાયડાના પીળાં ખેતરો અને નૈનીતાલનું તળાવ...

તે જાણે આ બધું પી રહ્યો હતો. તરસી નજરે એકધારો લેપટોપમાં ડૂબી ગયો હતો.

ત્યાં જ મોબાઇલમાં ઓફિસિયલ મેસેજ બ્લિન્ક થયો અને તરત તે પાછો લેપટોપના આંકડાઓમાં ડૂબી ગયો, પણ આજે તેને આ કાળાધોળા આંકડાઓથી અકળામણ થતી હતી. તેણે ટેબલ પર મુઠ્ઠી પછાડી. કામ થતું નહોતું. શરીર પર જાણે હજુ વધુ ભરડો વધતો જતો હતો. તેનો શ્વાસ ગોટવાઈ ગયો. જાણે પોતે આમાંથી છટકવા છટપટવા લાગ્યો, પણ છૂટી શકાતું નહોતું! બરાબર તે જ સમયે પ્યુન અંદર આવ્યો પણ સાહેબની હાલત જોઈ તે મૂંઝાઈને ત્યાં જ ઊભો રહી ગયો.

"ભાભી" સાંજે તેની સાથે બેસતા રમેશે રીમાને ફોન કર્યો. "પ્રશાંત કંઈક નોર્મલ નથી. જરા તેનું ધ્યાન રાખજો."

●●●

"પ્રશાંત વ્હોટ ઇઝ રોન્ગ વિથ યુ?"

ડાઇનિંગ ટેબલ ઉપર ડિનર પતી ગયા પછી લાગલો જ રીમાએ પ્રશાંતને સવાલ પૂછ્યો.

"શું?" પ્રશાંતે પ્રશ્નાર્થ નજરે તેની સામે જોયું.

"શું એટલે? હું પૂછું છું કે પ્રોબ્લેમ શું છે તને? જોબમાં કઈ થયું છે?" રીમા અવાજને સંયત કરતાં બોલી, પરંતુ હવે તે પણ થાકી હતી.

"આઈ વોન્ટ ટુ લિવ ધ જોબ" પ્રશાંતે ધડાકો કર્યો.

"આર યુ મેડ?" ચિલ્લાતા અવાજે તે બોલી. હવે તેની પણ કમાન છટકી હતી.

"લુક પ્રશાંત, પ્રશાંત તું આવું ન વિચારી શકે. તારી જોડે હું પણ જોડાયેલી છું. આપણા બંનેનું પ્લાનિંગ હતું કે ખૂબ મહેનત કરી પોતપોતાની કરિયરમાં ઉચ્ચ હોદ્દા ઉપર પહોંચી અને મોટા પેકેજ સુધી પહોંચીશું અને ભવિષ્યમાં બનાવેલા લાઇફ મેપ પ્રમાણે આપણે પાંચ કરોડ રૂપિયાની બચત કરીશું પછી બાળકનું વિચારીશું એક પરફેક્ટ પ્લાન..."

"આપણો નહોતો, તારો હતો." બરફ જેવા ઠંડા અને સપાટ અવાજે પ્રશાંતે સ્પષ્ટતા કરી.

"હા હા, મારો હતો તો પણ તેમાં ખોટું શું હતું?" હવે રીમાનો સ્વર ઊંચો થઈ ગયો. "જીવનને એક ઊંચાઈએ લઈ જવું તે દરેકનું સપનું હોય છે અને આપણે હાઈલી એજ્યુકેટેડ કપલ છીએ. વી ડિઝર્વ ઈટ."

ધ્રુજતી હતી રીમા બોલતાં બોલતાં.

"પ્લીઝ લિવ મી અલોન.' વધુ દલીલમાં ન ઊતરતા પ્રશાંત બેડરૂમમાં જતો રહ્યો. અસહાયતા અને ગુસ્સાથી રીમાની આંખો ભરાઈ આવી.

તારી જોડે હું પણ જોડાયેલી છું. આપણા બંનેનું પ્લાનિંગ હતું કે ખૂબ મહેનત કરી પોતપોતાની કરિયરમાં ઉચ્ચ હોદ્દા ઉપર પહોંચી અને મોટા પેકેજ સુધી પહોંચીશું અને આપણે પાંચ કરોડ રૂપિયાની બચત કરીશું પછી બાળકનું વિચારીશું

તે ત્યાં જ ફસડાઈ પડી અને લાંબા સમય સુધી માથું પકડીને બેસી રહી.

●●●

"ચાલ રીમા આ ડિસેમ્બરના આપણે સ્વિટ્ઝરલેન્ડ ફરવા જઈએ."

પ્રશાંત ગૂગલ વર્લ્ડ મેપમાં માથું નાખીને બોલતો હતો.

"ના ડિઅર, આ ડિસેમ્બર સુધીમાં તો મારે અમુક પ્રોજેક્ટર પતાવવાના છે તથા કંપનીના ટાર્ગેટશીટ તૈયાર કરી ડાયરેક્ટર્સ જોડે મિટિંગ પણ છે, સોરી નેક્સ્ટ યર."

"સોરી પ્રશાંત."

"કંપનીમાંથી મેઇલ આવ્યો. એક મહિના બાદ જર્મનીથી ડેલિગેશન આવે છે. વી હેવ લોટ્સ ઓફ પ્રિપેરેશન ટુ ડુ. સો નો હોલિડે ધિસ યર.."

આ વર્ષ, આવતું વર્ષ, આ વર્ષ, આવતું વર્ષ... વર્ષો વહી ગયાં અને તે બત્રીસનો થયો.

ત્યાં કોઈ ઓળો તેની નજીક આવતો હતો.

કોણ-- તેણે ગભરાઈને પૂછ્યું.

--તારો જન્મદિવસ.

ઓળામાંથી જાણે અવાજ ફૂટ્યો.

--નહીં નજીક નહીં દૂર રહે.

તેણે ગભરાઈને કહ્યું.

પણ તે તો નજીક ને નજીક આવતો જતો હતો. તે પાછળ ખસવા ગયો, પરંતુ પગમાં જાણે બેડીઓ લાગી ગઈ હતી.

"પ્લીઝ ડોન્ટ કમ નીઅર." તે ચિલ્લાતો હતો, પણ ઓળો તો નજીક ને નજીક આવતો જતો હતો.

"પ્લીઝ" તેણે જોરથી રાડ પાડી.

"પ્રશાંત પ્રશાંત"

રીમા તેને હડબડાવી રહી હતી. પ્રશાંત સફાળો જાગી ગયો. તે આખો ધ્રુજતો હતો. આંખો ભયભીત થઈ ચકળવકળ થતી હતી.કપાળ પરની નસો ઉપસી આવી હતી. રીમા ડરી ગઈ. તે જ સમયે તેણે ફોન લગાડ્યો, "પપ્પા, તમે લોકો જલ્દી આવી જાવ. પ્રશાંતને કંઈક બરાબર નથી."

●●●

નાના શહેરમાં રહેતા પ્રશાંતનાં માતાપિતા બીજે જ દિવસે આવી ગયાં. તેમની સાથે પ્રશાંતનો મોટો ભાઈ અશોક પણ હતો તથા રીમાના પપ્પા પણ આવી ગયા હતા.

ગુજરાતના નાના શહેરમાં તેલિયા રાજા તરીકે ઓળખાતા પ્રશાંતના પિતાની એક આબરૂદાર પેઢી હતી. પાંચમાં પુછાતું નામ અને આર્થિક સદ્ધરતા સારી હતી. મોટા દીકરા વહુ સાથે જ રહેતા હતા.

પ્રશાંત નાનો હતો ત્યારથી જ તેનું હીર પારખી ગયેલા તેના શિક્ષકે જ્યારે તેની તેજસ્વિતાની વાત કરી ત્યારે પિતાજી ખુશીથી સમાયા નહોતા અને બન્યું પણ એમ જ.

મોટા શહેરમાં ભણવા મોકલેલ પ્રશાંતે દરેક પરીક્ષામાં ટોપ કર્યું અને આઈઆઈએમમાંથી એમબીએ કર્યું ત્યારે કુટુંબમાં જાણે ઉજવણીનો માહોલ હતો.

બધા બેઠક ખંડમાં ગોઠવાયા હતા.

વાતાવરણ ભારેખમ હતું.

રીમા એક બાજુ અદબ વાળી ટટ્ટાર ઊભી હતી.

"હમમ" પ્રશાંતના પિતાજી પ્રકાશ

RCC BANK
ધિ રાજકોટ કોમર્શિયલ કો-ઓપરેટીવ બેંક લિ.

web : www.rccbank.in

નાના વેપારી,ઉદ્યોગો વ્યવસાયીકો માટે હોમ, મશીનરી, વાહન લોન

૧૦ લાખ સુધીના તમામ ધિરાણ

7.95 % વ્યાજના રાહતદરે

0 પ્રોસેસીંગ ચાર્જ

ચાર્જલેસ બેંકીંગ સેવા | **પારદર્શક વહીવટ**

ભારત સરકારની પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ મળવાપાત્ર સબસીડીનો લાભ નિયમોને આધિન હોમલોનના ગ્રાહકો મેળવી શકશે.

હેડ ઓફિસ/ મુખ્ય શાખા

'શેઠ શ્રી જયંતિલાલ કુંડલીયા સુવિધા સંકુલ'
મહાત્મા ગાંધી મ્યુઝીયમ પાછળ,
ચંદુલાલ બુચ માર્ગ,
રાજકોટ - ૩૬૦૦૦૧.
ફોન : ૦૨૮૧-૨૨૩૮૯૪૬

રૈયા રોડ શાખા
રૈયા મેઈન રોડ

વાણીયાવાડી શાખા
વાણીયાવાડી મેઈન રોડ

મવડી રોડ શાખા
મવડી રોડ, ઓવર બ્રિજ પાસે

બેડી યાર્ડ શાખા
નવા માર્કેટીંગ યાર્ડ-બેડી

મનસુખભાઈ પટેલ
ચેરમેન

ડો. બીનાબેન કુંડલીયા
મેનેજીંગ ડિરેકટર

પુરૂષોત્તમ પીપરીયા
CEO & જનરલ મેનેજર

ભાઈએ વાતની શરૂઆત કરી. “બોલ બેટા, શું મુશ્કેલી છે?”

“મુશ્કેલી કંઈ નથી, પણ મારે હવે નોકરી કરવી નથી.” તદ્દન સહજતાથી તે બોલ્યો.

“તો કંઈ નહીં તને બીજી નોકરી મળી જશે.” હજુ એક બાપને ગડ બેઠી નહોતી.

“પણ મારે કોઈ નોકરી કરવી જ નથી.” પ્રશાંતના સ્વરમાં હવે મક્કમતા ભળી.

“એટલે?” હવે પ્રકાશભાઈનો અવાજ ઊંચો થયો.

“શું ઘરે બેસવું છે? શું, તારા મનમાં ચાલે છે શું?”

“બસ, મને જીવન મારી રીતે જીવવું છે. હું આ સિમેન્ટ કોંક્રિટના જંગલમાં બંધાઈ શકું તેમ નથી. મને મૂંઝારો થાય છે. મારે આ બધામાંથી મુક્ત થવું છે. હું ભીંસાઈ રહ્યો છું.”

પ્રશાંતનો અવાજ તરલ થઈ ગયો.

“કમાઈશ નહીં તો ખાઈશું શું? ભવિષ્યમાં તારા છોકરા થશે. આખી જિંદગી પડી છે તારી સામે.” મોટાભાઈએ સમજાવટના સૂરે કહ્યું.

“મેં જિંદગીભર ચાલે એટલું ભેગું કરી લીધું છે. એટલે કે જરૂરિયાત પૂરતું ભેગું કરી લીધું છે. બાકી જિંદગી તો ફકીરની પણ જીવાય જાય છે અને પશુ પક્ષી પણ બચત વિના જીવી જાય છે અને પૈસા ખૂટશે ત્યારે ફરી નોકરી મળી રહેશે મને. રીમા પગભર છે તેને મારી આવકની જરૂર નથી. બાકી જરૂરિયાતનું કઈ માપ નથી કે કેટલું કમાવું તેની કોઈ લિમિટ નથી. લોભને કોઈ થોભ નથી.”

“તારા મગજમાં શું ચાલે છે? તને થયું છે શું? આવું કેમ વિચારે છે.”

“પપ્પા આવું તો હું વર્ષોથી વિચારું છું. તમને યાદ છે, હું નાનો હતો ત્યારે કહેતો કે મારે પર્વત ખૂંદવા છે, ખેતરમાં દોડવું છે કુદરતની એક એક અજાયબીને નજીકથી સ્પર્શીને અનુભવવી છે. એક અજીબ અનુભવ... પણ મારા માટે ત્યારે કે અત્યારે ક્યારેય શક્ય ન બન્યું. દરેક વખતે દુનિયા પાસે કંઈક અને કંઈક બહાનાં હતાં. તમે જ કહેતા કે પહેલા ભણવામાં ધ્યાન આપ પછી બધું થઈ રહેશે અને ભણવાની તથા સારા માર્ક્સ લેવાની દોડ પછી સારી નોકરી માટેની દોડ પછી સારા પ્રમોશન માટેની દોડ અને છેલ્લે પૈસા માટેની દોડ કે એ દોડનો ક્યાંય અંત જ નથી એવી આ દોડ ચાલુ જ રહી અને ચાલતી જ રહેશે... બીજાઓના સપનાં પૂરા કરવામાં મારે મારા સપના ભૂલી નથી જવા હવે. બત્રીસનો થયો હવે નહીં જીવું તો ક્યારે જીવીશ?”

તે અસ્ખલિત બોલતો હતો. બધા જોઈ રહ્યા હતા. તેની આંખોમાં ક્યાંક ફકીરી લકીર હતી.

પ્રશાંતની માની તો આ બધી સમજ બહારની વસ્તુ હતી, કારણ કે તે સ્ત્રીએ ઘરના ઉંબરાથી બહારની દુનિયા બહુ જોઈ જ નહોતી.

ગામ જઈ પહેલા જીવતી ડોશી પાસે કંઈક દોરો કરાવવો પડશે. તે વિચારતી હતી.

રીમાની આંખોનો રંગ ફરતો જતો હતો. તેણે જોરથી હોઠ ભીડી રાખ્યા હતા.

અંદરથી એક ચીસ નીકળી પણ શબ્દો કેમેય બહાર પડતા નહોતા. લકવો મારી ગયો હતો જાણે. આખા શરીરે ફરી જાણે દોરડાની ભીંસ વધુ ને વધુ મજબૂત થતી જતી હતી. તે હવે દોરડાની પાસમાં આવી ગયો હતો. શબ્દો મોંમાંથી નીકળી શકતા નહોતા

રખે આ વડીલોની સામે કંઈક બોલાઈ જાય આડું અવળું.

બે કલાકની માથાકૂટ બાદ રીમા બોલી પડી, “આને કોઈ સાઇકિયાટ્રિસ્ટને બતાવવો પડશે.”

અને પ્રશાંત વિફર્યો.

“હું તમને બધાને ગાંડો દેખાવ છું? ગાંડો છું? ખબરદાર હવે કોઈએ આ બાબતે મારી જોડે વાત કરી છે તો...”

બોલી તે અંદરના રૂમમાં જતો રહ્યો.

બંને વેવાઈઓની મસલત બાદ અંતે...

‘બેટા, થોડો સમય જવા દો, પછી કોઈને બતાવીએ.’

કહી બધાએ વિદાય લીધી.

●●●

“પ્રશાંત, તારી કંપની નવી બ્રાંચ ખોલે છે. તેનો મેનેજર તને બનાવવા માગે છે. એ વાત સાચી છે?”

“હા.” એકાક્ષરી જવાબ.

“અને તે ના પાડી?”

“હા.” ફરી એકાક્ષરી જવાબ.

“પણ શું કામ? તને ખબર છે સાઇઠ લાખનું પેકેજ કોઈ નાની વાત નથી.”

“પણ મારે નથી કરવી નોકરી. પૈસા પૈસા, પૈસા, રીમા હું તને ઓળખું છું. આ રમતનો કોઈ અંત નથી આવવાનો અને આખી જિંદગી આમાં હોમાઈ જવાની છે. પ્રમોશન અને વધુ પેકેજ એટલે મોટા ટાર્ગેટ, તેને એચિવ કરવા માટેની ઝડપી દોડ, એક વ્હાઇટ કોલર મજૂરી, કલીગ સાથેની કોમ્પિટિશન, વધુ સારું કરવા માટેના ડખા અને તેમાંથી ઉત્પન્ન થતી સુપ્રીમ બનવાની હોડ, ક્યાંય અટકવાનું નથી આ બધું. આ તો એક અવિરત દોડ છે. સમયનો એકાદ હરિયાળો ટુકડો મને જીવવા દો પ્લીઝ.”

“ડેમ ઇટ. કાન ખોલીને સાંભળી લે. તારું નાટક બહુ સહન કર્યું. ખબરદાર જો નોકરી છોડવાની વાત કરી છે તો.. અને કાલે સાઇકિયાટ્રિસ્ટની એપોઇન્ટમેન્ટ લીધી છે. ચૂપચાપ મારી જોડે આવજે.” સત્તાવાહી સ્વરે બોલી પગ પછાડતી રીમા બેડરૂમમાં જતી રહી.

નોકરી નોકરી નોકરી... પૈસા પૈસા પૈસા... નહીં કરું નોકરી, અંદરથી એક ચીસ નીકળી પણ શબ્દો કેમેય બહાર પડતા નહોતા. લકવો મારી ગયો હતો જાણે. આખા શરીરે ફરી જાણે દોરડાની ભીંસ વધુ ને વધુ મજબૂત થતી જતી હતી. તે આખેઆખો હવે દોરડાની પાસમાં આવી ગયો હતો. શબ્દો મોંમાંથી નીકળી શકતા નહોતા અને જીભ તાળવે ચોંટી ગઈ હતી. એક ભયંકર ગૂંગળામણ... માથા પર ઘણ વાગતા હોય તેમ માથું હમણા ફાટી જશે તેમ લાગતું હતું. ધીરે ધીરે માથા પર પણ સાંકળની ભીંસ વધતી જતી હતી, વધતી જતી હતી અને અંતે...

ખટાક... સાંકળ તૂટી ગઈ, કડીઓ વેરાઈ ગઈ.

હાશ... જાણે માથા સહિત આખા શરીરમાં હળવાશ આવી ગઈ. પોતાની જાત સાવ હલકી ફૂલકી લાગવા માંડી પ્રશાંતને...

હવે પ્રશાંતને કોઈ બંધન નથી. સાવ હળવો ફૂલ છે. ક્યાંય ઘડિયાળના કાંટા પર દોડવાનું નથી. સમય સાથે કોઈ નિસબત નથી. પ્રશાંત પોતાની મસ્તીમાં જીવે છે. બસ, તેના ખભે નંબર ૨૭૯ મેન્ટલ હોસ્પિટલનો એક બિલ્લો ટીંગાય છે. ■

સર્વેને દિપાવલીની
હાર્દીક શુભકામના સહ
નુતનવર્ષાભિનંદન

શ્રી જશાભાઇ ભાણાભાઇ બારડ

પૂર્વ કેબીનેટ મંત્રીશ્રી, ગુજરાત રાજય
પ્રમુખશ્રી, અખીલ ગુજરાત રાજય
કારડીયા રાજપુત સમાજ

શ્રી દિલીપસિંહ જશાભાઇ બારડ

ચેરમેનશ્રી શ્રી ખેતિવાડી ઉત્પન્ન
બજાર સમિતિ-સુત્રાપાડા
પૂર્વ પ્રમુખ સુત્રાપાડા નગરપાલિકા

સર્વેને દિપાવલીની હાર્દીક
શુભકામના સહ નુતનવર્ષાભિનંદન

કિશનભાઇ બારડ
અને
તુષારભાઇ પંડયા

કે. વી. બારડ ઇન્ફ્રાસ્ટ્રકચર - કોડીનાર

સર્વેને દિપાવલીની હાર્દીક
શુભકામના સહ નુતનવર્ષાભિનંદન

રાઘે કન્સ્ટ્રકશન કાું.

(સ્ટોન કશર) મેન્યુફેકચર એન્ડ સપ્લાયર્સ
ગ્રીટ, કપચી, મેટલ, બ્લેક સ્ટોન, રબલ

મું. ઘોળીવાવ, તા. ઉના, જી. ગીર-સોમનાથ

શ્રી મેણસીભાઇ વી. સોલંકી - મો. ૯૯૨૪૧ ૩૩૭૩૦

સર્વેને દિપાવલીની
હાર્દીક શુભકામના સહ
નુતનવર્ષાભિનંદન

રેશનિંગ એસોસીએશન

કોડીનાર

હાર્દિક દિપાવલી ની શુભકામના..

N.K.Parmar
98981 84365

P.K.Parmar
97269 05555

PRUTHVI BUILDERS
" AA Class Company "

1' Floor Marketing Yard Gate No.2,
Nr. Sejal Clinic, Kodinar.
Tel. (02795) 220108, Fax : 220108
E-mail : pruthvibuiler2008@yahoo.in

હૂંફ

દરવાજા પર લાલભડક બોર્ડ લગાડેલું જોઈ એને ઝણઝણાટી થઈ. કોરોના સંક્રમણને કારણે માણસ જેવા માણસને સાવ એકલું પાડી દેવામાં આવે એ તો નરી ક્રૂરતા જ ગણાય. શેઠ આજે એમના બંગલામાં પણ એકલવાયા થઈને સૂતા હશે. એમની સેવા-ચાકરી માટે રોકાયેલી પગારદાર નર્સોએ એને દરવાજા આગળ જ અટકાવી.

'બા, આજે હજી સુધી ફોન ના આવ્યો તમારો!'

નિશાએ થાકીને સુભદ્રાબેનને સામેથી ઉઘરાણી કરી.

'શું કહું બકા!' સુભદ્રાબેનના અવાજમાં માયૂસી હતી. 'શેઠને થોડી શરદી જેવું રહેતું હતું. ફેમિલી ડોક્ટરે રિપોર્ટ કરાવી દેવાનો આગ્રહ રાખ્યો...' એમનો સ્વર થથરવા લાગ્યો, 'પોઝિટિવ રિપોર્ટ આવ્યો છે.'

નિશાને નખશિખ અંગારા ચંપાઈ રહ્યા.

'એટલે તું ના આવે તો સારું.' સુભદ્રાબેને ઉમેર્યું: 'બે નર્સો આવીને દવા આપી જાય છે. અમને તો ડોક્ટરે એમની રૂમમાં જવાની મનાઈ જ ફરમાવી દીધી છે... તું આજે ના આવતી!'

'એવું તે ચાલતું હશે બા?' નિશા આગળ કશું બોલ્યા વગર 'પરિતોષ' બંગલે જવા ઉતાવળી થઈ રહી. મનમાં ને મનમાં સવાલ જવાબ ચાલતા રહ્યા.

કેશુભાઈ **દેસાઈ**

- જઈશ તો તનેય ચેપ લાગશે ગાંડી!

- મૂઓ લાગશે તો. જે માણસને પાંચ વરસથી સાચવતી રહી છું એને ખરા સમયે હૂંફ ના આપું તો મને માંહ્યલો માફ ના કરે.

એને શાંતિલાલ શેઠે સ્તો ચાર બંગડીવાળી ઓડી લઈ આપવાની ઓફર કરેલી. એણે સામેથી હાથ જોડીને ના પાડી હતી: મારુતિનું નવું મોડલ બરાબર છે. ખોટા દેખાડા શું કરવાના! છતાં શેઠ ઘરાર નહોતા માન્યા. સુભદ્રાબેને પણ શેઠની વાતમાં સૂર પુરાવતાં કહ્યું હતું: બકા, આવડા મોટા બંગલામાં તું નાની ગાડી લઈને આવે એ શોભે કંઈ? ઓડી જ લઈ લે.

એણે ઓડી ગેરેજમાંથી બહાર કાઢી. શેઠની સેવાની તક મળ્યા પછી ધંધો ચાલુ ના રાખે તોય ચાલે એમ હતું, પણ એમ કરે તો પેલા ઘરે આવવા ટેવાયેલા કસ્ટમર કેવું ફીલ કરે! એટલે શેઠ માટે એણે અઠવાડિયાનો એક દિવસ ફિક્સ કરી દીધો હતો અને બાકીના દિવસો દરમિયાન એ જૂના ગ્રાહકોને સાચવી લેતી હતી. સુભદ્રા શેઠાણીએ તો બંગલાના આઉટ હાઉસમાં જ રહેવા આવી જવાનીય ઓફર કરી હતી. એણે તે વખતે આભારવશ થઈ કહેલું: આવી જઉં તોય મારે તો આગળ પાછળ કોણ છે કે એની ચિંતા કરવી પડે? પણ નાહક શેઠની અને તમારી વગોવણી થાય. એના કરતાં દર રવિવારે સવારે મને એક મિસકોલ આપી દેજોને! હું એ આખો દિવસ શેઠ સાથે રહીશ.

શેઠાણીને પણ નિશાની વાત વજૂદવાળી લાગી હતી. આખરે શેઠને જરૂર પણ અઠવાડિયે એકાદ વાર સ્ટ્રેસ રિલીઝ કરવા પૂરતી જ હતી ને! શેઠાણી પિસ્તાળીસ વરસનાં સુદીર્ઘ દાંપત્ય પછી શેઠની રગ પારખી ગયાં હતાં. બેઉં પતિ-પત્ની વચ્ચે ભારે મનમેળ હતો. શેઠને જરા વધુ પડતો શોખ હતો. પોતે ઉંમર સાથે એ મુદ્દે શિથિલ થઈ ગયાં હતાં. નાછૂટકે ઘણીનું મન અને માન રાખવા હુકમનું પાલન તો કરી લેતાં, પણ શેઠને જોઈતા એવા રસના ફુવારા નહોતા છૂટતા - એમાં તો એ પણ શું કરે! ક્યારેક એમની પણ માંહ્યલી પા ક્યારેક લીલી નાઘેર જેવી હતી. શેઠ એથીસ્તો આટલા ફૂલગુલાબી રહ્યા હતા પાંસઠ વટાવ્યા પછીયે! પણ સમય સમયનું કામ કરતો રહે એને આડો હાથ થોડો દઈ શકાય એમ હતો? શરીરમાં છપ્પનિયો બેસે ત્યારે સ્ત્રી બિચારી નાછૂટકે ભક્તાણી બની જતી હોય છે.

શેઠાણી શેઠની પીડા સમજતાં હતાં, આટલી મોટી જહોજલાલી વચ્ચે પણ એમને કશુંક ખૂટતું લાગતું હતું એ પામી જતાંની સાથે જ એક મધરાતે એમણે દૂંટી ખોલીને અંતરની વાત કરી દીધી હતી. 'તમે જરા મારા મનમાં ઊગ્યું છે એ સાંભળો. હું હવે ટાઢી પડી ગયેલી તાવડી ગણાઉં. પુરુષ તો એંશી વર્ષે પણ ઘરડો નથી થતો. કોઈ વ્યવસ્થા ગોઠવી દઉં તમારા કાજે?

તા.૨૨ ઓક્ટોબર, ૨૦૨૧
૩૬મી એનીવર્સરીના શુભ અવસરે
અમારી વિકાસકુચના સાક્ષી અને સહભાગી

આપ સૌનો આભાર...

THANK YOU CUSTOMERS
THANK YOU TEAM
THANK YOU INDIA

આપનો સહયોગ... અમારી સિધ્ધિ

SINCE 1985

We Value your Time

SHREE MARUTI®

Courier • Express Cargo • International

www.shreemaruticourier.com

અઠવાડિયે એકાદ વાર રહી જાય આવીને આઉટ હાઉસમાં.'

શેઠ ઘડીક તો ચક્કર ખાઈ ગયા હતા. શેઠાણી મશ્કરી તો નથી કરતાં? - એવી શંકા પણ ગયેલી, પણ સુભદ્રાબેને એમના ઇષ્ટદેવ શ્રીનાથજીની સાક્ષીએ ચોખવટ કરી હતી: તમારા સુખથી વધારે મને શું ખપે? અને મને સુખ આપવામાંય તમે મણા જ ક્યાં રાખી છે? આખરે ખુશખુશાલ રહેવું એ જ આ ઢળતી ઉંમરનો મંત્ર હોવો જોઈએ. તમને પૂછ્યાય વગર મેં તપાસ કરી રાખી છે.

શહેરના સુખી મહાજનોને છેલ્લાં દશેક વર્ષથી ઘરના માણસની જેમ સાચવનારી નગર-સુંદરી નિશા અઠવાડિયે એકાદ બે વાર આવી જાય તો શું ખોટું? તમને ખુશખુશાલ કરી દેશે. બહુ ઈમાનદાર છોકરી છે. ક્યારેય કોઈને બદનામ નથી કર્યા આજ લગી.

પરિતોષ ગ્રૂપ ઓફ ઇન્ડસ્ટ્રીઝના માલિક શેઠ શાંતિલાલ દલીચંદને સ્વપ્નેય કલ્પના નહોતી કે શેઠાણી સુભદ્રાબેન સામે ચાલીને આવી ઓફર કરશે. ક્ષણ પૂરતા એ અવાચક જ બની રહ્યા હતા. પછી માંદલું મલકાઈને શેઠાણીની દરખાસ્ત પર અણગમતી સહી કરતા હોય એમ બોલ્યા: તમેય બાકી જબરો કીમિયો શોધી કાઢ્યો હોં! તમે એને એકાદ વાર બોલાવી જુઓ. ક્યાં એ ત્રીસ વરસની વછેરી 'ને ક્યાં હું એના બાપની ઉંમરનું ટાયડું!

'એને તો એની ફીથી મતલબ હોય.' શેઠાણીએ તાબડતોબ એનો નંબર જોડ્યો હતો.

'સુભદ્રાબેન, પરિતોષ બંગલેથી... આપણી વચ્ચે અલપઝલપ વાત થયેલીને! અઠવાડિયે એક દિવસ વાળી?'

'જી મેડમ. આવી જઈશ આ રવિવારે.' થોડા ખચકાટ સાથે હસીને એણે ઉમેર્યું હતું: 'મને આપની ઉદારતા પર માન થાય છે. પોતાના પુરુષની આવી ચિંતા ભાગ્યે જ કોઈ સ્ત્રી કરતી હશે!'

'શેઠ જરા શરમાળ માણસ છે. ઉંમર થઈ એટલે બહાર નીકળતાં સંકોચ થાય, પણ શરીર તો શરીર છે - એને એનું ભાણુ પીરસી જ દેવામાં મજા અને મારામાં હવે એ ત્રેવડ નથી બકા.' સુભદ્રાબેને ધીમે રહીને ટકોર પણ કરી: 'તારે જરા પણ અંદેશો નહીં રાખવાનો. જાણે મારી નાની બહેન છે અને મોટી બહેનના દુ:ખમાં ભાગ કરાવવા આવે છે એ રીતે આવવાનું. આપણા બંગલાના આઉટ હાઉસમાં સવારે નાહીધોઈને પહોંચી જવાનું.... સમજી મારી વાત? શેઠને માલિશ-બાલિશ અને બીજું જે કાંઈ કરવા જેવું લાગે તે કરી દેવાનું. નવરાવી - ધોવરાવી ફ્રેશ કરી ઊંઘાડી દીધા પછી જ બંગલો છોડવાનો, બલકે રાતવાસો કરે તો તો તારા જેવા ભગવાનનેય નહીં!'

'ભલે લાગતું મને ઈન્ફેક્શન.' નિશાએ બેઉ નર્સોને મીઠાશપૂર્વક સમજાવી દીધું: 'એમનું અડધું દર્દ મને પણ ભોગવવા મળે તો મારી જાતને ભાગ્યશાળી સમજીશ.' બેઉ નર્સોએ એકમેક સાથે આંખોના ઇશારે બધી વાત સમજી લીધી

-શેઠ શાંતિલાલ દલીચંદે સાડા છ દાયકાની જિંદગીમાં અબજોના સોદા કર્યા હતા, પણ શેઠાણીના આ સોદા સામે તો એ તણખલાની તોલે!

'સુભી!' શેઠે પહેલી વાર જે સંબોધન કરેલું અને જે વચ્ચેના દાયકાઓમાં વીસરાઈ ગયેલું તે એકાએક એમના ધ્રૂજતા હોઠ પર આવીને અટકી ગયું. એમનાથી આગળ કશું નહોતું બોલાયું. કહેવાનું મન તો થઈ આવેલું કે તું તો સતીઓનીય સતી નીકળી, પણ પછી ટપ... ટપ... બે આંસુ ખેરવીને શેઠાણીના ખોળામાં માથું ઢાળી લપાઈ ગયા હતા.

બસ, તે દિવસથી નિશા દર રવિવારે 'પરિતોષ' બંગલાના આઉટ હાઉસમાં નિયમિતપણે હાજરી પુરાવતી રહી છે.

આજે એને શેઠાણીએ જાતે જ આવવાની ના પાડી હતી. શેઠનો કોરોના ટેસ્ટ પોઝિટિવ આવ્યો હતો. એમણે જાતે જ બંગલાના આઉટ હાઉસમાં આઇસોલેટ થઈ જવાનું નક્કી કર્યું હતું. બે નર્સો એમની તહેનાતમાં રહેતી હતી. અબજોની સંપત્તિ ધરાવતા પરિતોષ ગ્રૂપ ઓફ ઇન્ડસ્ટ્રીઝના માલિક પાછા હાઈ બ્લડપ્રેશર અને ડાયાબિટીસ જેવા રાજરોગોથી પણ પીડાતા હતા. બંગલામાં જ આઈસીયુ, ઓક્સિજન અને વેન્ટિલેટર સહિતની તમામ સુવિધાઓ ઉપલબ્ધ કરાવીને એમના ફેમિલી ડોક્ટર આર.કે. દલાલ એમના સારવારમાં કશી કચાશ ન રહે એનું મોનિટરિંગ કરી રહ્યા હતા. 'બા, હું બંગલે આવવા નીકળી ગઈ છું.' સુભદ્રાબેન સાથેના વહાલપ ભર્યા સંબંધને લીધે એ એમને બા કહીને સંબોધતી હતી.

'પણ બકા, શું કામ ખોટી હેરાનગતિ વહોરો છો? ડોક્ટર સાહેબે ખુદ મને શેઠથી છેટે રહેવાનો હુકમ કર્યો છે. એમને દૂરથી જોઈને પાછી વળી જઉં છું. ટિફિન પણ મહારાજ પહોંચાડે છે. આ રોગ જ એવો છે - જરા નજીક ગયાં તો આપણને ચોંટી પડે.'

'મને ભલેને ચોંટી પડતો!' નિશાએ હોઠ લગી આવેલા શબ્દો ગળી જઈ કહ્યું: 'બે નર્સો જે રીતે રહેતી હશે એ રીતે હું બધો પ્રોટોકોલ પાળીને રહીશ, પણ મારા શેઠને પૂરેપૂરા સાજા નહીં કરું ત્યાં સુધી એમની સાથે જ રહીશ!' એણે એનો દ્રઢ નિર્ણય શેઠને જણાવવા વિનંતી કરતાં ઉમેર્યું: 'એમને કહેજો કે હું એમની આંખો સામે જ હરતી ફરતી રહીશ, ચોવીસે કલાક.'

સુભદ્રાબેન મૂંગાં થઈ ગયાં હતાં. પોતે ધર્મપત્ની હોવા છતાં જે સાહસ નહોતાં કરી શક્યાં તે એક ધંધાદારી સ્ત્રી કરી રહી હતી!

●●●

આઉટ હાઉસના દરવાજામાં તાળું મારેલું જોઈ નિશાએ જોર જોરથી હોર્ન વગાડવા માંડ્યું. ચોકીદાર દોડી આવ્યો. શેઠની સેવામાં દર રવિવારે આવનાર નગર-સુંદરીને જાકારો પણ કેવી રીતે અપાય! એણે હાથ જોડીને વિભ્રમતાપૂર્વક

BEYOND
THE LUXURY

Your Dream Villa

Royal ORCHARD

Serenity within a city...

A Perfect Gift For Your Family

Wishes You

Happy Diwali & Prosperous New Year

RERA - Reg. No. PAA09211/221021

www.gujrera.gujarat.gov.in.

+91 99252 37092

+91 99252 37093

royalorchard

www.royalorchard.co.in

કહ્યું : શેઠાણીબાએ દરવાજો બંધ કરાવ્યો છે!

'એમ છે? ભલે, જઈને બાને કહો કે નિશાબેન આવ્યાં છે.'

થોડી જ વારમાં દરવાજો ખૂલ્યો. ઘસમસતી નદીની જેમ એ આઉટ હાઉસના દરવાજા સુધી પહોંચી ગઈ.

દરવાજા પર લાલભડક બોર્ડ લગાડેલું જોઈ એને ઝણઝણાટી થઈ. કોરોના સંક્રમણને કારણે માણસ જેવા માણસને સાવ એકલું પાડી દેવામાં આવે એ તો નરી ક્રૂરતા જ ગણાય. શેઠ આજે એમના બંગલામાં પણ એકલવાયા થઈને સૂતા હશે. એમની સેવા-ચાકરી માટે રોકાયેલી પગારદાર નર્સોએ એને દરવાજા આગળ જ અટકાવી.

'મેડમ, પેશન્ટને કોરોના ઇન્ફેક્શન છે. પ્લીઝ અંદર ના આવશો.' કહી નર્સે અધખૂલો દરવાજો બંધ કરવા ધક્કો માર્યો.

'સિસ્ટર!' એના સ્વરમાં થોડી ઉગ્રતા ભળી. તમારા પેશન્ટને કહો કે નિશા એમને મળવા આવી છે.'

'પણ ડોક્ટર સાહેબે કોઈને પણ અંદર નહીં આવવા દેવાનો હુકમ કરેલો છે. મહેરબાની કરી અમને અમારું કામ કરવા દો, પેશન્ટ ઓક્સિજન પર છે. એમની સ્થિતિ ક્રિટિકલ છે. કદાચ વેન્ટિલેટર પર પણ મૂકવા પડે. તમને અહીં જુએ તો ડોક્ટર સાહેબ અમારી ધૂળ કાઢી નાખે.'

નિશાએ બૂમ પાડી. 'શેઠ, તમારી નર્સને સમજાવો!'

શેઠે ઓક્સિજન માસ્ક અળગો કરતાં મુડદાલ અવાજે કહ્યું : નિશાને આવવા દો સિસ્ટર. મારે એનું મોઢું જોવું છે.

નર્સ ઢીલીઢસ થઈ ગઈ. 'પછી ડોક્ટર સાહેબ બોલે તો કહેજો કે તમે કહ્યું એટલે જ અમે એમને એન્ટ્રી આપી હતી.'

'ભલે.' શેઠને હાંફ ચડી ગઈ. ઉધરસનો દોર શરૂ થઈ ગયો. નિશાએ દોડીને એમનો વાંસો કરવા માંડ્યો. નર્સ ડઘાઈને દૂર ઊભી રહી. બીજી નર્સથી રહેવાયું નહીં. 'મેડમ, તમે નાહક જોખમ વહોરી રહ્યાં છો. શેઠને સિવિયર ઇન્ફેક્શન છે અને તમે પીપીઇ કિટ પહેર્યા વગર જ...'

એ વાક્ય પૂરું કરે એ પહેલાં શેઠના નાકમાંથી લોહી વછૂટ્યું. નિશાએ એના રૂમાલ વડે જ એમનું નાક સાફ કરી દીધું.

'ભલે લાગતું મને ઇન્ફેક્શન.' નિશાએ બેઉ નર્સોને મીઠાશપૂર્વક સમજાવી દીધું: 'એમનું અડધું પડધું દર્દ મને પણ ભોગવવા મળે તો મારી જાતને ભાગ્યશાળી સમજીશ.'

બેઉ નર્સોએ એકમેક સાથે આંખોના ઇશારે બધી વાત સમજી લીધી. જરા બોલકી નર્સે પૂછી લીધું : 'સગા બાપ માટે પણ કોઈને આ જમાનામાં આવો ભાવ નથી હોતો.'

'એ મારે માટે બાપ કરતાં વધારે છે.'

'સર,
દવા અને દુઆ તો
શેઠને મળી જ રહી છે... ખૂટે
છે ફક્ત ફૂંક. હું એમને ફૂંક
આપવા માગું છું. - ભલે પરિણામ જે
આવે તે.' એણે ભૂલ સુધારતાં ઉમેર્યું:
'પરિણામ સારું જ આવશે.' થોડી જ
વારમાં એમ્બ્યુલન્સ આવી
ગઈ

કહી નિશા શેઠના શરીર પર હાથ ફેરવતી રહી. 'એમના માટે જીવ આપવો પડે તોય શું? પૂછો એમને. નિશાનો હાથ ફરતાં કોરોનાની કાળી બળતરા પણ ટાઢી પડે કે નહીં?'

વગર પૂછ્યે શેઠે માથું હકારમાં હલાવ્યું.

એકાદ કલાક પછી વિઝિટે આવેલા ડો. દલાલને સિનિયર સિસ્ટરે સાઇડમાં બોલાવી બધી વિગત જણાવી ત્યારે એ ધૂંઆપૂંઆ થઈ ગયા. જોતાંવેંત નિશાને ઓળખી ગયા : આ તો નગર-સુંદરી.

'તમને શોખ જાગ્યો લાગે છે કોરોનાનો ચેપ લગાડવાનો!' જરા દબાતી જિબાને એમણે કહેવાજોગું કહી જ દીધું : 'મેડમ, આવી ભૂલ તો ભારે પડી જાય હોં! તમારા ભલા માટે કહું છું.'

એમણે સિસ્ટરને નિશાના નાક અને ગળામાંથી સ્વોબ લેવાનું સૂચન કરી એમના વીઆઇપી પેશન્ટ તરફ જોયું. ઓક્સિજન ભારે પ્રેશર સાથે આપવો પડતો હતો. ટેમ્પરેચર પણ હતું. 'બેટર, હિ શુડ બી હોસ્પિટલાઇઝ્ડ...' એમણે શેઠાણીને ફોન જોડ્યો: 'શેઠને કદાચ વેન્ટિલેટર પર મૂકવા પડશે. અહીં કોઈ ઇમરજન્સી ઊભી થાય તો મને પહોંચતાં વખત લાગે. હોસ્પિટલમાં એમને તાબડતોબ સેવા મળી રહે.'

શેઠાણીએ કહ્યું: 'જરા થોભો, હું આઉટ હાઉસ તરફ આવું છું.' એમણે સંકોચ સાથે પૂછ્યું: 'ડોક્ટર સાહેબ, સાથે કોઈ રહી શકે ખરું? એમને એકલા મોકલતાં જીવ કોચવાય છે. સાથે ઘરનું માણસ રાખવાની છૂટ આપશો તો શેઠને સારું લાગશે.'

નિશાએ એમના શબ્દો પકડી લીધા. જેવાં શેઠાણી આઉટ હાઉસના દરવાજામાં ડોકાયાં કે એ બોલી ઊઠી: 'બા, શેઠની સાથે હું જ રહીશ.' એના સ્વરમાં ઉત્સાહ હતો: 'એમને ઊની આંચ નહીં આવવા દઉં...'

ડો. દલાલ તો ડઘાઈ જ ગયા. શહેરની બહુચર્ચિત સુંદરી હાથે કરીને જીવનું જોખમ કેમ લેતી હશે એ પ્રશ્ન એમના દિમાગમાં ઘૂમરાતો રહ્યો. ઋણાનુબંધ; બીજું તો ક્યું સગપણ હતું?

'સર, દવા અને દુઆ તો શેઠને મળી જ રહી છે... ખૂટે છે ફક્ત ફૂંક. હું એમને ફૂંક આપવા માગું છું. - ભલે પરિણામ જે આવે તે.' એણે ભૂલ સુધારતાં ઉમેર્યું: 'પરિણામ સારું જ આવશે.' થોડી જ વારમાં એમ્બ્યુલન્સ આવી ગઈ.

શેઠને સ્ટ્રેચરમાં ઊંચકી અંદર સુવાડ્યા. નિશા ચુપચાપ એમની પાછળ 'ને પાછળ એમ્બ્યુલન્સમાં ગોઠવાઈ ગઈ અને એમના પગ ખોળામાં લઈ પાવલાં તળાસવા લાગી.

એ પછી એકાદ અઠવાડિયા બાદ અખબારોમાં બોક્સ આઇટમ છપાઈ. શેઠ અને નિશાના ફોટા સાથે કેપ્શન હતું : 'ફૂંકાળો સાથ, પરલોક પર્યન્ત...' કોરોના પણ એમને જુદાં ન પાડી શક્યું. ■

ડુ નોટ ડિસ્ટર્બ

‘શશશ...ડુ નોટ ડિસ્ટર્બ ધેમ.. તેઓને નારાજ ન કરશો. તેઓ ગુસ્સે થઈ જશે. આજથી ચાર વર્ષ પહેલાં આ જ રૂમમાં ત્રણ મિત્રો એક ધંધાદારી સ્ત્રીને લઈને આવેલા. તેઓ સ્મોકિંગના ખૂબ શોખીન હતા. દારૂ અને સિગારેટની મહેફિલ બરાબર જામી હતી, પણ અચાનક જ પેલી સ્ત્રી માટે એ ત્રણેયમાં તકરાર થઈ. તકરારે ઝઘડાનું સ્વરૂપ લીધું.

પ્રિયંકા **જોષી**

‘એક મહિના પહેલાં બુકિંગ કરાવ્યું છે. ટુ હેલ વિથ યોર બ્લડી રજિસ્ટ્રેશન.’

‘પ્લીઝ, કામ ડાઉન સર. થોડા ટેક્નિકલ ઇસ્યુઝના કારણે ઓવરબુકિંગ થઈ ગયું છે સર.’

‘ભાડમાં ગયું તારું સોરી. છેલ્લા બે કલાકથી હું અહીં લાઉન્જમાં બેઠો છું. તારા સોરીનું અથાણું નાખું!’

‘વી આર એક્સટ્રિમલી સોરી સર. મને થોડો સમય આપો, હું આપને ઉત્તમ વ્યવસ્થા કરી આપું છું.’

‘તને અને તારી આ હોટેલને તો હું ઓનલાઇન રેટિંગ્સમાં જોઈ લઈશ.’

કલાકોની મુસાફરી કરીને આવેલો વિવાન મેનેજર પર બરાબર બગડ્યો હતો. વિવાનને ગુસ્સે થતા જોઈ બીજા મુલાકાતીઓની નજર પણ રિસેપ્શન ડેસ્ક તરફ મંડાઈ. મેનેજર માટે હવે લોકોની વીંધી નાખતી નજર વેઠવી અઘરી થઈ પડી. એ લાચારીથી વિવાન તરફ જોઈ રહ્યો.

‘જોઈ શું રહ્યો છે. જલ્દી કોઈ વ્યવસ્થા કર.’

થોડીવાર પછી કંઈ વિચારીને એ બોલ્યો.

‘ચિંતા ન કરો સર, આપનું પેકેજ હું હાલ જ અપડેટ કરી આપું છું. આપનું બુકિંગ ડિલક્સ રૂમમાં છે. અત્યારે અમારી પાસે માત્ર ને માત્ર એક સ્યૂટ જ ખાલી છે, જો આપને અનુકૂળ હોય તો હું આપની વ્યવસ્થા તેમાં કરી આપું.’

મેનેજરની ઓફર સાંભળી વિવાનનો ગુસ્સો થોડો હળવો થયો અને તેણે સહમતીમાં માથું હલાવ્યું.

મેનેજરે ડ્રોઅર ખોલીને બેમાંથી એક ચાવી આપી.

“રામસિંહ, સા’બ કા સામાન સ્યૂટ નં.૪૦૪ મેં લે જાઓ.”

“સ..સ..સા ’બ, ૪૦૪ મેં.”

‘હાં, ઈનકો ઔર ઇનકે સામાન કો વહાં પહોંચા દો.’ મેનેજરની નજરનો આદેશ ઝીલીને રામસિંહે પગ ઉપાડ્યા. હોટેલના સૌથી ઉપરના ચોથા માળે જવાનું હતું. પ્રાકૃતિક સ્થળે આવેલી આ રમણીય જગ્યાને નિરખવા માટે વિવાને લિફ્ટના બદલે સીડીથી જ જવાનું પસંદ કર્યું. લાકડાની ઇમારત આ વરસાદી ઠંડા પ્રદેશમાં હૂંફાળું ઇજન આપતી ઊભી હતી. આસપાસની ગાઢ વનરાઈ પર રાતનો પાલવ ધીરે ધીરે ઢળી રહ્યો હતો. વિવાન હવે શાંત થઈ વાતાવરણને માણી રહ્યો હતો. હોટેલ ખૂબ જ સુંદર અને સુઘડ હતી. લોબીમાં થોડા થોડા અંતરે ‘નો સ્મોકિંગ’ના બોર્ડ લાગેલા હતા.

ચોથા માળે સીડીઓ લોબીની બરાબર મધ્યમાં પુરી થતી હતી. બંને છેડે બે સ્યૂટ આવેલા હતા. જમણી તરફ નં.૪૦૩ અને ડાબી તરફ ૪૦૪. સામેની દીવાલ પરના ‘નો સ્મોકિંગ’ના બોર્ડમાં સિગારેટનું નાનું ચિત્ર બનેલું હતું. અનાયાસે જ વિવાનની જીભ હોઠ પર ફરી.

“સા’બ, આપ સિગારેટ પીતે હો?”, ડાબી બાજુ રૂમ તરફ જતાં રામસિંહે અત્યાર સુધી પાળેલું મૌન તોડ્યું.

‘ના’, વિવાને દ્રઢતાથી કહ્યું.

‘અચ્છા હૈ.. અચ્છા હૈ..’, ડોરનોબ પર ઝૂલતું ‘ડુ નોટ ડિસ્ટર્બ’નું કાર્ડ રામસિંહે દૂર કર્યું.

વિવાન બેગ ખોલીને ટિપ આપે એ પહેલાં તો રામસિંહ સામાન રૂમની અંદર મૂક્યા વિના જ રફુચક્કર થઈ ગયો.

‘અરે, આ સામાન તો...’, આખરે વિવાને જાતે ચાવીથી રૂમ ખોલ્યો.

દરવાજો ખૂલતાની સાથે જ સિગારેટની તીવ્ર ગંધ રૂમની કેદમાંથી બહાર ધસી આવી.

વોટ ઇસ ધીસ.. બહાર બોર્ડ અને અંદર આ! ઇન્ડિયા ઇસ ધ કન્ટ્રી ઓફ હિપોક્રેટ્સ. પોતાના વિચારોમાં પોતાના જ દેશને કોસી રહેલા વિવાને હાઉસકીપિંગમાં ફોન જોડ્યો, પણ લાગ્યો નહીં. રિસેપ્શન પર વાત કરી. ખાસ્સા સમય પછી એક માણસ આવ્યો જેણે રૂમમાં એરફ્રેશનરનો છંટકાવ કર્યો.

‘તુમ કૌન હો? રામુકાકા આઈ મીન રામસિંહ નહિ આયા?’, વિવાને ટીખળ કરી.

‘વો તો કબ કા ચલા ગયા, સર. મેં મનોજ, પિછલે મહિને હી નોકરી પે લગા, સર.’

વિવાને તેને ટિપ આપીને વિદાય કર્યો.

રૂમમાં ફરવાના વિચાર સાથે એ વળ્યો અને તેનું ધ્યાન રૂમ નંબર પર ગયું. નં.૪૦૩! સીડીની જમણી તરફના રૂમ નં.૪૦૩માંથી કેવી રીતે નીકળ્યો. પોતાના રૂમ તરફ જવા માટે વિવાન આગળ વધ્યો. દરવાજા પર ‘ડુ નોટ ડિસ્ટર્બ’નું કાર્ડ ઝૂલી રહ્યું હતું

શાવરના ગરમ પાણીમાં દિવસભરનો થાક ઓગળીને વહી ગયો એ પછી વિવાન રૂમમાં આવ્યો.

કિંગ સાઇઝ બેડ પર શરીર લંબાવતાં જ તેને શૈલી યાદ આવી. મોબાઇલમાં તેના કેટલાક ઓફ્લાઇન મેસેજીસ પડેલા જોયા. તેણે તુરંત કોલ લગાડ્યો, પણ શૈલીએ ઉપાડ્યો નહીં. સમય જોયો તો સાંજના છ વાગતા હતા.

‘હેય વાઈફી, આખરે મને રૂમ મળી ગઈ છે. એક સડુ મેનેજરે આ આલીશાન રૂમ અરેન્જ કરી આપી છે, પણ તું અહીં નથી, શું થાય! તને ખબર છે, કોઈ ભૂતિયા ફિલ્મના રામુકાકા જેવો એક માણસ પણ છે અહીં. ધીસ પીપલ આર સો ફન્ની. તવાંગથી શિલોંગ બાય રોડ ઇસ રિયલી ઓસમ અને થકાવનારું પણ. અત્યારે સાંજના છ વાગ્યા છે અને અહીં બિલકુલ અંધારું થઈ ચૂક્યું છે. ત્યાં કોઈ પકાઉ મિટિંગમાં બિઝી હશે અને આ રોમેન્ટિક ઇવનિંગ, ટોટલ વેસ્ટ. એનીવે, ફ્રી થાય એટલે કોલ કરજે. મિસિંગ યુ, લવ.’, વિવાને ઓફ્લાઇન વીડિયો મેસેજ મૂક્યો અને થોડી જ વારમાં તે વિના પ્રયત્ને ઊંઘી ગયો.

●●●

વિવાન આ ક્યાં જઈ રહ્યો છે? હાથમાં એક નાનકડી ટોર્ચ લઈને લોબીમાં આમ આંટા મારવા કંઈક વિચિત્ર નથી લાગતું! દૂર આવેલી વસ્તીમાં ટમટમતી પીળી બત્તીઓ રાની પશુઓની પીળી આંખોની જેમ તબકતી દેખાય છે. રૂમમાં પાછા ફરવાના વિચાર સાથે એ વળ્યો અને સહસા તેનું ધ્યાન રૂમ નંબર પર ગયું. નં.૪૦૩! સીડીની જમણી તરફના રૂમ નં.૪૦૩માંથી કેવી રીતે નીકળ્યો. પોતાના રૂમ તરફ જવા માટે વિવાન આગળ વધ્યો. દરવાજા પર ‘ડુ નોટ ડિસ્ટર્બ’નું કાર્ડ ઝૂલી રહ્યું હતું. આ કાર્ડ તેણે તો લટકાવ્યું ન હતું. તેણે દરવાજો ખોલ્યો, પણ આ શું! દરવાજામાં પેસતાં જ તે રૂમની અંદર જવાને બદલે ફરીથી લોબીની સામેના છેડે નં.૪૦૩ પાસે પહોંચી ગયો. આ વિચિત્ર સ્થિતિમાં મુકાયેલો વિવાન ભયથી બેબાકળો બનીને પોતાના રૂમ તરફ દોડ્યો. વધુ એક પ્રયાસ... ફરી એક નિષ્ફળતા... વારંવારના નિષ્ફળ પ્રયાસ... અને અચાનક જ એક પરિચિત સંગીત કાને પડ્યું.

વિવાનની આંખ ખૂલી અને જાણે તે સ્વપ્નમાંથી વાસ્તવમાં ફંગોળાયો. તેનો મોબાઇલ વાગી રહ્યો હતો. શૈલી તેની સાથે વાત કરવા માંગતી હતી.

‘હેલો’, વિવાનના અવાજમાં ભયના થડકારા સંભળાતા હતા.

‘હેય ડિઅર, કેમ છે તું અને કેવી ચાલે છે તારી એડવેન્ચર ટ્રિપ? તું સોલો ટ્રિપ કરે એટલે મને ભૂલી જવાની!’ શૈલીએ મીઠી ફરિયાદ કરી.

‘ઇટ્સ ક્વાઇટ ગુડ, મજા આવે છે.’ વિવાને પોતાના શ્વાસ અને પરિસ્થિતિ બંને પર કાબૂ મેળવવાનો પ્રયત્ન કર્યો.

‘સ્યોર! કારણ કે તારો અવાજ જાણે.. જાણે..’ વિવાનના શ્વાસમાં પેસી ગયેલો ફફડાટ શૈલીથી છૂપો ન રહ્યો.

ભાવસાર આયુર્વેદિક

Happy Diwali

બજરંગલેપ | **જય બજરંગ માલિશ તેલ** | **ખાખરાના મુળનો અર્ક (નેત્રબિંદુ)** | **બાલ સોગઠી**

ભાવસાર ફાર્માસ્યુટીકલ વર્કસ - વ્યારા, ગુજરાત **Customer Care: 02626 223705**

PROMSERVE BP/31121

'જાણે શું ડિઅરર' શ્વાસ રોકીને વિવાને પૂછ્યું.

'હું તને ક્યારની કોલ કરતી હતી, પણ તે ઉપાડ્યો નહીં. મને લાગ્યું કે તું કદાચ રૂમમાં નથી. તે લોબીમાં હતો?'

'વ્હોટ!' પોતે જે અનુભવ્યું એ જ વાત શૈલીના મુખેથી સાંભળી આશ્ચર્યથી વિવાનનું મોં પહોળું થઈ ગયું.

'વિવાન, તું સ્મોકિંગ નહોતો કરી રહ્યો ને? યુ પ્રોમિસ્ડ મી, રાઇટ?' શૈલીએ ચિંતા વ્યક્ત કરી.

'ઓફ કોર્સ ડાર્લિંગ, પણ મને અહીં બહુ વિચિત્ર ફીલ થાય છે.' વિવાનથી આખરે બોલાઈ ગયું.

'વિચિત્ર? શું વિચિત્ર?' શૈલી સમજી ન શકી.

'કંઈ નહીં પાછો આવું પછી કહીશ.' વિવાને શૈલીને પોતાની ચિંતાથી દૂર રાખવા વાત અધવચ્ચે જ સંકેલી લીધી.

'વિવાન, આર યુ ઓકે ન?' વિવાન જ્યાં હોય ત્યાં કુશળ હોય એવી ભાવનાથી પ્રેરાઈને શૈલીએ ફરી પૂછ્યું.

'એબ્સોલ્યુટલી, ડોન્ટ વરી. સેન્ડિંગ યુ પિક્સ ઓફ તવાન્ગ. તને ખૂબ ગમશે. કાલથી શિલોંગ ઇસ ઓન.'

વિવાને વાત પર પડદો પાડીને શૈલીને ચિંતામુક્ત કરી.

'કૂલ, બડી. મિસ યુ સો મચ.', શૈલીએ પણ આગળ પૂછવાનું ટાળ્યું.

'મિસ યુ ટૂ. ગુડનાઇટ, સ્વીટી', વિવાને અવાજમાં શક્ય તેટલી મીઠાશ લાવી શૈલીને વહાલથી ઊંઘાડી. કોલ કટ કરીને તેણે ઊંઘવાનો પ્રયત્ન કર્યો, પણ રૂમ નં.૪૦૪એ તેને ઊંઘવા ન દીધો.

●●●

બ્રહ્મપુત્રા અને સુરમા નદીઓની ગોદમાં આવેલું એક સુંદર શહેર એટલે શિલોંગ. ચોતરફ વૃક્ષોથી આચ્છાદિત પહાડો અને દૂર દૂર સુધી વિસ્તરેલાં વર્ષાવનો. સમસ્ત ભારતમાં જેની કાગના ડોળે રાહ જોવાય છે એ મેઘનું ઘર છે આ. હાલના સમયમાં મેઘાલયના પાટનગર તરીકે સ્થિત શિલોંગ એક સમયે સમગ્ર પૂર્વીય રાજ્યોની રાજધાનીનો દબદબો ધરાવતું હતું. કુદરતની નીડમાં સુરક્ષિત આ વિસ્તારનું ન તો હજુ વ્યાપારીકરણ થયું છે અને ન તો એ ધાર્મિક દંભથી અભડાયું છે. ભારતમાં આવાં સ્થળો જૂજ છે.

'યુ નો વોટ શૈલી, અહીં માતૃસંસ્થાને અનુસરતો સમાજ છે. ન સમજી ને? આઈ'લ એક્સપ્લેઇન, અહીં બધે જ સ્ત્રીઓનું વર્ચસ્વ છે. સ્ત્રીઓ કોઈ પણ કામ કરી શકે છે, વિના રોકટોક ક્યાંય પણ જઈ શકે છે. કોઈ પણ ક્ષેત્રે સ્ત્રીઓને બાકાત નથી રાખવામાં આવતી, ઈનફેક્ટ તેમનાથી જ બધું ચાલે છે. અહીં પુરુષો પોતાના નામે પ્રોપર્ટીઝ નથી રાખી શકતા. બાળકોનાં નામ પાછળ પણ તેની મમ્મીનું નામ લખાય છે. ઇઝન્ટ ઈટ સો ક્યૂટ!

વિવાનની નજર ફરતી ફરતી છેવાડે આવેલી બિલ્ડિંગ પર જઈ અટકી. એ બિલ્ડિંગમાં તેનો સ્યૂટ હતો. પોતાના રૂમની કાચની બંધ બારીમાં વિવાને બે પડછાયાને આકાર લેતા જોયા. એનો પિત્તો ગયો. 'યુ સ્કાઉન્ડરલ, આજે છોડીશ નહીં'

'ઘરની દીકરી જ વારસદાર ગણાય છે જે પોતાનાં માતાપિતાને સંભાળે છે. લગ્ન બાદ પુરુષ સ્ત્રીના ઘરે રહેવા જાય છે. કેન યુ બિલિવ ધિસ, હું તારા ઘરે હંમેશ માટે આવી જઉં, તું ઓફિસે જાય અને હું આખો દિવસ ઘરમાં બેસીને તારી રાહ જોઉં. મને રોજે તારા મમ્મીના હાથના પરાઠા ખાવા મળે. હા યાર, પરાઠા નહીં, થેપલા. મને ખબર છે કે તું મને ટોકીશ જ. સાચું કહું તો હું મિસ કરું છું તારા ટોકવાને પણ.

'અત્યારે હું ડાવકી નદીને કિનારે બેઠો છું. અહીંથી ઇન્ડિયાની સરહદ પુરી થઈને બાંગ્લાદેશની સરહદ શરૂ થાય છે. હું જે સીમારેખા પર બેઠો છું ત્યાંથી સામે પાર જવામાં કોઈ અંતરાય નજરે પડતો નથી છતાં એક કાચની દીવાલ છે જે ભેદી નથી શકાતી; રોકી રાખે છે; કેમેય બહાર નીકળી શકાતું નથી. અહીં નેટવર્ક વીક હોવાથી તને કોન્ટેક્ટ થઈ શકતો નથી. ક્યારેક તું બિઝી હોય છે. ખેર, સૂરજ ડૂબવાની તૈયારીમાં છે. અહીં દિવસ વહેલો આથમી જાય છે અને પછી શરૂ થાય છે અંધારી સફર... દરવાજા પછી દરવાજો..ફરી પાછો દરવાજો.. દરવાજો, જે ખૂલે છે બીજા દરવાજે... પણ અંદર જઈ શકાતું નથી...

'મિસિંગ યુ હેલ્પલેસ્લી, બાય હની, ટેક કેર.'

વિવાન ઓફ્લાઇન વીડિયો મેસેજ મૂકીને અસ્તાચળે ઝૂકી રહેલા સૂર્ય સામે જોઈ રહ્યો. ડ્રાઇવરના અવાજથી તેની તંદ્રા તૂટી.

'સા'બ જલ્દી ચલીયે. અભી બહોત દૂર જાના હૈ. દેર હો જાયેગી.'

'ડ્રાઇવર તુમ કોનસા સિમકાર્ડ રખતે હો?'

"ક્યા સા'બ?"

'કુછ નહીં, ચલો આ રહા હું.'

●●●

ડિનર પતાવીને વિવાન હોટેલના બિલ્ડિંગની બહાર ટહેલી રહ્યો હતો. ગાર્ડનમાં ગોઠવાયેલી ખુરશીઓમાં વિવાને બેઠક લીધી. હોટેલનું ઇન્ટીરિયર-એક્સટીરિયર ખૂબ જ ઉમદા હતું. હોટેલના કુલ ત્રણ બિલ્ડિંગ હતાં અને દરેકમાં ચાર માળ હતા. દરેક બિલ્ડિંગના ટોપ ફ્લોર પર સામસામા છેડે બે સ્યૂટ હતા. વિવાનની નજર ફરતી ફરતી છેવાડે આવેલી બિલ્ડિંગ પર જઈ અટકી. એ બિલ્ડિંગમાં તેનો સ્યૂટ હતો. પોતાના રૂમની કાચની બંધ બારીમાં વિવાને બે પડછાયાને આકાર લેતા જોયા. એનો પિત્તો ગયો.

"યુ સ્કાઉન્ડરલ, આજે છોડીશ નહીં. આઇ'લ કિલ યુ.", ગુસ્સામાં ભભૂકતો વિવાન રીતસર એ તરફ દોડ્યો.

ચોથા માળની લોબીમાં વિવાન ડાબી બાજુ પોતાના રૂમ તરફ આગળ વધ્યો. રૂમની બહાર લટકતું 'નો સ્મોકિંગ'નું બોર્ડ ગાયબ હતું. રૂમની અંદરથી વાતો કરવાના અવાજ આવતા હતા. એકથી વધારે પુરુષો અને એક સ્ત્રીનો અવાજ વિવાનના કાને પડતો હતો. દરવાજાની બહાર એ જ 'ડુ નોટ ડિસ્ટર્બ'નું કાર્ડ ઝૂલી રહ્યું હતું. વિવાને

An ISO 9001: 2015 Certified Company

નવદીપ

આટા માસ્ટર

એક નારી માટે, બીજી નારી તરફથી

ખુશીઓના દીપ લાવે
સ્વાસ્થ્ય અને સમૃધ્ધિ
નવદીપ પાઠવે શુભદિપાવલી.

- 100% કોપર વાઈન્ડીંગ પાવર સેવર મોટર
- અધિકૃત ISO 9001:2015 કંપની
- સ્ટેનલેસ સ્ટીલ જાળીનો સેટ
- હેવી ડ્યૂટી કોર્ડ વાયર
- હેવી ડ્યૂટી સેફ્ટી ડોર લોક
- હેવી ડ્યૂટી ડાઈ કાસ્ટ ચેમ્બર સેટ
- બાજરી/જુવાર દળવાની વિશેષ સુવિધા
- તમામ ગુણવત્તા પરીક્ષણ પ્રમાણિત
- ઉંદરો થી સુરક્ષિત રાખવાની ધાતુની જાળી

વર્ષોથી એકધારી ગુણવત્તાને કારણે નવદીપ ઘરઘંટી બની છે હજારો પરિવારોનો વિશ્વાસ.

Customer Care No- 8905799279 - www.navdeepattamaster.com

દરવાજો ખોલ્યો. એ સાથે તે રૂમ નં.૪૦૩ પાસે પહોંચી ગયો. આજે વિવાન માનસિક રીતે તૈયાર હતો. આઘાત પામ્યા વિના તે પોતાના રૂમ તરફ આગળ વધ્યો. સૌપ્રથમ તેણે 'ડુ નોટ ડિસ્ટર્બ'નું કાર્ડ ફાડી નાખ્યું. કાર્ડ ફાડવાની સાથે જ રૂમની અંદરથી આવતો અવાજ હોલવાઈ ગયો. બિલકુલ ડર્યા વિના હિંમત દાખવી વિવાને તુરંત રૂમનો દરવાજો ખોલી નાખ્યો. સિગારેટની એ જ તીવ્ર ગંધ તેને વીંટળાઈ વળી. અંદર બેઠેલા લોકોને રંગે હાથ પકડવાના ઇરાદાથી વિવાન રૂમના ખૂણેખૂણાને ઝીણવટથી તપાસવા લાગ્યો. ટેબલ પર એક એશટ્રેમાં તાજી સળગાવેલી ચાર સિગારેટ પડી હતી. એક સિગારેટ પર લિપસ્ટિકનાં નિશાન હતાં. વિવાન એને હાથમાં લેવા જાય ત્યાં જ રૂમનો દરવાજો બંધ થઈ ગયો. દરવાજો ખોલવાના અસંખ્ય પ્રયત્નો કર્યા પણ નિરર્થક...દરવાજો ખૂલ્યો જ નહીં.

રૂમમાં સન્નાટાની ભીંસ વધતી ચાલી. વાતાવરણમાં એક બોઝિલ નીરવતા અનુભવાતી હતી. કાળા રંગથી પણ કાળો ઓછાયો સમગ્ર વાતાવરણને ઢાંકી રહ્યો હતો. પ્રકાશનું છેલ્લું કિરણ પણ જાણે વિદાય લઈ ચૂક્યું હોય એવી આ શૂન્યતા વિવાનને ભરડો લઈ રહી હતી. કોઈ અદ્રશ્ય તત્ત્વ અંધકારનો પડદો પહેરી જાણે વિવાનના શ્વાસ રૂંધી રહ્યું હતું. ચોતરફ અંધકારમાં ડૂબેલા વિવાને નિ:સહાય બની ખૂબ ફાંફાં માર્યાં. ટેલિફોન હાથમાં આવતાં રિસેપ્શન પર ફોન જોડ્યો. લાઇન હાઉસકિપિંગમાં ડાઇવર્ટ થઈ.

'હલો, હું ૪૦૪માંથી બોલું છું. મ..મ.. મારા રૂમનો ડોર લોક થઈ ગયો છે.' વિવાને હાંફતા અને આજીજીભર્યા સ્વરે કહ્યું.

'ચિંતા ન કરો સર. હું આપની મદદ કરું છું. મને આપની બુકિંગ ડિટેલ્સ આપશો પ્લીઝ?' સાવ ઠંડા અને યાંત્રિક અવાજે પડઘો પડ્યો.

'વોટ ધ હેલ. હું અહીં ફસાઈ ગયો છું, ડેમ ઈટ. મારે કોઈ પણ કિંમતે અહીંથી નીકળવું છે.' વિવાન ભયમિશ્રિત ગુસ્સાથી થથરી રહ્યો હતો.

'ચિંતા ન કરો સર. હું આપની મદદ માટે જ અહીં છું.', ટાઢીબોળ સ્વસ્થતાએ ફરી પડઘો પાડ્યો.

'જલ્દી, પ્લીઝ જલ્દી..' પોતાને આટલો લાચાર બનતો જોઈ વિવાનની હિમ્મત હવે જવાબ દઈ રહી હતી.

'ચિંતા ન કરો સર. અમે ચોવીસ કલાક આપની સેવામાં હાજર છીએ.' એક અવાજમાં બીજો અવાજ ઉમેરાયો.

'ત.ત.તું. તમે કોણ છો?'

'ચિંતા ન કરો સર. હું આપને ગાઇડ કરું છું. આપના બેડની ડાબી બાજુની દીવાલે એક કબાટ છે.'

'અહીં..અહીં.. ખૂબ અંધારું છે.'

'ચિંતા ન કરો સર. હું આપની મદદ કરું છું. આપના બેડથી બરાબર પાંચ ડગલાં

'સર, સિગારેટ સળગાવો, સર; તેઓ આપની રાહ જોઈ રહ્યા છે.' 'તેઓ..તેઓ...કોણ તેઓ?' વિવાને ડરતાં ડરતાં લાઇટર સળગાવ્યું. તેણે જોયું કે તેની લગોલગ ચાર અર્ધબળેલા ચહેરા તેની સામે કીકી વગરની આંખો ફાડીને ઊભા હતા

ભરતાં આપ કબાટ સુધી પહોંચી જશો.'

'હા, હા હવે?'

'કબાટમાં એક ચાવી લટકે છે. તેનાથી કબાટનું લોકર ખોલશો પ્લીઝ, સર.'

'હા ખોલ્યું, હવે?'

'સર અંદર મૂકેલી વસ્તુઓને બહાર કાઢો.'

'આ આ શું સિગારેટનું અડધું પેકેટ અને લાઇટર!'

'ચિંતા ન કરો સર. હું આપની મદદ કરું છું. તેઓ આપની રાહ જોઈ રહ્યા છે.'

'તેઓ? કોણ તેઓ? અને આ પેકેટ થોડું બળેલું કેમ છે?'

'સર, સિગારેટ સળગાવો, સર; તેઓ આપની રાહ જોઈ રહ્યા છે.'

'તેઓ..તેઓ...કોણ તેઓ?' વિવાને ડરતાં ડરતાં લાઇટર સળગાવ્યું.

તેણે જોયું કે તેની લગોલગ ચાર અર્ધબળેલા ચહેરા તેની સામે કીકી વગરની આંખો ફાડીને ઊભા હતા.

'શશશ...ડુ નોટ ડિસ્ટર્બ ધેમ.. તેઓને નારાજ ન કરશો. તેઓ ગુસ્સે થઈ જશે. આજથી ચાર વર્ષ પહેલાં આ જ રૂમમાં ત્રણ મિત્રો એક ધંધાદારી સ્ત્રીને લઈને આવેલા. તેઓ સ્મોકિંગના ખૂબ શોખીન હતા. દારૂ અને સિગારેટની મહેફિલ બરાબર જામી હતી, પણ અચાનક જ પેલી સ્ત્રી માટે એ ત્રણેયમાં તકરાર થઈ. તકરારે ઝઘડાનું સ્વરૂપ લીધું. જ્યારે વાત વણસી ગઈ ત્યારે તેમની વચ્ચે મારામારી ચાલુ થઈ ગઈ. અકસ્માતે આગનું રૂપ લીધું અને નશામાં ભાન ભૂલેલા ચારેય જીવતા બળી મર્યા.'

'ત.ત.તું મને ડરાવે છે?'

'જાણો છો સર, તેઓ આજે પણ ભાનમાં નથી આવ્યા. તેઓ નથી જાણતા કે તેઓ મરી ચૂક્યા છે. એન્જોય ધ પાર્ટી, હેવ અ નાઇસ સ્ટે, સર.'

●●●

'યસ મે'મ, વોટ કેન આઈ ડુ ફોર યુ?'

'હું મારા હસબન્ડ વિવાન માટે અહીં આવી છું. છેલ્લા એક વીકથી તેમનો કોઈ કોન્ટેક્ટ નથી થઈ રહ્યો. મારી પાસે જે ડિટેઇલ્સ છે એ પ્રમાણે એમણે અહીં બુકિંગ કરાવેલું.'

'યુ આર રાઇટ મેમ, પણ કેટલાક ટેક્નિકલ ઇસ્યૂઝના કારણે ઓવરબુકિંગ થઈ ગયું હતું જેથી અમે તેમને રૂમ આપી શક્યા ન હતા.'

'વિવાન અહીંથી બીજી કોઈ હોટેલ પર ગયા હોય તો એ વિશે તમે કઈ જણાવી શકો?'

'આઈ એમ એક્સટ્રિમલી સોરી મેમ, એ વિશે મને કોઈ જાણ નથી.'

'ઓહ!'

'મેમ દિવસ આથમી ગયો છે, અહીં રાત જરા વહેલી જ પડી જાય છે. આવા સમયે આપ બીજે ક્યાં જશો? ઇફ યુ ડોન્ટ માઇન્ડ હું આપની વ્યવસ્થા અમારી હોટેલમાં કરી શકું છું.'

'યાહ, સો કાઇન્ડ ઓફ યુ! એક્ચુલી થેન્ક્સ.'

'રામસિંહ...' ■

This Diwali, gift grandeur to your family.

Become a member of Club Babylon today.

CLUB BABYLON
THE PHENOMENA

Turn your festive mode ON with the best Diwali gift you could ever give to your family. Lifelong celebration of joy awaits you amidst the lavishness at Club Babylon.

You Desire. We Deliver.

Club Babylon Road, S.P. Ring Road, Near Science City Circle, Bhadaj, Ahmedabad, Gujarat - 380 060 | +91 92777 70000
clubbabylonindia | club_babylon_official | info@clubbabylon.in

marshmallow

ઓછાયો

કલાકેક પછી પીરબાબાના થાનકે પહોંચ્યા પછી બાબાએ વિધિ શરૂ કરી. હજુ લોબાન પેટાવે ત્યાં તો આભાસ ઊભો થઈ ગયો. આશ્ચર્યથી સાત્વીએ પૂછ્યું, "કેમ ઊભા થઈ ગયા? વિધિ પૂરી કરો 'ને... જોતા નથી, શેતાને આજે પણ તમને કેવી મુશ્કેલીમાં મૂક્યા? કેવું ભૂત ભરાયેલું? છરી દંડૂકાવાળા ચાર ચાર ગુંડા 'ને તમે એકલા. ગાંડપણમાં ક્યાંક મરી ગયા હોત..."

આભાસને હવે પસ્તાવો થતો હતો 'ને થોડો ગભરાટ પણ... એનામાં અચાનક આ ફેરફાર... સાત્વી સાચું જ કહેતી હતી. એ કબ્રસ્તાનવાળા રસ્તે આવવા જેવું જ નહોતું. આ બધું તોફાન ગઈ પૂનમ પછીનું જ હતું ને? તે દિવસે. દિવસે નહીં તે રાત્રે - ખાસા બાર સાડાબાર વાગ્યા પછી કામ પતાવીને ઘરે આવવા નીકળેલો મેઇન રોડ પરથી આવે તો પૂરો એક કલાક થાય એવું હતું એટલે કબ્રસ્તાનવાળા રસ્તેથી આવેલો. આમ તો એ કંઈ ભૂત-જીન-પલિતમાં માનતો ન હતો. કદાચ હજુ ય માનતો નથી, પણ તે જ દિવસથી બધી રામાયણ શરૂ થઈ ગઈ હતી. રાત્રે ઘરે પહોંચ્યો ત્યારે સાત્વી અને બાળકો પલક અને પ્રીતિ ઊંઘી ગયા હતા. ક્યાં સુધી બેલ માર્યો 'ને સાત્વીએ અડધી ઊંઘમાં બારણું ખોલ્યું 'ને તરત પાછી એના રૂમ તરફ જવા માંડી 'ને હજુ તો પલંગમાં પડતું મૂકે ત્યાં જ...

ડો. સ્વાતિ **નાયક**

ત્યારે પહેલી વખત એ અનુભવ થયેલો. આભાસ સામાન્ય રીતે બહુ મોડું થાય ત્યારે જમવાનું માંડી વાળતો. ફ્રીજમાંથી દૂધ કાઢીને પી લેતો 'ને સૂઈ જતો, પણ તે રાત્રે... કોઈ ઓછાયો અડી ગયો જાણે... જાણે એના શરીરમાં કોઈ બીજું પ્રવેશી ગયું હોય તેમ અંદર ખળભળાટ થવા લાગ્યો. મગજની નસો ખેંચાવા લાગેલી. ડીમ લાઇટના પીળા પ્રકાશમાં જાણે કોઈ આભાસના શરીરમાંથી નીકળીને એના ઉપર જ સવાર થવા લાગેલું 'ને એણે ત્રાડ પાડેલી. "આમ પીધેલા જેવી ચાલવા માંડી તે કાંઈ ભાન-બાન છે કે નહીં? આ તારો વર ભૂખો તરસ્યો ઊભો છે 'ને તું ચાલવા માંડી ઘોરવા?, આખો દા'ડો ઊંઘે છે તે ઓછું પડે છે? ચાલ, ખાવાનું લાવ. 'ને શાક-દાળ ગરમ કરજે પાછી. તારા જેવા ટાઢા ન પીરસતી."

અચાનક વીજળીનો ઝાટકો લાગ્યો હોય તેમ સાત્વી પહોળી આંખે વિસ્મયથી આભાસને જોવા લાગેલી. કોઈ દિવસ ઊંચા અવાજે આભાસને બોલતા સાંભળેલો નહીં. આંખ ઊંચી માંડીને જોતા ય જોયેલો નહીં. અરે, દિવસે ય જમવાનું હોય ત્યારે ઉતાવળ હોય તો થાળી જાતે લઈને જાતે પીરસી લે 'ને ચૂપચાપ જે હોય તે ખાઈ લે. લગ્નના વીસ વીસ વરસ આમ જ શાંતિથી નીકળી ગયા 'ને આજે? આ આભાસને અચાનક વળી શું ભૂત ભરાયું તે?

ભૂત જ ભરાયું હશે. આવડી મોટી ત્રાડ તો વીસ વરસમાં ક્યારેય નહોતી પાડી. એ સાંભળીને બાળકો ય દોડી આવેલાં. સફાળા જાગીને 'ને આભાસ એમના ઉપર પણ ખીજવાઈ ગયેલો. "ચૂપચાપ ઊંઘો. આખો દા'ડો તો રમી રમીને થાકતા નથી? રાત પડે ને દી' ઉગાડો છો તે..."

સટાસટ દોડીને બંને રજાઈમાં ભરાઈ ગયેલા 'ને સફાળી દોડી સાત્વીએ દાળ-શાક ગરમ કરીને થાળી કરી દીધેલી. પીરસતી વખતે જરાક નજીક જઈને તપાસી ય જોયું : ક્યાંક છાંટો પાણી? પણ એવા કોઈ ચિહ્ન દેખાતાં ન હતાં. એ બબડીય ખરી, 'કોણ જાણે આજે શું ભૂત ભરાયું છે?'

ખરેખર કોઈ ભૂત ભરાયું હશે? હવે આજે બે ત્રણ મહિના પછી આભાસને વિચાર આવતો હતો, કારણ કે ત્યારનું એનામાં અજબનું પરિવર્તન આવ્યું હતું. કોઈ પણ પરિસ્થિતિમાં કોઈ નવી ઘટના બને કે તરત એનામાં તો બીજો આભાસ જાણે ઝબકીને જાગતો 'ને એ ન બોલવાનું બોલી નાંખતો. ન કરવાનું વર્તન આચરી બેસતો. સદ્‌વર્તનને મીઠી ભાષાના કવચ ઉતરડાઈ જતા 'ને એ જાણે ચામડી કે આવરણ વગરનો વરવો પ્રગટ થતો. સાચો આભાસ કોણ 'ને ખોટો કોણ એ સમજવું

WELSPUN

Air purifying bed sheets.

SPACES®

FABRIC OF HAPPY HOMES

BREATHE EASY. SLEEP HAPPY.

Pure Air TECHNOLOGY

વધુ માહિતી અને ઓફર્સ માટે આજેજ મુલાકાત કરો:

વેલસ્પન ફેક્ટરી આઉટલેટ, વેલસ્પન સિટી અંજાર, કચ્છ, ગુજરાત.

પૂછપરછ માટે કૉલ કરો: 0283 - 6661205

Visit us at: www.spaces.in

*DISCLAIMER:**Co2pure Bed-linen are tested by the University of Alicante's TechnicalResearch Services (SSTTI), Spain for adsorption measurement of CO2. Tested forAnti-Microbial (AATCC 100) by Intertek India Pvt. Ltd, lab, India. Results mightvary due to dierent environment condition, washing pattern and usages.Ective up to first 30 washes. Co2pure is the Trademark of Primlab Global S.L

આભાસ માટે સહેલું નહોતું, કારણ કે જે વર્તન એ અજાણતા કરતો એમાંનું કેટલુંક એને ખરેખર કરવું હોય એવું ય હતું.

ઓફિસની જ વાત... મિસ રીના લટક મટક કરતી ફાઇલો લઈને આવી 'ને કહેવા લાગી, 'આ ટેન્ડરમાં કંઈ સમજ પડતી નથી. સમજાવો ને...' અને આભાસ સમજાવે ન સમજાવે ત્યાં વળી કહેવા લાગી. 'પ્લીઝ, તમે જ ભરી દો ને, મારાથી તમારા જેવું ક્યાં થાય છે? ત્યારે સડાક દઈને પાછો પેલો અંદરનો આભાસ જાગ્યો 'ને સંભળાવી દીધું : "મિસ રીના, તમે કેટરીના નથી, ક્લાર્ક છો. મેકઅપ 'ને લટકા પર ઓછું અને કામમાં વધારે ધ્યાન આપો, આવડી જશે. આપણે બધા જ અહીં કામ કરવા આવીએ છીએ 'ને એ ન આવડે તો રાજીનામું આપી ઘર સંભાળો."

ઓફિસમાં તો ટાંકણી પડે 'ને ગૂંજે એવી સન્નાટાયેલી શાંતિ પ્રસરી ગઈ. જેની સાથે એકાદ બે વાક્યની આપ-લે થાય તો પોતાને લોકો ધન્ય માને એ રીના સામે ચાલીને આભાસ પાસે આવી 'ને આભાસે આટલું અપમાન કર્યું? બે ચાર ખુશામતિયા છાને છપને એની વિખરાયેલી પ્રતિષ્ઠાનો કચરો સમેટી આપવામાં લાગી ગયેલા, પણ મિસ રીના તો માથું સખત દુઃખે છે, કહીને અડધી રજા મૂકી સીધી ઘરે. કાલથી ક્યાં તો શીખીને આવશે ક્યાં તો રાજીનામું આપશે. બે ચાર સીધા માણસ બોલ્યાય ખરા: 'ચાલો, કોઈ તો નીકળ્યું આને સીધી કરવાવાળું.'

પણ આભાસ!!! એ તો પછી પાણીથી પાતળો થઈ ગયો. આમ કેમ થતું હશે? એના સાલસ, ભીરુ સ્વભાવમાં અચાનક આવા શિંગડાં કેમ કરીને ઊગ્યાં હશે? બાકી એ તો સાવ પોચકો બાયલો કહી શકાય એવો નરમ... લોકો હાલતા 'ને ચાલતા એને ખખડાવી નાંખતા. વાંક હોય કે ન હોય 'ને પાછા બોસના ગુસ્સાનું તો જાણે આભાસ એકમાત્ર ઠેકાણું. ગમે ત્યાંથી ગમે તેના પર ગુસ્સે થયા હોય, આભાસને જ કેબિનમાં બોલાવી ખખડાવી નાંખે, કારણ કે આભાસ બધું સાચું ખોટું ચૂપચાપ સાંભળી લે અને એ પણ કશાય વિરોધ કે બચાવ કર્યા વગર અને બધો ગુસ્સો ઠલવાઈ જાય 'ને બોસ ખાલી, હળવાફુલ થઈ જાય ત્યારે પાછા કહે ય ખરા: "આભાસ, થોડું વધારે બોલાઈ ગયું નહીં? શું કરું? કામ એટલું વધારે છે 'ને બધા આળસુના પીર. ગુસ્સો નહીં કરું તો શું કરું?"

પણ તે દિવસે તો બોસ પણ હડફેટે ચડી ગયા. 'બધા આળસુના પીર હોય તો બધાને બોલાવીને ખખડાવો - સીધા કરો. કોઈ આગળ નથી બોલાતું તેમાં મારો કંઈ વાંક? આમ કારણ વગર હડકાયા થઈ મને જ કરડવા દોડો છો તે? કહેતા હો તો હું ખખડાવું બધાને. મને ખબર છે કોણ કયું

આજુબાજુવાળા સાત્વીને ખાનગીમાં કહેતા, 'આભાસભાઈ જે શોર્ટકટથી ઘરે આવે છે ત્યાં કબ્રસ્તાન છે. રાતવરાત આવતા કોક જીન્નાત કે કોઈ ભૂત... તું સમજ... વળગાડ કહેવાય આને. આ ગાંડપણ નથી

કામ નથી કરતું તે.'

અને મોટેથી બોસની સામે આખા સ્ટાફની ખામી ગણાવીને પૂછતો ગયો. 'આ પટેલ અડધા કલાકની રિસેસ દોઢ કલાક ભોગવે છે, કપૂરને અંગ્રેજી આવડતું જ નથી અને ટાઇપિંગમાં હજાર ભૂલ કરે છે. શર્મા પોતાનું કામ રખડતું મૂકી રીના અને ગીતાબેનને મદદ કરે છે. બોલો કોને ખખડાવું?'

એ બહાર નીકળ્યો ત્યારે બધા એકીટશે કેબિનના ખૂલતાં બારણાં સામે જોઈ રહેલા તે આભાસને જોઈને તરત પોતપોતાના કામે વળગી ગયેલા.

જોકે તે દિવસથી જાણે ઓફિસની દુનિયા જ બદલાઈ ગયેલી. બધા આભાસ આવે એટલે બોસ આવ્યા હોય તેમ કામે લાગી જતા 'ને બોસ કંઈ કામ હોય તો જાતે એના ટેબલ સુધી આવી જતા.

ઘર... ઓફિસ... આભાસની આખી દુનિયા જાણે નવી હતી. કશું ય પહેલાં જેવું નહોતું. બાળકો ય અમસ્તા જરા ડરવા લાગ્યા હતા, પણ એમાં હવે શું થાય એવું નથી. જાણે આભાસ આભાસના જ કાબૂમાં નથી. આભાસ આભાસના જ શરીરમાં નથી. વખતો વખત કોઈક બીજું આભાસના શરીરનો, મનોમસ્તિષ્કનો કબજો લઈ લે છે. કોઈ પણ સમયે સ્થળ કાળના સાનભાન વગર અને બધું આંખ મીંચો 'ને ઉઘાડો એટલામાં પૂરું થઈ જાય છે.

સાત્વી પણ શંકાથી આભાસને જોવા લાગી હતી. શાંત, હળવા મૂડમાં હોય ત્યારે ઘણી વખત કહેતી, આભાસ, તમે કેમ આટલા બદલાઈ જાવ છો? શું હવે હું તમને ગમતી નથી? પહેલા તો બિલકુલ શાંત સ્વભાવ હતો તમારો. અકળામણ થઈ જાય એવો શાંત. બસ, અમારી મરજી સાચવતા તમે. 'ને હવે? હવે માવઠાની જેમ અચાનક તમારા મગજ પર ગુસ્સાનાં વાદળ છવાઈ જાય છે અને તમે ગમે ત્યાં વરસી પડો છો. આપણે કોઈ ડોક્ટરને પૂછી જોઈએ.

પણ ડોક્ટરને પૂછવું ય શું? ગુસ્સો આવે એવી પરિસ્થિતિમાં કેમ ગુસ્સો આવે છે એમ? કે પછી ઉંમર સાથે સ્વભાવ પણ શું કામ બદલાયો એમ?

આજુબાજુવાળા સાત્વીને ખાનગીમાં કહેતા, 'આભાસભાઈ જે શોર્ટકટથી ઘરે આવે છે ત્યાં કબ્રસ્તાન છે. રાતવરાત આવતા કોક જીન્નાત કે કોઈ ભૂત... તું સમજ... વળગાડ કહેવાય આને. આ ગાંડપણ નથી. ગાંડા માણસ તો અમસ્તાય રોજ ગાંડા કાઢે... આ તો કોઈક જ વખત, 'ને ત્યારે કેટલી તાકાત આવી જાય છે. એમનામાં? તું જોતી નથી? આટલાં વર્ષોમાં ઊંચો અવાજ નો'તા કરતા તે કેવું બરાડા પાડીને બોલે છે તે..?'

સાત્વી જેમ ગભરાતી તેમ વધારે 'ને વધારે ઉત્સાહથી લોકો મંડી પડતા 'ને સાત્વી પાછી બધી વાત આભાસને કહી દેતી એટલે હવે આભાસને પણ લાગવા માંડ્યું હતું કે માન ન માન, આ બધું જ્યારથી રાત્રે કબ્રસ્તાન આગળથી પસાર થયો ત્યાર પછીનું જ છે. તે જ દિવસથી આ બધી મોકાણ શરૂ થઈ છે. કદાચ માનવામાં ન આવે એવી વાત સાચી પણ હોય. વખતોવખત કોઈ ભૂત મારા શરીરમાં પ્રવેશી જતું હોય 'ને ઉત્પાત મચાવતું હોય,

PURE UNIVERSE
The Institute Of Perfection

આપે જન્મ-રાશિ પ્રમાણેના આપના નવા વર્ષના ફળકથનનો અભ્યાસ કર્યો જ હશે, અમે જણાવીશું તમારા જન્મ-સમયના નક્ષત્રોને આધીન તમારું આવનારું ૨૦૨૨નું વર્ષ શું લઈને આવે છે અને એ પણ મહર્ષિ પારાશરની કલમે.



ઈશ્વર પછી જો કોઈ તમારું ભવિષ્ય જાણતું હોય
તો તે છે મહર્ષિ પારાશર.

મહર્ષિ પારાશર ગુરુ વશિષ્ઠ ઋષિના પૌત્ર અને મહાભારતના રચયિતા ઋષિ વેદ વ્યાસના પિતા હતા જેમણે માનવ કલ્યાણ માટે હજારો વર્ષ પહેલાં 'બૃહત પારાશર હોરા શાસ્ત્ર'ની રચના કરી હતી, જેથી તેમને વૈદિક જ્યોતિષ શાસ્ત્રના પિતા પણ કહેવામાં આવે છે.

નવા વર્ષ ૨૦૨૨માં...

- કયો સમયગાળો મારા માટે શ્રેષ્ઠ રહેશે?
- મારે કઈ-કઈ બાબતોનું ધ્યાન રાખવાનું છે?
- આર્થિક પ્રગતિ માટે કયા પગલાં ભરવા પડશે?
- ધંધાકીય ક્ષેત્રે કેવા પરિણામ મળી શકે?
- નવા સાહસ માટેનો યોગ્ય સમય કયો છે?
- વિદેશ પ્રવાસનો યોગ છે? છે તો ક્યારે?

આ ઉપરાંત પણ અનેક બાબતો જાણવા મળશે MY NEXT YEAR 2022 REPORTમાં.

કેવી રીતે આપનો રિપોર્ટ મળશે તે જાણવા માટે આપેલ QR CODE સ્કેન કરો
અથવા **www.pureuniverse.in** પર મુલાકાત લો.

MY NEXT YEAR 2022	૧૫ નવેમ્બર સુધીની ઓફર
વાર્ષિક ફળકથન - ₹૯૯૯/-	વાર્ષિક ફળકથન માત્ર ₹૩૯૯/-
ત્રિમાસિક ફળકથન - ₹૩૩૩/-	ત્રિમાસિક ફળકથન માત્ર ₹૧૧૧/-

બ્લોક-એ, ૬૦૨-૬૦૩, શિલ્પ આરોન, 'અરમેડા' સામે, સિન્ધુભવન રોડ, બોડકદેવ, અમદાવાદ-૩૮૦૦૫૪

ટોલ ફ્રી : 1800 202 2002 M. : +91 90335 79979/80

#MN1021

મારે માટે અશક્ય હોય એ બધું જ કરાવતું હોય. ગુસ્સો, ઝઘડો... તો શું આ અંધશ્રદ્ધા નહીં 'ને સાચું હશે? જાણે પોતાનાથી જ અપરિચિત થવાની વાત હતી આ.

સાત્વીએ ડરતાં ડરતાં વાત કાઢી, 'હું પીરબાબાને પૂછી આવી છું. એમને પણ એવું જ લાગે છે કે કોઈ રૂહ તમારો કબજો કરે છે. તમારા જીવનું જોખમ છે. તમે એકવાર એમને પૂછી જોશો? મળવા આવશો?' એ રડવા લાગી એટલે આભાસ પીગળ્યો...

પીરબાબા એટલે ભયાનક વ્યક્તિત્વ ... કાળો ચહેરો, લાંબી સફેદ દાઢી, મોટી સુરમો પાયેલી આંખો, કાળો ઝભ્ભો 'ને હાથમાં મોરપીંછનો ઝૂમખો. એમને જોતાવેંત જ આભાસથી બોલાઈ ગયું, 'આને જોઈને તો કોઈ પણ ભાગી જાય. આ..આ તો પોતે જ ભૂત જેવો છે.' બાબાએ ડોળા કાઢી ધૂણીમાં ધુમાડાનું પ્રમાણ વધાર્યું. વધારે લોબાન નાંખ્યો, ધુમાડો ઘેરાયો. એના તણખાની આછી તેજ છાયામાં કશુંક ભાળી ગયા હોય તેમ બરાડ્યા. 'અબે શેતાન, અબ તું યહાં ભી આ ગયા?'

અને સાત્વીના હાથમાં લિસ્ટ પકડાવતા બોલ્યા, 'બહુત ખતરનાક રૂહને કબજા કર લીયા હૈ, જુમ્મે કો ઇસમે જો લીખા વો લે કર આના પડેગા. એક દો ઘંટા લગેગા ઉતારને મે. અગલે જુમ્મે કો આ જાઓ.'

આભાસે હસતા હસતા સાત્વીને કહ્યું, 'જાણે આપણે તો કામ ધંધો જ નહીં હોય. પૂછતાય નથી કે સમય છે કે નહીં?, એ બાબા, પહેલે બતાઓ, કિતના ચાર્જ કરોગે?'

પેલો આશ્ચર્યથી જોતો જ રહ્યો. સાત્વીએ કહ્યું, 'બાબા કિતના ખર્ચા હોગા?' બાબાએ કહ્યું, 'પાંચ હજાર મે હો જાયેગા શાયદ, દેખા કેસા બદ ચદ કે બોલ રહા હૈ શેતાન? સબ ઠીક કર દુંગા..'

સાત્વી માંડ આભાસને ચૂપ રાખીને ઘરે લઈ ગઈ. રડી, કકળી, કાલાવાલા કરીને કહેવા લાગી, 'આ એક વખત માની જાવ ને, જુઓ તો કેવા થઈ ગયા છો? તમારા વગર અમારું શું થશે?'

આખરે આભાસે સાત્વીને ખાતર શુક્રવારે રજા લેવી પડી. બધો સામાન લઈને સ્કૂટર પર જવા નીકળ્યા. રસ્તો થોડો સૂમસામ હતો. અડધે પહોંચ્યા ત્યાં એક છોકરીની ચીસ સંભળાઈ. આભાસે સ્કૂટર ઊભું રાખ્યું. સાત્વીને નવાઈ લાગી. સામાન્ય રીતે આવા એકાંત રસ્તે આભાસ ઝડપથી સ્કૂટર ભગાવી મૂકતો. વચ્ચે ગમે તે મળે, અટકતો નહીં. તેને બદલે આભાસે બૂમ પાડી, 'કોણ છે?' ત્યાં સળવળાટ થયો 'ને બે બદમાશ બહાર આવ્યા. ગંદું હસીને કહેવા લાગ્યા, 'અમે, બોલ કામ છે તારે? આ તારી બૈરીને મૂકી જવી છે? મરવું છે..? ચલ નિકલ લે.'

મક્કમ નિશ્ચય સાથે આભાસે કહ્યું, 'નથી કરવી પૂજા, નથી ઉતારવું ભૂત, શેતાન કે જીન્નાત જે છે એ બધું બરાબર છે. ચાલ સીધી સીધી ઘરે નહીં તો આ બાબાની સેવા કરતી પડી રહે.' અને બાબાને જોઈ બોલ્યો, 'ઢોંગ મૂકીને કામ કર નાલાયક'

ઝાડીમાં ડૂસકાં 'ને ચીસ સંભળાતી હતી. 'બચાવી લો ભાઈ મારા વીરા તમને પગે પડું. બચાવી લો...'

એટલામાં પેલા બદમાશે છરી કાઢીને કહ્યું, 'બે મિનિટમાં ભાગ નહીં તો તારી ખેર નથી.' સાત્વી ગભરાઈને કહેવા લાગી, 'ચાલો ને, આપણે આ લફડામાં પડવું જ નથી. આ લોકો બદમાશ છે. જલદી ચાલો.'

પણ આભાસે તો નિરાંતે સ્કૂટર સ્ટેન્ડ પર ચઢાવ્યું 'ને એ લોકો તરફ જવા લાગ્યો. બીજાએ ડાંગ હાથમાં લીધી. ઝાડીમાંથી બીજા બે પણ નીકળ્યાને પેલી છોકરી પણ ઓઢણી વીંટાળતી ધ્રુજતી ધ્રુજતી બહાર નીકળી. આભાસે એને કહ્યું, 'તું ભાગ.' પણ એ છોકરી ત્યાં જ ઊભી રહી ગઈ. ચારે જણા આભાસની ફરતે ગોઠવાય ત્યાં તો આભાસે ગાંડાની જેમ જમીન પર આળોટીને ધૂળના મૂઠે મૂઠા ફેંકવા માંડ્યા 'ને મોટે મોટેથી બૂમો પાડવા માંડી: 'આવો આવો, મારા હાળા બાયલાઓ... છોકરી પર મર્દાનગી બતાવો છો. હવે આવો.' અને અચાનક એક બદમાશના હાથમાંથી લાકડી છીનવી લીધી 'ને લાકડી એના પોતાના શરીરની આસપાસ ગોળ-ગોળ ફેરવવા માંડી. પેલી છોકરી થોડીક સ્વસ્થ થઈ હશે એટલે એણે ય વાસ તરફ દોડીને બૂમો પાડવા માંડી, 'ભાઈ કોઈ બચાવો... બચાવો...'

સાત્વી ચીસો પાડતી હતી, 'અરે, આ શેતાન તમને જીવતા નહીં છોડે. કેવું કેવું કરાવે છે તમારી પાસે.' અને આ કોલાહલ સાંભળીને ગામ તરફથી બે ચાર ભરવાડ આવતા દેખાયા. છોકરી કદાચ એમના વાસની જ હતી. તે એમને જોઈને બૂમો પાડવા માંડી 'ને બદમાશો પરિસ્થિતિ બદલાયેલી જોઈને ભાગ્યા. થોડેક સુધી આભાસ પાછળ દોડ્યો, પણ પછી એ છોકરીએ જ કહ્યું, 'હું ઓળખું છું એ લોકોને. બાપુને કહીને પોલીસમાં ફરિયાદ કરાવીશ મારા વીરા, તમે તો મારી લાજ બચાવી, ભગવાન તમને લાંબી આવરદા આપે.' કેડે ખોસેલા બટવામાંથી રાખડી કાઢીને બાંધતા બોલી, 'મારા વીર માટે રાખડી લેવા ગઈ 'તી અને તમને નવા વીર મળી ગ્યા લ્યો..'

કલાકેક પછી પીરબાબાના થાનકે પહોંચ્યા પછી બાબાએ વિધિ શરૂ કરી. હજુ લોબાન પેટાવે ત્યાં તો આભાસ ઊભો થઈ ગયો. આશ્ચર્યથી સાત્વીએ પૂછ્યું, "કેમ ઊભા થઈ ગયા? વિધિ પૂરી કરો 'ને... જોતા નથી, શેતાને આપે પણ તમને કેવી મુશ્કેલીમાં મૂક્યા? કેવું ભૂત ભરાયેલું? છરી દંડૂકાવાળા ચાર ચાર ગુંડા 'ને તમે એકલા. ગાંડપણમાં ક્યાંક મરી ગયા હોત..."

મક્કમ નિશ્ચય સાથે આભાસે કહ્યું, 'નથી કરવી પૂજા, નથી ઉતારવું ભૂત, શેતાન કે જીન્નાત જે છે એ બધું બરાબર છે. ચાલ સીધી સીધી ઘરે નહીં તો આ બાબાની સેવા કરતી પડી રહે.' અને બાબાને જોઈ બોલ્યો, 'ઢોંગ મૂકીને કામ કર નાલાયક.'

બહાર જતા જતા પેલી છોકરીએ બાંધેલી રાખડી ઉપર હાથ ફેરવતો બોલ્યો, 'આ ભૂત હવે જીવ લે તોય શું? બહુ મોડો વળગ્યો આ વળગાડ, થોડો વહેલો વળગ્યો હોત તો...' ■

નવા વર્ષમાં નવી શરૂઆત

તમને પીરસીશું ન્યૂઝ ઉપરાંત
બીજી ઘણી બધી વાત

VTV
ગુજરાતી

VTVGUJARATI.COM

VTVGujarati

'તને શું લાગતું છે રુસ્તમ? ક્રિયા કેમ આટલી ડરી ગઈ હતી?'

વહેલી સવારે રોજના સમય મુજબ રવિભાઈની આંખ ખૂલી ગઈ. શરીરમાં હજુ ય નબળાઈ લાગતી હતી, પણ એમણે બાઇકનો અવાજ સાંભળ્યો એટલે અનુમાન કર્યું કે ક્રિયા દૂધ ભરવા ગઈ હશે. એમને ફરી દીકરીની ચિંતા થઈ. સોનુબહેન સૂતાં હતાં એટલે અવાજ ન થાય તેમ રૂમમાંથી બહાર આવીને ડ્રોઇંગરૂમમાં જ ખાટલા પર સૂતેલા ડોક્ટર પાસે ગયા. ડોક્ટર તો નસકોરાં બોલાવતા હતા છતાં રવિભાઈએ એમને જગાડ્યા હતા.

પહહરીના...તું મને રજાને દિવસે ય સૂવા નથી દેતો..કેમનો ઉઠાડ્યો તેં!'

રવિભાઈએ એમની ક્રિયા વિશેની ચિંતા વ્યક્ત કરી. એ સાંભળીને ડોક્ટર ગંભીર થઈ ગયા.

'તારી નાતમાં તો બીજા લગ્ન નવાઈ થોડી જ કેવાતી છે... સારો પોયરો જોઈને પરણાવી દે... ઘડસંસાડમાં પડી જશે તો એવણ બધું ભૂલી જશે.'

'અરે પણ ક્રિયાની હાલત તો જો? કેમની પરણાવું? બાપ છું, કસાઈ નથી.' રવિભાઈ ગુસ્સે થઈ ગયા. ભણેલા-ગણેલા ડોકટર આવી ટિપિકલ ઓર્થોડોક્સ સલાહ આપે તે કેમ સાંખી શકાય.

કામિની **સંઘવી**

'જો ટને એક વાત કે'ઉ... ટારી પાસે બે ઓપ્શન છે...કાં પોરીને પરણાવી દે.. કાં તો એને નોકરી પર બેસાડી દે. ઘરમાં બેસી રહેશે તો આ થવાનું જ.. સમજ્યો કે નહીં?'

ડોક્ટરની વાત સાચી છે તે રવિભાઈ સમજતા હતા, 'પણ ક્રિયા લગ્ન માટે તૈયાર હોવી જોઈએ ને? આજકાલ કરતાં સમયને ગુજરી ગયે વર્ષ થવા આવ્યું, પણ ક્રિયા ક્યાં હજુ એને ભૂલી છે! લગ્ન દૂરની વાત છે, કમ સે કમ નોકરી પર હાજર થાય તો ય ઘણુ. નોકરી કરે તો એનું મન કશે લાગે. ક્રિયા સાવ બદલાઈ ગઈ છે. નથી પહેલાંની જેમ સજતી-સંવરતી કે નથી એ ઢંગનાં કપડાં પહેરતી, બહાર પણ ક્યાં હરે ફરે છે, સુરત છ મહિને ગઈ. એ પણ તે કેટલાં બહાનાં કાઢીને સમજાવી પટાવીને મોકલી ત્યારે માની હતી. નહીં તો ડ્યૂટી ડાંગમાં કરતી પણ અઠવાડિયે એકાદ દિવસ તો શોપિંગ કે ફિલ્મ જોવા માટે અચૂક સુરત જતી હતી.' રવિભાઈની વાત સાંભળીને ડોક્ટર અસમંજસમાં અટવાઈ ગયા. કાલે ક્રિયાએ કહ્યું હતું કે બળદવાળી વાત બાહાસને ન કહેવી, પણ હવે કહેવી પડે.

"ટું ચાલીને પાછળ ગમાણમાં આવશે કે'?"

"કે'તો નદી સુધી ચાલુ..શું કે'તો છે..!" રવિભાઈ આગળ થયા.

"બઉ બહાદુરી દેખાડવાની નથી.. સમજ્યો કે'!" બંને ગમાણ સુધી આવી ગયા.

બળદની પીઠ પરનો ઘા જોઈને રવિભાઈ

/ rasoishop

आप सब्जी तो ताजी खाते है
फिर आटा बासी क्यों ?

"मैं सॉफ्टेल घरेलु आटा चक्की के उपयोग से खूब संतुष्ट हु"

Chef Parul Gupta
YouTube Influencer

TRUSTED BY MILLIONS OF CUSTOMERS

110 Volts Model for USA Available

प्रस्तुत है - **सॉफ्टल घरेलु आटा चक्की** (टेबल टॉप)

मिक्सर जैसी छोटी साइज, वजन में हलकी

जो ६ किलो पिसाई करे मात्र एक बिजली की यूनिट में

मन चाहा अनाज पीसिये

किमत ~~14,999/-~~ Rs.10,999/-

आज ही आर्डर करे

और घर बैठे फ्री होम डिलीवरी प्राप्त करे

78188 78188

ओनलाइन ऑर्डर के लीए : **www.rasoishop.com**

SOFTEL
GREAT KITCHEN CONCEPTS

Scan to Shop

Rasoi Shop
भारत का पहला ब्रांडेड किचन उपकरण का स्टोर

रसोईशोप के पार्ट्नर ब्रांड्

Hawkins · Prestige · BAJAJ · HAVELLS · MILTON · PHILIPS · SOFTEL · treo · YERA · Pigeon · FUTURA · MAHARAJA WHITELINE · BENGANI · LA COPPERA · cello · BOROSIL · Shri & Sam · Preethi · Butterfly · VAYA

હવે તનાવમાં આવી ગયા. રવિભાઈ ખુદ આટલાં વર્ષોથી જંગલમાં રહે છે તે પણ જાણી શક્યા કે આ કામ કોઈ રાનીપશુનું નથી.

ગોબરને હજુ ય લુઝમોશન ચાલુ હતા. એ મહેનતકશ આદમી ખાટલામાં પડીને કંટાળ્યો હતો. ડોક્ટરે એને સેલાઇન ચડાવી. રવિભાઈને બોટલ ચડાવીને ડોક્ટર આરામખુરશીમાં બેઠા.

'એક વાત કે'ઉ... ટારી પોરીની પાછળ કોઈ નથી પડેલું છ.. ટારા જ ઉંબાડિયાં નડતા છે..ટને... કેટલીવાર સમજાવ્યો કે બધાં વાસ્તે માથાં ફોડવા રહેવા દે, પણ તારે તો આદિવાસી સંસ્કૃતિ બચાવી છે.. તે બચાવ... ટારો જ કોઈ ડુશમન ટારી પાછર પડેલો છે, ટે ટને દેખાટું નથી.'

'તારી વાત સાચી છે ભાવડ (ભાઈ)... મેં તો ક્યારની કે'તી છું, કાં મંદિર જતો જા કાં ચર્ચમાં જા... આમ બધે બાઝતો ફરે તો કેમ મેળ પડે? આપડી પોરીનું પણ કંઈ વિચારવાનું કે નહીં?' બંનેની વાત સાંભળતાં સોનુબહેન રૂમમાં ક્યારે આવી ગયાં તેની બંનેમાંથી કોઈને ખબર ન પડી.

રવિભાઈ કશું બોલવાના બદલે ચૂપચાપ પડ્યા રહ્યા.

નાના હતા ત્યારથી જોતા આવ્યા હતા કે અહીંના જંગલમાં વસવાટ કરતી મોટા ભાગની પ્રજા ગરીબ છે અને એનો જ દરેક ધર્મના પ્રચારક ભરચક ફાયદો ઉઠાવે છે. પોતે ખુદ સરપંચના દીકરા હતા. બાપ તે સમયે પણ દસ સુધી ભણ્યો હતો, તેથી એમને સારું બાળપણ મળ્યું. જેનાથી ડાંગની મોટા ભાગની પ્રજા આજે પણ વંચિત છે. વાંચનના શોખે એમને વિચારવા પ્રેર્યા હતા કે આદિવાસી સંસ્કૃતિનું મૂળ હિન્દુ છે, પણ એમના રીત-રિવાજ અલગ છે. એટલે એમણે ગામના પાટીલ (સરપંચ)ના હિસાબે ગામ લોકોને જંગલમાં મળી આવતી પ્રાચીન મૂર્તિ પર સિંદૂર લગાવતા કે તેલ ચોપડતા રોક્યા હતા. રવિભાઈ માનતા હતા કે જંગલમાંથી મૂર્તિ મળી છે તે પ્રાચીન છે, તેનું મહત્ત્વ અલગ છે. એને એમ જ રહેવા દેવી જોઈએ. પોતે પાટીલ હતા એટલે લોકો માનથી જોતા, પણ છેલ્લા કેટલાક સમયથી વટાળ પ્રવૃત્તિ તેજ બની છે. લોકોને હિન્દુ દેવી-દેવતાની પૂજા કરવા માટે કે ચર્ચમાં

ક્રિયાએ જવાબ આપવાનું ટાળ્યું 'ને સીધી પોતાના રૂમમાં પુરાઈ ગઈ. એનો શ્વાસ હજુ જોરથી ચાલતો હતો. એ આખે આખી ભયથી ધ્રુજતી હતી. ગણેશે જે માહિતી આપી તે પરથી હવે કોઈ શક રહ્યો ન હતો. પટેલ આવી ગયો છે

જવા માટે લોભ-લાલચ આપવામાં આવે છે.

રવિભાઈ આનો વિરોધ કરતા અને આદિવાસી રીત-રિવાજ પાળવાનો અનુરોધ કરતા, પણ પૈસા આપીને ખરીદાઈ જતાં લોકોને એમની વાત પસંદ ન હતી. એટલે અવાર-નવાર તહેવારો પર ચકમક ઝરતી. હમણા જ ગણેશ મહોત્સવ માટે એમના ઘરે ફાળો લેવા આવનાર યુવકોને એમણે હાંકી કાઢ્યા હતા. એમનું માનવું છે કે જંગલને જેવું છે તેવું જ રહેવા દેવું જોઈએ. વળી નદીઓમાં ચોમાસા પછી બહુ ઓછું પાણી રહે છે, તેમાં મૂર્તિઓનું વિસર્જન કરીને નદીના પાણીને દૂષિત કરવાથી આપણા પગ પર આપણે કુહાડો મારીએ છીએ. ઢોર-ઢાંખર-વન્ય પશુ-પક્ષી છેક આવતાં ચોમાસા સુધી તેમાંથી પાણી પીતા હોય છે.

પણ એમની વાતનો વિરોધ થયો અને ઘરાર ગણપતિનું સ્થાપન થયું. યુવાનો આ માટે હાઈ-વે પર ઊભા રહીને ફાળો માગતા એમણે ખુદ જોયા છે. વિલ્સન હિલ પર ટૂરિસ્ટ પાસે હાથ લાંબો કરીને ભીખ માગતાં બાળકોની નવાઈ નથી રહી. રવિભાઈએ સાઠ વર્ષની જિંદગીમાં આ પ્રજાની ખુમારી જોઈ છે, પણ આવી નમાલી નથી જોઈ. બાળકોને ભણાવવાના બહાને કે ભોજન આપવાનાં કારણોસર હવે અહીંના બુધાભાઈ કે ડાહીબહેન એમના બાળકોનાં નામ જોસેફ કે જુલી પાડતા થઈ ગયા છે. રવિભાઈ ઇચ્છે છે, ડાંગી ભણીગણીને કોઈ ધર્મ સાથે જોડાવા કરતાં પોતાના રીત-રિવાજ, સંસ્કૃતિની ઓળખ સંભાળી રાખે અને ખુમારીનું જીવન જીવે. આમ ભીખ માગે કે જે-તે ધર્મમાં આર્થિક લાભ માટે જોડાય જાય તે સંસ્કૃતિની ઘોર ખોદશે. હજારો સંસ્કૃતિ લુપ્ત થઈ ગઈ છે, એવી હાલત ડાંગીની ન થાય તે વાત સાથે રવિભાઈને નિસ્બત છે. આ ડાંગીપણુ પણ અત્યારે પોતાને બચાવવાની દસ્તક દરેક ડાંગીને આપે છે, તે સમજાવવા એ મથી રહ્યા છે.

પાણીની ટાંકીમાં મરઘી નાંખી જવી કે બળદને ઈજા પહોંચાડવી તેમાં આમાંથી જ કોઈ હશે. બસ, તેઓ પોતાને હેરાન કરીને કોઈક રીતે પોતાનામાં ભેળવવા ઇચ્છે છે. રવિભાઈ આ થિયરી પર પહોંચ્યા ત્યાં ડોક્ટર બોલ્યા,

"તારી જેટલા ડુશમન તો કોઈ જ પેદા 'ની કઈરા હોય... રોજ જ તે તારે તારા સાહેબલોગ કે પછી વોચમેન કે બીટ ગાર્ડ બધા વાસ્તે ઝઘડ્યા કરતો ઉતો.. પોરીને પૈયણાવી તે ય તારી નાત બાર.. પછી ડુશ્મન વધે કે ન'ઈ?"

ડોક્ટરની વાત સાચી હતી. ખોટી રીતે ઝાડ કપાતા હોય કે જંગલની જમીનને ખેતીની જમીનમાં ભેળવી દેવાતી હોય તે બધા માટે રવિભાઈ લડ્યા છે. પછી સામે બીટમેન હોય કે ડી.એફ.ઓ. હોય કે આર.એફ.સી. હોય કે કોઈ ગામનો પાટીલ (સરપંચ) હોય! ન્યાય માટે રવિભાઈએ કદી કોઈને બક્ષ્યા નથી.

આ બધામાંથી કોણ હશે જે આ રીતે એમને હેરાન કરી શકે? અને કરે તો શા માટે? એ ગામ છોડીને જતાં રહે તે માટે? રવિભાઈના મનમાં અનેક સવાલ હતા 'ને હવે પહેલું કામ આ સવાલના જવાબ શોધવાનું કરવાનું હતું. આખરે એમણે પોતાનો પરિવાર અને સંસ્કૃતિને બચાવવાની છે.

ત્યાં જ ક્રિયા હાંફળી-ફાંફળી દોડતી સીધી ઘરમાં ઘસી આવી.

રવિભાઈ તથા સોનુબહેને સુખરૂપ

TOP FM
Jab Suno Top Suno
HAPPY DIWALI
TOPFM WISHES YOU
Junaghadh
Jamnagar
Bhavnagar
Godhra
Veraval
Porbandhar
Bharuch
Mehsana
Leh
Kargil
Poonch
BHaderwah
આસો વદ
NOVEMBER
૧૩
૪
મંગળવાર
topfmstation
WWW.TOPFM.IN

જોઈને એણે રાહતનો શ્વાસ લીધો. ક્રિયાના ચહેરાના ભાવ જોઈને રવિભાઈ અને ડોક્ટરની નજર મળી.

'કેમ ગભરાઈ ગઈ બુચ્ચુ? શું થયું?'

ક્રિયાએ જવાબ આપવાનું ટાળ્યું 'ને સીધી પોતાના રૂમમાં પુરાઈ ગઈ. એનો શ્વાસ હજુ જોરથી ચાલતો હતો. એ આખે આખી ભયથી ધ્રુજતી હતી. ગણેશે જે માહિતી આપી તે પરથી હવે કોઈ શક રહ્યો ન હતો. પટેલ આવી ગયો છે. મહેલ કેમ્પ સાઇટ એના ઘરથી માત્ર નવ કિલોમીટર દૂર છે. એટલે જ બે દિવસથી એના ઘરમાં ઊથલપાથલ થઈ રહી છે. તે એના કારણ હશે. બસ, હવે એક જ પ્રશ્ન છે. બાહાસ અને આયાને બચાવવા કેમ? પોતાનું જે થવાનું હોય તે થાય, પણ સમયની જેમ એ મા-બાપને તો એના હાથે મરવા જ નહીં દે.

'ક્રિયા...બુચ્ચુ...' આયા બૂમ પાડતી હતી, પણ ક્રિયાને બહાર જવાનું મન ન થયું. પહેલાં મનથી મજબૂત થવું પડશે. કાલે અને આજે બે દિવસથી એ ડરીને ઘરે આવી છે. એટલે આયાને તો નહીં પણ બાહાસને શક જશે.

'આયા થોડીવારમાં આવું...' એણે રૂમમાંથી જ જવાબ આપી દીધો.

ક્રિયાએ ઘણુ વિચાર્યું કે આ મુસીબતનો કેમ સામનો કરવો પણ એને કોઈ રસ્તો સૂઝતો ન હતો. બસ, એક રસ્તો દેખાતો હતો કે ગામ છોડીને જતાં રહેવું. ગમે તેમ કરીને બાહાસને મનાવી લેવા. છેવટે ન માને તો જબરજસ્તી કરવી, પણ આ એક જ ઉપાય છે. મનોમન આટલું નક્કી થયું પછી એનો જીવ હેઠો બેઠો. બાથરૂમમાં મોઢા પર પાણીની છાલક મારી એટલે ચહેરાની ચિંતા ધોવાઈ ગઈ. બસ, હવે બાહાસ કે આયાને ખબર નહીં પડે કે પોતે ડરી ગઈ છે. થોડીવારે ક્રિયા બહાર આવી.

'ગુડ મોર્નિંગ... કાકાસ..!' ક્રિયાનો તાજગીસભર ચહેરો જોઈને રવિભાઈ અને ડોક્ટરને આનંદ થયો. બંનેની નજર મળી કે આ મોકો સારો છે ક્રિયા સાથે વાત કરવાનો.

'બાહાસ..કેમ છે?'

'સારું છે બુચ્ચુ.. તારા કાકાસને મને સોય ઘોંચવામાં બહુ આનંદ મળે છે તે બાટલા ચડાવતો છે.'

રવિભાઈ અને ડૉ. રુસ્તમની હાજરીમાં ગણેશના સવાલનો જવાબ ક્રિયા આપી શકે તેમ ન હતી. એણે ગણેશ સામે ડોળા કાઢ્યા. ગણેશ સમજ્યો, ક્રિયા સાથે જે વાત થઈ તે અહીં નથી કહેવાની

ક્રિયા અને ડોક્ટર તે સાંભળી હસી પડ્યા. ત્યાં ગણેશ આવ્યો,

'રામ રામ..' એ બધાંને જોઈને બોલ્યો. સામે બધાંએ એને રામ રામ કહ્યું તેવો જ એ ક્રિયાને જોઈને બોલ્યો,

"મને જંગલમાં છોડીને કેમ નાસી ગઈ'તી?" રવિભાઈ અને ડો. રુસ્તમની હાજરીમાં ગણેશના સવાલનો જવાબ ક્રિયા આપી શકે તેમ ન હતી. એણે ગણેશ સામે ડોળા કાઢ્યા. ગણેશ સમજ્યો, ક્રિયા સાથે જે વાત થઈ તે અહીં નથી કહેવાની.

'આપણે થોડા દિવસ સુરત મામાને ત્યાં રહેવા જતાં રહીએ તો?' ક્રિયા બોલી એ સાથે જ બધાં એને જોઈ રહ્યા.

આ બધાંને પોતે ડરી ગઈ છે કે કંઈક છૂપાવે છે તેની શંકા ન જાય તે માટે એણે તરત ચોખવટ કરી,

'સમયના ગયા પછી મને લાગે છે આપણે ત્રણેયે જરા હવાફેર કરવાની જરૂર છે. સુરત રહીશું તો મને પણ ચેન્જ મળશે.' ક્રિયાએ ઇમોશનલ કાર્ડ રમીને એ લોકો બીજું ન વિચારે તેવી પેરવી કરી. બધાની નજર અસપરસ મળી.

'બુચ્ચુ..જરા નિશાળે બાળકો આઇવા કે ન'ઈ જોઈ આવ'ની! જરાક પાયા બોલવતા કરી આવ ને... ત્યાં સુધી અમે વિચારતાં છીએ.' સોનુબહેને સહજ હૈયાઉકલતથી ક્રિયાના પ્રસ્તાવ પર વિચાર કરવાનો સમય માગી લીધો. જેની ક્રિયાએ તરત ના પાડી દીધી.

'ના..મેં નહીં જવાની.' તેવો જ એને ખ્યાલ આવ્યો કે પોતે ઘર બહાર નહીં જાય તો આ ત્રણેય જણ પાછી ચિંતા કરશે. એમાં ય બાહાસને તો શક જવો જ ન જોઈએ. હવે ક્રિયાને ગયા વિના છૂટકો ન હતો. એણે ગણેશને ઇશારો કર્યો એટલે હવે ગણેશ એની સાથે બહાર આવ્યો,

'હું આવું ત્યાં સુધી તું અહીં જ રહેજે.'

રવિભાઈ, સોનુબહેન અને ડો. રુસ્તમને ક્રિયા બહાર જાય તે જ જોઈતું હતું. ક્રિયા ગઈ કે તરત ત્રણેયએ ગણેશની પૂછપરછ ચાલુ કરી.

'આજે સવારે શું થયું? કેમ ક્રિયા બૂમો પાડતી આવી? એ તો દૂધ ભરવા ગઈ હતી ને? ત્યાં તને ક્યાં મળી હતી?'

બધાંએ એકસાથે ઘણાબધા સવાલ પૂછી લીધા. ગણેશને જરા આશ્ચર્ય થયું.

'આ બધાંને થયું છે શું? હજુ તો થોડીવાર પહેલાં ક્રિયા આડાઅવળા સવાલ પૂછીને નસુ ખેંચતી હતી અને હવે આ ત્રણ ચાલુ થઈ ગયા.'

'મને જ ખબર નથી તો શું કે'વા?' ગણેશે ઉડાવ જવાબ આપ્યો તેવા જ રવિભાઈએ એને બળદને કોઈ પીઠ પર ઈજા કરી ગયું તે વાત કહી. કાલથી ઘરમાં વિચિત્ર બનાવ બને છે, તેથી ઘરની સાવચેતી રાખવી જરૂરી છે અને એટલે જ ગણેશને પૂછવામાં આવી રહ્યું છે કે સવારે શું થયું. રવિભાઈએ વિગતવાર વાત સમજાવી ત્યારે ગણેશના ભેજામાં પૂરી વાત ઊતરી.

'સવારે અમે નદી કિનારે ફરતાં હતાં તિયારે ક્રિયાએ પૂછ્યું'તું કે કેવા કેવા લોક જુપમાં આવે, તે મેં એને કહેતો ઉ'તો.. તેમાં તો એ બૂમો પાડતી ભાગી.'

ગણેશના જવાબથી ત્રણમાંથી એકપણને સંતોષ ન થયો. વારંવાર પૂછવા છતાં ગણેશ એક જ પ્રકારની રેકર્ડ વગાડતો હતો.

'આપણા ગામમાં કોઈ નવીન જણ દેખાય તો જાણ કરજે.. જા.. તને કામ હશે તો બોલાવવા!'

રવિભાઈએ એને રજા આપી દીધી.

ભાવસાર આયુર્વેદિક

Happy Diwali

બજરંગલેપ | **જય બજરંગ માલિશ તેલ** | **ખાખરાના મુળનો અર્ક (નેત્રબિંદુ)** | **બાલ સોગઠી**

ભાવસાર ફાર્માસ્યુટીકલ વર્કસ - વ્યારા, ગુજરાત **Customer Care: 02626 223705**

PROMSERVE BP/31121

'જાણે શું ડિઅરર' શ્વાસ રોકીને વિવાને પૂછ્યું.

'હું તને ક્યારની કોલ કરતી હતી, પણ તે ઉપાડ્યો નહીં. મને લાગ્યું કે તું કદાચ રૂમમાં નથી. તે લોબીમાં હતો?'

'વ્હોટ!' પોતે જે અનુભવ્યું એ જ વાત શૈલીના મુખેથી સાંભળી આશ્ચર્યથી વિવાનનું મોં પહોળું થઈ ગયું.

'વિવાન, તું સ્મોકિંગ નહોતો કરી રહ્યો ને? યુ પ્રોમિસ્ડ મી, રાઇટ?' શૈલીએ ચિંતા વ્યક્ત કરી.

'ઓફ કોર્સ ડાર્લિંગ, પણ મને અહીં બહુ વિચિત્ર ફીલ થાય છે.' વિવાનથી આખરે બોલાઈ ગયું.

'વિચિત્ર? શું વિચિત્ર?' શૈલી સમજી ન શકી.

'કંઈ નહીં પાછો આવું પછી કહીશ.' વિવાને શૈલીને પોતાની ચિંતાથી દૂર રાખવા વાત અધવચ્ચે જ સંકેલી લીધી.

'વિવાન, આર યુ ઓકે ન?' વિવાન જ્યાં હોય ત્યાં કુશળ હોય એવી ભાવનાથી પ્રેરાઈને શૈલીએ ફરી પૂછ્યું.

'એબ્સોલ્યુટલી, ડોન્ટ વરી. સેન્ડિંગ યુ પિક્સ ઓફ તવાન્ગ. તને ખૂબ ગમશે. કાલથી શિલોંગ ઇસ ઓન.'

વિવાને વાત પર પડદો પાડીને શૈલીને ચિંતામુક્ત કરી.

'કૂલ, બડી. મિસ યુ સો મચ.', શૈલીએ પણ આગળ પૂછવાનું ટાળ્યું.

'મિસ યુ ટૂ. ગુડનાઇટ, સ્વીટી', વિવાને અવાજમાં શક્ય તેટલી મીઠાશ લાવી શૈલીને વહાલથી ઊંઘાડી. કોલ કટ કરીને તેણે ઊંઘવાનો પ્રયત્ન કર્યો, પણ રૂમ નં.૪૦૪એ તેને ઊંઘવા ન દીધો.

●●●

બ્રહ્મપુત્રા અને સુરમા નદીઓની ગોદમાં આવેલું એક સુંદર શહેર એટલે શિલોંગ. ચોતરફ વૃક્ષોથી આચ્છાદિત પહાડો અને દૂર દૂર સુધી વિસ્તરેલાં વર્ષાવનો. સમસ્ત ભારતમાં જેની કાગના ડોળે રાહ જોવાય છે એ મેઘનું ઘર છે આ. હાલના સમયમાં મેઘાલયના પાટનગર તરીકે સ્થિત શિલોંગ એક સમયે સમગ્ર પૂર્વીય રાજ્યોની રાજધાનીનો દબદબો ધરાવતું હતું. કુદરતની નીડમાં સુરક્ષિત આ વિસ્તારનું ન તો હજુ વ્યાપારીકરણ થયું છે અને ન તો એ ધાર્મિક દંભથી અભડાયું છે. ભારતમાં આવાં સ્થળો જૂજ છે.

'યુ નો વોટ શૈલી, અહીં માતૃસંસ્થાને અનુસરતો સમાજ છે. ન સમજી ને? આઈ'લ એક્સપ્લેઇન, અહીં બધે જ સ્ત્રીઓનું વર્ચસ્વ છે. સ્ત્રીઓ કોઈ પણ કામ કરી શકે છે, વિના રોકટોક ક્યાંય પણ જઈ શકે છે. કોઈ પણ ક્ષેત્રે સ્ત્રીઓને બાકાત નથી રાખવામાં આવતી, ઈનફેક્ટ તેમનાથી જ બધું ચાલે છે. અહીં પુરુષો પોતાના નામે પ્રોપર્ટીઝ નથી રાખી શકતા. બાળકોનાં નામ પાછળ પણ તેની મમ્મીનું નામ લખાય છે. ઇઝન્ટ ઈટ સો ક્યૂટ!

વિવાનની નજર ફરતી ફરતી છેવાડે આવેલી બિલ્ડિંગ પર જઈ અટકી. એ બિલ્ડિંગમાં તેનો સ્યૂટ હતો. પોતાના રૂમની કાચની બંધ બારીમાં વિવાને બે પડછાયાને આકાર લેતા જોયા. એનો પિત્તો ગયો. 'યુ સ્કાઉન્ડરલ, આજે છોડીશ નહીં'

'ઘરની દીકરી જ વારસદાર ગણાય છે જે પોતાનાં માતાપિતાને સંભાળે છે. લગ્ન બાદ પુરુષ સ્ત્રીના ઘરે રહેવા જાય છે. કેન યુ બિલિવ ધિસ, હું તારા ઘરે હંમેશ માટે આવી જઉં, તું ઓફિસે જાય અને હું આખો દિવસ ઘરમાં બેસીને તારી રાહ જોઉં. મને રોજે તારા મમ્મીના હાથના પરાઠા ખાવા મળે. હા યાર, પરાઠા નહીં, થેપલા. મને ખબર છે કે તું મને ટોકીશ જ. સાચું કહું તો હું મિસ કરું છું તારા ટોકવાને પણ.

'અત્યારે હું ડાવકી નદીને કિનારે બેઠો છું. અહીંથી ઇન્ડિયાની સરહદ પુરી થઈને બાંગ્લાદેશની સરહદ શરૂ થાય છે. હું જે સીમારેખા પર બેઠો છું ત્યાંથી સામે પાર જવામાં કોઈ અંતરાય નજરે પડતો નથી છતાં એક કાચની દીવાલ છે જે ભેદી નથી શકાતી; રોકી રાખે છે; કેમેય બહાર નીકળી શકાતું નથી. અહીં નેટવર્ક વીક હોવાથી તને કોન્ટેક્ટ થઈ શકતો નથી. ક્યારેક તું બિઝી હોય છે. ખેર, સૂરજ ડૂબવાની તૈયારીમાં છે. અહીં દિવસ વહેલો આથમી જાય છે અને પછી શરૂ થાય છે અંધારી સફર... દરવાજા પછી દરવાજો..ફરી પાછો દરવાજો.. દરવાજો, જે ખૂલે છે બીજા દરવાજે... પણ અંદર જઈ શકાતું નથી...

'મિસિંગ યુ હેલ્પલેસ્લી, બાય હની, ટેક કેર.'

વિવાન ઓફ્લાઇન વીડિયો મેસેજ મૂકીને અસ્તાચળે ઝૂકી રહેલા સૂર્ય સામે જોઈ રહ્યો. ડ્રાઇવરના અવાજથી તેની તંદ્રા તૂટી.

'સા'બ જલ્દી ચલીયે. અભી બહોત દૂર જાના હૈ. દેર હો જાયેગી.'

'ડ્રાઇવર તુમ કોનસા સિમકાર્ડ રખતે હો?'

"ક્યા સા'બ?"

'કુછ નહીં, ચલો આ રહા હું.'

●●●

ડિનર પતાવીને વિવાન હોટેલના બિલ્ડિંગની બહાર ટહેલી રહ્યો હતો. ગાર્ડનમાં ગોઠવાયેલી ખુરશીઓમાં વિવાને બેઠક લીધી. હોટેલનું ઇન્ટીરિયર-એક્સટીરિયર ખૂબ જ ઉમદા હતું. હોટેલના કુલ ત્રણ બિલ્ડિંગ હતાં અને દરેકમાં ચાર માળ હતા. દરેક બિલ્ડિંગના ટોપ ફ્લોર પર સામસામા છેડે બે સ્યૂટ હતા. વિવાનની નજર ફરતી ફરતી છેવાડે આવેલી બિલ્ડિંગ પર જઈ અટકી. એ બિલ્ડિંગમાં તેનો સ્યૂટ હતો. પોતાના રૂમની કાચની બંધ બારીમાં વિવાને બે પડછાયાને આકાર લેતા જોયા. એનો પિત્તો ગયો.

"યુ સ્કાઉન્ડરલ, આજે છોડીશ નહીં. આઇ'લ કિલ યુ.", ગુસ્સામાં ભભૂકતો વિવાન રીતસર એ તરફ દોડ્યો.

ચોથા માળની લોબીમાં વિવાન ડાબી બાજુ પોતાના રૂમ તરફ આગળ વધ્યો. રૂમની બહાર લટકતું 'નો સ્મોકિંગ'નું બોર્ડ ગાયબ હતું. રૂમની અંદરથી વાતો કરવાના અવાજ આવતા હતા. એકથી વધારે પુરુષો અને એક સ્ત્રીનો અવાજ વિવાનના કાને પડતો હતો. દરવાજાની બહાર એ જ 'ડુ નોટ ડિસ્ટર્બ'નું કાર્ડ ઝૂલી રહ્યું હતું. વિવાને

An ISO 9001: 2015 Certified Company

નવદીપ

આટા માસ્ટર

એક નારી માટે, બીજી નારી તરફથી

ખુશીઓના દીપ લાવે
સ્વાસ્થ્ય અને સમૃધ્ધિ
નવદીપ પાઠવે શુભદિપાવલી.

- 100% કોપર વાઈન્ડીંગ પાવર સેવર મોટર
- અધિકૃત ISO 9001:2015 કંપની
- સ્ટેનલેસ સ્ટીલ જાળીનો સેટ
- હેવી ડ્યૂટી કોર્ડ વાયર
- હેવી ડ્યૂટી સેફ્ટી ડોર લોક
- હેવી ડ્યૂટી ડાઈ કાસ્ટ ચેમ્બર સેટ
- બાજરી/જુવાર દળવાની વિશેષ સુવિધા
- તમામ ગુણવત્તા પરીક્ષણ પ્રમાણિત
- ઉંદરો થી સુરક્ષિત રાખવાની ધાતુની જાળી

વર્ષોથી એકધારી ગુણવત્તાને કારણે નવદીપ ઘરઘંટી બની છે હજારો પરિવારોનો વિશ્વાસ.

Customer Care No- 8905799279 - www.navdeepattamaster.com

દરવાજો ખોલ્યો. એ સાથે તે રૂમ નં.૪૦૩ પાસે પહોંચી ગયો. આજે વિવાન માનસિક રીતે તૈયાર હતો. આઘાત પામ્યા વિના તે પોતાના રૂમ તરફ આગળ વધ્યો. સૌપ્રથમ તેણે 'ડુ નોટ ડિસ્ટર્બ'નું કાર્ડ ફાડી નાખ્યું. કાર્ડ ફાડવાની સાથે જ રૂમની અંદરથી આવતો અવાજ હોલવાઈ ગયો. બિલકુલ ડર્યા વિના હિંમત દાખવી વિવાને તુરંત રૂમનો દરવાજો ખોલી નાખ્યો. સિગારેટની એ જ તીવ્ર ગંધ તેને વીંટળાઈ વળી. અંદર બેઠેલા લોકોને રંગે હાથ પકડવાના ઇરાદાથી વિવાન રૂમના ખૂણેખૂણાને ઝીણવટથી તપાસવા લાગ્યો. ટેબલ પર એક એશટ્રેમાં તાજી સળગાવેલી ચાર સિગારેટ પડી હતી. એક સિગારેટ પર લિપસ્ટિકનાં નિશાન હતાં. વિવાન એને હાથમાં લેવા જાય ત્યાં જ રૂમનો દરવાજો બંધ થઈ ગયો. દરવાજો ખોલવાના અસંખ્ય પ્રયત્નો કર્યા પણ નિરર્થક...દરવાજો ખૂલ્યો જ નહીં.

રૂમમાં સન્નાટાની ભીંસ વધતી ચાલી. વાતાવરણમાં એક બોઝિલ નીરવતા અનુભવાતી હતી. કાળા રંગથી પણ કાળો ઓછાયો સમગ્ર વાતાવરણને ઢાંકી રહ્યો હતો. પ્રકાશનું છેલ્લું કિરણ પણ જાણે વિદાય લઈ ચૂક્યું હોય એવી આ શૂન્યતા વિવાનને ભરડો લઈ રહી હતી. કોઈ અદ્રશ્ય તત્ત્વ અંધકારનો પડદો પહેરી જાણે વિવાનના શ્વાસ રૂંધી રહ્યું હતું. ચોતરફ અંધકારમાં ડૂબેલા વિવાને નિ:સહાય બની ખૂબ ફાંફાં માર્યાં. ટેલિફોન હાથમાં આવતાં રિસેપ્શન પર ફોન જોડ્યો. લાઇન હાઉસકિપિંગમાં ડાઇવર્ટ થઈ.

'હલો, હું ૪૦૪માંથી બોલું છું. મ..મ.. મારા રૂમનો ડોર લોક થઈ ગયો છે.' વિવાને હાંફતા અને આજીજીભર્યા સ્વરે કહ્યું.

'ચિંતા ન કરો સર. હું આપની મદદ કરું છું. મને આપની બુકિંગ ડિટેલ્સ આપશો પ્લીઝ?' સાવ ઠંડા અને યાંત્રિક અવાજે પડઘો પડ્યો.

'વોટ ધ હેલ. હું અહીં ફસાઈ ગયો છું, ડેમ ઈટ. મારે કોઈ પણ કિંમતે અહીંથી નીકળવું છે.' વિવાન ભયમિશ્રિત ગુસ્સાથી થથરી રહ્યો હતો.

'ચિંતા ન કરો સર. હું આપની મદદ માટે જ અહીં છું.', ટાઢીબોળ સ્વસ્થતાએ ફરી પડઘો પાડ્યો.

'જલ્દી, પ્લીઝ જલ્દી..' પોતાને આટલો લાચાર બનતો જોઈ વિવાનની હિમ્મત હવે જવાબ દઈ રહી હતી.

'ચિંતા ન કરો સર. અમે ચોવીસ કલાક આપની સેવામાં હાજર છીએ.' એક અવાજમાં બીજો અવાજ ઉમેરાયો.

'ત.ત.તું. તમે કોણ છો?'

'ચિંતા ન કરો સર. હું આપને ગાઇડ કરું છું. આપના બેડની ડાબી બાજુની દીવાલે એક કબાટ છે.'

'અહીં..અહીં.. ખૂબ અંધારું છે.'

'ચિંતા ન કરો સર. હું આપની મદદ કરું છું. આપના બેડથી બરાબર પાંચ ડગલાં

'સર, સિગારેટ સળગાવો, સર; તેઓ આપની રાહ જોઈ રહ્યા છે.' 'તેઓ..તેઓ...કોણ તેઓ?' વિવાને ડરતાં ડરતાં લાઇટર સળગાવ્યું. તેણે જોયું કે તેની લગોલગ ચાર અર્ધબળેલા ચહેરા તેની સામે કીકી વગરની આંખો ફાડીને ઊભા હતા

ભરતાં આપ કબાટ સુધી પહોંચી જશો.'

'હા, હા હવે?'

'કબાટમાં એક ચાવી લટકે છે. તેનાથી કબાટનું લોકર ખોલશો પ્લીઝ, સર.'

'હા ખોલ્યું, હવે?'

'સર અંદર મૂકેલી વસ્તુઓને બહાર કાઢો.'

'આ આ શું સિગારેટનું અડધું પેકેટ અને લાઇટર!'

'ચિંતા ન કરો સર. હું આપની મદદ કરું છું. તેઓ આપની રાહ જોઈ રહ્યા છે.'

'તેઓ? કોણ તેઓ? અને આ પેકેટ થોડું બળેલું કેમ છે?'

'સર, સિગારેટ સળગાવો, સર; તેઓ આપની રાહ જોઈ રહ્યા છે.'

'તેઓ..તેઓ...કોણ તેઓ?' વિવાને ડરતાં ડરતાં લાઇટર સળગાવ્યું.

તેણે જોયું કે તેની લગોલગ ચાર અર્ધબળેલા ચહેરા તેની સામે કીકી વગરની આંખો ફાડીને ઊભા હતા.

'શશશ...ડુ નોટ ડિસ્ટર્બ ધેમ.. તેઓને નારાજ ન કરશો. તેઓ ગુસ્સે થઈ જશે. આજથી ચાર વર્ષ પહેલાં આ જ રૂમમાં ત્રણ મિત્રો એક ધંધાદારી સ્ત્રીને લઈને આવેલા. તેઓ સ્મોકિંગના ખૂબ શોખીન હતા. દારૂ અને સિગારેટની મહેફિલ બરાબર જામી હતી, પણ અચાનક જ પેલી સ્ત્રી માટે એ ત્રણેયમાં તકરાર થઈ. તકરારે ઝઘડાનું સ્વરૂપ લીધું. જ્યારે વાત વણસી ગઈ ત્યારે તેમની વચ્ચે મારામારી ચાલુ થઈ ગઈ. અકસ્માતે આગનું રૂપ લીધું અને નશામાં ભાન ભૂલેલા ચારેય જીવતા બળી મર્યા.'

'ત.ત.તું મને ડરાવે છે?'

'જાણો છો સર, તેઓ આજે પણ ભાનમાં નથી આવ્યા. તેઓ નથી જાણતા કે તેઓ મરી ચૂક્યા છે. એન્જોય ધ પાર્ટી, હેવ અ નાઇસ સ્ટે, સર.'

●●●

'યસ મે'મ, વોટ કેન આઈ ડુ ફોર યુ?'

'હું મારા હસબન્ડ વિવાન માટે અહીં આવી છું. છેલ્લા એક વીકથી તેમનો કોઈ કોન્ટેક્ટ નથી થઈ રહ્યો. મારી પાસે જે ડિટેઇલ્સ છે એ પ્રમાણે એમણે અહીં બુકિંગ કરાવેલું.'

'યુ આર રાઇટ મેમ, પણ કેટલાક ટેક્નિકલ ઇસ્યૂઝના કારણે ઓવરબુકિંગ થઈ ગયું હતું જેથી અમે તેમને રૂમ આપી શક્યા ન હતા.'

'વિવાન અહીંથી બીજી કોઈ હોટેલ પર ગયા હોય તો એ વિશે તમે કઈ જણાવી શકો?'

'આઈ એમ એક્સટ્રિમલી સોરી મેમ, એ વિશે મને કોઈ જાણ નથી.'

'ઓહ!'

'મેમ દિવસ આથમી ગયો છે, અહીં રાત જરા વહેલી જ પડી જાય છે. આવા સમયે આપ બીજે ક્યાં જશો? ઇફ યુ ડોન્ટ માઇન્ડ હું આપની વ્યવસ્થા અમારી હોટેલમાં કરી શકું છું.'

'યાહ, સો કાઇન્ડ ઓફ યુ! એક્ચુલી થેન્ક્સ.'

'રામસિંહ...' ■

This Diwali, gift grandeur to your family.

Become a member of Club Babylon today.

CLUB BABYLON
THE PHENOMENA

Turn your festive mode ON with the best Diwali gift you could ever give to your family. Lifelong celebration of joy awaits you amidst the lavishness at Club Babylon.

You Desire. We Deliver.

Club Babylon Road, S.P. Ring Road, Near Science City Circle, Bhadaj, Ahmedabad, Gujarat - 380 060 | +91 92777 70000
clubbabylonindia | club_babylon_official | info@clubbabylon.in

marshmallow

ઓછાયો

કલાકેક પછી પીરબાબાના થાનકે પહોંચ્યા પછી બાબાએ વિધિ શરૂ કરી. હજુ લોબાન પેટાવે ત્યાં તો આભાસ ઊભો થઈ ગયો. આશ્ચર્યથી સાત્વીએ પૂછ્યું, "કેમ ઊભા થઈ ગયા? વિધિ પૂરી કરો 'ને... જોતા નથી, શેતાને આજે પણ તમને કેવી મુશ્કેલીમાં મૂક્યા? કેવું ભૂત ભરાયેલું? છરી દંડૂકાવાળા ચાર ચાર ગુંડા 'ને તમે એકલા. ગાંડપણમાં ક્યાંક મરી ગયા હોત..."

આભાસને હવે પસ્તાવો થતો હતો 'ને થોડો ગભરાટ પણ... એનામાં અચાનક આ ફેરફાર... સાત્વી સાચું જ કહેતી હતી. એ કબ્રસ્તાનવાળા રસ્તે આવવા જેવું જ નહોતું. આ બધું તોફાન ગઈ પૂનમ પછીનું જ હતું ને? તે દિવસે. દિવસે નહીં તે રાત્રે - ખાસા બાર સાડાબાર વાગ્યા પછી કામ પતાવીને ઘરે આવવા નીકળેલો મેઇન રોડ પરથી આવે તો પૂરો એક કલાક થાય એવું હતું એટલે કબ્રસ્તાનવાળા રસ્તેથી આવેલો. આમ તો એ કંઈ ભૂત-જીન-પલિતમાં માનતો ન હતો. કદાચ હજુ ય માનતો નથી, પણ તે જ દિવસથી બધી રામાયણ શરૂ થઈ ગઈ હતી. રાત્રે ઘરે પહોંચ્યો ત્યારે સાત્વી અને બાળકો પલક અને પ્રીતિ ઊંઘી ગયા હતા. ક્યાં સુધી બેલ માર્યો 'ને સાત્વીએ અડધી ઊંઘમાં બારણું ખોલ્યું 'ને તરત પાછી એના રૂમ તરફ જવા માંડી 'ને હજુ તો પલંગમાં પડતું મૂકે ત્યાં જ...

ડો. સ્વાતિ **નાયક**

ત્યારે પહેલી વખત એ અનુભવ થયેલો. આભાસ સામાન્ય રીતે બહુ મોડું થાય ત્યારે જમવાનું માંડી વાળતો. ફ્રીજમાંથી દૂધ કાઢીને પી લેતો 'ને સૂઈ જતો, પણ તે રાત્રે... કોઈ ઓછાયો અડી ગયો જાણે... જાણે એના શરીરમાં કોઈ બીજું પ્રવેશી ગયું હોય તેમ અંદર ખળભળાટ થવા લાગ્યો. મગજની નસો ખેંચાવા લાગેલી. ડીમ લાઇટના પીળા પ્રકાશમાં જાણે કોઈ આભાસના શરીરમાંથી નીકળીને એના ઉપર જ સવાર થવા લાગેલું 'ને એણે ત્રાડ પાડેલી. "આમ પીધેલા જેવી ચાલવા માંડી તે કાંઈ ભાન-બાન છે કે નહીં? આ તારો વર ભૂખો તરસ્યો ઊભો છે 'ને તું ચાલવા માંડી ઘોરવા?, આખો દા'ડો ઊંઘે છે તે ઓછું પડે છે? ચાલ, ખાવાનું લાવ. 'ને શાક-દાળ ગરમ કરજે પાછી. તારા જેવા ટાઢા ન પીરસતી."

અચાનક વીજળીનો ઝાટકો લાગ્યો હોય તેમ સાત્વી પહોળી આંખે વિસ્મયથી આભાસને જોવા લાગેલી. કોઈ દિવસ ઊંચા અવાજે આભાસને બોલતા સાંભળેલો નહીં. આંખ ઊંચી માંડીને જોતા ય જોયેલો નહીં. અરે, દિવસે ય જમવાનું હોય ત્યારે ઉતાવળ હોય તો થાળી જાતે લઈને જાતે પીરસી લે 'ને ચૂપચાપ જે હોય તે ખાઈ લે. લગ્નના વીસ વીસ વરસ આમ જ શાંતિથી નીકળી ગયા 'ને આજે? આ આભાસને અચાનક વળી શું ભૂત ભરાયું તે?

ભૂત જ ભરાયું હશે. આવડી મોટી ત્રાડ તો વીસ વરસમાં ક્યારેય નહોતી પાડી. એ સાંભળીને બાળકો ય દોડી આવેલાં. સફાળા જાગીને 'ને આભાસ એમના ઉપર પણ ખીજવાઈ ગયેલો. "ચૂપચાપ ઊંઘો. આખો દા'ડો તો રમી રમીને થાકતા નથી? રાત પડે ને દી' ઉગાડો છો તે..."

સટાસટ દોડીને બંને રજાઈમાં ભરાઈ ગયેલા 'ને સફાળી દોડી સાત્વીએ દાળ-શાક ગરમ કરીને થાળી કરી દીધેલી. પીરસતી વખતે જરાક નજીક જઈને તપાસી ય જોયું : ક્યાંક છાંટો પાણી? પણ એવા કોઈ ચિહ્ન દેખાતાં ન હતાં. એ બબડીય ખરી, 'કોણ જાણે આજે શું ભૂત ભરાયું છે?'

ખરેખર કોઈ ભૂત ભરાયું હશે? હવે આજે બે ત્રણ મહિના પછી આભાસને વિચાર આવતો હતો, કારણ કે ત્યારનું એનામાં અજબનું પરિવર્તન આવ્યું હતું. કોઈ પણ પરિસ્થિતિમાં કોઈ નવી ઘટના બને કે તરત એનામાં તો બીજો આભાસ જાણે ઝબકીને જાગતો 'ને એ ન બોલવાનું બોલી નાંખતો. ન કરવાનું વર્તન આચરી બેસતો. સદ્‌વર્તનને મીઠી ભાષાના કવચ ઉતરડાઈ જતા 'ને એ જાણે ચામડી કે આવરણ વગરનો વરવો પ્રગટ થતો. સાચો આભાસ કોણ 'ને ખોટો કોણ એ સમજવું

WELSPUN

Air purifying bed sheets.

SPACES®

FABRIC OF HAPPY HOMES

BREATHE EASY. SLEEP HAPPY.

Pure Air TECHNOLOGY

વધુ માહિતી અને ઓફર્સ માટે આજેજ મુલાકાત કરો:

વેલસ્પન ફેક્ટરી આઉટલેટ, વેલસ્પન સિટી અંજાર, કચ્છ, ગુજરાત.

પૂછપરછ માટે કૉલ કરો: 0283 - 6661205

Visit us at: www.spaces.in

*DISCLAIMER:**Co2pure Bed-linen are tested by the University of Alicante's TechnicalResearch Services (SSTTI), Spain for adsorption measurement of CO2. Tested forAnti-Microbial (AATCC 100) by Intertek India Pvt. Ltd, lab, India. Results mightvary due to dierent environment condition, washing pattern and usages.Ective up to first 30 washes. Co2pure is the Trademark of Primlab Global S.L

આભાસ માટે સહેલું નહોતું, કારણ કે જે વર્તન એ અજાણતા કરતો એમાંનું કેટલુંક એને ખરેખર કરવું હોય એવું ય હતું.

ઓફિસની જ વાત... મિસ રીના લટક મટક કરતી ફાઇલો લઈને આવી 'ને કહેવા લાગી, 'આ ટેન્ડરમાં કંઈ સમજ પડતી નથી. સમજાવો ને...' અને આભાસ સમજાવે ન સમજાવે ત્યાં વળી કહેવા લાગી. 'પ્લીઝ, તમે જ ભરી દો ને, મારાથી તમારા જેવું ક્યાં થાય છે? ત્યારે સડાક દઈને પાછો પેલો અંદરનો આભાસ જાગ્યો 'ને સંભળાવી દીધું : "મિસ રીના, તમે કેટરીના નથી, ક્લાર્ક છો. મેકઅપ 'ને લટકા પર ઓછું અને કામમાં વધારે ધ્યાન આપો, આવડી જશે. આપણે બધા જ અહીં કામ કરવા આવીએ છીએ 'ને એ ન આવડે તો રાજીનામું આપી ઘર સંભાળો."

ઓફિસમાં તો ટાંકણી પડે 'ને ગૂંજે એવી સન્નાટાયેલી શાંતિ પ્રસરી ગઈ. જેની સાથે એકાદ બે વાક્યની આપ-લે થાય તો પોતાને લોકો ધન્ય માને એ રીના સામે ચાલીને આભાસ પાસે આવી 'ને આભાસે આટલું અપમાન કર્યું? બે ચાર ખુશામતિયા છાને છપને એની વિખરાયેલી પ્રતિષ્ઠાનો કચરો સમેટી આપવામાં લાગી ગયેલા, પણ મિસ રીના તો માથું સખત દુઃખે છે, કહીને અડધી રજા મૂકી સીધી ઘરે. કાલથી ક્યાં તો શીખીને આવશે ક્યાં તો રાજીનામું આપશે. બે ચાર સીધા માણસ બોલ્યાય ખરા: 'ચાલો, કોઈ તો નીકળ્યું આને સીધી કરવાવાળું.'

પણ આભાસ!!! એ તો પછી પાણીથી પાતળો થઈ ગયો. આમ કેમ થતું હશે? એના સાલસ, ભીરુ સ્વભાવમાં અચાનક આવા શિંગડાં કેમ કરીને ઊગ્યાં હશે? બાકી એ તો સાવ પોચકો બાયલો કહી શકાય એવો નરમ... લોકો હાલતા 'ને ચાલતા એને ખખડાવી નાંખતા. વાંક હોય કે ન હોય 'ને પાછા બોસના ગુસ્સાનું તો જાણે આભાસ એકમાત્ર ઠેકાણું. ગમે ત્યાંથી ગમે તેના પર ગુસ્સે થયા હોય, આભાસને જ કેબિનમાં બોલાવી ખખડાવી નાંખે, કારણ કે આભાસ બધું સાચું ખોટું ચૂપચાપ સાંભળી લે અને એ પણ કશાય વિરોધ કે બચાવ કર્યા વગર અને બધો ગુસ્સો ઠલવાઈ જાય 'ને બોસ ખાલી, હળવાફુલ થઈ જાય ત્યારે પાછા કહે ય ખરા: "આભાસ, થોડું વધારે બોલાઈ ગયું નહીં? શું કરું? કામ એટલું વધારે છે 'ને બધા આળસુના પીર. ગુસ્સો નહીં કરું તો શું કરું?"

પણ તે દિવસે તો બોસ પણ હડફેટે ચડી ગયા. 'બધા આળસુના પીર હોય તો બધાને બોલાવીને ખખડાવો - સીધા કરો. કોઈ આગળ નથી બોલાતું તેમાં મારો કંઈ વાંક? આમ કારણ વગર હડકાયા થઈ મને જ કરડવા દોડો છો તે? કહેતા હો તો હું ખખડાવું બધાને. મને ખબર છે કોણ કયું

આજુબાજુવાળા સાત્વીને ખાનગીમાં કહેતા, 'આભાસભાઈ જે શોર્ટકટથી ઘરે આવે છે ત્યાં કબ્રસ્તાન છે. રાતવરાત આવતા કોક જીન્નાત કે કોઈ ભૂત... તું સમજ... વળગાડ કહેવાય આને. આ ગાંડપણ નથી

કામ નથી કરતું તે.'

અને મોટેથી બોસની સામે આખા સ્ટાફની ખામી ગણાવીને પૂછતો ગયો. 'આ પટેલ અડધા કલાકની રિસેસ દોઢ કલાક ભોગવે છે, કપૂરને અંગ્રેજી આવડતું જ નથી અને ટાઇપિંગમાં હજાર ભૂલ કરે છે. શર્મા પોતાનું કામ રખડતું મૂકી રીના અને ગીતાબેનને મદદ કરે છે. બોલો કોને ખખડાવું?'

એ બહાર નીકળ્યો ત્યારે બધા એકીટશે કેબિનના ખૂલતાં બારણાં સામે જોઈ રહેલા તે આભાસને જોઈને તરત પોતપોતાના કામે વળગી ગયેલા.

જોકે તે દિવસથી જાણે ઓફિસની દુનિયા જ બદલાઈ ગયેલી. બધા આભાસ આવે એટલે બોસ આવ્યા હોય તેમ કામે લાગી જતા 'ને બોસ કંઈ કામ હોય તો જાતે એના ટેબલ સુધી આવી જતા.

ઘર... ઓફિસ... આભાસની આખી દુનિયા જાણે નવી હતી. કશું ય પહેલાં જેવું નહોતું. બાળકો ય અમસ્તા જરા ડરવા લાગ્યા હતા, પણ એમાં હવે શું થાય એવું નથી. જાણે આભાસ આભાસના જ કાબૂમાં નથી. આભાસ આભાસના જ શરીરમાં નથી. વખતો વખત કોઈક બીજું આભાસના શરીરનો, મનોમસ્તિષ્કનો કબજો લઈ લે છે. કોઈ પણ સમયે સ્થળ કાળના સાનભાન વગર અને બધું આંખ મીંચો 'ને ઉઘાડો એટલામાં પૂરું થઈ જાય છે.

સાત્વી પણ શંકાથી આભાસને જોવા લાગી હતી. શાંત, હળવા મૂડમાં હોય ત્યારે ઘણી વખત કહેતી, આભાસ, તમે કેમ આટલા બદલાઈ જાવ છો? શું હવે હું તમને ગમતી નથી? પહેલા તો બિલકુલ શાંત સ્વભાવ હતો તમારો. અકળામણ થઈ જાય એવો શાંત. બસ, અમારી મરજી સાચવતા તમે. 'ને હવે? હવે માવઠાની જેમ અચાનક તમારા મગજ પર ગુસ્સાનાં વાદળ છવાઈ જાય છે અને તમે ગમે ત્યાં વરસી પડો છો. આપણે કોઈ ડોક્ટરને પૂછી જોઈએ.

પણ ડોક્ટરને પૂછવું ય શું? ગુસ્સો આવે એવી પરિસ્થિતિમાં કેમ ગુસ્સો આવે છે એમ? કે પછી ઉંમર સાથે સ્વભાવ પણ શું કામ બદલાયો એમ?

આજુબાજુવાળા સાત્વીને ખાનગીમાં કહેતા, 'આભાસભાઈ જે શોર્ટકટથી ઘરે આવે છે ત્યાં કબ્રસ્તાન છે. રાતવરાત આવતા કોક જીન્નાત કે કોઈ ભૂત... તું સમજ... વળગાડ કહેવાય આને. આ ગાંડપણ નથી. ગાંડા માણસ તો અમસ્તાય રોજ ગાંડા કાઢે... આ તો કોઈક જ વખત, 'ને ત્યારે કેટલી તાકાત આવી જાય છે. એમનામાં? તું જોતી નથી? આટલાં વર્ષોમાં ઊંચો અવાજ નો'તા કરતા તે કેવું બરાડા પાડીને બોલે છે તે..?'

સાત્વી જેમ ગભરાતી તેમ વધારે 'ને વધારે ઉત્સાહથી લોકો મંડી પડતા 'ને સાત્વી પાછી બધી વાત આભાસને કહી દેતી એટલે હવે આભાસને પણ લાગવા માંડ્યું હતું કે માન ન માન, આ બધું જ્યારથી રાત્રે કબ્રસ્તાન આગળથી પસાર થયો ત્યાર પછીનું જ છે. તે જ દિવસથી આ બધી મોકાણ શરૂ થઈ છે. કદાચ માનવામાં ન આવે એવી વાત સાચી પણ હોય. વખતોવખત કોઈ ભૂત મારા શરીરમાં પ્રવેશી જતું હોય 'ને ઉત્પાત મચાવતું હોય,

PURE UNIVERSE
The Institute Of Perfection

આપે જન્મ-રાશિ પ્રમાણેના આપના નવા વર્ષના ફળકથનનો અભ્યાસ કર્યો જ હશે, અમે જણાવીશું તમારા જન્મ-સમયના નક્ષત્રોને આધીન તમારું આવનારું ૨૦૨૨નું વર્ષ શું લઈને આવે છે અને એ પણ મહર્ષિ પારાશરની કલમે.



ઈશ્વર પછી જો કોઈ તમારું ભવિષ્ય જાણતું હોય
તો તે છે મહર્ષિ પારાશર.

મહર્ષિ પારાશર ગુરુ વશિષ્ઠ ઋષિના પૌત્ર અને મહાભારતના રચયિતા ઋષિ વેદ વ્યાસના પિતા હતા જેમણે માનવ કલ્યાણ માટે હજારો વર્ષ પહેલાં 'બૃહત પારાશર હોરા શાસ્ત્ર'ની રચના કરી હતી, જેથી તેમને વૈદિક જ્યોતિષ શાસ્ત્રના પિતા પણ કહેવામાં આવે છે.

નવા વર્ષ ૨૦૨૨માં...

- કયો સમયગાળો મારા માટે શ્રેષ્ઠ રહેશે?
- મારે કઈ-કઈ બાબતોનું ધ્યાન રાખવાનું છે?
- આર્થિક પ્રગતિ માટે કયા પગલાં ભરવા પડશે?
- ધંધાકીય ક્ષેત્રે કેવા પરિણામ મળી શકે?
- નવા સાહસ માટેનો યોગ્ય સમય કયો છે?
- વિદેશ પ્રવાસનો યોગ છે? છે તો ક્યારે?

આ ઉપરાંત પણ અનેક બાબતો જાણવા મળશે MY NEXT YEAR 2022 REPORTમાં.

કેવી રીતે આપનો રિપોર્ટ મળશે તે જાણવા માટે આપેલ QR CODE સ્કેન કરો
અથવા **www.pureuniverse.in** પર મુલાકાત લો.

MY NEXT YEAR 2022	૧૫ નવેમ્બર સુધીની ઓફર
વાર્ષિક ફળકથન - ₹૯૯૯/-	વાર્ષિક ફળકથન માત્ર ₹૩૯૯/-
ત્રિમાસિક ફળકથન - ₹૩૩૩/-	ત્રિમાસિક ફળકથન માત્ર ₹૧૧૧/-

બ્લોક-એ, ૬૦૨-૬૦૩, શિલ્પ આરોન, 'અરમેડા' સામે, સિન્ધુભવન રોડ, બોડકદેવ, અમદાવાદ-૩૮૦૦૫૪

ટોલ ફ્રી : 1800 202 2002 M. : +91 90335 79979/80

#MN1021

મારે માટે અશક્ય હોય એ બધું જ કરાવતું હોય. ગુસ્સો, ઝઘડો... તો શું આ અંધશ્રદ્ધા નહીં 'ને સાચું હશે? જાણે પોતાનાથી જ અપરિચિત થવાની વાત હતી આ.

સાત્વીએ ડરતાં ડરતાં વાત કાઢી, 'હું પીરબાબાને પૂછી આવી છું. એમને પણ એવું જ લાગે છે કે કોઈ રૂહ તમારો કબજો કરે છે. તમારા જીવનું જોખમ છે. તમે એકવાર એમને પૂછી જોશો? મળવા આવશો?' એ રડવા લાગી એટલે આભાસ પીગળ્યો...

પીરબાબા એટલે ભયાનક વ્યક્તિત્વ ... કાળો ચહેરો, લાંબી સફેદ દાઢી, મોટી સુરમો પાયેલી આંખો, કાળો ઝભ્ભો 'ને હાથમાં મોરપીંછનો ઝૂમખો. એમને જોતાવેંત જ આભાસથી બોલાઈ ગયું, 'આને જોઈને તો કોઈ પણ ભાગી જાય. આ..આ તો પોતે જ ભૂત જેવો છે.' બાબાએ ડોળા કાઢી ધૂણીમાં ધુમાડાનું પ્રમાણ વધાર્યું. વધારે લોબાન નાંખ્યો, ધુમાડો ઘેરાયો. એના તણખાની આછી તેજ છાયામાં કશુંક ભાળી ગયા હોય તેમ બરાડ્યા. 'અબે શેતાન, અબ તું યહાં ભી આ ગયા?'

અને સાત્વીના હાથમાં લિસ્ટ પકડાવતા બોલ્યા, 'બહુત ખતરનાક રૂહને કબજા કર લીયા હૈ, જુમ્મે કો ઇસમે જો લીખા વો લે કર આના પડેગા. એક દો ઘંટા લગેગા ઉતારને મે. અગલે જુમ્મે કો આ જાઓ.'

આભાસે હસતા હસતા સાત્વીને કહ્યું, 'જાણે આપણે તો કામ ધંધો જ નહીં હોય. પૂછતાય નથી કે સમય છે કે નહીં?, એ બાબા, પહેલે બતાઓ, કિતના ચાર્જ કરોગે?'

પેલો આશ્ચર્યથી જોતો જ રહ્યો. સાત્વીએ કહ્યું, 'બાબા કિતના ખર્ચા હોગા?' બાબાએ કહ્યું, 'પાંચ હજાર મે હો જાયેગા શાયદ, દેખા કેસા બદ ચદ કે બોલ રહા હૈ શેતાન? સબ ઠીક કર દુંગા..'

સાત્વી માંડ આભાસને ચૂપ રાખીને ઘરે લઈ ગઈ. રડી, કકળી, કાલાવાલા કરીને કહેવા લાગી, 'આ એક વખત માની જાવ ને, જુઓ તો કેવા થઈ ગયા છો? તમારા વગર અમારું શું થશે?'

આખરે આભાસે સાત્વીને ખાતર શુક્રવારે રજા લેવી પડી. બધો સામાન લઈને સ્કૂટર પર જવા નીકળ્યા. રસ્તો થોડો સૂમસામ હતો. અડધે પહોંચ્યા ત્યાં એક છોકરીની ચીસ સંભળાઈ. આભાસે સ્કૂટર ઊભું રાખ્યું. સાત્વીને નવાઈ લાગી. સામાન્ય રીતે આવા એકાંત રસ્તે આભાસ ઝડપથી સ્કૂટર ભગાવી મૂકતો. વચ્ચે ગમે તે મળે, અટકતો નહીં. તેને બદલે આભાસે બૂમ પાડી, 'કોણ છે?' ત્યાં સળવળાટ થયો 'ને બે બદમાશ બહાર આવ્યા. ગંદું હસીને કહેવા લાગ્યા, 'અમે, બોલ કામ છે તારે? આ તારી બૈરીને મૂકી જવી છે? મરવું છે..? ચલ નિકલ લે.'

મક્કમ નિશ્ચય સાથે આભાસે કહ્યું, 'નથી કરવી પૂજા, નથી ઉતારવું ભૂત, શેતાન કે જીન્નાત જે છે એ બધું બરાબર છે. ચાલ સીધી સીધી ઘરે નહીં તો આ બાબાની સેવા કરતી પડી રહે.' અને બાબાને જોઈ બોલ્યો, 'ઢોંગ મૂકીને કામ કર નાલાયક'

ઝાડીમાં ડૂસકાં 'ને ચીસ સંભળાતી હતી. 'બચાવી લો ભાઈ મારા વીરા તમને પગે પડું. બચાવી લો...'

એટલામાં પેલા બદમાશે છરી કાઢીને કહ્યું, 'બે મિનિટમાં ભાગ નહીં તો તારી ખેર નથી.' સાત્વી ગભરાઈને કહેવા લાગી, 'ચાલો ને, આપણે આ લફડામાં પડવું જ નથી. આ લોકો બદમાશ છે. જલદી ચાલો.'

પણ આભાસે તો નિરાંતે સ્કૂટર સ્ટેન્ડ પર ચઢાવ્યું 'ને એ લોકો તરફ જવા લાગ્યો. બીજાએ ડાંગ હાથમાં લીધી. ઝાડીમાંથી બીજા બે પણ નીકળ્યાને પેલી છોકરી પણ ઓઢણી વીંટાળતી ધ્રુજતી ધ્રુજતી બહાર નીકળી. આભાસે એને કહ્યું, 'તું ભાગ.' પણ એ છોકરી ત્યાં જ ઊભી રહી ગઈ. ચારે જણા આભાસની ફરતે ગોઠવાય ત્યાં તો આભાસે ગાંડાની જેમ જમીન પર આળોટીને ધૂળના મૂઠે મૂઠા ફેંકવા માંડ્યા 'ને મોટે મોટેથી બૂમો પાડવા માંડી: 'આવો આવો, મારા હાળા બાયલાઓ... છોકરી પર મર્દાનગી બતાવો છો. હવે આવો.' અને અચાનક એક બદમાશના હાથમાંથી લાકડી છીનવી લીધી 'ને લાકડી એના પોતાના શરીરની આસપાસ ગોળ-ગોળ ફેરવવા માંડી. પેલી છોકરી થોડીક સ્વસ્થ થઈ હશે એટલે એણે ય વાસ તરફ દોડીને બૂમો પાડવા માંડી, 'ભાઈ કોઈ બચાવો... બચાવો...'

સાત્વી ચીસો પાડતી હતી, 'અરે, આ શેતાન તમને જીવતા નહીં છોડે. કેવું કેવું કરાવે છે તમારી પાસે.' અને આ કોલાહલ સાંભળીને ગામ તરફથી બે ચાર ભરવાડ આવતા દેખાયા. છોકરી કદાચ એમના વાસની જ હતી. તે એમને જોઈને બૂમો પાડવા માંડી 'ને બદમાશો પરિસ્થિતિ બદલાયેલી જોઈને ભાગ્યા. થોડેક સુધી આભાસ પાછળ દોડ્યો, પણ પછી એ છોકરીએ જ કહ્યું, 'હું ઓળખું છું એ લોકોને. બાપુને કહીને પોલીસમાં ફરિયાદ કરાવીશ મારા વીરા, તમે તો મારી લાજ બચાવી, ભગવાન તમને લાંબી આવરદા આપે.' કેડે ખોસેલા બટવામાંથી રાખડી કાઢીને બાંધતા બોલી, 'મારા વીર માટે રાખડી લેવા ગઈ 'તી અને તમને નવા વીર મળી ગ્યા લ્યો..'

કલાકેક પછી પીરબાબાના થાનકે પહોંચ્યા પછી બાબાએ વિધિ શરૂ કરી. હજુ લોબાન પેટાવે ત્યાં તો આભાસ ઊભો થઈ ગયો. આશ્ચર્યથી સાત્વીએ પૂછ્યું, "કેમ ઊભા થઈ ગયા? વિધિ પૂરી કરો 'ને... જોતા નથી, શેતાને આપે પણ તમને કેવી મુશ્કેલીમાં મૂક્યા? કેવું ભૂત ભરાયેલું? છરી દંડૂકાવાળા ચાર ચાર ગુંડા 'ને તમે એકલા. ગાંડપણમાં ક્યાંક મરી ગયા હોત..."

મક્કમ નિશ્ચય સાથે આભાસે કહ્યું, 'નથી કરવી પૂજા, નથી ઉતારવું ભૂત, શેતાન કે જીન્નાત જે છે એ બધું બરાબર છે. ચાલ સીધી સીધી ઘરે નહીં તો આ બાબાની સેવા કરતી પડી રહે.' અને બાબાને જોઈ બોલ્યો, 'ઢોંગ મૂકીને કામ કર નાલાયક.'

બહાર જતા જતા પેલી છોકરીએ બાંધેલી રાખડી ઉપર હાથ ફેરવતો બોલ્યો, 'આ ભૂત હવે જીવ લે તોય શું? બહુ મોડો વળગ્યો આ વળગાડ, થોડો વહેલો વળગ્યો હોત તો...' ■

નવા વર્ષમાં નવી શરૂઆત

તમને પીરસીશું ન્યૂઝ ઉપરાંત
બીજી ઘણી બધી વાત

VTV
ગુજરાતી

VTVGUJARATI.COM

VTVGujarati

'તને શું લાગતું છે રુસ્તમ? ક્રિયા કેમ આટલી ડરી ગઈ હતી?'

વહેલી સવારે રોજના સમય મુજબ રવિભાઈની આંખ ખૂલી ગઈ. શરીરમાં હજુ ય નબળાઈ લાગતી હતી, પણ એમણે બાઇકનો અવાજ સાંભળ્યો એટલે અનુમાન કર્યું કે ક્રિયા દૂધ ભરવા ગઈ હશે. એમને ફરી દીકરીની ચિંતા થઈ. સોનુબહેન સૂતાં હતાં એટલે અવાજ ન થાય તેમ રૂમમાંથી બહાર આવીને ડ્રોઇંગરૂમમાં જ ખાટલા પર સૂતેલા ડોક્ટર પાસે ગયા. ડોક્ટર તો નસકોરાં બોલાવતા હતા છતાં રવિભાઈએ એમને જગાડ્યા હતા.

પહહરીના...તું મને રજાને દિવસે ય સૂવા નથી દેતો..કેમનો ઉઠાડ્યો તેં!'

રવિભાઈએ એમની ક્રિયા વિશેની ચિંતા વ્યક્ત કરી. એ સાંભળીને ડોક્ટર ગંભીર થઈ ગયા.

'તારી નાતમાં તો બીજા લગ્ન નવાઈ થોડી જ કેવાતી છે... સારો પોયરો જોઈને પરણાવી દે... ઘડસંસાડમાં પડી જશે તો એવણ બધું ભૂલી જશે.'

'અરે પણ ક્રિયાની હાલત તો જો? કેમની પરણાવું? બાપ છું, કસાઈ નથી.' રવિભાઈ ગુસ્સે થઈ ગયા. ભણેલા-ગણેલા ડોકટર આવી ટિપિકલ ઓર્થોડોક્સ સલાહ આપે તે કેમ સાંખી શકાય.

કામિની **સંઘવી**

'જો ટને એક વાત કે'ઉ... ટારી પાસે બે ઓપ્શન છે...કાં પોરીને પરણાવી દે.. કાં તો એને નોકરી પર બેસાડી દે. ઘરમાં બેસી રહેશે તો આ થવાનું જ.. સમજ્યો કે નહીં?'

ડોક્ટરની વાત સાચી છે તે રવિભાઈ સમજતા હતા, 'પણ ક્રિયા લગ્ન માટે તૈયાર હોવી જોઈએ ને? આજકાલ કરતાં સમયને ગુજરી ગયે વર્ષ થવા આવ્યું, પણ ક્રિયા ક્યાં હજુ એને ભૂલી છે! લગ્ન દૂરની વાત છે, કમ સે કમ નોકરી પર હાજર થાય તો ય ઘણુ. નોકરી કરે તો એનું મન કશે લાગે. ક્રિયા સાવ બદલાઈ ગઈ છે. નથી પહેલાંની જેમ સજતી-સંવરતી કે નથી એ ઢંગનાં કપડાં પહેરતી, બહાર પણ ક્યાં હરે ફરે છે, સુરત છ મહિને ગઈ. એ પણ તે કેટલાં બહાનાં કાઢીને સમજાવી પટાવીને મોકલી ત્યારે માની હતી. નહીં તો ડ્યૂટી ડાંગમાં કરતી પણ અઠવાડિયે એકાદ દિવસ તો શોપિંગ કે ફિલ્મ જોવા માટે અચૂક સુરત જતી હતી.' રવિભાઈની વાત સાંભળીને ડોક્ટર અસમંજસમાં અટવાઈ ગયા. કાલે ક્રિયાએ કહ્યું હતું કે બળદવાળી વાત બાહાસને ન કહેવી, પણ હવે કહેવી પડે.

"ટું ચાલીને પાછળ ગમાણમાં આવશે કે'?"

"કે'તો નદી સુધી ચાલુ..શું કે'તો છે..!" રવિભાઈ આગળ થયા.

"બઉ બહાદુરી દેખાડવાની નથી.. સમજ્યો કે'!" બંને ગમાણ સુધી આવી ગયા.

બળદની પીઠ પરનો ઘા જોઈને રવિભાઈ

/ rasoishop

आप सब्जी तो ताजी खाते है
फिर आटा बासी क्यों ?

"मैं सॉफ्टेल घरेलु आटा चक्की के उपयोग से खूब संतुष्ट हु"

Chef Parul Gupta
YouTube Influencer

TRUSTED BY MILLIONS OF CUSTOMERS

110 Volts Model for USA Available

प्रस्तुत है - **सॉफ्टल घरेलु आटा चक्की** (टेबल टॉप)

मिक्सर जैसी छोटी साइज, वजन में हलकी

जो ६ किलो पिसाई करे मात्र एक बिजली की यूनिट में

मन चाहा अनाज पीसिये

किमत ~~14,999/-~~ Rs.10,999/-

आज ही आर्डर करे

और घर बैठे फ्री होम डिलीवरी प्राप्त करे

78188 78188

ओनलाइन ऑर्डर के लीए : **www.rasoishop.com**

SOFTEL
GREAT KITCHEN CONCEPTS

Scan to Shop

Rasoi Shop
भारत का पहला ब्रांडेड किचन उपकरण का स्टोर

रसोईशोप के पार्ट्नर ब्रांड्

Hawkins · Prestige · BAJAJ · HAVELLS · MILTON · PHILIPS · SOFTEL · treo · YERA · Pigeon · FUTURA · MAHARAJA WHITELINE · BENGANI · LA COPPERA · cello · BOROSIL · Shri & Sam · Preethi · Butterfly · VAYA

હવે તનાવમાં આવી ગયા. રવિભાઈ ખુદ આટલાં વર્ષોથી જંગલમાં રહે છે તે પણ જાણી શક્યા કે આ કામ કોઈ રાનીપશુનું નથી.

ગોબરને હજુ ય લુઝમોશન ચાલુ હતા. એ મહેનતકશ આદમી ખાટલામાં પડીને કંટાળ્યો હતો. ડોક્ટરે એને સેલાઇન ચડાવી. રવિભાઈને બોટલ ચડાવીને ડોક્ટર આરામખુરશીમાં બેઠા.

'એક વાત કે'ઉ... ટારી પોરીની પાછળ કોઈ નથી પડેલું છ.. ટારા જ ઉંબાડિયાં નડતા છે..ટને... કેટલીવાર સમજાવ્યો કે બધાં વાસ્તે માથાં ફોડવા રહેવા દે, પણ તારે તો આદિવાસી સંસ્કૃતિ બચાવી છે.. તે બચાવ... ટારો જ કોઈ ડુશમન ટારી પાછર પડેલો છે, ટે ટને દેખાટું નથી.'

'તારી વાત સાચી છે ભાવડ (ભાઈ)... મેં તો ક્યારની કે'તી છું, કાં મંદિર જતો જા કાં ચર્ચમાં જા... આમ બધે બાઝતો ફરે તો કેમ મેળ પડે? આપડી પોરીનું પણ કંઈ વિચારવાનું કે નહીં?' બંનેની વાત સાંભળતાં સોનુબહેન રૂમમાં ક્યારે આવી ગયાં તેની બંનેમાંથી કોઈને ખબર ન પડી.

રવિભાઈ કશું બોલવાના બદલે ચૂપચાપ પડ્યા રહ્યા.

નાના હતા ત્યારથી જોતા આવ્યા હતા કે અહીંના જંગલમાં વસવાટ કરતી મોટા ભાગની પ્રજા ગરીબ છે અને એનો જ દરેક ધર્મના પ્રચારક ભરચક ફાયદો ઉઠાવે છે. પોતે ખુદ સરપંચના દીકરા હતા. બાપ તે સમયે પણ દસ સુધી ભણ્યો હતો, તેથી એમને સારું બાળપણ મળ્યું. જેનાથી ડાંગની મોટા ભાગની પ્રજા આજે પણ વંચિત છે. વાંચનના શોખે એમને વિચારવા પ્રેર્યા હતા કે આદિવાસી સંસ્કૃતિનું મૂળ હિન્દુ છે, પણ એમના રીત-રિવાજ અલગ છે. એટલે એમણે ગામના પાટીલ (સરપંચ)ના હિસાબે ગામ લોકોને જંગલમાં મળી આવતી પ્રાચીન મૂર્તિ પર સિંદૂર લગાવતા કે તેલ ચોપડતા રોક્યા હતા. રવિભાઈ માનતા હતા કે જંગલમાંથી મૂર્તિ મળી છે તે પ્રાચીન છે, તેનું મહત્ત્વ અલગ છે. એને એમ જ રહેવા દેવી જોઈએ. પોતે પાટીલ હતા એટલે લોકો માનથી જોતા, પણ છેલ્લા કેટલાક સમયથી વટાળ પ્રવૃત્તિ તેજ બની છે. લોકોને હિન્દુ દેવી-દેવતાની પૂજા કરવા માટે કે ચર્ચમાં

ક્રિયાએ જવાબ આપવાનું ટાળ્યું 'ને સીધી પોતાના રૂમમાં પુરાઈ ગઈ. એનો શ્વાસ હજુ જોરથી ચાલતો હતો. એ આખે આખી ભયથી ધ્રુજતી હતી. ગણેશે જે માહિતી આપી તે પરથી હવે કોઈ શક રહ્યો ન હતો. પટેલ આવી ગયો છે

જવા માટે લોભ-લાલચ આપવામાં આવે છે.

રવિભાઈ આનો વિરોધ કરતા અને આદિવાસી રીત-રિવાજ પાળવાનો અનુરોધ કરતા, પણ પૈસા આપીને ખરીદાઈ જતાં લોકોને એમની વાત પસંદ ન હતી. એટલે અવાર-નવાર તહેવારો પર ચકમક ઝરતી. હમણા જ ગણેશ મહોત્સવ માટે એમના ઘરે ફાળો લેવા આવનાર યુવકોને એમણે હાંકી કાઢ્યા હતા. એમનું માનવું છે કે જંગલને જેવું છે તેવું જ રહેવા દેવું જોઈએ. વળી નદીઓમાં ચોમાસા પછી બહુ ઓછું પાણી રહે છે, તેમાં મૂર્તિઓનું વિસર્જન કરીને નદીના પાણીને દૂષિત કરવાથી આપણા પગ પર આપણે કુહાડો મારીએ છીએ. ઢોર-ઢાંખર-વન્ય પશુ-પક્ષી છેક આવતાં ચોમાસા સુધી તેમાંથી પાણી પીતા હોય છે.

પણ એમની વાતનો વિરોધ થયો અને ઘરાર ગણપતિનું સ્થાપન થયું. યુવાનો આ માટે હાઈ-વે પર ઊભા રહીને ફાળો માગતા એમણે ખુદ જોયા છે. વિલ્સન હિલ પર ટૂરિસ્ટ પાસે હાથ લાંબો કરીને ભીખ માગતાં બાળકોની નવાઈ નથી રહી. રવિભાઈએ સાઠ વર્ષની જિંદગીમાં આ પ્રજાની ખુમારી જોઈ છે, પણ આવી નમાલી નથી જોઈ. બાળકોને ભણાવવાના બહાને કે ભોજન આપવાનાં કારણોસર હવે અહીંના બુધાભાઈ કે ડાહીબહેન એમના બાળકોનાં નામ જોસેફ કે જુલી પાડતા થઈ ગયા છે. રવિભાઈ ઇચ્છે છે, ડાંગી ભણીગણીને કોઈ ધર્મ સાથે જોડાવા કરતાં પોતાના રીત-રિવાજ, સંસ્કૃતિની ઓળખ સંભાળી રાખે અને ખુમારીનું જીવન જીવે. આમ ભીખ માગે કે જે-તે ધર્મમાં આર્થિક લાભ માટે જોડાય જાય તે સંસ્કૃતિની ઘોર ખોદશે. હજારો સંસ્કૃતિ લુપ્ત થઈ ગઈ છે, એવી હાલત ડાંગીની ન થાય તે વાત સાથે રવિભાઈને નિસ્બત છે. આ ડાંગીપણુ પણ અત્યારે પોતાને બચાવવાની દસ્તક દરેક ડાંગીને આપે છે, તે સમજાવવા એ મથી રહ્યા છે.

પાણીની ટાંકીમાં મરઘી નાંખી જવી કે બળદને ઈજા પહોંચાડવી તેમાં આમાંથી જ કોઈ હશે. બસ, તેઓ પોતાને હેરાન કરીને કોઈક રીતે પોતાનામાં ભેળવવા ઇચ્છે છે. રવિભાઈ આ થિયરી પર પહોંચ્યા ત્યાં ડોક્ટર બોલ્યા,

"તારી જેટલા ડુશમન તો કોઈ જ પેદા 'ની કઈરા હોય... રોજ જ તે તારે તારા સાહેબલોગ કે પછી વોચમેન કે બીટ ગાર્ડ બધા વાસ્તે ઝઘડ્યા કરતો ઉતો.. પોરીને પૈયણાવી તે ય તારી નાત બાર.. પછી ડુશ્મન વધે કે ન'ઈ?"

ડોક્ટરની વાત સાચી હતી. ખોટી રીતે ઝાડ કપાતા હોય કે જંગલની જમીનને ખેતીની જમીનમાં ભેળવી દેવાતી હોય તે બધા માટે રવિભાઈ લડ્યા છે. પછી સામે બીટમેન હોય કે ડી.એફ.ઓ. હોય કે આર.એફ.સી. હોય કે કોઈ ગામનો પાટીલ (સરપંચ) હોય! ન્યાય માટે રવિભાઈએ કદી કોઈને બક્ષ્યા નથી.

આ બધામાંથી કોણ હશે જે આ રીતે એમને હેરાન કરી શકે? અને કરે તો શા માટે? એ ગામ છોડીને જતાં રહે તે માટે? રવિભાઈના મનમાં અનેક સવાલ હતા 'ને હવે પહેલું કામ આ સવાલના જવાબ શોધવાનું કરવાનું હતું. આખરે એમણે પોતાનો પરિવાર અને સંસ્કૃતિને બચાવવાની છે.

ત્યાં જ ક્રિયા હાંફળી-ફાંફળી દોડતી સીધી ઘરમાં ઘસી આવી.

રવિભાઈ તથા સોનુબહેને સુખરૂપ

TOP FM
Jab Suno Top Suno
HAPPY DIWALI
TOPFM WISHES YOU
Junaghadh
Jamnagar
Bhavnagar
Godhra
Veraval
Porbandhar
Bharuch
Mehsana
Leh
Kargil
Poonch
BHaderwah
આસો વદ
NOVEMBER
૧૩
૪
મંગળવાર
topfmstation
WWW.TOPFM.IN

જોઈને એણે રાહતનો શ્વાસ લીધો. ક્રિયાના ચહેરાના ભાવ જોઈને રવિભાઈ અને ડોક્ટરની નજર મળી.

'કેમ ગભરાઈ ગઈ બુચ્ચુ? શું થયું?'

ક્રિયાએ જવાબ આપવાનું ટાળ્યું 'ને સીધી પોતાના રૂમમાં પુરાઈ ગઈ. એનો શ્વાસ હજુ જોરથી ચાલતો હતો. એ આખે આખી ભયથી ધ્રુજતી હતી. ગણેશે જે માહિતી આપી તે પરથી હવે કોઈ શક રહ્યો ન હતો. પટેલ આવી ગયો છે. મહેલ કેમ્પ સાઇટ એના ઘરથી માત્ર નવ કિલોમીટર દૂર છે. એટલે જ બે દિવસથી એના ઘરમાં ઊથલપાથલ થઈ રહી છે. તે એના કારણ હશે. બસ, હવે એક જ પ્રશ્ન છે. બાહાસ અને આયાને બચાવવા કેમ? પોતાનું જે થવાનું હોય તે થાય, પણ સમયની જેમ એ મા-બાપને તો એના હાથે મરવા જ નહીં દે.

'ક્રિયા...બુચ્ચુ...' આયા બૂમ પાડતી હતી, પણ ક્રિયાને બહાર જવાનું મન ન થયું. પહેલાં મનથી મજબૂત થવું પડશે. કાલે અને આજે બે દિવસથી એ ડરીને ઘરે આવી છે. એટલે આયાને તો નહીં પણ બાહાસને શક જશે.

'આયા થોડીવારમાં આવું...' એણે રૂમમાંથી જ જવાબ આપી દીધો.

ક્રિયાએ ઘણુ વિચાર્યું કે આ મુસીબતનો કેમ સામનો કરવો પણ એને કોઈ રસ્તો સૂઝતો ન હતો. બસ, એક રસ્તો દેખાતો હતો કે ગામ છોડીને જતાં રહેવું. ગમે તેમ કરીને બાહાસને મનાવી લેવા. છેવટે ન માને તો જબરજસ્તી કરવી, પણ આ એક જ ઉપાય છે. મનોમન આટલું નક્કી થયું પછી એનો જીવ હેઠો બેઠો. બાથરૂમમાં મોઢા પર પાણીની છાલક મારી એટલે ચહેરાની ચિંતા ધોવાઈ ગઈ. બસ, હવે બાહાસ કે આયાને ખબર નહીં પડે કે પોતે ડરી ગઈ છે. થોડીવારે ક્રિયા બહાર આવી.

'ગુડ મોર્નિંગ... કાકાસ..!' ક્રિયાનો તાજગીસભર ચહેરો જોઈને રવિભાઈ અને ડોક્ટરને આનંદ થયો. બંનેની નજર મળી કે આ મોકો સારો છે ક્રિયા સાથે વાત કરવાનો.

'બાહાસ..કેમ છે?'

'સારું છે બુચ્ચુ.. તારા કાકાસને મને સોય ઘોંચવામાં બહુ આનંદ મળે છે તે બાટલા ચડાવતો છે.'

રવિભાઈ અને ડૉ. રુસ્તમની હાજરીમાં ગણેશના સવાલનો જવાબ ક્રિયા આપી શકે તેમ ન હતી. એણે ગણેશ સામે ડોળા કાઢ્યા. ગણેશ સમજ્યો, ક્રિયા સાથે જે વાત થઈ તે અહીં નથી કહેવાની

ક્રિયા અને ડોક્ટર તે સાંભળી હસી પડ્યા. ત્યાં ગણેશ આવ્યો,

'રામ રામ..' એ બધાંને જોઈને બોલ્યો. સામે બધાંએ એને રામ રામ કહ્યું તેવો જ એ ક્રિયાને જોઈને બોલ્યો,

"મને જંગલમાં છોડીને કેમ નાસી ગઈ'તી?" રવિભાઈ અને ડો. રુસ્તમની હાજરીમાં ગણેશના સવાલનો જવાબ ક્રિયા આપી શકે તેમ ન હતી. એણે ગણેશ સામે ડોળા કાઢ્યા. ગણેશ સમજ્યો, ક્રિયા સાથે જે વાત થઈ તે અહીં નથી કહેવાની.

'આપણે થોડા દિવસ સુરત મામાને ત્યાં રહેવા જતાં રહીએ તો?' ક્રિયા બોલી એ સાથે જ બધાં એને જોઈ રહ્યા.

આ બધાંને પોતે ડરી ગઈ છે કે કંઈક છૂપાવે છે તેની શંકા ન જાય તે માટે એણે તરત ચોખવટ કરી,

'સમયના ગયા પછી મને લાગે છે આપણે ત્રણેયે જરા હવાફેર કરવાની જરૂર છે. સુરત રહીશું તો મને પણ ચેન્જ મળશે.' ક્રિયાએ ઇમોશનલ કાર્ડ રમીને એ લોકો બીજું ન વિચારે તેવી પેરવી કરી. બધાની નજર અસપરસ મળી.

'બુચ્ચુ..જરા નિશાળે બાળકો આઇવા કે ન'ઈ જોઈ આવ'ની! જરાક પાયા બોલવતા કરી આવ ને... ત્યાં સુધી અમે વિચારતાં છીએ.' સોનુબહેને સહજ હૈયાઉકલતથી ક્રિયાના પ્રસ્તાવ પર વિચાર કરવાનો સમય માગી લીધો. જેની ક્રિયાએ તરત ના પાડી દીધી.

'ના..મેં નહીં જવાની.' તેવો જ એને ખ્યાલ આવ્યો કે પોતે ઘર બહાર નહીં જાય તો આ ત્રણેય જણ પાછી ચિંતા કરશે. એમાં ય બાહાસને તો શક જવો જ ન જોઈએ. હવે ક્રિયાને ગયા વિના છૂટકો ન હતો. એણે ગણેશને ઇશારો કર્યો એટલે હવે ગણેશ એની સાથે બહાર આવ્યો,

'હું આવું ત્યાં સુધી તું અહીં જ રહેજે.'

રવિભાઈ, સોનુબહેન અને ડો. રુસ્તમને ક્રિયા બહાર જાય તે જ જોઈતું હતું. ક્રિયા ગઈ કે તરત ત્રણેયએ ગણેશની પૂછપરછ ચાલુ કરી.

'આજે સવારે શું થયું? કેમ ક્રિયા બૂમો પાડતી આવી? એ તો દૂધ ભરવા ગઈ હતી ને? ત્યાં તને ક્યાં મળી હતી?'

બધાંએ એકસાથે ઘણાબધા સવાલ પૂછી લીધા. ગણેશને જરા આશ્ચર્ય થયું.

'આ બધાંને થયું છે શું? હજુ તો થોડીવાર પહેલાં ક્રિયા આડાઅવળા સવાલ પૂછીને નસુ ખેંચતી હતી અને હવે આ ત્રણ ચાલુ થઈ ગયા.'

'મને જ ખબર નથી તો શું કે'વા?' ગણેશે ઉડાવ જવાબ આપ્યો તેવા જ રવિભાઈએ એને બળદને કોઈ પીઠ પર ઈજા કરી ગયું તે વાત કહી. કાલથી ઘરમાં વિચિત્ર બનાવ બને છે, તેથી ઘરની સાવચેતી રાખવી જરૂરી છે અને એટલે જ ગણેશને પૂછવામાં આવી રહ્યું છે કે સવારે શું થયું. રવિભાઈએ વિગતવાર વાત સમજાવી ત્યારે ગણેશના ભેજામાં પૂરી વાત ઊતરી.

'સવારે અમે નદી કિનારે ફરતાં હતાં તિયારે ક્રિયાએ પૂછ્યું'તું કે કેવા કેવા લોક જુપમાં આવે, તે મેં એને કહેતો ઉ'તો.. તેમાં તો એ બૂમો પાડતી ભાગી.'

ગણેશના જવાબથી ત્રણમાંથી એકપણને સંતોષ ન થયો. વારંવાર પૂછવા છતાં ગણેશ એક જ પ્રકારની રેકર્ડ વગાડતો હતો.

'આપણા ગામમાં કોઈ નવીન જણ દેખાય તો જાણ કરજે.. જા.. તને કામ હશે તો બોલાવવા!'

રવિભાઈએ એને રજા આપી દીધી.

ગણેશ કંઈક આશ્ચર્યથી અને કંઈક આ બધી પૂછપરછથી કંટાળીને બબડતો ગયો, પણ એને બહાર નીકળીને યાદ આવ્યું કે ક્રિયાએ એને એ આવે ત્યાં સુધી અહીં જ રહેવા કહ્યું છે એટલે એ બહાર હીંચકે બેઠો. અંદર રવિભાઈના રૂમમાં ત્રણેયની મસલત ચાલુ હતી,

"હું કે'તી છું, થોડા દિવસ ગામ છોડીને સુરત મારે ભાઈને ત્યાં રહીએ, ક્રિયા પણ એ જ કે'તી છે!' સોનુબહેને ઘર છોડવાનો પ્રસ્તાવ મૂક્યો કે તરત જ રવિભાઈએ ખારિજ કરી દીધો.

"આ જનાવરને ક્યાં મૂકી જઈએ? ડાંગર લણવાની છે તે કોણ કરશે...કે'તી છે કે જતાં ર'ઈએ, પણ એમ ઘર છોડવું અઘરું છ..."

સોનુબહેન પણ એ વાત સમજતાં હતા, પણ જે રીતે ઘરમાં બનાવો બને છે તે જોતાં તો થોડા દિવસ ગામ છોડીને જતાં રહે તો આપોઆપ બધું બરાબર થઈ જાય. રવિભાઈએ ઉતાવળે સોનુબહેનની વાત તોડી પાડી, પણ જેમ જેમ વિચારતા ગયા તેમ તે જ યોગ્ય જણાતું હતું, પણ ત્યાં રહીને અહીં કશું થાય તો શું કરવું? વળી, હજુ ખબર પણ નથી પડી કે આ કોણ કરે છે!

"રવિ એક કામ કરની દોસ્ત, ભલી અને ગોબરને અહીં પશુઓ સાથે રહેવા દે, 'ને તમે ત્રણેવ આવતાં રી'યો મારે 'ટા... આહવા.. બે-ચાર દિવસ ર'ઈ જો..તો તને બી આઇડિયા આવે કે લોક તારી પાછળ પડેલું છે'કે બીજું કંઈ પેટમાં દુઃખતું છે."

ડોક્ટરની વાત સાચી હતી. એવું કરી શકાય, પણ ભલી અને ગોબરને પણ કોઈ નિશાન બનાવે તો? પણ એ બંનેને કોણ હેરાન કરવાનું? એ તો અહીંના સામાન્ય માણસ જેવો જ એમનામાંથી જ એક છે.

એમ પોતે પણ અહીંનો જ છે ને. આ જંગલનો આદિ માનવમાંનો એક. છતાં આજે અહીં સલામત નથી. રવિભાઈ પથારીમાં પડ્યા પડ્યા વિચારતા હતા તે તેમ ગૂંચવાતા જતા હતા. ડોક્ટરે રવિભાઈ અને સોનુબહેનને ગ્લુકોઝને બાટલો પૂરો થયો એટલે બંનેની સોય કાઢી નાંખી. ગોબરને હજુ એક દિવસ બાટલા ચડાવવા પડશે. હજુ એને લુઝમોશન ચાલુ હતા. એ જોઈને ડોક્ટરે કહી દીધું,

"રવિ ટારે બે'દાડા રે'વું પડે... આ ગોબરને જરી તાકાત આવવા દે, નહીં તો

રવિભાઈ પથારીમાં પડ્યા પડ્યા વિચારતા હતા તે તેમ ગૂંચવાતા જતા હતા. ડૉક્ટરે રવિભાઈ અને સોનુબહેનને ગ્લુકોઝને બાટલો પૂરો થયો એટલે બંનેની સોય કાઢી નાંખી. ગોબરને હજુ એક દિવસ બાટલા ચડાવવા પડશે

કેમનું સંભાળશે."

બસ, સાથે જ રવિભાઈએ નિર્ણય કરી લીધો. હમણા બે-ચાર દિવસ અહીં જ રહેવું, પણ સાવચેત રહીને રહેવું જેથી કરીને કશું અઘટિત ન બને. એમણે ડોક્ટર સાથે મળીને ઘરને જડબેસલાક સલામત બનાવવા માટે આઇડિયા વિચાર્યા.

• • •

ક્રિયા સ્કૂલેથી પાછી આવી ત્યારે ગણેશ ત્યાં જ બેઠો હતો એ જોઈને ખુશ થઈ ગઈ. એ વહાલથી એને ભેટી પડી. ગણેશ જરા ડઘાઈ ગયો. આવું એણે સપનામાં ધાર્યું નહોતું, પણ વાસ્તવમાં બને તેવી તો કલ્પના પણ ક્યાં કરી હોય?

'અરે, કેમની ભેટતી છે?' ગણેશ એને સહજ દૂર કરી.

બે દિવસથી ઘરના બનાવોએ ક્રિયાને ટેન્શનમાં મૂકી દીધી હતી. ગણેશ એના કહ્યા મુજબ એ પાછી આવી ત્યાં સુધી બહાર બેઠો રહ્યો, એથી એનો વિશ્વાસ પાછો આવ્યો. આ લડતમાં એ એકલી નથી, ગણેશ એની સાથે છે.

'બધાં ક્યાં છે?' ક્રિયાએ પૂછ્યું.

'અંદર વાતો કરતાં છે.'

'ગણેશ, તારે એક કામ કરવાનું છે. મહેલ કેમ્પ સાઇટ પર તેં આ ચિરૂટવાળા માણસને ઉતાર્યો હતોને, તેની પૂછપરછ કરી આવવાની છે. એ ક્યાં જાય છે, શું કરે છે, કેટલા દિવસ રહેવાનો છે વગેરે, સમજ્યો!'

"સમજ્યો... પણ એ બધી પળોજણ કરવાનું શું કામ કે'તી છે? તું જઈ આવની? મેં સાથે આબવા."

'જગ (આળસુ) સાલ્લા! હું જાઉં તો લોચો થાય. અહીં કોણ જુવે? તારી કોઈ ઓળખાણ હશે ને ત્યાં!'

"લે..મને તો બધાં ઓળખતાં જ હોયની...સારું મેં જા'વા.." ગણેશ સહમત થઈ ગયો.

'પણ જો સંભાળીને.. જરા પણ શક ન જવો જોઈએ કે મેં તને પૂછપરછ માટે મોકલ્યો છે.'

'આવતો છું, મેં!' ગણેશ ગયો.

ક્રિયા ઘરમાં આવી એટલે રવિભાઈએ એને કહી દીધું,

'બુચ્ચુ, ગોબરની તબિયત સુધરી જાયે તે આપણે જઈશું, પણ ત્યાં સુધી તો અહીં જ રહેતાં છીએ!' આ સાંભળીને ક્રિયાએ નિઃસાસો નાંખ્યો.

'હવે જે થાય તે પણ પોતે ચોકસાઈ રાખવી પડશે. જોઈએ, ગણેશ મહેલ કેમ્પ સાઇટથી શું સમાચાર લાવે છે.'

બપોર બધાં જમીને જંપી ગયા હતા, ત્યારે એ ગણેશની રાહ જોતી હીંચકે બેસી રહી. રાતે ઊંઘ થઈ ન હતી એટલે એની આંખ ઘેરાતી હતી, ત્યાં ગણેશ આવ્યો,

'મારી પાસે બધાં ફાલતુ કામ કરાવતી છે.' એણે આવતાંવેંત ફરિયાદ કરી. એક તો ગણેશે સીધી રીતે વાત કરવાને બદલે સીધો આરોપ મૂક્યો અને બીજું તે ઘણો મોડો આવ્યો તેથી ક્રિયા ગુસ્સે થઈ,

"સાલા જગ, જે કામ માટે મોકલ્યો 'તો, તે કહે ને?"

"એ જ તો કે'તો છું. પેલો તો બીજે દા'ડે જતો રે'લો!"

'હેં...' ક્રિયા ચકિત થઈને ગણેશ સામે જોઈ રહી. ■

(ક્રમશઃ)

સંગીતમાં શાસ્ત્રીય સંગીતકારોનો પણ સૂરીલો મુકામ!

શાસ્ત્રીય સંગીતકારો જે-તે વાદ્ય વગાડવામાં મશહૂર એટલે એવા વાદ્યની વિશેષતા જેમાં જરૂરી હોય એવી ફિલ્મ માટે ખાસ પસંદ કરવામાં આવે, પણ આ બધા જ સંગીતકારો અનેક સંગીતકારોની યાદગાર ધૂનના હિસ્સા બની ચૂક્યા હોય એટલે ફિલ્મ સંગીતનું કૌશલ્ય પણ કેળવી લે.

'બૈજુ બાવરા' જેવી ફિલ્મોની વાત જુદી બાકી આપણી ફિલ્મોમાં શાસ્ત્રીય ગાયકનાં પાત્રોનો ઉપયોગ કોમેડી માટે જ થયો છે. 'પડોશન' ફિલ્મ તેનું જાણીતું ઉદાહરણ છે. આમ છતાં કહેવું જોઈએ કે ભારતીય ફિલ્મ સંગીતની સમૃદ્ધિ શાસ્ત્રીય સંગીત વિના શક્ય નથી. ભૂતકાળમાં પણ અને અત્યારે પણ. આજનું સંગીત વધારે ટકાઉ નથી, લાંબા સમય સુધી શ્રવણીય નથી તેનું કારણ તેણે ગુમાવેલી શાસ્ત્રીય ગંભીરતા છે. સાયગલ, લતાજી, રફી, તલત, મુકેશ 'ને મન્ના ડે, હેમંતકુમાર શાસ્ત્રીય ગાયકો પાસે ગાયન શીખ્યા છે. સાયગલ, લતા, મન્ના ડે, રફી શાસ્ત્રીય ગાયન-વાદનની મહેફિલમાં જવું પસંદ કરતાં. (કિશોરકુમારની વાત જુદી, એ બહુ નૈસર્ગિક પ્રતિભાવાળા હતા) આજના ગાયક ગાયિકામાં આ પ્રકારનું વલણ જ નથી, પણ આપણી ફરિયાદોથી હવા બદલાઈ જતી નથી. આજે ફિલ્મ સંગીતનું બજાર મોટું થઈ ગયું છે 'ને સ્વયં સંગીત સંકોચાઈ ગયું છે.

બકુલ **ટેલર**

અહીં એક બીજી હકીકત પર પણ ધ્યાન જવું જોઈએ. સિનેમાના પાર્શ્વગાયક-ગાયિકાની ચિરસ્મરણીય પ્રતિભાના કારણમાં શાસ્ત્રીય સંગીતની તાલીમ ખૂબ મહત્ત્વની બની છે, પણ આ પાર્શ્વગાયન શાસ્ત્રીય ગાયકો માટે નથી. એટલું જ નહીં, ફિલ્મ સંગીતમાં જો પ્રવેશ્યા છે તો શાસ્ત્રીય ગાયકો નહીં, શાસ્ત્રીય વાદ્ય સંગીતકારો છે. અપવાદરૂપ કિશોરી અમોનકર છે. વી. શાંતારામ તેમની પાસે 'ગીત ગાયા પત્થરોને'માં ગાવા માટે મનાવી શકેલા અને તેનાં ૨૬ વર્ષ બાદ ગોવિંદ નિહલાનીની 'દૃષ્ટિ'માં ફરી ગાયું, પણ ત્યારે તેમણે જાતે જ સંગીત આપ્યું. રાગ ભોપાલીમાં 'એક હી સંગ હોતે જો હમ તુમ, કહે બિથુરા'માં તેમના આલાપ પ્રભાવી છે. રાગ મલ્હારમાં 'મેહા ઝર ઝર બરસત રે' પણ ગાયું. તેમણે સ્વરભાષા અને શબ્દભાષાનું સંયોજન સાધવાનું હતું. બાકી ૨૦૧૪માં તેમણે કહેલું કે ફિલ્મ સંગીત હવે રિધમિક ઘોંઘાટમાં ફેરવાઈ ગયું છે.

હિન્દી ફિલ્મોના સંગીતે શાસ્ત્રીય સંગીતકારોને બહુ ઓછી વાર આકર્ષ્યા છે. ૧૯૪૬માં 'ગુલ બકાવલી' ફિલ્મ આવી હતી જેમાં પંડિત ફિરોઝ દસ્તૂરે સંગીત આપેલું. જે.બી.એચ વાડિયાની ફિલ્મ હતી અને સહાયમાં પ્રો. બુંદુ ખાન હતા એટલે ફિરોઝ દસ્તૂર તૈયાર થયેલા. તેમના નામે 'લાલ-એ-યમન', 'ખૂન-એ-નાહક', 'શેર કા પંજા', 'આત્મા તરંગ', 'રિટર્ન ઓફ તુફાન મેલ' જેવી ફિલ્મો છે. તેમની મુખ્ય ઓળખ કિરાણા ઘરાનાના ગાયકની હતી અને તેઓ સવાઈ ગંધર્વના શિષ્ય હતા. જેમના શિષ્યોમાં પં. ભીમસેન જોષી અને ગંગુબાઈ હંગલ પણ છે.

હિન્દી ફિલ્મમાં ગાવા શાસ્ત્રીય ગાયકો તૈયાર જ ન થાય અને તેનું જાણીતું ઉદાહરણ 'મુગલ-એ-આઝમ'માં બડે ગુલામ અલી ખાં સાહેબે ગાયેલું 'પ્રેમ જોગન બન કે સુંદરી' ગાન છે. એ ફિલ્મના 'મોહે પનઘટ પે નંદલાલ છેડ ગયો રે' ગીતમાં પંડિત પન્નાલાલ ઘોષે વાંસળી વગાડેલી એ ખરું, પણ દિલીપકુમાર-મધુબાલાનાં પ્રેમદૃશ્ય વેળા તાનસેન ગાતા હોય એવી કલ્પના કે.આસિફે કરેલી. એવું તો ત્યારે ઉસ્તાદ બડે ગુલામ અલી ખાં જ ગાઈ શકે, પણ તેમની પાસે હા પડાવવી અસંભવ હતી. નૌશાદસાહેબે ગાવા કહ્યું તો કહે કે, ફિલ્મબિલ્મમેં ગાના હમારા કામ નહીં, પણ ત્યાં સિગારેટ પીતા કે.આસિફ બેઠેલા. તેમણે ચપટી વગાડીને સિગારેટની રાખ ખંખેરતા કહ્યું, 'ખાંસાહબ, ગાના આપ હી ગાયેંગે.' બડે ગુલામ અલી ખાં ચોંકી ગયા કે આ વળી કોણ? નૌશાદે ઓળખ આપી કે, કે.આસિફ છે. આ ફિલ્મના નિર્માતા-દિગ્દર્શક કે.આસિફે દોહરાવ્યું, 'હા,

Download App www.vtvgujarati.com @vtvgujarati

VTV NEWS

પરિવાર તરફથી
આપ સર્વેને
પ્રકાશ પર્વની
શુભકામના

GTPL	TATA SKY	AIRTEL	D2H	DEN	SITI CABLE	DL-GTPL	DEWSHREE	IN CABLE	SUN DTH	DISH TV
269	1729	585	1651	568	575	210	328	511	749	1298

ખાંસાહબ, ગાના આપહી ગાયેંગે. આપકો મુંહમાંગી કિંમત અદા કી જાયેંગી, મગર ગાયેંગે આપ હી.' આ મિજાજ દંગ કરી દેનારો હતો. ખાંસાહેબ તો અકડાઈ ઊઠ્યા, 'ક્યા યે મુઝસે જબરદસ્તી ગવાયેંગે?' અને દોહરાવ્યું, 'મૈં નહિ ગાઉંગા.' પણ કે.આસિફ ફરી બોલ્યા, 'વો તો આપ હી ગાયેંગે.' ખાંસાહેબને થયું એવી મોટી રકમ કહું કે આ કે.આસિફ ઊભા થઈ જાય. 'એક ગાને કે પચીસ હજાર રૂપિયા હોંગે, બોલો દોંગે?' કે.આસિફ એ જ શાંતિથી બોલ્યા, 'ખાંસાહેબ સિર્ફ પચ્ચીસ હજાર? આપકી કિંમત તો ઇસસે કઈ અધિક હૈ!' એ સમયે લતાજીને, રફીજીને ગીત દીઠ ૫૦૦ રૂ. મળતા અને બડે ગુલામઅલી ખાંને મળ્યા ૨૫,૦૦૦ રૂપિયા. રાગ સોહનીમાં તેમણે ગાયું, 'પ્રેમ જોગન બન કે...' નૌશાદે પં. ડી.વી. પલુસ્કર, ઉસ્તાદ આમિર ખાં પાસે 'બૈજુ બાવરા'માં 'આજ ગાવત મન મેરો ઝૂમકે' ય ગવડાવેલું. અહીં ખાન મસ્તાના કે જેમણે તેમના સાચા નામ હાફિઝ ખાંથી સંગીત આપેલું તે પણ યાદ કરી શકો. તેઓ સિતારવાદક હાફિઝ ખાંના પુત્ર હતા. એ હાફિઝ ખાં સાયગલની ગાયકીથી પ્રભાવિત થઈ ગાયન તરફ પણ વળેલા. તેના આ પુત્રએ શરૂમાં તો કેટલીક ફિલ્મમાં ગીત ગાયા. પછી 'મીનત', 'ભેદી દુશ્મન', 'હમજોલી', 'જીવન સ્વપ્ન', 'ભંવર', 'ભૂલ ના જાના' વગેરેમાં સંગીત આપ્યું. તેઓના સંગીતમાં સિતારનો પ્રભાવ ખૂબ રહેતો, પણ તેઓ લોકપ્રિય તો રહ્યા ગાયક તરીકે જ અને ગાયક તરીકે નામ હતું ખાન મસ્તાના. 'શહીદ'નું 'વતન કી રાહમેં વતન કે નૌજવાં શહીદ હો' તેમણે રફી સાથે ગાયું છે. સંગીતકાર તરીકે તેમણે તલત મહેમુદ પાસે ઘણા ગીતો (ગઝલ) ગવડાવેલા. ૧૯૬૦માં તેમણે છેલ્લીવાર 'શરીફ ડાકુ'માં સંગીત આપેલું.

શાસ્ત્રીય સંગીતક્ષેત્રે જેમનાં નામ હતાં અને ફિલ્મોના સંગીતકાર તરીકે પણ કામ કર્યું તેમાં વાંસળીવાદક પન્નાલાલ ઘોષ, સિતારવાદક પં. રવિશંકર, તબલાવાદક ઉસ્તાદ અલ્લારખા જેમણે એ.આર. કુરેશી નામે સંગીત આપ્યું તે ઉપરાંત રઘુનાથ શેઠ, શિવકુમાર શર્મા અને હરિપ્રસાદ ચૌરસિયા, તબલાનવાઝ ઝાકીરહુસેન

કિશોરી અમોનકર

બડે ગુલામ અલી ખાં ચોંકી ગયા કે આ વળી કોણ? નૌશાદે ઓળખ આપી કે, કે. આસિફ છે. ફિલ્મના નિર્માતા-દિગ્દર્શક કે.આસિફે દોહરાવ્યું, 'ગાના આપહી ગાયેંગે. આપકો મુંહમાંગી કિંમત અદા કી જાયેંગી.' આ મિજાજ દંગ કરી દેનારો હતો

યાદ કરી શકો. પન્નાલાલ ઘોષે આર. સી. બોરાલ જેવા સંગીતકાર સાથે ન્યુ થિયેટર્સની ફિલ્મોમાં વાંસળી વગાડવા માંડી. મુંબઈ આવ્યા પછી બોમ્બે ટોકિઝની ફિલ્મમાં સંગીત આપ્યું અને એ ફિલ્મો છે, 'અંજાન', 'બસંત' અને 'આંદોલન'. 'અંજાન'માં અશોકકુમાર-દેવિકારાની હતાં તો 'બસંત'માં મુમતાઝ શાન્તિ, ઉલ્હાસ ને બેબી મુમતાઝ (મધુબાલા). તેમણે પારૂલ ઘોષ પાસે અને ગોવિંદાના પિતા અરુણકુમાર પાસે ગીતો ગવડાવેલા. પારૂલ ઘોષ અનિલ બિશ્વાસ જેવા સંગીતકારનાં બહેન હતાં જે પન્નાલાલ ઘોષને પરણ્યા હતા. 'આંદોલન'ના દિગ્દર્શક ફણી મઝમુદાર હતા અને તેમાં કિશોરકુમાર, ગૌરીદેવી, કૃષ્ણકાંત હતાં જેમાં 'વંદે માતરમ્ સુજલામ્ સુફ્લામ્...' સુધા મલ્હોત્રા, મન્ના ડે, પારૂલ ઘોષ વગેરેએ ગાયેલું. કિશોરકુમાર, મન્ના ડેએ 'સુબહ કી પહેલી કિરન તક...' ગાયેલું. આ ત્રણ ફિલ્મો પછી તેમણે ઘણી ફિલ્મોમાં માત્ર વાંસળીવાદન કરેલું. 'બસંત બહાર'માં 'મૈં પિયા તેરી તું માને યા ના માને'માં તેમની જ વાંસળી છે, પણ તેમને શાસ્ત્રીય સંગીત જ વધુ ગમતું અને પં. ઓમકારનાથ ઠાકુર, ફૈયાઝ ખાં સાથે સંગત કરતા.

શાસ્ત્રીય સંગીતમાં વિશ્વખ્યાત હોય અને ફિલ્મ સંગીતમાં પણ ખૂબ સફળ રહ્યા હોય એવાં નામ તો પં.રવિશંકર અને શિવ-હરિનાં જ છે. બાકી ઉસ્તાદ અલ્લારખાએ 'ફ્લાઇંગ મેન', 'આબિદા', 'રૂપ બસંત', 'બેવફા' (રાજ કપૂર-નરગિસ), 'હાતિમતાઈ કી બેટી', 'ખાનદાન' (શ્યામા મુરાદ, લલિતા પવાર) વગેરે ફિલ્મોમાં સંગીત આપ્યું. મોહન પિક્ચર્સવાળા દવે ભાઈઓ હંમેશાં તેમનો આગ્રહ રાખતા. ૧૯૪૩ની 'મહાસતી અનસૂયા'માં તેમણે અવિનાશ વ્યાસ સાથે સંગીત આપેલું. પછી 'ઘર કી શોભા', 'મા-બાપ', 'કુલ-કલંક', 'ઘર', 'મા-બાપ કી લાજ' વગેરે ફિલ્મો આવી. તેમણે 'આઝાદ હિન્દુસ્તાન' માટે 'રઘુપતિ રાઘવ રાજારામ' અને 'વૈષ્ણવજન તો તેને રે કહીએ' જેવાં ભજનો કમ્પોઝ કરેલા. 'બેવફા'માં રાજ-નરગિસ હતાં અને મોટા સ્ટાર્સવાળી ફિલ્મમાં તેમને સંગીત મળે તેવો આ પહેલો પ્રસંગ હતો. તેમાં 'તુમકો ફુર્સત હો તો મેરી જાન ઇધર દેખ લો' અને 'દિલ મતવાલા લાખ સંભાલા' જેવાં ગીતો હતાં. બાકી તેમને સ્ટંટ યા વેશભૂષા પ્રધાન કે પછી મુસ્લિમ સોશિયલ ફિલ્મો જ મળતી. ૧૯૫૭ પછી તેઓ પં. રવિશંકર સાથે તબલાવાદક તરીકે જોડાયા 'ને દેશ-પરદેશમાં અનેકવાર સિતાર સાથે સંગત કરી. અલબત્ત, ૧૯૬૪ની 'ઇદ કા ચાંદ'માં 'ઇન્સાન કો ઇન્સાન બના દેતા હૈ રોજ' જેવું ગીત છે, પણ તેઓ વધુ લોકપ્રિય બની શક્યા ન હતા.

પં. રવિશંકરની ખ્યાતિ સિતારવાદકની પણ ચેતન આનંદના તેઓ મિત્ર હતા એટલે પહેલીવાર 'નીચા નગર'માં સંગીત આપ્યું અને એ જ વર્ષે ખ્વાજા અહમદ અબ્બાસની 'ધરતી કે લાલ'નું સંગીત પણ તેમનું જ છે, પણ તેમણે સત્યજીત રેની પહેલી જ ફિલ્મ 'પાથેર પાંચાલી'માં સિતાર વગાડેલું. પછી 'અપરાજિતો'નું સંગીત તેમનું જ છે. બંગાળમાં 'કાબુલીવાલા' બની તેના સંગીતકાર પણ રવિશંકર છે અને સત્યજીત રેની 'અપૂર સંસાર' પણ તેમના સંગીતવાળી છે. ઋષિકેશ મુખરજીએ તેમને 'અનુરાધા' ફિલ્મના સંગીત માટે આગ્રહ કર્યો. એ ફિલ્મનું સંગીત આપવા શંકર-જયકિશન તૈયાર હતા. પોતે ફિલ્મ સંગીત માટે લાખો રૂપિયા ફી માંગે તે પણ નહોતા

આયુર્વેદીક
ચરણ બ્રાન્ડ

જુની કબજીયાત?

મળશુધ્ધિવટી
ટેબલેટ

કબજીયાતના કારણે થતી ખોટી ગરમી, ગેસ, મોના ચાંદા અને રક્તવિકાર માટે ગુણકારી

કબજીયાતના ટેન્શનથી રહો દૂર, દિવસભર રહો ખુશ

ભુખ નથી લાગતી ? ગેસની તકલીફ છે ?

આયુર્વેદીક
ચરણ બ્રાન્ડ

ગેસારી પીલ્સ

ગંઠોડા, સુંઠ, લીંડી પીપર, અજમો, જીરૂ તેમજ અન્ય ગુણકારી દ્રવ્યોથી નિર્મિત. ગેસ-અપચો-ભુખ ન લાગવી જેવી તકલીફોમાં ગુણકારી તેમજ સ્વાદિષ્ટ

મંદ પાચન શક્તિને તેજ બનાવી ભુખ લગાડે અને ગેસમાં રાહત આપે તેમજ સ્વાદિષ્ટ

ઉત્પાદક: હરિનારાયણ ફાર્મસી, ચાંગોદર, અમદાવાદ. also Available on amazon

• અમદાવાદ - જે. આર. શાહ કું. - (079) 26582515 • વડોદરા - પેરેમાઉન્ટ આયુર્વેદિક એજન્સી - 9427848050 • રાજકોટ - શ્રેયસ્ક એજન્સી - 9408923946 • સત્યમ ફાર્મસી - 9824803025 • મુંબઈ - સંજય ડીસ્ટ્રીબ્યુટર્સ - 98209 08143, લક્ષ્મીદાસ ડાહ્યાભાઈ - (022) 22402554

જાણીતા દવાવાળાને ત્યાં ઉપલબ્ધ

PURE+

Black & White Phenyl 5 Ltr.

₹. 250

Detergent Liquid 5 Ltr.

₹. 500

Free Home Delivery in Ahmedabad

HEAD OFFICE : Shree Devi Hygiene Products Pvt. Ltd.
18, Kadamb Bunglows, Opp. Ahmedabad Haat,
Opp. Vastrapur Lake, Vastrapur Ahmedabad-380054.
Contact No : 9825024597
E-mail : shreedevihygienep.p.ltd@gmail.com

UMIYA TEA
Rishtey Ki Sahi Pehchan

13 No.
BARIK DANA

Premium
TEA

Customer Care : 0281 - 2460043

www.umiyatea.com

ADMEDIA

લેવાના. ફક્ત ૨૦,૦૦૦ રૂપિયા આપજો, એમ કહેલું, પણ ઋષિદાએ પં. રવિશંકરનો જ આગ્રહ રાખ્યો. એ ફિલ્મનાં ગીતોની ધૂન એક જ દિવસમાં તૈયાર થયેલી અને ગીતો હતાં 'જાને કૈસે સપનોમેં ખો ગઈ અંખિયા', 'કૈસે દિન બીતે કૈસે બીતી રતિયાં', 'હાય રે વો દિન ક્યું ના આયે'. પહેલું ગીત તિલક કામોદમાં, બીજું માંઝ ખમાજમાં અને ત્રીજું જંસમોહિનીમાં. શાસ્ત્રીય સંગીતનો આ ચમત્કાર હતો. પછી તો 'ગોદાન', 'મીરા', 'ગાંધી' જેવી ફિલ્મો ઉપરાંત કેટલીક ફિલ્મો છે. 'ગોદાન'માં પૂરબી લોકસંગીત પ્રયોજીને રફી પાસે 'પિપરા કે પતવા સરીખે ડોલે મનવા' ગવડાવેલું, તો તિલક કામોદમાં 'હિયા જરત રહત દિન રૈન હો રામા' ગીત છે. મુકેશનો અવાજ અને સિતાર - વાંસળીના ઉપયોગથી એ ધૂન યાદગાર બનેલી.

ગુલઝારની 'મીરાં'નાં ગીતો લતાજી પાસે ગવડાવવાના હતાં, પણ લતાજી એ ગીતો હૃદયનાથ મંગેશકર માટે ગાઈ ચૂકેલાં એટલે ના પાડી અને વાણી જયરામે ગાયા. યમન રાગમાં 'જો તુમ તોડો પિયા' તો ભૈરવીમાં 'શ્યામ મને ચાકર રાખોજી', ગુજરી તોડીમાં 'એ રી મૈં તો પ્રેમ દીવાની', ખમાજ આધારિત 'મેરે તો ગિરધર ગોપાલ' અને ગુજરી તોડીમાં જ 'બાલા મૈં બૈરાગન હુઈ'. એટનબરોની 'ગાંધી'નું સંગીત જરા જુદું છે અને તે ફિલ્મ જોતી વેળા જ અનુભવાશે. શિવકુમાર શર્મા અને હરિપ્રસાદ ચૌરસિયાને યશ ચોપરા સાથે મૈત્રી હતી એટલે તેમના માટે જ વધુ સંગીત આપ્યું, પણ શિવકુમાર શર્માએ 'હમ દોનોં', 'ગોદાન' જેવી ફિલ્મોમાં જયદેવ, પં. રવિશંકર ઉપરાંત રોશન સાથે સિતાર વગાડેલી. ઓ.પી. નૈયરના પણ તેઓ ખાસ હતા. એસ.ડી. બર્મન માટે 'ગાઇડ'માં તો તેઓ 'પિયા તોસે નૈના લાગે રે' ગીતમાં તબલાં ય વગાડી ચૂકેલા. હરિપ્રસાદ ચૌરસિયા પાસે કલ્યાણજી-આણંદજીએ 'ગીત'માં ખૂબ વાંસળી વગાડાવેલી. 'મિલન'માં લક્ષ્મીકાંત-પ્યારેલાલ માટે પણ વાંસળી વગાડેલી. આવી ઘણી ફિલ્મો પછી યશજીએ 'સિલસિલા'ના સંગીત માટે બંનેને કહ્યું. એ ફિલ્મમાં લતાજી, કિશોરકુમાર ઉપરાંત અમિતાભ પાસે ય ગીત ગવડાવ્યા.

પન્નાલાલ ઘોષ

હિન્દી ફિલ્મ સંગીતને સમૃદ્ધ કરવામાં શાસ્ત્રીય સંગીતનું પ્રદાન તો અવિસ્મરણીય છે. શંકર જયકિશનમાંના શંકરે એકવાર નૌશાદ માટે કહેલું કે તેમના સંગીતમાંથી ભારતીય રાગો અને ઉત્તર પ્રદેશનું લોક સંગીત કાઢી લો તો શું બચશે

કિશોર-લતા પાસે 'દેખા એક ખ્વાબ તો યે સિલસિલે હુએ' અને 'સર સે સરકે', 'લડકી હૈ યા શોલા' અને અમિતાભ - લતા પાસે 'યે કહાં આ ગયે હમ', અમિતાભ પાસે 'રંગ બરસે' અને 'નીલા આસમાં'. અમિતાભ પાસે ઉત્તમ પરિણામ લાવનારા શિવ-હરિ છે. વાંસળી અને સિતાર આ ફિલ્મના સંગીતને રસીલું બનાવે છે. 'સિલસિલા' પછી 'ચાંદની', 'ડર', 'લમ્હેં' ઉપરાંત 'ફાસલે', 'વિજય', 'પરંપરા' અને રમેશ તલવાર દિગ્દર્શિત 'સાહિબાન'. થાય કે ફક્ત આઠ જ ફિલ્મમાં સંગીત શા માટે? પણ તેઓ શાસ્ત્રીય સંગીતમાં દેશ-વિદેશમાં કાર્યક્રમો આપવામાંથી ફુરસદ નહોતા મેળવી શકતા.

અહીં અલી અકબર ખાંના 'આંધિયાં', 'હમસફર' અને 'હાઉસ હોલ્ડર'ના સંગીતને ય યાદ કરી શકો. અલાઉદ્દીન ખાં અને મદીના બેગમના તેઓ પુત્ર અને સરોદ વાદન માટે જાણીતા અલી અકબર ખાંને ચેતન આનંદે 'આંધિયાં'માં સંગીત આપેલું. પછી તેમણે સત્યજિત રેની 'દેવી' ફિલ્મ અને મર્ચન્ટ આઇવરીની 'ધ હાઉસ હોલ્ડર' ઉપરાંત તપન સિંહાની 'ક્ષુધિતો પાષાણ'માં સંગીત આપેલું. 'સીમા' ફિલ્મમાં તેમણે જ સરોદ વગાડેલું.

જેના સંગીતકાર શંકર જયકિશન હતા. (શંકર જયકિશને પં. ભીમસેન જોશી - મન્ના ડે પાસે 'કેતકી ગુલાબ જૂહી' પણ ગવડાવેલું. એની પણ નોંધ લઈ શકાય). ઉસ્તાદ વિલાયત ખાંએ 'મદહોશ' (૧૯૫૧) માં સિતાર વગાડેલી પછી સત્યજિત રેની 'જલસાઘર' ઉપરાંત 'શેક્સપિયરવાલા', 'ધ ગુરુ' અને 'કાદંબરી'માં સંગીત આપેલું. ઝાકીર હુસેનની ઓળખ તબલાવાદક તરીકેની અને ફિલ્મોમાં તબલાં વગાડતા. મલયાલમ ફિલ્મ 'વાનપ્રસ્થાન'માં તેઓ સંગીત સલાહકાર હતા. પછી 'ઇન કસ્ટડી', 'ધ મિસ્ટિક માઝર', 'લિટલ બુદ્ધ', 'હિટ એન્ડ ડસ્ટ', 'ધ પર્ફેક્ટ મર્ડર' જેવી ફિલ્મો પછી 'સાઝ'માં સંગીત આપેલું. હમણા ચાર વર્ષ પહેલાં આવેલી 'મન્ટો'માં પણ તેમનું પાર્શ્વ સંગીત હતું.

શાસ્ત્રીય સંગીતકારો જે-તે વાદ્ય વગાડવામાં મશહૂર એટલે એવા વાદ્યની વિશેષતા જેમાં જરૂરી હોય એવી ફિલ્મ માટે ખાસ પસંદ કરવામાં આવે, પણ આ બધા જ સંગીતકારો અનેક સંગીતકારોની યાદગાર ધૂનના હિસ્સા બની ચૂક્યા હોય એટલે ફિલ્મ સંગીતનું કૌશલ્ય પણ કેળવી લે. જોકે ફિલ્મ સંગીતમાં બધાને સફળતા નથી મળી, કારણ કે તે એક જુદી ક્ષમતા માગે છે. તેમનો સારો ઉપયોગ સારા સંગીતકાર જ કરી શક્યા છે. મદનમોહનના ફેવરિટ શાસ્ત્રીય વાદ્ય સંગીતકારો ઘણા હતા અને કમાલ સર્જી દેતા. હિન્દી ફિલ્મ સંગીતને સમૃદ્ધ કરવામાં શાસ્ત્રીય સંગીતનું પ્રદાન તો અવિસ્મરણીય છે. શંકર જયકિશનમાંના શંકરે એકવાર નૌશાદ માટે કહેલું કે તેમના સંગીતમાંથી ભારતીય રાગો અને ઉત્તર પ્રદેશનું લોક સંગીત કાઢી લો તો શું બચશે? વાત સાચી છે. શાસ્ત્રીય સંગીત માત્રથી જ ફિલ્મ સંગીત નથી બનતું. સચિનદેવ બર્મન, સલીલ ચૌધરી, મદનમોહન, શંકર જયકિશન, લક્ષ્મીકાંત-પ્યારેલાલથી માંડી એ.આર. રહેમાનના સંગીતની વિશેષતા તપાસતાં આ સમજાશે. જે ચાર-પાંચ મિનિટના ગીતમાં શાસ્ત્રીય ગાયકી 'ને વાદ્યની વિશેષતા સર્જે તે અહીં કામના. શિવ-હરિ, પં. રવિશંકર આ સમજ્યા હતા એટલે વધુ સફળ રહેલા. બાકી તો એવા ઘણા છે જે ભારતીય ફિલ્મ સંગીતમાં સ્થાન પામ્યા છે. ■

ચારુસેટ યુનિવર્સિટી : વર્લ્ડ ક્લાસ યુનિવર્સિટી

ચરોતરને વૈશ્વિક શૈક્ષણિક હબ બનાવીને ભારતને વૈશ્વિક શિક્ષણના સ્તરે લઈ જવા વર્ષ ૨૦૦૦માં શ્રી ચરોતર મોટી સત્તાવીસ પાટીદાર કેળવણી મંડળ દ્વારા ચાંગામાં ચારુસેટ કેમ્પસનો ઉદય થયો. ડિસેમ્બર ૨૦૦૦માં ઇજનેરી કૉલેજ શરૂ થઈ. રૂ. ૩ કરોડના મૂડીરોકાણ, ૪ પ્રોગ્રામ અને ૨૪૦ વિદ્યાર્થીઓ સાથે ચારુસેટ કેમ્પસ શરૂ થયું. ૨૦૦૯માં NAAC પ્રમાણિત 'એ' ગ્રેડ ચરોતર યુનિવર્સિટી ઓફ સાયન્સ એન્ડ ટેક્નોલોજી (ચારુસેટ)ની રચના કરવામાં આવી. હાલમાં રૂ. ૧૫૦ કરોડના ખર્ચે નિર્મિત ચારુસેટ યુનિવર્સિટીનું ૧૨૦ એકરનું ભવ્ય અને વિશાળ લીલુંછમ કેમ્પસ છે, જેમાં ૬ ફેકલ્ટી અને ૯ કૉલેજો છે. ૭૫૦૦થી વધુ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. ચારુસેટ ૩૯૦ ફેકલ્ટી સાથે ૭૨ જુદા જુદા યુ.જી., પી.જી. અને ડૉક્ટરેટ પ્રોગ્રામ્સ ઑફર કરે છે.

યુનિવર્સિટીમાં હાલમાં ૩૪૨ વિદ્યાર્થીઓ Ph. D. કરે છે જેમાં ૧૬૮ ફેકલ્ટી મેમ્બર છે. યુનિવર્સિટી દ્વારા તમામ ફેકલ્ટી મેમ્બર Ph. D. થાય તે હેતુથી ૧૦૦ ટકા Ph. D.નું ધ્યેય હાંસલ કરવાનું છે. સન ૨૦૧૦થી લોન્ચ થયેલા Ph. D. પ્રોગ્રામમાં અત્યાર સુધીમાં કુલ ૧૮૭ વિદ્યાર્થીઓ Ph. D. થયા છે. ફેકલ્ટીઝમાં ફેકલ્ટી ઓફ ટેક્નોલોજી એન્ડ એન્જિનિયરિંગ, ફાર્મસી, કમ્પ્યુટર સાયન્સ એન્ડ ઍપ્લિકેશન્સ,

મૅનેજમેન્ટ સ્ટડીઝ, એપ્લાઇડ સાયન્સીસ અને મેડિકલ સાયન્સનો સમાવેશ થાય છે. કેમ્પસમાં ૯ કૉલેજોમાં ચંદુભાઈ એસ. પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી, દેવાંગ પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ એડ્વાન્સ ટેક્નોલોજી એન્ડ રિસર્ચ, શ્રીમતી ચંદાબેન મોહનભાઈ પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ કોમ્પ્યુટર ઍપ્લિકેશન્સ, રમણભાઈ પટેલ કૉલેજ ઓફ ફાર્મસી, ઇન્દુકાકા ઇપ્કોવાળા ઇન્સ્ટિટ્યૂટ ઓફ મૅનેજમેન્ટ, પી.ડી. પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ એપ્લાઇડ સાયન્સીસ, અશોક એન્ડ રીટા પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ફિઝિયોથેરપી, મણિકાકા ટોપાવાળા ઇન્સ્ટિટ્યૂટ ઓફ નર્સિંગ અને બાપુભાઈ દેસાઈભાઈ પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ પેરામેડિકલ સાયન્સીસનો સમાવેશ થાય છે.

ચારુસેટને NIRF (નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ રેન્કિંગ ફ્રેમવર્ક) દ્વારા ગુજરાતની ટોચની ત્રણ ખાનગી યુનિવર્સિટીઓમાં સ્થાન મળ્યું છે.

Honesty, Integrity & Transparencyના હેતુને ધ્યાનમાં રાખીને સતત પ્રગતિ કરી રહેલી ચારુસેટ યુનિવર્સિટીનું હવે પછીનું આગામી લક્ષ્ય ઇન્સ્ટિટ્યૂટ ઓફ આર્કિટેક્ચર એન્ડ અર્બન ડિઝાઇનિંગ, ઇન્સ્ટિટ્યૂટ ઓફ લૉ, ઇન્સ્ટિટ્યૂટ ઓફ હ્યુમનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ અને મેડિકલ કૉલેજની સ્થાપના કરવાનું છે. આ ઉપરાંત ગર્લ્સ હોસ્ટેલ, બોય્ઝ હોસ્ટેલ, સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સના નિર્માણનું સપનું સાકાર કરવું છે.

UMIYA ELECTRICALS
SALES & SERVICES
Balvant Surani
98251 88300
96625 23580
Kishor Surani
99255 06895
83201 93427

Trusted for :
Building, Industrial &
Electricals Items
3, Chinmay Complex, Opp. Payal Flats,
Judges Bunglow Road, Vastrapur, Ahmedabad-15
Tel : 079-26747943

Dhirubhai Surani
M. : 98240 53380
(O) : 70696 85111
Bhargav M. Shah
Mo : 93280 01200
(O) : 70696 85101
GREEN N POLYMERS

MFG. ISI PVC PIPE, BAND,
CASING CAPING & JUNCTION BOX
95, Sopan Kesar Industrial Hub,
B/h. Sarvoday Hotel, Sarkhej-Bawla Highway,
N.H No. 8, Moreiya Gam Road,
Moreiya, Ta. Sanand,
Dist. Ahmedabad, Gujarat, India.
Pin Code : 382 110
Email:greenpolymers2014@yahoo.com

આ વર્ષ આપના માટે મધ્યમ ફળદાયી રહેશે. તમારી અંદર ઊર્જાની કોઈ કમી નહીં હોય, પરંતુ આ ઊર્જાનો યોગ્ય દિશામાં ઉપયોગ કરવો તમારા માટે ખૂબ જરૂરી છે. તમારી સાથે સંખ્યાબંધ એવી સ્થિતિઓ હશે જેમાં તમે એ વિચારવામાં અસમર્થ રહેશો કે તમારે કોને પ્રાથમિકતા આપવી. આવી સ્થિતિમાં પરિવારની કોઈ પણ વ્યક્તિની સલાહ અને તેમના અનુભવ તમારા માટે કામ લાગી શકે છે. જો વિદેશયાત્રા કરવા માંગતા હોવ તો, આ વર્ષ ખૂબ સારું છે. તમારે પોતાની જાતને દરેક સ્થિતિ માટે તૈયાર રાખવાની છે અને મહેનત કરવા માટે તત્પર રહેવાનું છે. તમારી કાર્યકુશળતામાં વધારો થશે. કાનૂની કાર્યોમાં તમારી તરફેણમાં ચુકાદા આવે.

પ્રેમસંબંધો : આ વર્ષમાં તમારા પ્રેમસંબંધો ઉત્તમ રહેશે. તમારા સંબંધોમાં એકબીજા પ્રત્યે સમજદારીની ભાવના વધશે અને તમે એકબીજા સાથે રહીને વધુ કમ્ફર્ટેબલ હોવાનો અહેસાસ કરશો. તમે સુખી દાંપત્યજીવનનો પ્રારંભ કરી શકશો. વિવાહિત લોકોને ગૃહસ્થ જીવન આ વર્ષમાં ઘણુ સારું રહેશે.

ફાઇનાન્સ : જો તમારી નાણાકીય સ્થિતિની વાત કરીએ તો, આ વર્ષ સામાન્ય ફળદાયી જણાઈ રહ્યું છે. તમારા ખર્ચમાં પણ વધારો થશે અને કેટલાક બિનજરૂરી ખર્ચનો સામનો પણ કરવો પડશે. જેના કારણે તમારી પરેશાની વધી શકે છે. આવી સ્થિતિમાં તમારે પોતાની આવક અને જાવકનું સારી રીતે મેનેજમેન્ટ કરવું જરૂરી છે. સામાન્ય આવક વચ્ચે પણ તમારે ખર્ચાને પહોંચી વળવાનું છે. તમારી આર્થિક સ્થિતિ એકંદરે સારી જ રહેવાની છે. આર્થિક દ્રષ્ટિકોણથી જોવામાં આવે તો શરૂઆત અને અંતિમ ત્રણ મહિના વધુ બહેતર જણાઈ રહ્યા છે.

નોકરી અને વ્યવસાય : નોકરિયાત લોકો માટે આ વર્ષ ઘણુ સારું રહેશે. તમે પોતાના કામ પ્રત્યે દ્રઢ સંકલ્પિત રહેશો અને ખૂબ જ મહેનત કરશો. ઓફિસમાં વધારે સમય આપશો અને દરેક પ્રકારે તમારું કામ વધુ સારું કરવાનો પ્રયાસ કરશો. તમારી આ સ્થિતિ તમારા બોસની નજરમાં તમને ઊંચું સ્થાન અપાવશે. તેઓ તમારા કાર્યથી પ્રભાવિત થશે અને સમયે સમયે તમારું ધ્યાન રાખશે.

શિક્ષણ : વિદ્યાર્થીઓ માટે આ વર્ષ ઘણુ સારું પસાર થવાનું છે. તમે કોઈ પણ પ્રકારે સારું જ્ઞાન મેળવી શકશો અને તમારી બુદ્ધિમત્તા પણ ઘણી તીવ્ર રહેશે. તમે સરળતાથી દરેક ચીજોને યાદ રાખી શકશો.

સ્વાસ્થ્ય : સ્વાસ્થ્ય મામલે આ વર્ષ તમારા માટે સામાન્ય જણાઈ રહ્યું છે. તમારે ખાવાપીવાની આદતો પર નિયંત્રણ રાખવું જરૂરી છે. અસંતુલિત ભોજનના કારણે અવારનવાર તમારું સ્વાસ્થ્ય કથળી શકે છે. વર્ષની શરૂઆતના બે મહિનામાં તમને કોઈ પણ પ્રકારે ઈજા થવાની શક્યતા છે માટે ડ્રાઇવિંગ કરતી વખતે સાવધાની રાખવી અને કોઈ પણ પ્રકારે બિનજરૂરી ઉતાવળ ટાળવી. પોતાની જાત અને આરોગ્યને વધુ મહત્ત્વ આપશો અને સ્વાસ્થ્યની પૂરતી કાળજી લેશો તો વાંધો નહીં આવે.

આ વર્ષ સારા સમાચાર આપનારું છે. આ વર્ષે તમારું ભાગ્ય ખૂબ જ મજબૂત રહેશે. ગત વર્ષે જ તેની ગતિ પકડાવા લાગી હશે અને હવે તમે ઝડપથી આગળ વધીને ઉન્નતિ પ્રાપ્ત કરી શકશો. જો તમે વેપાર કરતા હોવ તો તેમાં ધીમે ધીમે વધારો થશે અને આવકમાં વૃદ્ધિ થશે. તમારી સંખ્યાબંધ વિલંબમાં પડેલી ઇચ્છાઓ આ વર્ષમાં પૂરી થશે. વિદેશ જવાની ઇચ્છા હોય તેવા જાતકોને આ વર્ષના મધ્યમાં કોઈ ખુશખબર મળી શકે છે. આ વર્ષે તમારા સ્વાસ્થ્યમાં ચડાવઉતારની સ્થિતિનો અહેસાસ થશે માટે તમારે સતત સાવધાની રાખવી જરૂરી છે અને ખાવાપીવાની આદતોમાં અસંતુલન થવું જોઈએ નહીં. તમે કંઈક નવું શીખશો તમને ઓફિસમાં પણ સારું માન-સન્માન મળી શકે અને તમારી સુખ-સગવડોમાં વધારો થશે. આ વર્ષે કરેલા પ્રવાસોથી તમારું મનોબળ મજબૂત થશે અને તમે સંખ્યાબંધ નવા લોકોના સંપર્કમાં આવો તેવા પણ ચાન્સ છે.

પ્રેમસંબંધો : આ વર્ષમાં તમારું પ્રણયજીવન ઘણુ સારું રહેશે. જોકે તમે પોતાની ધૂનમાં મસ્ત રહે તેના કારણે પ્રિયપાત્રની લાગણીને ઠેસ ના પહોંચે તેનું તમારે ધ્યાન રાખવું પડશે. આ વર્ષમાં તમારા પ્રણયજીવનમાં વધારો થશે અને પ્રિયપાત્રને સારી રીતે સમજવાની તકો મળે.

ફાઇનાન્સ : પૈસા બાબતે તમારા માટે આ વર્ષ મધ્યમ પ્રકારનું ભાગ્ય લઈને આવ્યું છે. તમને ભાગ્યના જોરે પૈસા મળે માટે આવક તો થશે અને તમારી જરૂરિયાત અનુસાર કામ પણ થતાં રહેશે, પરંતુ કોઈ પણ બેફામ ખર્ચ ના થાય તેનું ધ્યાન રાખજો.

શું આપને...

- ગોઠણમાં દુઃખે છે? ચાલવામાં ગોઠણ દુઃખે છે?
- દાદરા ચડવા/ઉતરવામાં ગોઠણ દુઃખે છે?
- ઉભા રહેવામાં ગોઠણ દુખે છે? ગોઠણમાં સોજા રહે છે?
- ગોઠણથી પગ ત્રાંસા થઈ ગયા છે?
- ગોઠણમાંથી અવાજ/કડાકા આવે છે?
- ગોઠણને વાળવા/સીધા કરવામાં તકલીફ છે?
- ગોઠણના સાંધા જકળાઈ જાય છે?
- જમીન પર બેઠા પછી ઉભા થવામાં ગોઠણ દુખે છે?
- ચાલતી વખતે ગોઠણનું સંતુલન જતું રહેશે એવો ડર લાગે છે?
- ગોઠણના ઓપરેશન (TKR) ની સલાહ આપવામાં આવેલ છે?

એડવાન્સડ ઓસ્ટીયો આર્થાઈટીસ માટે ઓપરેશન
ટોટલ-ની-રીપ્લેસમેન્ટ (TKR) શ્રેષ્ઠ સારવાર છે.

પ્રભુકૃપા
હોસ્પિટલ

સૌરાષ્ટ-કચ્છની એકમાત્ર સુપર સ્પેશ્યાલિટી હોસ્પિટલ જ્યાં ફક્ત જોઈન્ટ રીપ્લેસમેન્ટ સર્જરી જ કરવામાં આવે છે

અહી ફ્રેક્ચર, ટ્રોમા, લીગામેન્ટની ઈજા, કમર/ગરદનના દુઃખાવા, સ્પોન્ડીલાઇટીસ, સાયટીકા, સ્નાયુના દુઃખાવા, વા વિગેરેની સારવાર કરવામાં આવતી નથી.

સૌરાષ્ટ્રની પ્રથમ અને એક માત્ર સુપર સ્પેશ્યાલીટી હોસ્પિટલ જ્યાં ફક્ત ચુનિકમ્પાર્ટમેન્ટ (પાર્શીયલ), પ્રાયમરી ટોટલ, કોમ્પલેક્ષ પ્રાયમરી તથા રીવીઝન-ની-રીપ્લેસમેન્ટ સર્જરી જ કરવામાં આવેલ છે.

જ્યુબેલી ગાર્ડન પાસે, કસ્તુરબા રોડ, સીનીયર સીટીઝન પાર્ક સામે, રાજકોટ.

☎ 0281-2226674 9898 778 541

/prabhukrupahospital www.prabhukrupahospital.in

ડૉ. કેતન શાહ એમ. એસ. (ઓર્થો.) ડી.એન.બી. (ઓર્થો)
જોઈન્ટ રીપ્લેસમેન્ટ સર્જન
PASSIONATE ABOUT KNEE CARE

ઓશવાળ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત
લીલાવતી નેચરકયોર એન્ડ યોગ રીસર્ચ સેન્ટર
મુ.લાખાબાવળ (જામનગર)

નેચરોપથી સારવાર માટે ડીસ્કાઉન્ટ કેમ્પ

શું તમે કોઈ પણ જાતની દવા લીધા વગર સ્વસ્થ રહેવા માંગો છો ? તો આજે જ અમારા નેચરોપથી કેમ્પ માટે વહેલા તે પહેલાનાં ધોરણે નામ નોંધાવો.

લીલાવતી નેચર કયોર એન્ડ યોગ રીસર્ચ સેન્ટર લાખાબાવળ તા. ૧૮-૧૧-૨૦૨૧નાં
આંતરરાષ્ટ્રીય નેચરોપથી દિવસની ઉજવણીનાં સંદર્ભે
તા.૦૯-૧૧-૨૦૨૧ થી ૧૮-૧૧-૨૦૨૧
સુધી સેન્ટર ખાતે લઘુતમ ૩, ૭ અથવા ૧૦ દિવસ માટે સારવાર અર્થે દાખલ થાય તેને કૂલ બીલમાંથી ખાસ સંજોગોમાં વળતર આપવામાં આવશે.
આ વળતર યોજનાનો લાભ લઈ દવા રહીત પધ્ધતિની સારવાર લેવા જામનગરની જનતાને અનુરોધ છે.

આ કેમ્પનો લાભ લેવા નોંધણી(રજીસ્ટ્રેશન) અનિવાર્ય છે.
જે તા.૦૫-૧૧-૨૦૨૧ સુધીમાં કરાવી લેવાનું રહેશે.

ફોન નં : ૯૯૧૩૫૬૧૪૫૩, ૯૯૭૮૫૬૧૪૫૩, ૬૩૫૮૭૬૧૪૫૩
ઈ-મેઇલ: info@leelavatinaturecure.com

Sweet To Rejoice Your Homeland Memories

khavda® 1970

feel THE FESTIVITY EVERYDAY

Khavda Mesuk Ghar	Khavda Mesuk Centre	Khavda Mesuk Ghar	Khavda Sweet House
Main Bazar, Bhuj	Waniawad, Bhuj	Hospital Road, Bhuj	Chawla Chowk, Gandhidham
2832-255999	2832-255122	2832-255123	2836-221021

નાણાના અભાવે તમારું કોઈ કામ અટકશે નહીં જેથી તમે રાહતનો શ્વાસ લઈ શકશો. નાણાકીય મેનેજમેન્ટ કરવાથી તમે સારી રીતે રહી શકો છો અને નાણા યોગ્ય જગ્યાએ ખર્ચ અથવા રોકાણ કરીને ફાયદો ઉઠાવી શકો છો.

નોકરી અને વ્યવસાય : નોકરિયાત જાતકો માટે આ વર્ષ ઘણુ સારું પસાર થશે. તમારું ભાગ્ય મજબૂતી સાથે તમને સાથ આપશે, જેના કારણે તમે તમામ પ્રકારનાં કાર્યો સારી રીતે પાર પાડી શકશો. તમારા કામકાજની ઘણી પ્રશંસા થશે અને તેનાથી તમારી સ્થિતિ વધુ મજબૂત થશે. આવકમાં વધારો થશે પરંતુ તેમ છતાં તમને પૂર્ણ સંતોષ નહીં થાય. તમારે આના માટે કંઈક મોટું વિચારવું જોઈએ.

શિક્ષણ : વિદ્યાર્થીઓની વાત કરીએ તો, વર્ષની શરૂઆત ઘણી સારી રહેશે. તમે અભ્યાસમાં ઘણા સારા પરિણામો મેળવી શકશો. તમારું મન અભ્યાસમાં સારી રીતે પરોવાયેલું રહેશે અને તમે નવા નવા વિષયો શીખવા માટે જિજ્ઞાસુ રહેશો. અભ્યાસમાં સંપૂર્ણ ધ્યાન રાખશો અને સખત પરિશ્રમ કરશો તો સફળતા મળી શકે છે.

સ્વાસ્થ્ય : આ વર્ષ સ્વાસ્થ્ય મામલે આપને સામાન્ય ફળ આપનારું જણાઈ રહ્યું છે. વર્ષની શરૂઆત થોડી નબળી રહેશે અને તમે કોઈ બીમારીની ઝપેટમાં આવી શકો છો. આથી શરૂઆતના બેથી ત્રણ મહિના વધારે કાળજી લેવાની સલાહ છે. તે પછી સ્થિતિમાં સુધારો આવશે અને તમારી લાઇફસ્ટાઇલ પણ ઘણી બહેતર થશે. ખાવાપીવાની આદતો પર વધારે ધ્યાન આપવું જરૂરી છે, કારણ કે ભોજનના શિડ્યૂલમાં બિનજરૂરી ખલેલના કારણે તમને પેટ સંબંધિત સમસ્યાઓ થઈ શકે છે. થોડી સાવધાની રાખવાથી તમે બહેતર સ્વાસ્થ્ય સુખાકારી માણી શકશો.

મિથુન જાતકો માટે આ વર્ષ એકંદરે સારું જણાઈ રહ્યું છે. આ વર્ષમાં તમે કેટલાક નવા કીર્તિમાન સ્થાપિત કરી શકશો. જો તમે વિદ્યાર્થી હોવ તો, આ વર્ષમાં તમને ખૂબ જ સારી સિદ્ધિ પ્રાપ્ત થવાની સંભાવના છે. તમારી સફળતાની ચર્ચા ચારેબાજુ થશે, પરંતુ આવા પરિણામ માટે આકરી મહેનત કરવાની તૈયારી રાખવી પડશે. એકાગ્રતા સાથે અભ્યાસ કરશો તો સિદ્ધિ ચોક્કસ મળશે. આ પ્રકારે તમે લોકોનું દિલ જીતવામાં પણ સફળ રહેશો. વારંવાર તણાવની સ્થિતિમાં ઓલ ઇઝ વેલ કહીને તમારા મનને મજબૂત કરવું પડશે.

પ્રેમસંબંધો : મિથુન રાશિના જાતકોનું પ્રણયજીવન આ વર્ષમાં ઘણુ સારું રહેશે. વર્ષના મોટા ભાગના સમયમાં તમારી લવલાઇફને તમે એન્જોય કરી શકશો અને પ્રિયપાત્ર સાથે સંબંધોમાં આગળ વધી શકશો. તમારી વચ્ચે ઘણી બાબતોમાં એકમત રહેશે જેથી તમે બંને સંબંધોને વધુ મહત્ત્વ આપીને આગળ વધશો. ગ્રહોની સ્થિતિ એવો સંકેત આપે છે કે, તમે જેમને પ્રેમ કરો છો તેમના માટે ઘણુ કરશો અને આ કારણે જ તેમની નજરમાં તમારી વેલ્યૂ ઘણી વધી જશે. જો પહેલાંથી લગ્ન થયેલા હોય તો તમારું વિવાહિત જીવન વર્ષની શરૂઆતમાં ઘણુ ખુશનુમા રહેવાના ચાન્સ છે.

ફાઇનાન્સ : પૈસા મામલે આ વર્ષમાં તમારે થોડા સતર્ક રહેવાનું છે. વર્ષની શરૂઆતથી જ તમારા ખર્ચ વધશે જેમાં મોટા ભાગના ખર્ચ બિનજરૂરી રહેશે. કેટલાક ખર્ચ વિશે તમે ક્યારેય વિચાર્યું પણ નહીં હોય જેથી તમારી મુશ્કેલી વધી શકે છે. તેની સીધી અસર તમારા બિસ્સા પર પડશે અને આર્થિક સ્થિતિમાં ઘણી સમસ્યાઓ થઈ શકે છે. કૌશલ્યપૂર્વક મની મેનેજમેન્ટ કરવાની ખાસ જરૂર પડશે. તમારે પોતાની આવક વધારવા માટે નવી નવી રીતો પર વિચાર કરવો પડશે. આમ કરશો તો જ તમે બચી શકશો. માત્ર આવક વધારવાથી કામ નહીં બને, પરંતુ તમારે પૈસાનું યોગ્ય રીતે સંચાલન કરવું પડશે. તમારે પરિવારના મજબૂત અને અનુભવી વ્યક્તિ સાથે આ બાબતે પરામર્શ કરવો જોઈએ, કારણ કે આવા સમયમાં તેઓ તમને ઘણી મદદ કરી શકે છે.

નોકરી અને વ્યવસાય : નોકરિયાત જાતકો માટે આ વર્ષ ઘણુ સારું પસાર થવાના યોગો જણાઈ રહ્યા છે. વર્ષની શરૂઆતથી મધ્ય સુધીનો સમય કામમાં મજબૂતીનો તબક્કો રહેશે. આપ ખૂબ જ મહેનત કરશો અને તમારી મહેનત ધીમે ધીમે બધાની નજરમાં આવવા લાગશે જેથી તમે પ્રગતિ કરી શકશો. આ વર્ષમાં તમારા વિરોધીથી તમારે સતર્ક રહેવું જરૂરી છે, કારણ કે નોકરીમાં તેઓ સમસ્યાઓ ઊભી કરવા માટે પ્રયાસ કરી શકે છે. વેપારી વર્ગના લોકો માટે આ વર્ષ ખૂબ જ સારું સાબિત થશે.

શિક્ષણ : વિદ્યાર્થીઓ માટે આ વર્ષ સારું પસાર થવાના ચાન્સ છે. તમે જે કંઈ પણ શીખવા માંગશો તે શીખવા માટે પૂરી તાકાત લગાવી દેશો. તમારી એકાગ્રતા વધશે અને મોટા પડકારોને પાછળ છોડીને તમે પોતાના શિક્ષણમાં નવા આયામ સ્થાપિત કરવામાં સફળ રહેશો. તમારા જ્ઞાનમાં વધારો થશે અને કોઈ ગુરુ અથવા શિક્ષકનું માર્ગદર્શન મેળવી શકશો. આ કારણે તમે અભ્યાસમાં સારી રીતે આગળ વધી શકશો અને જ્ઞાન બાબતે પરિપક્વ થઈ શકશો.

સ્વાસ્થ્ય : આરોગ્યની બાબતોમાં આ વર્ષ તમારા માટે મધ્યમ ફળદાયી જણાઈ રહ્યું છે. વર્ષની શરૂઆતમાં તમને સ્વાસ્થ્યમાં થોડી ઊણપ વર્તાશે. તમને વારંવાર શરીરમાં દુખાવો, આંખોમાં પીડા, ઊંઘ ઓછી આવવી અથવા બેચેની રહેવી વગેરે સમસ્યાઓ થઈ શકે છે. કોઈ એવી સમસ્યા પણ થઈ શકે છે જે તમને વારંવાર પરેશાન કરશે અને ઘણી કોશિશ કરવા છતાં તેનું ચોક્કસ કારણ તમે જાણી ના શકો. તમારે કામની સાથે સાથે શરીરને પૂરતો આરામ પણ આપવો જરૂરી છે. પૌષ્ટિક આહાર લેવો જ્યારે જંકફૂડથી દૂર રહેવું.

કર્ક જાતકો માટે આ વર્ષ સારું છે. વેપારમાં વધારો થાય અને તમે ક્યારેય વિચાર્યું પણ નહીં હોય તેવી જગ્યાએથી નફો રળી

શકશો. નોકરિયાતોને ધીમે ધીમે પરંતુ સારી પ્રગતિ થાય, ઇન્ક્રીમેન્ટ મળે અને તમારું વર્ચસ્વ રહેશે. તમારા કામની પ્રશંસા થશે અને લોકોની નજરમાં તમારી વેલ્યૂ વધશે. પારિવારિક માહોલ આખા વર્ષમાં તમને આગળ વધવામાં પ્રોત્સાહન આપશે. પ્રેમસંબંધો

પ્રેમસંબંધો મામલે આપનું આ વર્ષ સામાન્ય ફળદાયી જણાઈ રહ્યું છે. આ વર્ષમાં તમારા જીવનમાં ઘણા મોટા પરિવર્તન પણ આવી શકે છે. કદાચ તમારા જીવનમાં કોઈ નવી વ્યક્તિનું આગમન થાય અને તેમની સાથે તમારી નિકટતા વધી શકે છે. તેઓ તમારા માટે ખાસ વ્યક્તિ બની શકે છે. વર્ષનો આરંભ થોડો નબળો હોઈ શકે છે, પરંતુ જેમ સમય વિતશે તેમ આત્મિયતા વધશે.

ફાઇનાન્સ : આર્થિક મોરચે આપનું આ વર્ષ સામાન્ય ફળદાયી જણાઈ રહ્યું છે. તમારે કેટલીક નવી યોજનાઓ પર કામ કરવું પડશે. નાણા રોકાણ માટે આ વર્ષના મધ્યનો તબક્કો ઉત્તમ છે. તમારા પોતાના પ્રયાસોથી વર્ષની શરૂઆતમાં અને વર્ષના છેલ્લા બે મહિનામાં અટકેલા નાણા પાછા આવવાના પ્રબળ યોગો જણાઈ રહ્યા છે. આર્થિક સ્થિતિમાં પણ ઉન્નતિની આશા રાખી શકો છો.

નોકરી અને વ્યવસાય : નોકરિયાત લોકો માટે આ વર્ષની શરૂઆત થોડી નબળી જણાઈ રહી છે. તમે કોઈ બીજી નોકરી અંગે વિચાર કરો તેવી શક્યતા છે. પ્રયાસ કરવાથી એપ્રિલ મહિનામાં તમને નોકરી મળવાના સારા યોગ છે. નોકરિયાતોને પોતાના કામમાં વિશ્વાસ જાળવી રાખવા માટે વધુ મહેનત કરવાની રહેશે. જો તમે વેપાર કરતા હોવ તો, વેપારી વર્ગ માટે આ વર્ષ ઘણુ સારું રહેશે તેમ લાગી રહ્યું છે. વર્ષના મધ્યમાં તમારા બિઝનેસને આગળ વધારવા માટે તમે મહત્તમ અને મહત્ત્વપૂર્ણ યોગદાન આપી શકશો અને તેનાથી નફાનું ઘોરણ વધશે.

શિક્ષણ : વિદ્યાર્થીઓ માટે વર્ષની શરૂઆત સામાન્ય રહેશે. તમારે એકાગ્રતા વધારવા માટે કેટલાક પ્રયાસો કરવા પડશે. બેશકપણે તમને અભ્યાસમાં ઘણી મજા આવશે અને તમે કોઈ પણ બાબત વધુ ઊંડાણપૂર્વક શીખવાનું પસંદ કરશો. આમ કરવાથી, કોઈ પણ વિષય પર તમારી પકડ વધુ મજબૂત થશે. તમને કોઈ એવી વ્યક્તિ તરફથી સહયોગ મળશે જે અભ્યાસમાં તમને યોગ્ય માર્ગદર્શન આપી શકે. તેમના કારણે તમે આ વર્ષમાં શિક્ષણ ક્ષેત્રે ઘણુ નોંધનીય કાર્ય કરી શકશો.

સ્વાસ્થ્ય : જો તમારા સ્વાસ્થ્યની વાત કરીએ તો, સામાન્યપણે આ વર્ષ દરમિયાન સારું જ રહેશે. જૂની સમસ્યાઓ અને હઠીલા રોગોમાંથી મુક્તિ મળશે. વર્ષની શરૂઆતમાં તમારે આરોગ્ય પર થોડું ધ્યાન આપવું જરૂરી છે. ખાવાપીવાના અસંતુલિત શિડ્યૂલના કારણે પેટ ખરાબ થવાની અથવા એસિડિટી જેવી સમસ્યાઓ થવાની શક્યતાઓ રહેશે. વર્ષનો મધ્ય તબક્કો સારો રહેશે અને અંતિમ મહિનાઓમાં તમારે થોડી વધારે કાળજી લેવી પડશે.

સિંહ જાતકો માટે આ વર્ષ એકંદરે ખૂબ સારું રહેશે. એક તરફ આપની કારકિર્દી આ વર્ષમાં નવી ઊંચાઈએ પહોંચશે તો બીજી તરફ મહત્ત્વનાં કાર્યોની જવાબદારી તમે ઉપાડશો જેથી પોતાની જાત પર ભરોસો વધશે અને તમારા આત્મબળમાં પણ વધારો થશે. વેપારીઓ માટે આ વર્ષ ઘણુ સારું છે અને આપની કારકિર્દીમાં દરેક મોરચે નવી ઊંચાઈ પ્રાપ્ત કરી શકશો. આર્થિક રીતે તમે ઘણી ઉન્નતિ કરશો, પરંતુ તમારે મની મેનેજમેન્ટ ખૂબ સારી રીતે કરવું પડશે અન્યથા તમે કરેલી કમાણી ગમે ત્યાં ખર્ચ થઈ જશે. વિવાહિત લોકો માટે ગૃહસ્થ જીવન ઘણુ સારું રહેશે અને જીવનસાથી ખૂબ જ ધાર્મિક વિચારો અપનાવશે જેથી સંબંધોમાં ઘનિષ્ઠતા વધશે. જો તમે વિદેશ જવાની ઇચ્છા રાખતા હોવ તો, આવી તકો વર્ષની શરૂઆતમાં ફેબ્રુઆરીમાં તેમ જ મે અને જૂન મહિનામાં મળી શકે છે. પરિવારમાં વડીલોનું સ્વાસ્થ્ય બગડવાની શક્યતા છે. તમારે હિંમતપૂર્વક પડકારોનો સામનો કરવાનો છે અને તકોનો લાભ ઉઠાવવાનો પ્રયાસ કરવાનો છે જેથી એકંદરે આ વર્ષ તમારા માટે

સફળતા આપનારું સાબિત થઈ શકે છે.

પ્રેમસંબંધો : આ વર્ષની શરૂઆતમાં તમારા પ્રેમસંબંધોમાં સારા પરિણામો મળવાની શક્યતા જણાઈ રહી છે. વર્ષની શરૂઆતમાં તમે રોમાન્સમાં ગળાડૂબ રહેશો અને પોતાના પ્રેમસંબંધોનો મન મુકીને આનંદ લૂંટશો. તમારા સંબંધો ખુશનુમા રહેશે અને તમે પ્રિયપાત્ર સાથે ખૂબ જ સારો સમય વ્યતીત કરી શકશો. વર્ષના મધ્યનો તબક્કો સહેજ નબળો કહી શકાય, કારણ કે આ સમયમાં તમારા સંબંધોમાં થોડો તણાવ આવી શકે છે. ખાસ કરીને કોઈ ત્રીજી વ્યક્તિના હસ્તક્ષેપના કારણે તમારી વચ્ચે અંતર વધી શકે છે.

ફાઇનાન્સ : નાણાકીય બાબતોનો વિચાર કરીએ તો આ વર્ષ તમારા માટે મધ્યમ રહેશે. એક તરફ તમે ધન ઉપાર્જિત કરવા માટે સફળ રહેશો તો બીજી તરફ વર્ષના મોટા ભાગના સમયમાં કોઇ ને કોઇ પ્રકારે નાણા આવતા રહેવાથી ખાસ ચિંતા નહીં થાય. તમારી આવકની સ્થિતિ મજબૂત રહેશે, પરંતુ આ વર્ષમાં કેટલાક નોંધનીય ખર્ચા પણ આવી શકે છે. તમારા ખર્ચમાં ઝડપથી વધારો થશે અને આવકમાં ઘટાડો પણ થઈ શકે છે.

નોકરી અને વ્યવસાય : નોકરિયાત લોકો માટે આ વર્ષ ઘણુ મહત્ત્વપૂર્ણ રહેશે. તમે પોતાની કુશાગ્ર બુદ્ધિ, ચપળતા અને કાર્યકુશળતાના દમ પર નોકરીમાં સાહસપૂર્ણ કાર્યો કરીને ઘણા સારા પરિણામો આપી શકશો. આ વર્ષમાં તમે નોકરીમાં પોતાનું સ્થાન મજબૂત કરી શકશો. જો વેપારી વર્ગની વાત કરીએ તો, ગુરુના શુભ પ્રભાવમાં તમારા કામમાં તેજી આવી શકે છે. તમારી પાસે આવકનો પ્રવાહ સતત ચાલુ રહેશે અને પ્રોફિટ કમાઈને તમે ઘણા સંતુષ્ટ થશો.

શિક્ષણ : વિદ્યાર્થીઓના દ્રષ્ટિકોણથી જોવામાં આવે તો, આ વર્ષ તમારા માટે ખૂબ સારું રહેશે. તમે એક કરતાં વધારે વિષયોમાં સંપૂર્ણ તલ્લીનતા સાથે અભ્યાસ કરશો અને ઘણી જગ્યાએ સારું પરફોર્મન્સ આપી શકશો. તમારો આત્મવિશ્વાસ વધશે અને અભ્યાસમાં વધુ રુચિ લેશો. તમારા જીવનમાં કોઈ ખાસ ટીચર અથવા માર્ગદર્શક તમને યોગ્ય દિશાસૂચન કરશે જેથી તમે આ વર્ષે શિક્ષણ મોરચે સારા પરિણામો પ્રાપ્ત કરી શકશો.

સ્વાસ્થ્ય : આરોગ્ય મામલે આ વર્ષ આપના માટે સામાન્ય ફળદાયી જણાઈ રહ્યું છે. તમારે સ્વાસ્થ્ય પર ધ્યાન આપવું પડશે, કારણ કે કેટલીક એવી સ્થિતિઓનું નિર્માણ થશે કે જો તમે આરોગ્ય અંગે બેદરકાર રહેશો તો તમે મોટી બીમારીની ઝપેટમાં આવી શકો છો અને આગળ જતા મુશ્કેલીઓ વધી શકે છે. આથી, તમારી દિનચર્યા અને ખાવાપીવા પર સંપૂર્ણ ધ્યાન આપજો.

કન્યા રાશિના જાતકો ઘણા ચતુર હોય છે અને પોતાનું કામ બીજા પાસે કરાવવામાં નિપુણ હોય છે. ગ્રહોની સ્થિતિ બતાવે છે કે આ વર્ષે મોટા ભાગના સમયમાં તમારું ભાગ્ય મજબૂત રહેશે જેથી તમે આ વર્ષના કામ સરળતાથી પાર પાડી શકશો અને સફળતા મેળવી શકશો. તમારી અંદર નવા પ્રકારની તાજગીનો સંચાર થશે. આ વર્ષ તમારા માટે મધ્યમ ફળદાયી રહેવાની સંભાવના છે.

પ્રેમસંબંધો : કન્યા રાશિના જાતકો માટે પ્રેમસંબંધોમાં ચડાવઉતારની સ્થિતિ જણાઈ રહી છે. શનિ દેવાની કૃપાથી આ વર્ષમાં તમારા સંબંધોમાં દૂધનું દૂધ અને પાણીનું પાણી થઈ જશે. ઘણી ગેરસમજો દૂર થશે અને ઘણી ગુપ્ત વાતો પરથી પડદો ઊઠશે. જો તમે સંબધોમાં પ્રમાણિક રહેશો તો તમારો સંબંધ ખૂબ જ મજબૂત બની જશે, પરંતુ ક્યાંય પણ તમારી વફાદારી ડગશે તો સંબંધોમાં મોટી તિરાડ પણ પડી શકે છે.

ફાઇનાન્સ : જો તમારી આર્થિક સ્થિતિનું અવલોકન કરવામાં આવે તો, આ વર્ષ તમારા માટે મધ્યમ ફળદાયી જણાઈ રહ્યું છે, પરંતુ તમે જેટલા વધારે પ્રયાસ કરશો એટલી આર્થિક સ્થિતિને મજબૂત કરવામાં તમે સફળ પણ રહેશો.

નોકરી અને વ્યવસાય : નોકરી કરી રહેલા જાતકો માટે આ વર્ષ સામાન્ય ફળદાયી જણાઈ રહ્યું છે. તમે ઘણી મહેનત કરશો અને તમારા કાર્યોમાં અગ્રેસર રહીને ભાગ લેશો જેથી તમારા પરફોર્મન્સમાં દિવસેને દિવસે સુધારો આવશે, પરંતુ છતાં પણ તમને મનમાં કોઇ બાબતે થોડો અસંતોષ રહેવાની શક્યતા છે. તમને એવું લાગશે કે, નોકરી બદલવી જોઈએ. જો તમે આવું કરવા માંગતા હોવ તો, તેના માટે થોડા શાંતિ અને ધીરજથી નિર્ણય લેવાની સલાહ છે. વેપારીઓ માટે આ વર્ષમાં થોડું ધ્યાન આપવાની જરૂરિયાત છે.

શિક્ષણ : વિદ્યાર્થીઓ માટે વાત કરીએ તો, આ વર્ષ આપના માટે ઘણુ મહેનત માગી લેશે તેવું જણાઈ રહ્યું છે. જો તમે કોઇ સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરી રહ્યા હોવ તો, બેશકપણે તમારે તનતોડ મહેનતની તૈયારી રાખવી પડશે અને તો જ તમે સફળતાની આશા રાખી શકો છો.

સ્વાસ્થ્ય : જો તમારા સ્વાસ્થ્ય સંબંધિત બાબતો પર ધ્યાન આપીએ તો, આ વર્ષ અપેક્ષાકૃત સારું રહેશે અને કોઈ મોટી સમસ્યા થવાની સંભાવના જણાતી નથી માટે તમે નિશ્ચિંત રહી શકો છો.

તુલા રાશિના જાતકો માટે આ વર્ષ મધ્યમ ફળદાયી જણાઈ રહ્યું છે. આ વર્ષમાં તમારે બહાર જવાની ઘણી તકો ઊભી થશે અને તમે બહાર ક્યાંય સેટલ થવા માંગતા હોવ તો પણ આ વર્ષ તમારા માટે અતિ ઉત્તમ રહેશે. પોતાના પ્રયાસોને ગતિ આપવી જેથી તમે વહેલામાં વહેલી તકે તેનો લાભ ઉઠાવી શકો. તમારા કામ સંબંધે પરિવારથી ક્યાંક દૂર જવાની જરૂર

પડશે, કારણ કે સ્થાન પરિવર્તનના પ્રબળ યોગ જણાઈ રહ્યા છે.

પ્રેમસંબંધો : પ્રણયજીવનનો આનંદ માણી રહેલા તુલા જાતકો માટે આ વર્ષ ઘણી લાભદાયી સ્થિતિ લઈને આવી રહ્યું હોવાથી તમારા માટે ખુશ થવાનો સમય છે. પ્રિયપાત્ર સાથે અગાઉ કોઈ કારણથી અંતર વધ્યું હોય તો હવે દૂર થશે. તમે એકબીજાને ખૂબ જ સારી રીતે સમજી શકશો અને એકબીજાના વિચારોને પોતાના જીવનમાં સ્થાન આપશો જેથી તમારી વચ્ચે પ્રેમનું બંધન વધુ ઘેરું બનતું જશે. તમે પ્રેમમાં સત્યનિષ્ઠા જાળવશો તો સંબંધોમાં અપાર સફળતા મળે તેવા ચાન્સ છે. વિવાહિતોને ગૃહસ્થજીવનમાં વર્ષની શરૂઆતમાં થોડા ચડાવઉતારની સ્થિતિ આવી શકે છે. જીવનસાથી જોડે કોઈ બાબતે ટકરાવથી પરિવારમાં પણ તણાવ વધી શકે છે, પરંતુ ફેબ્રુઆરી પછી સ્થિતિમાં ઘણો સુધારો આવશે

ફાઇનાન્સ : આર્થિક બાબતે આ વર્ષની શરૂઆત તમારા માટે ખૂબ જ જોરદાર જણાઈ રહી છે, કારણ કે તમારી પાસે અનેક જગ્યાએથી નાણાની આવક થઈ શકે છે. તેના કારણે તમારી આર્થિક સ્થિતિમાં ઘણી મજબૂતી આવશે અને તમારે વારંવાર બેંકોનાં કાર્યો પણ કરવાના થશે. તમારા બેંક બેલેન્સમાં દેખીતો વધારો થશે. તમારે નાણા બાબતે સારી રીતે મેનેજમેન્ટ કરવાની જરૂર પડશે.

નોકરી અને વ્યવસાય : નોકરીમાં જોડાયેલા જાતકો માટે આ વર્ષ થોડું મહેનતપૂર્ણ લાગી રહ્યું છે. ગ્રહોની સ્થિતિ સંપૂર્ણપણે આપની તરફેણમાં ના હોવાથી આ વર્ષમાં કામ કરવામાં પરિશ્રમ વધશે. આ મહેનત તમને ભવિષ્યમાં ઘણી કામ આવશે અને તમે નાનામાં નાની બાબતો શીખવાની તકો મેળવી શકશો.

શિક્ષણ : તુલા રાશિના વિદ્યાર્થીઓ પોતાના અભ્યાસમાં ઘણા સારા પરિણામો પ્રાપ્ત કરી શકશે. તમે સ્વભાવથી ઘણા લગનશીલ અને અભ્યાસુ રહેશો અને આખા વર્ષ દરમિયાન તમારા અભ્યાસને નિયમિત રીતે રાખવાનો પ્રયાસ કરશો. તમારી એકાગ્રતા વધારે મજબૂત થશે અને તમારી કુશાગ્ર બુદ્ધિ અભ્યાસમાં ખૂબ જ આગળ વધવામાં મદદ કરશે. તમે જો એકાગ્રતા અને કુશાગ્ર બુદ્ધિનો મહત્તમ લાભ ઉઠાવશો તો તમારા અભ્યાસને એક નવી દિશા આપવામાં સફળ થશો. પોતાની જાત પર વિશ્વાસ રાખશો અને બરાબર મહેનત કરશો તો ઘણુ સારું પરિણામ મેળવી શકશો.

સ્વાસ્થ્ય : સ્વાસ્થ્ય મામલે આ વર્ષના શરૂઆતના મહિના બહુ સારા કહી શકાય તેવા નથી, કારણ કે તમારે સ્વાસ્થ્યનું ઘણુ વધારે ધ્યાન રાખવું પડશે. કારણ વગર ભોજનના સમયમાં અનિયમિતતા અને શરીરને માફક ના આવે તેવું ભોજન લેવાથી સ્વાસ્થ્ય બગડી શકે છે. આથી તમારે આવી કોઈ પણ આદતોથી બચીને રહેવાનો પ્રયાસ કરવો જોઈએ. તમે પોતાને ફિટ રાખવા માટે વિવિધ પ્રયાસો કરશો અને ખાવાપીવાની આદતો બાબતે ઘણા સજાગ રહેશો.

વૃશ્ચિક રાશિના જાતકો વર્ષની શરૂઆત ખૂબ આત્મવિશ્વાસ સાથે કરી શકશે. તમે દરેક કામ જાતે કરવાનું પસંદ કરશો. તેનાથી તમારા કાર્ય-કૌશલ્ય અને નેતૃત્વ ક્ષમતાનો પરચો અન્ય લોકોને મળશે અને લોકોની નજરમાં તમે પ્રસિદ્ધ અને લોકપ્રિય બનશો. તમે પોતાના કામમાં મહારત પ્રાપ્ત કરશો અને તમારી કાર્યકુશળતામાં દિવસે ને દિવસે વધારો થશે. તમારે ધનની સ્થિતિ માટે પરેશાન થવાની જરૂર નહીં પડે, કારણ કે આ વર્ષમાં તમને પ્રચૂર માત્રામાં ધન મળી શકે છે.

પ્રેમસંબંધો : વૃશ્ચિક જાતકો પ્રેમસંબંધો મામલે ખૂબ જ પાક્કા હોય છે અને અંતરંગ સંબંધોમાં ઘણી રુચિ ધરાવે છે. તમારું પ્રણયજીવન આ વર્ષે ઘણુ સારું રહેશે. તમારા જીવનસાથીના સ્વાસ્થ્યની થોડી ચિંતા થઈ શકે છે.

ફાઇનાન્સ : આર્થિક મોરચે આ વર્ષ તમારા માટે ઘણુ સારું જણાઈ રહ્યું છે. વર્ષની શરૂઆતથી જ તમારી આવકમાં વધારો થવાથી તમારી પાસે સિલક ધન રહેશે અને તમે તેનો સદુપયોગ કરવામાં પણ સફળ રહેશો. તમારી આર્થિક મજબૂતી વધશે અને વેપારમાં પણ ઝડપથી ધન ઉપાર્જિત કરવામાં તમે સફળ રહેશો.

નોકરી અને વ્યવસાય : નોકરિયાતોને આ વર્ષમાં સારા પરિણામો પ્રાપ્ત થઈ શકે છે. તમે વર્ષની શરૂઆતમાં સારું ઇન્ક્રીમેન્ટ મેળવીને ખુશ થશો અને તેનાથી તમારો ઉત્સાહ વધશે અને આખું વર્ષ ખુશ રહેશો. જેમની સાથે કામ કરતા હોવ તેમની

સાથે વર્તનમાં વિનમ્રતા રાખવી જરૂરી છે.

શિક્ષણ : અભ્યાસની વાત કરીએ તો, વિદ્યાર્થીઓ માટે આ વર્ષ ઘણુ શીખવશે. સખત મહેનત કર્યા પછી પણ પરિણામો તમારા પક્ષમાં ઓછા રહેશે અને તમને કોઈ તબક્કે નિરાશાનો અનુભવ થઈ શકે છે. જોકે, આ સ્થિતિમાંથી નીકળવાનો પ્રયાસ તમારે ચાલુ જ રાખવો પડશે.

સ્વાસ્થ્ય : જો તમારા સ્વાસ્થ્યની વાત કરીએ તો, આ વર્ષમાં ઘણા ચડાવઉતારની શક્યતાઓ છે. વર્ષની શરૂઆતમાં જ તમારે નબળા સ્વાસ્થ્યનો સામનો કરવો પડશે, પરંતુ ફેબ્રુઆરીથી એપ્રિલ મહિના દરમિયાન તમારી સ્થિતિમાં સુધારો આવશે. જોકે, ત્યાર પછીના સમયમાં તમારે વધારે ધ્યાન રાખવું જરૂરી છે. વાહન સંભાળીને ચલાવજો, કારણ કે આકસ્મિક ઈજા થઈ શકે છે.

ધન રાશિના જાતકો માટે વિક્રમ સંવતનું આ વર્ષ મધ્યમ ફળદાયી જણાઈ રહ્યું છે. તમને પોતાની જાતને વધુ જાણવા અને સમજવાની તકો મળી શકે છે, કારણ કે તમારે આ વર્ષમાં ઘણી મુસાફરી કરવાની થશે. તમે એવી જગ્યાઓ પર જશો જ્યાં દરેક લોકો ના જતા હોય અને ત્યાંની માહિતી પણ બધાને ના હોય. આ બાબત તમને રોમાંચથી છલકાવી દેશે અને આમ પણ તમે રોમાંચ પસંદ કરો છો જેથી આવી મુસાફરી ગમશે. વર્ષની શરૂઆતથી જ તમારી પાસે આર્થિક મોરચે કેટલીક સારી તકો આવી શકે છે અને તેને હાથમાંથી જવા ના દો એમાં જ સમજદારી છે. પ્રેમસંબંધો

પ્રણયજીવન વિતાવી રહેલા આપની રાશિના જાતકો માટે આ વર્ષ ઘણુ સારું રહેશે, કારણ કે આ વર્ષમાં તમે પ્રિયપાત્ર સાથે લગ્નના બંધનમાં બંધાવ તેવા પ્રબળ યોગ બની રહ્યા છે. ગૃહસ્થજીવન એકંદરે સારું રહે અને તમે એકબીજાને સમય આપી શકો.

ફાઇનાન્સ : વર્ષની શરૂઆતથી જ તમારી આર્થિક સ્થિતિ મજબૂત રહેશે માટે ખાસ ચિંતાની જરૂર નથી. તમારી પાસે નાણાની આવક થતી રહેશે જેથી તમારી આર્થિક સ્થિતિમાં ઝડપી સદ્ધરતા આવશે.

નોકરી અને વ્યવસાય : નોકરિયાત લોકો માટે આ વર્ષ સારું રહેવાનું છે, કારણ કે તમે કાર્યકુશળતામાં ભરપૂર તેજી અને શાર્પનેસનો અનુભવ કરશો. તમે જોશો કે, કઈ રીતે તમારા કામમાં તમે ઝડપથી આગળ વધી રહ્યા છો અને જે સમસ્યાઓ તમારી સમક્ષ આવી રહી છે તેને ધીમે ધીમે તમે દૂર પણ કરી શકશો.

શિક્ષણ : જો તમે અભ્યાસમાં જોડાયેલા હોવ તો, વર્ષની શરૂઆત વિદેશ જઈને અભ્યાસ કરવા માટે ઘણી સારી રહેશે અને તમને શિક્ષણ સંબંધિત ઉત્તમ પરિણામો મળી શકે છે, પરંતુ તમારે આ વર્ષમાં એકાગ્રતા ઘણી જાળવી રાખવી પડશે, કારણ કે વચ્ચે એવી ઘણી પરિસ્થિતિઓ આવશે તેમાં તમારું મન અભ્યાસથી વિચલિત થઈ શકે છે. વર્ષના છેલ્લા ચાર મહિના શિક્ષણ બાબતે તમારા માટે ખૂબ જ સારા જણાઈ રહ્યા છે.

આ અઠવાડિયાની

દસ બેસ્ટ સેલર બુક્સ

"અભિયાન"ના વાચકો માટે ખાસ ઓફર

આ કૂપન બતાવો અને દરેક પુસ્તક ઉપર ૨૦% ડિસ્કાઉન્ટ મેળવો

બહારગામ વી.પી.પી.થી પુસ્તકો મોકલી આપીશું. • ફોન ઉપર ઓર્ડર સ્વીકાર્ય

ધ ફર્સ્ટ ડે	: લાઈફનો રાઈટ ટર્ન નોવેલ ફોર્મમાં	ગૌરાંગ દરજી	₹ ૨૫૦.૦૦
જીવનનો ભાગવત પથ	: પૂજ્ય ભાઈશ્રી રમેશભાઈ ઓઝા	યોગેશ ચોલેરા	₹ ૨૦૦.૦૦
અહમ્ બ્રહ્માસ્મિ	: પ્રાચીન હિંદુ વિચારધારાને સજીવન કરતી કથા, એક અંતિમ પ્રયોગ	ડૉ. નિમિત્ત ઓઝા	₹ ૨૫૦.૦૦
કોઈ વાર થાય કે...	: માણસના સાયુકલા અસ્તિત્વને ઓળખતી સઘન વાર્તાઓ	વર્ષા અડાલજા	₹ ૨૦૦.૦૦
વન અરેન્જડ મેરેજ મર્ડર	: બ્રાન્ડ ન્યૂ નોવેલ	ચેતન ભગત	₹ ૨૯૯.૦૦
ઈન્દ્રધનુનો આઠમો રંગ: માસ્ટર પીસ નવલકથા (ન્યૂ એડીશન ૨૦૨૧)		ચુનીલાલ મડિયા	₹ ૪૨૫.૦૦
દ્રોપદી	: પદ્મશ્રી એવોર્ડ વિજેતા નવલકથાકારની એક ઉત્તમ રચના	પ્રતિભા રાય	₹ ૩૩૫.૦૦
કુદરતી આહાર દ્વારા સ્વાસ્થ્ય પ્રાપ્તિ	: તેની વિસ્તૃત સમજણ	ડૉ. બ્રિજ ભૂષણ ગોયેલ	₹ ૧૯૯.૦૦
શિવામ્બુ ચિકિત્સા	: અનેક રોગોમાં ઉપયોગી, સહેલાઈથી પ્રાપ્ત	ડૉ. રાજ ઉપાધ્યાય	₹ ૧૦૦.૦૦
મિલે સૂર	: ઉપશાસ્ત્રીય ફિલ્મી ગીતોનો અનોખો સંગ્રહ (૪થી એડીશન)	નંદિની ત્રિવેદી	₹ ૪૦૦.૦૦

નટરાજ બુક સેન્ટર : ૧૦, નેશનલ ચેમ્બર્સ, સિટીગોલ્ડ મલ્ટીપ્લેક્સ લેન, આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦૦૦૯ વોટ્સએપ : ૦૮૩૪૭૯-૬૧૨૯૯ ફોન નં. ૦૭૯-૨૬૫૮૭૯૩૦

પોકેટ બુક સેન્ટર : અમદાવાદ. ફોન નં. ૦૭૯-૨૫૫૦૮૭૩૨ Email : natraj1963@gmail.com, www.booksforyou.co.in

સ્વાસ્થ્ય : જીવનમાં જો સારું સ્વાસ્થ્ય ના હોય તો બીજા કોઈ જ સુખ કામના નથી. આ વાત તમે જેટલા ઝડપથી સમજી જશો એટલા ફાયદામાં રહેશો. સ્વાસ્થ્ય અંગે વિચાર કરીએ તો, આ વર્ષ તમારા માટે મધ્યમ ફળદાયી જણાઈ રહ્યું છે. ગ્રહોની સ્થિતિ એવું બતાવી રહી છે કે, તમારે પોતાના સ્વાસ્થ્યનું ઘણુ ધ્યાન રાખવું પડશે. તમારે ખાવાપીવાની આદતોને નિયંત્રણમાં રાખવી પડશે.

મકર રાશિના જાતકો માટે નવું શરૂ થઈ રહેલું આ વર્ષ ઘણુ સારું પસાર થવાના ચાન્સ છે. ગ્રહોની સ્થિતિ એવા સંકેતો આપી રહી છે કે, તમારી અંદર ઘણો આત્મવિશ્વાસ છલકાશે અને આ કારણે તમે અનેક પ્રકારે સફળતા પ્રાપ્ત કરી શકશો. તમારું સ્વાસ્થ્ય ઠીક રહેશે અને તમારે તેના પર આ વર્ષમાં વધુ ધ્યાન પણ આપવું પડશે. તમારી આવકમાં વધારો કરવા પર તમે વધુ ધ્યાન આપશો અને તે પ્રમાણે જ કામકાજો કરવાથી તમને સારા પરિણામો મળશે. જેઓ વિદેશ જવા માગે છે તેમને પણ પોતાના પ્રયાસોમાં સફળતા મળે તેવી સારી સંભાવના છે. તમે કૌશલ્યપૂર્વક આર્થિક આયોજન કરશો તો તમારું આર્થિક ભાવિ સુરક્ષિત કરવામાં સફળ રહેશો.

પ્રેમસંબંધો : પ્રણયજીવન વિતાવી રહેલા જાતકો માટે વર્ષની શરૂઆત થોડી નબળી જણાઈ રહી છે. ગ્રહોની સ્થિતિ એવો ઇશારો કરે છે કે, તમારા પ્રેમસંબંધોમાં ક્યાંક ને ક્યાંક ગેરસમજ અને ગુસ્સાની ભાવના વધી શકે છે અને તેના કારણે તમે એકબીજા સાથે સંબંધો જમાવી શકવામાં અસમર્થ હોવ તેવું લાગ્યા કરશે.
ફાઇનાન્સ : આ વર્ષ તમારા માટે ઘણુ સારું જણાઈ રહ્યું છે. વર્ષની શરૂઆતમાં ગ્રહો તમારા પક્ષમાં રહેશે અને તેના કારણે તમને આર્થિક મોરચે સારું પરિણામ મળશે. આવકમાં વધારો થવાની ચોક્કસ અપેક્ષા રાખી શકો છો.

નોકરી અને વ્યવસાય : નોકરિયાત લોકો માટે વર્ષની શરૂઆત સારી થશે, પરંતુ તેમને કામ સંબંધિત સમસ્યાઓનો સામનો પણ કરવો પડશે. તમારા કામમાં પ્રગતિ થશે.

શિક્ષણ : વિદ્યાર્થીઓ માટે આ વર્ષ મધ્યમ કરતાં સારું ફળદાયક જણાઈ રહ્યું છે. તમારી બુદ્ધિ ખૂબ જ તેજ રહેશે જેથી મુશ્કેલ પ્રશ્નો પણ તમે સરળતાથી ઉકેલી શકશો. આનો ફાયદો તમને અભ્યાસમાં ઘણા અંશે મળી રહેશે. સ્પર્ધામાં સફળતા મેળવવા માટે તમારે કઠોર પરિશ્રમની તૈયારી રાખવી પડશે.

સૌરાષ્ટ્રમાં વિશ્વસ્તરની આરોગ્ય સેવાઓનું નિર્માણ કરવું અને આરોગ્ય ક્ષેત્રે પરિવર્તન લાવવાની નેમ સાથે યુવા, તરવરીયા અને વિકાસના હાઇટેક વિઝન ધરાવતા ડો. ધવલ ગોધાણી

SALUS HOSPITALS
ENHANCING LIVES

ડો. ધવલ ગોધાણી
(મેડીકલ ડાયરેકટર)

માત્ર રાજકોટ જ નહીં ગુજરાતભરમાં હેલ્થ કેર ક્ષેત્રે એક વિશિષ્ટ ઓળખ ધરાવનાર અને કોરોના મહામારીના સમયમાં અગણિત દર્દીઓના જીવન બચાવવામાં રાત-દિવસ એક કરીને મહત્વની ભૂમિકા ભજવવા માટે રાજકોટના રતન એવા ડો. ધવલ ગોધાણીને અનેકવિધ એવોર્ડથી નવાજેલ છે.

રાજકોટના પનોતા પુત્ર અહીં જ જન્મી, મેડિકલ ડીગ્રી મેળવી ઉચ્ચ અભ્યાસ માટે લંડનથી હેલ્થકેર મેનેજમેન્ટમાં માસ્ટર્સ ડીગ્રી મેળવી, હાલમાં સેલસ હોસ્પિટલના મેડીકલ ડાયરેકટર તરીકે કાર્યરત છે. પોતાની કોઠાશુઝ અને રાત-દિવસના સખત પરીશ્રમથી તબીબી ક્ષેત્રે આગવું યોગદાન આપવા બદલ જાણીતા બન્યાં છે. ૨૦૧૩માં હોસ્પિટલ અને હેલ્થકેર મેનેજમેન્ટમાં માસ્ટર ડીગ્રી ઇંગ્લેન્ડની યુનિવર્સિટીથી પ્રાપ્ત કરીને નેશનલ હેલ્થ સર્વિસ લંડન માં જોડાયને હોસ્પિટલ મેનેજમેન્ટનો અનુભવ મેળવેલ છે. ડો. ધવલ ગોધાણી આંતરરાષ્ટ્રીય સ્તરનો અનુભવ મેળવી યુરોપમાં ઉજળું ભવિષ્ય જતુ કરી પોતાના અનુભવનો લાભ વતનને મળે તે માટે અને પોતાના કૌશલ્યનો માનવ સેવામાં ઉપયોગ કરાવવાનો જીવનનો મંત્ર બનાવી ઘર આંગણે આરોગ્ય સેવાને આંતરરાષ્ટ્રીય સ્તરની સુવિધા ઉપલબ્ધ કરવાના અભિગમ સાથે વતન પરત આવી ગયા. ડો. ધવલ ગોધાણીએ અમદાવાદની એશિયાની સૌથી મોટી યુ. એન. મહેતા ઇન્સ્ટીટયુટ ઓફ કાર્ડીયોલોજીસ્ટ એન્ડ રીસર્ચ સેન્ટરમાં જોડાયા. હોસ્પિટલના ટોપ મેનેજમેન્ટ સાથે નીકટતાથી સહયોગમાં રહીને ડો. ધવલ ગોધાણી વધુમાં વધુ લોકઉપયોગી બનવામાં પોતાની કાબલીયત દર્શાવી પરંતુ ડો. ધવલ ગોધાણીને વતનનું ઋણ ચુકવવું હતું તેથી જેવી રીતે ઇંગ્લેન્ડમાં વૈશ્વિકસ્તરની કારર્કિદી છોડી તેવી જ રીતે યુ. એન. મહેતા ઇન્સ્ટીટયૂટ છોડીને રાજકોટ તરફ પ્રયાણ કર્યું, વતનમાં આરોગ્ય સુવિધાઓ માટે વિશ્વસ્તરની હોસ્પિટલના માળખાનું નિર્માણ કર્યું અને સૌરાષ્ટ્રના હેલ્થકેર ક્ષેત્રમાં પરિવર્તન લાવવાની નેમ સાથે યુવા તરવરીયા અને વિકાસના હાઇટેક વિઝન ધરાવતા ડો. ધવલ ગોધાણીએ ૨૦૧૬માં તેમનું પ્રથમ સાહસ સેલસ હોસ્પિટલના રૂપમાં રાજકોટમાં સ્થાપિત કરી.

ડો. ધવલ ગોધાણીને ઉત્કૃષ્ઠ સેવા બદલ એવોર્ડથી નવાજ્યા

રાજકોટના પનોતા પુત્ર અને સૌરાષ્ટ્રનું ગૌરવ ડો. ધવલ ગોધાણી યુરોપમાં પોતાની જવલંત કારર્કિદી છોડીને માદરે વતનની સેવામાં રાજકોટને પોતાની કર્મભૂમી બનાવી સૌરાષ્ટ્રમાં હોસ્પિટલ હેલ્થ કેર મેનેજમેન્ટ કાબીલેદાદ કામગીરી બદલ તેમને ઝી-ટીવીએ 'રિયલ હીરો'નો એવોર્ડ આપી તેમની સેવાને બિરદાવી હતી. આજ રીતે કોરોના વોરીયર તરીકે દિવસ - રાત જોયા વગર કોવિડ-૧૯ના મહામારીના સમયમાં ઉત્કૃષ્ઠ સેવા બદલ રાજકોટ કોર્પોરેશન દ્વારા તેમને કોરોના વોરીયર તરીકે સન્માનીત કરવામાં આવ્યા હતા. પ્રાદેશીક ધોરણે આરોગ્ય સેવા હોસ્પિટલના ઉત્કૃષ્ઠ સંચાલન બદલ ડી.બી. કોર્પ ઇન્ડિયા દ્વારા એકસલન્સ એવોર્ડથી નવાજવામાં આવ્યા હતા. તાજેતરમાં જ ટાઇમ્સ ઓફ ઇન્ડિયા ગ્રુપ તરફથી ટાઇમ્સ લીડર્સ-૨૦૨૧નો એવોર્ડ ગૃહપ્રધાનશ્રી હર્ષ સંઘવી સાહેબના હસ્તે એકસેલન્સ ઇન હેલ્થ કેર મેનેજમેન્ટનો એવોર્ડ મળેલ છે.

સ્વાસ્થ્ય : આરોગ્ય મામલે આ વર્ષ આમ તો ઘણુ સારું પસાર થશે અને તમે ખૂબ જ શિસ્તપૂર્ણ દિનચર્યાનું પાલન કરશો. જેથી સ્વાસ્થ્ય સંબંધિત કોઈ મોટી સમસ્યા આપને પરેશાન કરે તેવું લાગતું નથી. વર્ષના મધ્યમાં તમારે થોડું ધ્યાન રાખવું જરૂરી છે, કારણ કે આ સમયમાં તમારી બેદરકારી વધી જશે જેથી કોઈ સમસ્યા આવી શકે છે. વર્ષનો અંતિમ મહિનો સ્વાસ્થ્ય મામલે ખૂબ સારો રહેશે.

કુંભ રાશિના જાતકો પોતાની ધૂનમાં ખૂબ જ પાક્કા હોય છે. તેઓ મનમાં કોઈ પણ નિર્ધારિ કરી લે પછી તેને પાર પાડીને જ શ્વાસ લે છે. તેમને પોતાના નિયમો બનાવવાનું અને તેનું જ પાલન કરવાનું ઘણુ ગમે છે. આથી તમે પોતાના વિચારો ઝડપથી બદલતા નથી, પરંતુ સારી વાત એ છે કે, તમે ઘણા સિક્રેટ પણ હોવ છો. તમારા મનની વાત જાણવી મુશ્કેલ છે. માટે કોઈ પણ વ્યક્તિ માટે આ કામ સરળ નથી. તમે અચાનક નિર્ણય લઈને સામેની વ્યક્તિને હતપ્રભ કરી શકો છો અને આ વાત જ તમારા માટે સૌથી મોટી મજબૂતી છે. સ્વાસ્થ્ય સંભાળજો. તમારે બિનજરૂરી ખર્ચને અંકુશમાં લાવવા પડશે.

પ્રેમસંબંધો : જે જાતકોને જીવનસાથીની શોધ ચાલી રહી હોય તેમના માટે આશાસ્પદ સમય છે અને તમારી પસંદગીના જીવનસાથી મળી શકે છે. સંબંધોમાં પ્રામાણિકતા અને વફાદારી રાખશો તો એકંદરે તમારા સાથીનો પૂરો પ્રેમ પામી શકશો. વિવાહિતોને ગૃહસ્થજીવન લગભગ સારું જ રહેશે.

ફાઇનાન્સ : આ વર્ષ ઘણુ સારું જણાઈ રહ્યું છે, કારણ કે તમારી આવકમાં વધારો થવાના ચાન્સ છે. પૈસામાં આવક થશે અને બેંક બેલેન્સમાં વધારો થશે. તમારી સમૃદ્ધિ વધારવામાં તમે સફળ થશો અને એક કરતાં વધારે માધ્યમોથી તમે કમાણી કરી શકશો.

નોકરી અને વ્યવસાય : નોકરિયાત જાતકો માટે આ વર્ષ સારા લાભ અપાવનારું જણાઈ રહ્યું છે. તમને ખબર છે કે, સારું કામ કરવા માટે મહેનત કરવી પણ આવશ્યક છે અને તમારા કામને યોગ્ય રીતે અંજામ સુધી લઈ જવું પણ જરૂરી છે. એકાગ્રતા જાળવવી જરૂરી છે.

શિક્ષણ : વિદ્યાર્થીઓ માટે આ વર્ષ થોડું પડકારજનક જણાઈ રહ્યું છે. તમારી મહેનત જ હવે તમારા માટે તારણહાર બનશે અને તેના આધારે તમે પોતાનું કામ આગળ વધારી શકશો. ઉચ્ચ શિક્ષણના ક્ષેત્રમાં પણ વર્ષના મધ્યમાં સારું પરિણામ મળી શકે છે. આ વર્ષ આપને મહેનતના બદલામાં ઘણુ સારું ફળ આપશે. તમારે બસ એક ચોક્કસ લક્ષ્ય નક્કી કરીને આગળ વધવાનું છે.

સ્વાસ્થ્ય : આરોગ્ય મામલે આ વર્ષ તમારા માટે થોડું નબળું જણાઈ રહ્યું છે. આ વર્ષ આપના સૌથી નબળા પક્ષમાંથી એક પણ રહી શકે છે, કારણ કે વારંવાર તમારું સ્વાસ્થ્ય બગડી શકે છે. આરોગ્યમાં ચડાવઉતારના કારણે તમારી અન્ય મોરચે પણ પરેશાની વધશે અને માનસિક તણાવ વધી શકે છે. શક્ય હોય ત્યાં સુધી તમે આવા કોઈ પણ તણાવને તમારા પર વધુ પડતો હાવી થવા દેતા નહીં.

મીન રાશિના જાતકો માટે આ વર્ષ ખૂબ સારા પરિણામો લઈને આવ્યું છે. આ વર્ષે તમે ઘણા કાર્યો કરી શકશો. તમે કંઈક નવું અજમાવી શકશો. વિદ્યાર્થીઓને કંઈક નવું વાંચવાનું મળે અને વેપારીઓને વેપારમાં કોઈ નવી રીતો અને ટેક્નિકો અપનાવવાની થાય. નોકરિયાતોને તેમના કામની આવડતના કારણે પ્રશંસા મળે અને તમારી મજબૂત ઉપસ્થિતિ નોંધાવી શકશો. આ વર્ષમાં તમે ઘણા પ્રયાસો કરશો અને પોતાને નવી ઊંચાઈઓ સુધી લઈ જવા માટે ખૂબ જોર લગાવશો.

પ્રેમસંબંધો : જેઓ પ્રણયજીવન વિતાવી રહ્યા હોય તેમના માટે આ વર્ષ સારું જણાઈ રહ્યું છે. તમે પ્રેમસંબંધો બાબતે ખૂબ જ ભાવુક છો અને જેમને પ્રેમ કરો છો તેમની એક એક વાતની કાળજી લેવાનું પસંદ કરો છો. આ વર્ષમાં પણ તમે આવું જ કરશો, પરંતુ ઘણીવાર જીવન તમારી મરજીથી નથી ચાલતું તે વાતને ધ્યાનમાં રાખવી.

ફાઇનાન્સ : આ વર્ષે આર્થિક સ્થિતિ તમારા હાથમાં રહેશે. ગ્રહોની સ્થિતિ દર્શાવે છે કે, તમે પોતાની પાસે ઘણા પૈસા એકત્રિત કરી શકશો. તમે અગાઉ મહેનત કરી હોય તેનું ફળ હવે તમને મળવા લાગશે અને તેથી તમારી આવકમાં પણ વધારો થશે. આ વર્ષમાં તેમને પોતાના વેપારમાં ખૂબ સારો નફો કમાવાની તકો મળી શકે છે માટે તે તકો હાથમાંથી જાય નહીં તેનું ધ્યાન રાખવું.

નોકરી અને વ્યવસાય : નોકરી કરી રહેલા જાતકો માટે આ વર્ષ ઘણુ સારું જણાઈ રહ્યું છે. તમારી કાર્યકુશળતા જેમ જેમ મહિનાઓ પસાર થશે તેમ વધતી જશે અને તમે પોતાના કામમાં વધુ નિપુણ થશો. તમારા કામની સારી પ્રશંસા થશે અને તમારી કાર્યકુશળતા તેમ જ તમારા જ્ઞાનનું સ્તર તમારા કામમાં સ્પષ્ટપણે જોવા મળશે.

શિક્ષણ : આ વર્ષ ચડાવઉતારવાળું જણાઈ રહ્યું છે. તમારે ઘણી મહેનત કરવી પડશે, કારણ કે તમારી એકાગ્રતા વારંવાર ઘટી શકે છે અને તમારું મન અન્ય બાબતોમાં કેન્દ્રિત થવાના પણ ચાન્સ છે.

સ્વાસ્થ્ય : આ વર્ષમાં તમારે સ્વાસ્થ્ય સુખાકારી પર સૌથી વધારે ધ્યાન આપવું પડશે. આ વર્ષ તમારા આરોગ્ય બાબતે ખૂબ જ મહત્ત્વપૂર્ણ પુરવાર થશે. ■

SBI
The banker to every Indian

yono SBI

જ્યારે ખુશીઓની હોય વાત, તમારું સોનું આપશે તમારો સાથ

એસબીઆઈ ગોલ્ડ લોન પર શૂન્ય પ્રોસેસિંગ ફી નો લાભ ઉઠાવો

Har Tyohaar Shubh Shuruaat

નિયમો અને શરતો લાગુ

- વ્યાજ દર 7.50% દ.વ. જેટલો ઓછો
- સાનુકૂળ પુનઃચૂકવણી વિકલ્પો (બુલેટ, ઑવરડ્રાફ્ટ, ઈએમઆઈ) 36 મહિના સુધી

Azadi Ka Amrit Mahotsav

#CelebrationsUnlimited

સહાયતા માટે કૉલ કરો 1800 11 2211

bank.sbi

R.No. MNW/280/2021-23 VALID UP TO 31-12-2023 RNI NO. 43840/86 LICENCE TO TECH/RO/AHD/LPWP/MISC./2021-23 POST AT PSO. AHD-380 002 ON SATURDAY 13-11-2021. PUBLISHED EVERY SATURDAY FROM:- SAMBHAAV MEDIA LTD. OPP CHIEF JUSTICE BUNGLOW AHD-380015

સૌરાષ્ટ્ર સિમેન્ટ લિમિટેડ

બાંધકામ હોય કે સંબંધ
મજબૂતી
૬૫ વર્ષથી અકબંધ

વર્ષોના અનુભવમાં જ્યારે ઉમેરાય
આધુનિક વિજ્ઞાનનું વરદાન,
ત્યારે મળે સર્વશ્રેષ્ઠ પરિણામ.
એટલે જ તો ૬૫ વર્ષથી જળવાયો છે
આપણો ગાઢ સંબંધ,
ગજબની મજબૂતી સાથે!
આપના સહયોગથી દેશ માટે મજબૂત
નિર્માણો કરવાનું અમને ગૌરવ છે!

ઓર્ડિનરી પોર્ટલેન્ડ સિમેન્ટ
(૫૩ ગ્રેડ, ૪૩ ગ્રેડ) (OPC)
પોર્ટલેન્ડ પોઝોલાના સિમેન્ટ (PPC)
પોર્ટલેન્ડ સ્લેગ સિમેન્ટ (PSC)

મજબૂતી ગજબની!

આ કોડ સ્કેન કરો
અને અમારી સાથે જોડાવો

ડિલરશીપ અને વધુ માહિતી માટે સંપર્ક કરો : Toll Free No. : 1800 8898 234 | E-mail : customercare@mehtagroup.com